શ્રી.

भर्तृहरी नाटक.

શ્રી મહારાજાધિરાજ સામન્ત સીમન્ત ચૂડામણીક
વિશેખર, યોગીન્દ્ર મુકુટ મણી રાજર્ષિ શ્રી
ભર્તૃહરી વિરચિત શ્રૃંગાર, નીતિ તથા
વૈરાગ્ય શતકનાં સંસ્કૃત સાહિત્ય
યુક્ત રચનાર

મોરબીના રહીશ.

વાઘજી આશારામ ઓઝા.

મોરબી આર્યસૂબોધ નાટક મંડળીને માટે.

આવૃતિ ૩ જી

अमदावाद मध्ये.

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જન-
રલ એજન્સી કંપની ''લિમિટેડ''ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કિમ્મત રૂ. ૧) એક.

अर्पण पत्रिका.

હરીગીત છંદ.

સદગુણ તણા ભંડાર પારાવારછે વિદ્યા કળા,
શુરવીર સરવે કામમાં ઉછરંગથી છે આગળા;
છે તિવ્ર બુદ્ધિ તેજ ને ગુણવાનના જ્ઞાતા કહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
રીતી વિચાર સ્વતંત્ર જેના તંત્ર બાંધ્યા નવ ફરે,
નિશ્ચળ નિયમ નીતી તણા વરતાયછે જેના ખરે;
સરવત્ર બારિક કામમાં દ્રષ્ટિ કળા દેખી લહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
મુખ સત્ય બોલે ન્યાય તોળે, બેસી ધર્માસન પરે,
નિષ્પક્ષપાત વિસાત કોની વિરૂદ્ધ વાતજ ઉચરે;
બહુ નમૃતા ને શીલ શુભ ગંભીરતા ગુણને ગ્રહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
પબલીક કામ અપૂર્વ પ્રિતી શોખ શિલ્પી કામમાં,
મેહાત એક ઉઠાવિ સુંદર મયુરપુર નિજ ધામમાં;
ત્યાં ચિત્ર નકશી કામ કેવાં, ભુવન ઇંદ્ર ભણી લહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
નિજ શેહેરને સમરાવતા, શોભા અનુપમ લાવવા,
થાયે દુકાનો નવિન શુભ સુંદર બજાર બનાવવા;
મધ્યસ્થ લોકો થોક શોભે ચોક ગ્રીન ચિતે ચહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
વળી પૂલ મચ્છુ ઉપરે મહા મૂલ ખરચીને કર્યો,
ત્યાં લક્ષ ચાર અપાર પૈસો ઉલટ આણી વાપર્યો;
એ મહદ જન હિત કામ એવાં પૂન્ય પુંજ ગણી લહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.

સન્મિત્રતાની મોહની એ રાય પાસ વિચિત્ર છે,
જ્યાં મિત્રતા એ ઈચ્છે ત્યાં જાણે જનમના મિત્રછે;
છે વિચક્ષણ નૃપ વાઘજી શુભ દિવ્ય સંપતિવંત હો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
કોલેજમાં વિદ્યા ભણી વિચર્યા પ્રવાસે પ્રીતથી,
બહુ ભરતખંડના શહર જોયાં ચાહી ચાહી ચિત્તથી;
ઈંગ્લાંડને જોવાની ઈચ્છા હતી પૂર્ણ કરી કહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
છે વાચમાં શુભ સત્યવાદી સાચપર સરવે કૃતી,
દ્રઢ ટેક છે ગિરિ તૂલ્યને ગાંભિર્ય સાગર છે મતી;
શોભીત સુંદર આકૃતિ આબાદ ઈશ્વર એ રહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
પાલક પ્રજાના પુત્રવત તકરાર ટાળક તાતછે,
કવિયો તણા પૂરણ પરીક્ષક વાઘ નૃપ વિખ્યાત છે;
જય કીર્તિ જામો, કલેશ વામો દિર્ઘ વય પામો અહો,
શ્રી મોરબીના તખ્તપર નૃપ વાઘજી અવિચળ રહો.
વિદ્યા કળા શુભ કાવ્યમાં ઉત્કૃષ્ટ આશ્રય આપતા,
નિરદોષ કિરતી પામવા, નીતી પ્રબંધો સ્થાપતા;
મ્હારાજ મારી અરજ તેથી માન્ય કરશો મન ધરૂં,
ઘણી નમ્રતા ને પ્રેમ પૂર્વક ગ્રંથ આ અરપણ કરૂં.

ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના.

અહો ! આ પુસ્તકનાં વાંચનાર પ્રિય આર્ય બંધુઓ, આ ભરત ભૂમી ! આપણી વિરમાતા ! અને આર્ય જનુનીએ તેના ઉદરથી પ્રાચીન કાળમાં મહાન શૂરવીર વિદ્વાન, શૃંગાર નિતી, જ્ઞાન કળા નિપૂણ તથા શાસ્ત્ર સંપન્ન એવા અનેક રાજાઓ ઉત્પન્ન કર્યા છે, જેનાં ચરિત્ર વીર, કરૂણા ને શૃંગારાદિ રસ તથા નિતિનાં પ્રબોધથી ભરપુર છે; એટલુંજ નહિ, પરંતુ તેમના ચરિત્ર પરથી દેશની કેવી ઉન્નતિ હતી, આપણ આર્ય ભાઇઓ કળા કૌશલ્યમાં કેટલે દરજ્જે આગળ પડતા હતા, તથા આર્યોની અનાદિ સિદ્ધ સર્વોત્કૃષ્ટ, તથા સર્વ ભાષાથી પુરાતન, અને સર્વ ભાષાની મા એવી જે સંસ્કૃત ભાષા, તેનું રાજા રૈયતમાં કેટલે દરજ્જે જ્ઞાન હતું, એ સ્પષ્ટ સમજાઇ આવેછે. તેથી તેવા કોઇ પણ રાજાના ચિત્રનો ચિતાર આપવા ચિત્ત લગાડવું એ વર્તમાન કાળમાં આર્ય ભાઇઓને ઉન્નતિના પ્રયત્ના દ્રષ્ટાંતરૂપ ઉપદેશ દ્વારા અમનું એક સાફલ્ય છે એમ સમજી આ એક સાંસારિક અને પરમારથીક ભેદ જ્ઞાતા મહદ ઉપદેશક માલવ દેશના રાજા ભર્તૃહરીનું ચરીત્ર નાટક રૂપે આપની સેવામાં મુકુંછું.

એ મહાન યોગીન્દ્રના ચરીત્ર પરથી એમ સ્પષ્ટ સમજાય છે કે એ એક સંસ્કૃત ભાષામાં પુર્ણ વિદ્વાન હતો; તથા શૃંગાર, નિતી અને વૈરાગમાં પુર્ણતાએ પહોંચ્યો હતો એવું તેનું સમગ્ર ચરિત્ર દર્શાવી આપેછે, સદરહું ત્રણ વિષયનાં તેનાં રચેલાં ત્રણ શતક આજ વિશ્વ વિખ્યાત છે, તેથી તે વિશે વિશેષ બોલવા આવશ્યકતા રહેતી નથી તો પણ એટલું તો કહેવું અવશ્ય છે કે એ ત્રણ શતકોમાં જેજે ભાવાર્થના શ્લોકો છે તથા તેમાં જે જે અનુપમ ઉપદેશ રહેલો છે, એ ખરી ખુબીના જ્ઞાતા વિદ્વાનના હૃદયને ભેદક છે એટલુંજ નહીં પણ તેવી માર્મિક અદભુત કૃતિના શ્લોક અન્ય સંસ્કૃત પુસ્તકોમાં ક્વચિત નજરે પડેછે, સંસારમાં સ્વાભાવિક અરૂચી થએ-

લા પુરૂષને શૃંગારમાં પ્રવૃત કરવાને એનું એક શૃંગાર શતક બસ છે, સુભાષિત વકતાને એનું નીતિ શતક એ સાહિત્ય નિધીનો એક શ્રેષ્ટ ને શિરો ભાગ થઇ પડે તેવું છે; અને વૈરાગવાન પુરૂષને ગમે તેવી દરિદ્ર આપત્તિ યુક્ત વ્યવહારીક સ્થિતિમાં, એક અવિચલ સુખનું સ્થાન બક્ષિશ કરનારૂં તથા પુરૂષાર્થના શ્રેષ્ટ અંકુર ઉત્પન્ન કરનારૂં તથા યાચનાની નીચવૃતિનો તિરસ્કાર કરનારૂં તથા મોક્ષના સાધનમાં જોડનારૂં, એવું જે ભર્તૃહરી યોગીન્દ્રનું વૈરાગ શતક તેથી અવધિ છે !!! તે સિવાય પણ ભર્તૃહરીનાં રચેલાં વાક પદ્ય અથવા વાક પ્રદીપ આદી બીજા ગ્રંથો છે ભર્તૃહરી પોતેજ સંસ્કૃત ભાષામાં વિદ્વાન હતો એટલુંજ નહિ પરંતુ તેના મંત્રી સેનાપતિ પરીજન ને પ્રજા વર્ગમાં પણ એ ભાષાની વિદ્વત્તામાં સારી રીતે પ્રવેશ હતો! અહા! આવી સંસ્કૃત વિદ્વતાનું રાજા રૈયતમાં જ્ઞાન!! એ તો ભરત ભુમિને એક સ્વપ્ન થઇ ગયું કે શું? અરે સ્વપ્ન તો શું? પણ સુશુપ્તિ થઇ ગઇ હતી !!! પણ તેમાંથી હવે પરોપકારી વિદ્યોત્તેજક આપણી માયાળુ સરકારે જાગૃત અવસ્થાદેખાડી છે, તેથી તેનો આપણે મહાન આભાર માનવાનો છે!

ભર્તૃહરી રાજા કેનો પુત્ર, તથા કયા સેકામાં થઇ ગયો, તથા તેને કેટલા ભાઇ હતા, એ વિશે અનેક મત ચાલેછે. તોપણ આધાર રાખવા લાયક જે હકીકત મળી આવી છે તે પ્રમાણે ભર્તૃહરી ઉજ્જેની નગરીના રાજા ગંધર્વસેનનો પુત્ર હતો. તથા તેને વિક્રમાદિત્ય કરીને ભાઇ હતો. એક વિદ્વાનના અભિપ્રાય પ્રમાણે ભર્તૃહરી વિક્રમ, ભટીને વરરૂચી એમ એ ચાર ભાઈ હતા, તોપણ સર્વે રીતે જોતાં તથા લૌકીક આખ્યાઇકા તથા ઉપકથાપરથી પણ વિક્રમાદિત્ય ભર્તૃહરીનો ભાઇ હતો એ વાત નિર સંદેહ છે કેમકે એ બેના સંબંધની વિશેષ હકીકત મળી આવે છે. ભર્તૃહરીએ ઉજ્જેની નગરીમાં પરમાર ગાદીએ રાજ કર્યું હતું, તથા તેને ત્રણસો રાણીઓ હતી. તેમાંથી પિંગલા રાણી [જેનું નામ એક વિદ્વાન અનંગસેના કરીને કહે છે] તે સર્વથી વિશેષ માનીની હતી જેણે જાર બુદ્ધિથી એક અશ્વપાલ (ઘોડાના રાવત) થી યારી કરી હતી; ને

એક અમરફળના સંબંધમાં તે યારી રાજા ભર્તૃહરીના જાણવામાં આવી; અને પોતે નિષ્કપટપણે જોડેલી ખરી પ્રિતિમાં આવું રાણીનું દુરાચરણ જોઈ તેને સંસાર તથા તેના ભોગપર અરૂચીને વૈરાગ્ય ઉત્પન્ન થયો, જે તિવ્ર વૈરાગ્યના આવેશમાં તે નીચે પ્રમાણે વચન બોલ્યો:—

अहो! स्त्रीणां चित्त चरित्रं केनापि न विज्ञायते,

અહો! સ્ત્રીના ચિત્તનું ચરિત્ર કોઈથી પણ જાણી શકાતું નથી!!। વળી સારરૂપ એક નીચે પ્રમાણે શ્લોક કહ્યો:

न वैराग्यात्परं भाग्यं; न बोधादपरः सखा;
न हरेरपरस्त्राता; न संसारात्परो रिपुः

વૈરાગ્યથી ઉત્કૃષ્ટ બીજું કોઈ ભાગ્ય નથી! બોધ (જ્ઞાન) થી સહાયકર્તા બીજો મિત્ર કે બંધુ નથી! હરી શિવાય બીજો કોઈ રક્ષણ કર્તા નથી!! ને સંસારથી અન્ય કોઈ બીજો શત્રુ નથી!! એટલાં વચન બોલી અરણ્યમાં જઈ યોગીંદ્ર મચ્છેંદ્રનાથને ગુરૂ કરી ભેખ લીધો, તથા સમાધિ યોગનો અભ્યાસ કરી આત્મજ્ઞાનમાં નિમગ્ન થયો!!

હવે ભર્તૃહરીનું વ્યવહાર ચરિત્ર જોઈએ છીએ તો તે પરથી તે સર્વ વ્યવહારિક કાર્યોનો અનુભવી; સંગીત શાસ્ત્રમાં કુશળ; મિથ્યાભિમાનનો તિરસ્કાર કરનાર, વિદ્યા કળાને આશ્રય આપનારને ખરી રીતે વૃદ્ધિ કરનાર, સત્યાસત્ય પરિક્ષક ને સુક્ષ્મભેદ જ્ઞાતા દ્રઢ ન્યાયી રાજા હતો. છતાં રાણીના પાસમાં ફસાઈ છેક કામાંધ થઈ નિમગ્ન રહ્યો. અને તે રાણીના દુષ્ટાચરણથી ખેદ પામી રાજ્ય ત્યાગ કરી ભેખ લીધો તેનું કારણ શું? અને તેને યોગ્ય શિક્ષાએ ન પહોંચાડી રાજમાં ફરી પ્રવૃત ન થયો તેનું પણ કારણ શું? એવો સવાલ સ્વાભાવિક ઉત્પન્ન થશે! તો તેનું કારણ બીજુ કાંઈ નથી! આ સંસારરૂપી સમુદ્રમાં આપણે આ દેહરૂપી નાવ ઝુકાવ્યું છે. તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરઆદિ

અનેક માયાના વિકારો રૂપી પાટીયાં છે, તે દયા ક્ષમા ધૃતિ શાંતિ સંતોષ નિર્દૂષ બુદ્ધિ જીતેંદ્રીયપણું ઈત્યાદિ ઉતમ ગુણોરૂપી ખીલાથી સજડ બેસેલાં છે, ત્યાંસુધી તે દેહરૂપી વહાણ સરલ તથા સ્વસ્થપણે ચાલ્યું જાયછે. પણ આ સંસારરૂપી તોફાની સમુદ્રમાં ક્ષણે ક્ષણે તોફાન થાય છે. તે વહાણને નુકસાન પહોંચાડે છે કેમકે તે સમુદ્રમાં કુસંગતી, તથા દુર્વિચાર અને દુર્જનની જાળરૂપી અનેક ખરાબા છે. તથા કામાવિષ્ટને દુરાચરણી સ્ત્રીરૂપી ઝેરી અને જોરાવર પવન છે, તે સંસારી પવનના ઝપાટામાં ગમે તેવો શુરવીર, ગમે તેવા વિદ્વાન, અને ગમે તેવા દ્રઢ હોય તો પણ ભુલ પામી ગોથું ખાઈ જાય છે, અરે ભર્તૃહરી જેવા મહા વિદ્વાન રાજા ગોથું ખાઈ ગયો, તો અવર મનુષ્યની શી કથા સમજવી! કદાપિ હલકાં સામાન્ય બીજાં તોફાનો થાય છે, તેમાંથી ઘણે પ્રયાસે બચી જવાય, પણ તે સ્ત્રીરૂપી વંટોલીયો પવન જ્યારે જોસમાં આવેછે, ને તેની ઝપટ લાગેછે ત્યારે તે ગમે તેવી નીતિથી ચાલનારા મનુષ્યને ચકર ખવરાવી આડે માર્ગે દુર ઘસડી જાય છે. સદગુણરૂપી ખીલાને કાઢી નાંખે છે. અને તેથી દુર્વિકારરૂપી પાટીયાં મોકળાં થઈ તેમાં બેઠેલાને જલમાં ડુબાવી મારી નાંખે છે, હે સદગૃહસ્થો ઉપર પ્રમાણે રાજા ભર્તૃહરીપર ગુજરી છે અને તેથીજ તેણે ભુલો ખાધી છે. જ્યારે આપણી ભુલ આપણા મુખપર ન કહે ત્યાં સુધી આપણે કોઈ આ દુનીયામાં ખરો મિત્ર છે એમ માનવું નહિ એવું મહા પુરૂષનું વાક્ય છે, તે પ્રમાણે જોવા જઇએ તો તેવા મિત્રની ભર્તૃહરીને ખામી નહોતી, તેના મિત્ર વિદુષકે હરેક પ્રસંગે મસ્કરી રૂપ, પણ ઘણાં ઉપદેશનાં, તેની ભુલ તથા વિષયમાં અતી લુબ્ધપણાને સુચના રૂપ વાક્યો કહ્યાં હતાં પણ તેપર તે રાજાએ તે વખત બીલકુલ લક્ષ આપ્યું નહિ, કારણ કે તેને પીંગળામાં પૂર્ણ રાગ હતો જેથી તેના પ્રમાણિકપણા તથા પવિત્રતા વિષે તેને સંદેહ ઉત્પન્ન થયોજ નહી અનુકુળ તથા રાગવાળી વસ્તુ વિષે ગમે તેવાં વિરૂદ્ધ અને સૂર્યના અજવાળા જેવાં સાચાં વચન પણ અસર કરતાં નથી, એ એક મનની સ્થિતિનું પ્રાબલ્ય છે, તે હરેક

મનુષ્યે જાણવું તથા સમજવું જોઇએ, તે કારણથી ભર્તૃહરીના મનમાં તેના મિત્રનું એક પણ વચન અસરકારક થયું નહિ પણ તે સાચો મિત્ર જ્યારે સાથે ગયો, ત્યારે તે વખતની ભર્તૃહરીની મનની દશામાં તે બધું તેને સમજવામાં આવ્યું, પણ પછી વ્યર્થ! હવે રાણી પીંગળા ભર્તૃહરીને સંસારપર વૈરાગના સાધનરૂપ થઇ, અને તેણે તેવા તીવ્ર ઉત્પન્ન થએલા વૈરાગના પ્રસંગનો આત્મ જ્ઞાનને રસ્તે લાભ લીધો. એ જોવા જઈએ તો અનુચિત કર્યું નથી, કેમકે તેની અવસ્થા ત્યારે યુવા વિત્યા પછીની હતી, વળી મનુષ્યને આ સંસારમાં એવા પ્રસંગો બનેછે ત્યારેજ વૈરાગ ઉત્પન્ન થાયછે, અને ખરો વૈરાગ ઉત્પન્ન થયો, ત્યારે આત્મ સાધન ન કરવું એ મોટી ભુલ છે એક વ્યક્તિની સ્થિતિમાં ફેરફાર આખી પ્રજાને લાગુ પડે છે, આર્યો ધર્મ વિષયમાં આટલા ઉતરી ગયા તેનું કારણ પણ એજ છે કે અનંત કાળ સુધી સંસાર ચક્રની ગતિનો દર્શનિક અનુભવ સંસારના અનિત્યપણા વિશે પરીપક્વ થયો, જેથી આ સંસારમાં સાચી વસ્તુ જે ત્રણ કાળ અબાધિત એવી કોઈપણ નજરે આવી નહિ અને તેટલાજ કારણથી વૈરાગવંત પુરૂષોએ એવી અક્ષય વસ્તુની શોધમાં, તથા તે પ્રાપ્ત થવાની આશાએ આ માયિક ક્ષણ પ્રતિક્ષણ અનિશ્ચિત સંસાર ભોગનું બલીદાન આપ્યું એ કાર્ય અપ્રસંશનીય કર્યું નથી પણ કોડી બદલે હીરો લેવાની આશાએ એ સારું કર્યું છે, અને તે અશ્રદ્ધાવાન પુરૂષોના અભિપ્રાય પ્રમાણે હીરો ન મળતાં કોડી વ્યર્થ ગઈ તો તેઓએ એ કાંઈ મોટી વાત ગણી નથી. અને તે ગણાવી પણ શાને જોઇએ, આર્ય પ્રજા, જે ઘણી ધર્મ વિષયમાં ઊંડી ઉતરેલી તથા નિવૃતિ પરાયણ છે, તે તેની માફક અન્ય યુરોપ તથા અમેરિકાની પ્રજાઓ જે હાલ વ્યવહારમાં સર્વોત્કૃષ્ટ તથા સ્મૃદ્ધિવાન છે તે પણ સંસારનું અનિત્યપણું ઘણા કાળે જોઇ નિવૃતિ તથા ધર્મ વિષયમાં ચિત્ત વિશેષ જોડશે એમ સંભવે છે, પણ તે વાત કાળાંતરે સિદ્ધ થશે એ શ્રી જગદીશ્વરના નિયમ ચક્રના ફેરના સ્વાભાવિક અનુક્રમ છે અને ધર્મના શોધમાં ચિત પ્રવૃત થવું એજ સર્વોત્કૃષ્ટ મનુષ્ય કર્તવ્ય, તથા પૂર્ણતા

એ પહોંચવું છે. અને તેમ કરવાથી વ્યવહારીક પ્રવૃતિ બંધ થતી નથી. પણ તે નિતીથી અમુક હદની અંદર કર્વબ્ય ધર્મ પ્રમાણેજ રહેછે, અને સંસારની ત્યાગ કરનારા ખરા વૈરાગવંત પુરૂષ લક્ષમાં પણ એક ઉત્પન્ન થાયછે, એમ શ્રી કૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે, માટે ભર્તૃહરીએ એવા અતી તીવ્ર વૈરાગ્યમાં ઈશ્વર પરાયણ થઈ ખરો ભક્તિ યોગ સાધ્યો. એ કોઈ પ્રકારે અનુચીત કર્યું નથી, તેને ખરો વૈરાગ થયો હતો, એ વાત સિદ્ધ હોવાના પ્રમાણોમાં કહેવાનું કે જ્યારે તે તેના મિત્ર વિદુષકની સાથે અરણ્યમાં ગયો ત્યારે સંગ કે સ્નેહ દુખનું મૂળ છે એમ સમજી તેના મિત્રને વિક્રમાદીત્યની શોધમાં જવાને બહાને જુદો પાડ્યા પછી તે મચ્છેંદ્રનાથ પાસે ગયો તથા ગુરૂએ પાત્ર પરિક્ષા સારૂં તેની રાણી પાસે ભિક્ષા માગવા મોકલ્યો ત્યાંપણ જઈ નિર્દૂષ તથા નિષ્કામ દ્રષ્ટિથી ભિક્ષા માગી લાવ્યો, ત્યારે ગુરૂએ તેને ગુરૂમંત્ર આપ્યો, ત્યાર બાદ તે યોગાભ્યાસમાં પ્રવૃત થયો, ત્યાંસુધી આ નાટકનો પ્રસંગ ચાલેછે, ત્યાર પછી ભર્તૃહરી રાજા ઉજેની નગરી પાસે જઈ એક ગુફા કરી તેમાં યોગાભ્યાસ કરવા લાગ્યો, તથા તેની પરીપક્વ અવસ્થાએ બ્રહ્માનંદ સુખ તે કેવું અનુભવવા લાગ્યો એ વાંચનાર સજ્જનોને વિક્રમોદય અથવા ઉત્તર ભર્તૃહરી નામનું એક પુસ્તક, જે સુરત નિવાસી હરિલાલ હર્ષદરાય ધ્રૃવ. બી. એ. એલએલ. બી. તરફથી પ્રથમ આર્યસુબોધ નાટક મંડળી માટેજ રચાઈ બહાર પડેલું છે તે વાંચવાથી પુર્ણ રીતે ધ્યાનમાં આવશે કે યોગીન્દ્ર ભર્તૃહરી તે કાળે એક ખરો જીવનમુક્ત પુરૂષ હતો અને આત્મજ્ઞાનનું અનુપમ સુખ અનુભવતો હતો! ઉજેની પાસે હાલ પણ તેની ગુફા છે, અને તે ભર્તૃહરીની ગુફા એ નામથી પ્રસિદ્ધ છે, અને અલ્પકાળ સૌરાષ્ટમાં જઈ સોમેશ્વર મહાદેવના સ્થાન નજીક ગોરખનાથજી પાસે કેટલાક યોગ અંગ શીખ્યો હતો એમ પણ સિદ્ધ થાયછે કેમકે ઉતરાવસ્થામાં ગોરખનાથ તથા મચ્છેંદ્રનાથનો પણ ત્યાંજ આશ્રમ થયો હતો.

એક અમરફળ શાંતિરામ નામના બ્રાહ્મણને રવી પાસેથી મળેલું તે લાવી ભર્તૃહરીને આપ્યું; ને તેણે પોતાની પ્યારી પીંગળાને

આપ્યું, પીંગળાએ તેના યારને આપ્યું; યારે તેની પ્યારી ગુણકાને આપ્યું અને ગુણિકાએ તે ફલ પાછું લાવી રાજાને ભેટ કર્યું, તે હકીકત તથા તેના નિર્દોષ બંધુ વિક્રમાદિત્યનો તેણે પીંગળાએ મુકેલા જુઠા આરોપપરથી ત્યાગ કર્યો ઇત્યાદિ બાબત વિશે પણ ઉપ કથા વાર્તામાંથી ઘણી હકીકત તથા કવિતો મળી આવેછે, જેમાંનું એક કવિત અત્રે ટાંકુછું:—

તે એક પંજાબી પાસેથી મારા સાંભળવામાં આવ્યું હતું,

સાંત નામ વિપ્ર વર, તપસી કે વર કર,
લીનો સુધા ફલ કર દીનો નર નાહકે,
નૃપ દીનો પતનીકું, પતના સ્વર્માત દીનો,
મીત દીનો ગુનકાકો નીકો ફલ ચાહકે;
ગુનીકા સરાગ કર, ધરા નરપત આગે,
નરપત ધુના ધુન, દેખી ફલ તાહક,
હાય હાય કામનીકે, હીત તજે બધુ નીકે,
અબ તાહે તજું ભજું, સીસ સસી જાહકે.

આ સિવાય પણ બીજા ઘણા કવિત સવૈયા વિગેરે મળી આવે છે, એ ભર્તૃહરીની બનેલી બીનાને સારી રીતે પુરવાર કરેછે હવે પીંગળા રાણીના સંબંધમાં કેહેવાનું કે સ્ત્રી ગમે તેવો પતિવ્રતનો ડોળ રાખતી હોય, તોપણ તેને આધીન થવું નહીં, અને પોતાની પ્યારી શુદ્ધ છે એવું મિથ્યાભિમાન રાખી ગાફલ રહેવું નહિ નહીંતો રાજા ભર્તૃહરી તો એક વિદ્વાન આસ્તિક, અને યોગ ભ્રષ્ટ પુરૂષ હતો તથી તેણે તો વનવાસ લીધો, પરંતુ અન્ય પુરૂષો જેઓ વિષય સુખને જન્મ સાફલ્ય માનનારા છે તેતો પ્રેમના પાસમાં ફસાઇ તેમાં ગાફલ રહેતાં, પુરો પશ્ચાત્તાપ પામી સ્ત્રીનાં દૂષ્ટકૃત્યથી ભવ પર્યંત દુખી જીંદગાની કાઢશે. તે નિરસંદેહ સમજવું. આ પ્રકારનાં ઘણાં દ્રષ્ટાંતો આપણે નજરે જોઇએ છીએ, અલબત સંસાર સુખનું સર્વોત્તમ સાધન સ્ત્રી છે. તેમજ સર્વ ક્લેશનું મૂળ પણ તેજ છે, જુઓ કે ભર્તૃહરીએ તેના ભાઈ વિક્રમાદિત્યપર પિંગળાએ ખોટો આરોપ મૂકેલો તે ખરો માન્યો. અને તેથી સાહસ કરી તેને દેશ

નિકાલ કર્યો, પણ જ્યારે ખરી હકીકત તેના જાણવામાં આવી. ત્યારે તેને મૃત્યુથી પણ અધિક પશ્ચાતાપ થયો. માટે તેવી રીતે સ્ત્રીના જુઠા કથનપર ભરમાઈ જઈ સહોદર બંધુ અગર સદગુણી મિત્રના અનિત્ય પવિત્ર અને અમૃતરૂપી સ્નેહપર એકદમ વેહેમ લાવવો નહીં. તથા સાહસ કામ કરવું નહીં, અને સ્ત્રીરૂપી મહા નિશાવાળા પદાર્થને સંભાળી સાચવી તેનો નિયમ પ્રમાણે ઉપયોગ કરવો. આ વખતે કોઈ એમ કહેશે કે સ્ત્રી જરૂર સદગુણી હશે, તો તે વિશે વેહેમ કદી લેવાનો નથી. તો તે વાત કેટલેક દરજ્જે ખરી છે, પણ હે આર્ય બંધુઓ! મનુષ્યના મન એવાં છે કે તે સત્યનિતિ, શિયલ બોધની અખંડ ધારામાં રહેતોજ સદાચરણી રહે નહીકર ક્ષણે ક્ષણે પલટી જાય તેવાં છે, અને દૂર્ગુણો તરફ નમવું એ તો તેનું માયા પ્રાબલ્યથી જાણે સ્વભાવિકજ કેમ વલણ હોયની તેમ જણાય છે! અગર જો કે સદગુણી દાસીએ પિંગળાને વખતો વખત કેટલો એક નિતિ ઉપદેશ કર્યો પણ તે તાબાનું માણસ તેથી ધાસ્તીની સાથે તે રાણીના વિષયાસક્ત મનરૂપી મદોન્મત્ત હસ્તીનો વેગ તે વાળી શકી નહીં. માટે તે મનને ભરૂંસે કોઇએ રહેવું નહીં, અને તેને નિયમમાં રાખવાનો માત્ર એજ રસ્તો છે કે, તેને સત્યનિતી, શિયલનો અખંડબોધ તથા તેવા સદગ્રંથોનું વાંચન તથા ધર્મપુસ્તકોનું શ્રવણ, અહરનીશ રહે તોજ તેને અસર થાય. ભર્તૃહરીએ પ્રથમ રાણીપાસે રામશાસ્ત્રીનો નિતિ ઉપદેશ હમેશ થતો હતો તે વિષયમાં લુબ્ધ થયાપછી બંધ કર્યો હતો, તથા તેવું પ્રકરણ કોઈ દિવસ કાઢ્યુંજ નહોતું તેને માટે પણ તેને પારાવાર પાછળથી પસતાવો થયો હતો.

પિંગળા રાણીના ચરિત્રપરથી સર્વ સ્ત્રીઓ એવીરીતે નઠારીજ હોય છે, એમ કદી પણ સમજવાનું નથી, જેમ સ્ત્રીઓ વ્યભિચારી તેમ પુરૂષ પણ વ્યભિચારી હોય છે, વખતે એમ પણ બને છે કે નિર્દોષ સ્ત્રીપર પુરૂષ ખોટો વહેમ ભરાયાથી તેના પવિત્રપણાવિશે અંદેશો લઈ જાય છે, તથા સાહસીક થઈ સ્ત્રીપર જુલમ ગુજારે છે, તેવા પુરૂષને પણ પિંગળા રાણીની માફક પાછળથી પશ્ચાતાપ થાય છે; આવા પ્રકારનાં દ્રષ્ટાંતનો યથાયોગ્ય ચિતાર મેં આ પછી

ચાંપરાજહાડો ને સોનરાણીનું એક નાટક જે રચેલુ તથા છપાવેલું છે તથા આર્યસુબોધ નાટક મંડળી હાલ ભજવે છે, તેમાં સારી રીતે આપ્યોછે કે મહા સતી સોનરાણીપર દૂષ્ટ શેરબેકના પ્રપંચપરથી તેનો ભર્થા ચાંપરાજ હાડો મિથ્યા વેહેમ લઈ તે નિરપરાધી સતીને કેવાં હૃદયભેદક ફીટકારનાં વચન કહે છે, તથા તેનું સતીત્વ સિદ્ધ થયા પછી તેને કેટલો પસ્તાવો થાય છે, તેનું યથાયોગ્ય ચિત્ર તેમાં આવ્યુંછે, માટે દંપતિમાંથી સ્ત્રી યા પુરૂષે પ્રિતિ બાંધી હૃદયની ખરા પ્રેમની ગાંઠને અનિતિ આચરણથી ઢીલી કરવી નહીં. કે ખરો તપાસ કર્યાવગર કદી પણ સહસા પગલું ભરવું નહીં. નહીંતો બંનેનું શેષ આયુષ્ય ખરાબ થઈ, સંસાર સુખ રહીત પુરી આપદામાં ગુજરશે. તે આ નાટકમાં ભર્તૃહરીને તેના ભાઈના સંબંધમાં આ સાહસ કામથી જે પસ્તાવો થયો, તથા પિંગળાને તેના કામાંધ થઈ અનિતી આચરણથી પાછળથી જે પશ્ચાતાપ થયો છે તે વાંચવાથી પૂર્ણ રીતે ખ્યાલમાં આવશે.

આ નાટક નાટકના મૂખ્ય દશરૂપકમાંથી "નાટક" સંજ્ઞા જેની છે. તે રૂપકમાં જાયછે. અને અગર જો કે તેના ઘણા ભાગમાં શ્રૃંગારરસ કરતાં કરૂણારસનું પ્રાધાન્ય વિશેષ હોવાથી તેમાં "અંક" સંજ્ઞાનું કાંઈ લક્ષણ મળે છે; તોપણ પ્રખ્યાત વસ્તુ વિષય દ્વિરોદ્ધત નાયક, ને શ્રૃંગારરસ એ ત્રણ મિશ્રિત હોવાથી આ પુસ્તકની નાટક સંજ્ઞા યોગ્ય ધારી તે નામ રાખ્યું છે; તથાપિ કાવ્ય અલકાર તથા નાટક રૂપકના પ્રવીણ પુરૂષો, તથા વાંચનાર સદગૃહસ્થોને જે જે ભુલ ચુક આમાં નજર આવે તે આ મંદમતિ અજ્ઞાનકૃતદોષ સમજી તેને માટે ક્ષમા કરી સુધારી વાંચશો, એવી નમ્રતા પૂર્વક સર્વને વિનતિ છે.

આ નાટક મુંબઈ શેહેરમાં સાત માસ સુધી તથા કાઠીયાવાડનાં સર્વે શેહેરોમાં, તથા અમદાવાદ, સુરત, વલસાડ, વીસનગર પાટણ, સીધપૂર તથા કચ્છમાં ભુજ માંડવી, અંજાર વીગેરે શેહેરોમાં ઘણીવાર ભજવ્યું છે, અને તે તે ઠેકાણે જે જે વિદ્વાનો તરફથી અ-

મુલ્ય સુચનાઓ થએલી તે આ ત્રીજી આવૃતિની અંદર અમલ-માં લાવ્યો છું. બીજી આવૃતિની પંદરસો નકલો ખપી જવાથી આ ત્રીજી આવૃતિ સુધારા તથા કેટલાક ગાયનના ઉમેરા સાથે બહાર પાડી છે.

આ નાટકના ગાયનનીજ એક જુદી ચોપડી મેં આ હરોલ બહાર પાડી છે તે સિવાય કેટલાંએક નવાં ગાયનો, તથા છંદ, જે પાછળથી ઉમેરવામાં આવેલાં, તે આ નાટકમાં દાખલ કર્યાંછે. તથા ભર્તૃહ-રીના પ્રસંગોચિત શ્લોક કેટલાક અર્થ સહીત દાખલ કરતાં વિશેષ જગો રોકાય માટે તેના ભાવાર્થના વૃત તથા ગાયન કરી ઉમેર્યાં છે. આ-ગળ પ્રસીદ્ધ કરેલાં ગાયનમાંથી માત્ર (૨) બે ગાયન આ નાટકના સંબંધમાં ન લખતાં અત્રે લખ્યાં છે.

સર્વ પાત્રો મળી સાથે આરંભમાં બીજુ જે ગાયન ગાયછે તે:

રાગ બરવાનો જીલો.

ભરથરી ખેલ ચાલો, આજરે ભજાવીએ, એ ટેક.
નારી દુર્ગુણ નખ શીખ દરશાવીએ;
બોધ સારો આપી એક ફરજ બજાવીએ. ભરથરી.
પ્રિત કરી નારી પ્રેમ ફુલી ન ફસાઇએ,
સાહસિક કામ કરી સુખ ન ગુમાવીએ;
અવિચારે કામ કરી અતિ પસ્તાઇએ. ભરથરી.

તમામ પાત્રો મળી નાટકની સમાપ્તિ વખતે સભાની માફી માગે છે. તે:—

રાગ કલ્યાણ.

પ્રેમ સભાજનો, હવે રાખજો તમો;
સદા પ્રસન્ન મનથી રજા લઇએ અમો. ટેક.
ભૂલ ચૂક ખામી ખોડ, ખેલે ખેલે આજ,
માફી સુધારાને માટે, માગે આ સમાજ; પ્રેમ.
જેમ ખેલ જોયો તેમ, સારી ધારી ટેક;
દેશી દશને સુધારો રાખીને વિવેક. પ્રેમ.

આર્ય સૂબોધ ભજવે ખેલ, જોવા કીધું મન;
આભારી અમો થયા છી, આપ્યું ઉત્તેજન; પ્રેમ.
અવર ખેલમાં આપ પધારી, દેશો દરસન દાન;
મેહેરબાનોની રજા માગી જઇએછી સ્વસ્થાન. પ્રેમ.

આ નાટકમાં જુની રાહનાં ગાયનના બદલામાં તેજ મતલબનાં નવાં ગાયન ઉમેરવામાં કેટલીક જગોએ આવ્યાં છે, અને જુનાં પણ કાઢી ન નાંખતાં કાયમજ રાખ્યાં છે, માટે ક્યાંઇ પુનરૂક્તિ જોવામાં આવે તો તેને માટે ક્ષમા માગી આ હકીકત વિદિત કરૂંછું.

વાઘજી આશારામ ઓઝા. ગ્રંથ કર્ત્તા.
મોરબી.

श्री

भर्तृहरी नाटक.

અંક ૧ લો.

પાત્રજન.

સૂત્રધાર....................નાટક ભજવી બતાવનાર.
નટી......................તેની સ્ત્રી.
ભર્તૃહરી..................માલવ દેશનો રાજા.
પિંગળા..................તેની રાણી.
દીર્ઘદર્શી..................તેનો પ્રધાન.
શૂરસેન..................તેનો સેનાપતિ.
વિદુષક....................તેનો મશ્કરો સોબતી.
રામશાસ્ત્રી..............રાજકુમારી શાળાના ગુરૂ.
ગુણવક્તા..............એક ભાટ.
ગુણસુંદરી..............એક *વારાંગના.
મધુરવદંતી..............પિંગળાની સદ્દગુણી દાસી.
દુર્બોધા...............બીજી દુરાચરણી દાસી.
પ્રતીહાર...............એક દ્વારપાળ.

---

* ગુણિકા.

શ્રી

ભર્તૃહરી નાટક.

અંક ૧ લો

મંગળાચરણ.

વસંતતિલકા છંદ.

સ્વેચ્છા થકી જગત આ નિરમાણ કીધું,
નીતી પ્રબંધ રચના કૃત હાથ લીધું;
જેની કૃતિ ગતિ અતિ ગુઢ પ્રૌઢ ભાળું,
જેછે પિતા જગતના બહુ રે દયાળુ;
સ્થંભો વિના ગગનમાં શશિ સૂર્ય રાખ્યા,
કાર્યાનિ કો ખુબી તણી કરશેજ વ્યાખ્યા;
વા ! શી ! કળા [1]મયુરને તન તેં કરી છે,
પૂષ્પો લતા ઉપવને[2] ખુબિ શી ભરી છે !
તેવા પ્રભુ સરવના કરતા નિયંતા,
જેને સદા કિટ [3]કરી પરિયંત ચિંતા;
થાશે ન ગૂણ ગણના ગણતાં અમાપો;
તેવા દયાળુ સઘળે સુખ શાંતિ આપો;

(નાંદી થઇ રહ્યા પછી.)

સુત્રધાર—(સભાસદો તરફ જોઇને)

અહો આર્યો ! આજે અમો આપની સમક્ષ શ્રી મયુરપુરી નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ ગ્રહસ્થ વાઘ વિરચિત[4] ભર્તૃહરી નામનું એક અપૂર્વ નાટક ભજવી બતાવનાર છીએ; જેમાં ભરતભૂમિ [5]અલંકૃત [6]શૌર્યોદાર્યાદિગુણ[7]વિભુષિત એકક્ષત્રિવીર, માલવદેશના

---

૧ મોર. ૨ બગીચો. ૩ હાથી. ૪ રચેલું. ૫ ઘરેણારૂપ. ૬ શણગારેલું. ૭ શુરાતન ઉદારતા વિગેરે.

રાજા ભર્તૃહરી તથા તેની રાણી પિંગળાના ચરિત્રનું, શૃંગાર, હાસ્ય, તથા કરૂણારસ[1]પ્રાધાન્ય અત્યુત્કૃષ્ટ વર્ણન નાટકરૂપે કરવામાં આવશે, તો આપ અત્રે બીરાજેલા સૌ વિદ્વજન, મિત્રજન, બંધુજન, તથા સજ્જન વર્ગ એકાગ્ર ચિત્તે શ્રવણ કરશો, એટલી [2]વિજ્ઞાપનાછે,

(પડદાતરફ નજર કરીને) કેમ પ્રિયા વાર લાગી?

નટી—આ, આવી પ્રાણનાથ, શી આજ્ઞાછે? (નવું કંકણ બતાવીને) આ ધારણ કરતાં જરા વિલંબ થયો તે માફ કરશો.

સુત્રધાર—પ્રિયા, તને કહ્યું છે તેજ પ્રમાણે સર્વ પાત્ર જનોને આજે કહી દેવું કે પોતાનો ભાગ ભજવવામાં કોઈ જરા પણ કસુર ન રાખે.

નટી—પ્રાણનાથ, એ ભલામણ હું કરીનેજ બહાર આવી; અને આપની [3]નિપૂર્ણતા જય મેળવ્યા વગર કઈ જગોએ રહીછે!

સુત્રધાર—તે ખરૂં પણ:— ગીતિ.

પૂરણ ખેલ થયા વણ, દોષ ગૂણ હમણાં નવ પરખાય;
માટે તનમન ધનથી, કામજ કરવું પછી ઈશ્વર રહાય.
(એમ કહી ગાવા માંડે છે.)

રાગ કલ્યાણ.

શ્રી જગતપતિ! પ્રભુ આપ સન્મતિ,
ભર્ત ભુમિ ભ્રાત માટે કીધી આકૃતી—ટેક.
શૂરપૂર નેક ટેક નીતિ પ્રિતિ ન્યાય,
સ્વદેશાભિમાન એના બાળોમાં પ્રગટાય; શ્રી૦
ધીર વીર સંપી સુખી, રૈયતને રાય,
કળાને કૌશલ્ય પાછાં હતાં તેવાં થાય; શ્રી૦
આર્યસુબોધ હિતનો બોધ, દેછે દેશ વિદેશ,
[4]પ્રાચીનને [5]અરવાચીન ખેલો, ભજવે ધારી વેશ; શ્રી૦
વીર કરૂણાને શૃંગારનો, દેતી ચીતાર,
આપ એ ગ્રહણ કરશો, જેમાં રૂચી તમારી સાર. શ્રી૦

---

૧ જેમા મુખ્યછે એવું. ૨ વિનતિ. ૩ કુશળપણું. ૪ જુના. ૫ હાલનું.

ગુણના ગ્રાહક દેશી મિત્રને, વિનવે પ્રિતિ પૂર,
માફ કરી આ મનમાં લેશો, દોષ કરીને દૂર; શ્રી૦
ગજાનન [1]મંગલ પ્રદ દેવા, વળી [2]ભારતી માત,
સહાય કરો આ સૂત્રધારને, ગાઊ ગુણના ગાથ. શ્રી૦
(તે ગાઈ રહ્યા પછી)

નટી—પ્રાણનાથ, હવે મને શી આજ્ઞાછે ?

સુત્રધાર—પ્રિયા! તું પણ એક એવું મધુર ગાયન કર કે જેથી આખી સભાના મનરંજન થઈ જાય.

નટી—પ્રાણનાથ કયા વિષય વિષે ગાઉં?

સુત્રધાર—બીજો ઉત્તમ વિષય કયોછે ? જગત કર્તાની સ્તુતિરૂપ એક સુંદર ગાયન કર, કે જેમાં અખીલ વિશ્વના સુત્રધારે, માયાનટીને સાથે લઈને આ જગતરૂપી, નાટ્ય ભૂમીપર શી શી રચના કરીછે! તેનું વરણન આવે.

નટી—વાઃ પ્રાણનાથ, ઠીક આજ્ઞા કરી! મારા મનમાં પણ એજ ઈચ્છા હતી! (ગાયછે.)

લાવણી.

વાહ! કૃતિ! જગદીશ તમારી, અદ્ભુત લીલા વિસ્તારી;
જગતરૂપી આ નાટ્ય ભૂમિમાં, કીધી રચના બહુ સારી; વાહ
સૂત્રધાર છો આપ સ્વતંતર, માયા નટિ કૃતિ કરનારી;
વાહ કૃપાળુ જગત નિયંતા, ધરણી ધર પ્રભુ ઉપકારી; વાહ.
તરૂવર ગીરિવર પશુને પક્ષી, વનસ્પતિ શી! કૃતિ સારી!
મનુષ્યને તેં આપી વિચક્ષણ, ઘટઘટમાં બુદ્ધિ ન્યારી; વાહ.
કોઈ નરો શૃંગારે રમતા, કોઈ કરૂણાના ભોગી,
કોઈ વીરને હાસ્યે વિલાસે, કોઈ નિરંજનના યોગી; વાહ.
કોય પૂષ્પ પ્રફુલિત ઉપવન, સઘન છાંયમાં વિશ્રામે;
શિયળ વંતી કમલાક્ષી નારી, સાથે બેસી સુખ પામે; વાહ.
ગ્રિષ્મ શરદને વસંત વર્ષા, શિશિર હેમંત શિતકારી;
રૂતુ રતુનાં ન્યારાં સુખ લે, વસ્ત્રાલંકારો ધારી; વાહ.

૧ શુભદેનાર ૨ સરસ્વતિ.

કોઈ રાજ નિતિમાં શાણા, સચીવ નૃપતિની સંગે;
પ્રજાહિતના કરે વિચારો, રાજ લક્ષ્મિ જેને અંગે. વાહ.
કોઈ સંગીત શાસ્ત્ર વિલાસી, છે ગુલતાનજ ગાયનમાં;
કોઈ કૃપણ સ્વપ્ને નવ શોખી, જોડે વિત ચિતછે ધનમાં. વાહ.
કોઈ પૂરા ઇશ્વરના આસ્તિક, પિતાંબર શુદ્ધ થૈ પેહેરી;
જગદીશ્વર આરાધન કરતા, ગૃહસ્થાશ્રમ સુખમાં લ્હેરી. વાહ.
કોઈ જોગી નિરંજન અવધૂત, તજી જગત [1]આધિ [2]વ્યાધિ;
બેસે ગિરિ ગુફાની માંહે, સમાધી ચેતન ધન સાધી. વાહ.
એ રીતે વિશ્વંભર વ્યાપિ, રચના તુજ ન્યારી ન્યારી;
ઇચ્છા તારી જગ હિતકારી, પૂરણ અમને છે પ્યારી. વાહ.

(માધુબન શ્યામ એહ રાહ.)

દીધી બક્ષીસ નરને, નારી ચમત્કારી રે;
નારી ચમત્કારી રે, સતીછે પ્રાણપ્યારી રે. દીધી.
કમલ નયની મુખ અમૃત ભાષી,
બાળા સંસારે પુરૂષનો દે સુધારી રે. દીધી.
જોરે કુસંગે કામની બગડી,
આ અવતાર ગયાજ જાણો હારી રે. દીધી.
પુરણ ભાગ્યોદય હશે જે પુરૂષનો,
તેનું ઘરબાર શોભાવે સતી સારી રે. દીધી.

સુત્રધાર—અદભૂત ખુબી લાવીને શું ! સૌને ખુશ ખુશ કરી દીધા !

નટી—પ્રાણનાથ, પણ ગાયનનો પ્રારંભ કર્યા ત્યારથી જેમ સભાજનોનાં મન હર્ષથી પ્રફુલીત થતાં ગયાં. તેમ આપ વિચારમાં ઊંડા ઉતરતા ગયા, તેનું કારણ શું ?

સુત્રધાર—ખરૂં કહેછે. પ્રિયા.

ગીતી.

શુણી ગાયન ગુંથાયો; વિચારે, કરિ શી ! રચના પ્રભુ ધન્ય !
જેમ ભરથરિ નૃપનું, પ્રજા હિતમાં પ્રવરતાયું મન.

(એમ કહીને બંને જાયછે.)

(ઇતિ પ્રસ્તાવના.)

---

૧ મનનું દુઃખ. ૨ શરીરનું દુઃખ.

श्री

भर्तृहरी नाटक.

अंक १ लो.

प्रवेश १ लो.

સ્થળ—ભર્તૃહરીનો દરબાર.

ભર્તૃહરી, દીર્ઘદર્શી, સુરસેન, રામશાસ્ત્રી, ગુણવક્તા, ગુણસુંદરી ને પ્રતીહાર.

પ્રતીહાર—(પ્રવેશ કરીને) જય જય છત્રપતિ માલવપતિ ભર્તૃહરી રાજ મહારાજ ઘણી ખમા.

ભર્તૃહરી—(પ્રધાન પ્રતિ) કેમ પછી શું કર્યું? મ તમોને કાલ કહ્યું હતું કે સંસ્કૃત શાળામાં જઈ બાળકોનો સંસ્કૃત અભ્યાસ : કાવ્યશાળામાં કવિયોના બનાવેલા નવા ગ્રંથ; તથા તેઓમાં પિંગળ શાસ્ત્રાનુસાર બોધનો પ્રસાર કન્યાશાળામાં કન્યાઓને અભ્યાસ; નિતિ પ્રબોધાનુસાર કુમારિકા વર્તણુક; શૂદ્ધ ઇશ્વર ભક્તિ; શીયળવૃતમાં દ્રઢ વૃત્તિ રાજકુમારી શાળામાં અભ્યાસની [1]પદ્ધતિ, તથા વિદ્વાનોએ કરેલાં સંસ્કૃત ગ્રંથોનાં શોધન; ઇત્યાદિકનો [2]ત્રિમાસિક વૃતાંત તૈયાર કરી મને આજે આપજો તે ક્યાં છે?

દીર્ઘદર્શી—(જરા વિચાર કરીને) મહારાજ, શિલ્પશાળા જ્યોતિષશાળા તથા વેદાંત બોધનો વૃતાંત કાંઇક અધુરો છે; ને બાકીની હકીકત હાલ આપને નિવેદન કરૂંછું:—

ઉપજાતિ વૃત.

ભર્તૃહરી રૈયતના પિતાથી,
કાવ્યો રચાયે અતિ [3]શિઘ્રતાથી;

---

१ રીતી રસ્તો. २ ત્રણ માસનો. ૩ ઉતાવળથી.

કળા વધી સૌ-કહુ આજ કેની,
વિદ્યા પુરી ઉત્તમ આ ઉજ્જેની.

મહારાજ સંસ્કૃતશાળામાં બાળકોનો સંસ્કૃત અભ્યાસ ઘણોજ વધી ગયો છે; કાવ્યશાળામાં તો નાના બાળકોની શક્તિ જોઈ હું ચકિત થઈ ગયો; શું [1]મંદાક્રાંતા શું, સ્રગધરા, કે શું શાર્દુલવિક્રીડિત, મોટાં મોટાં વૃતમાં ગમે તે વિષયપર શિઘ્ર કવિતા કરે છે; પરંતુ રાજકુમારી શાળાનું કામ કાંઇક મંદ ચાલે છે, કેમકે રામશાસ્ત્રી હવે બહુ વૃદ્ધ થયા, તેને હવે અમુક [2]વર્ષાશન બાંધી દઈ ષટ શાસ્ત્ર સંપન્ન પરબ્રહ્મ શાસ્ત્રીની નીમણુંક કરવી છે. તે આપનો અભિપ્રાય પુછવાપર વાત રાખી છે; આહાહા! રામશાસ્ત્રીના નીતિ ઉપદેશથી તો [3]અવધિ છે! જેના ઉપદેશે સતીના શૂરાતનની રેલ ચલાવી છે; ને પતિવૃતાનાં પૂર વસાવ્યાં છે.

ભર્તૃહરી—ત્યારે એ ખામી પરબ્રહ્મ શાસ્ત્રીથી પુરી પડશે ખરી ?

દીર્ઘદર્શી—તેમાં કાંઈ સંદેહ નથી. જેવા રામશાસ્ત્રી વ્યવહારિક નીતિ રત્નોની ખાણ છે, તેમ પરબ્રહ્મ શાસ્ત્રી પારમાર્થિક જ્ઞાન રત્નોના સાગર છે. એ કાંઈ ઓછું છે ? તથા ધર્માચાર્યોના નીત્યુપદેશ નિશદિન બહુ ઝપાટાથી ચાલે છે, તેથી સર્વ પ્રજા સર્વ પ્રકારનાં સદાચરણમાં પારાવાર છે. રામચંદ્રના સમયમાં જેવી તેની પ્રજાનીતિ આચરણમાં હતી, તેવીજ આપણી પ્રજા હાલ [4]સદ્ધર્મમાં વરતે છે.

ભર્તૃહરી— ઉપજાતિ વૃત.

સચીવ મારાં નથી કામ એવાં,
થયા નથી કો નૃપ રામ જેવા.
કયાં રામના રાજની [5]સૌમ્ય રીતી,
થતાંશ મારી નથિ રાજ નીતી.

અહો ! અયોધ્યાપુરીના સુર્યવંશ મુગટ મણી રામચંદ્ર! એની

૧ વૃત કે છંદનું નામ. ૨ વરસનો દરમાયો. ૩ હદ.
૪ ખરો ધર્મ. ૫ સુંદર.

સાથે મારી રાજનીતિ એક શતાંશ દરજ્જે પણ સરખાવી શકાય? અહો! એની શી પ્રસંશા કરીએ! અમ રાજનોમાં એવા મહીપાલ કોઈ થયા નથી કે થવાના નથી, કેવા દુરદેશી તર્કવાળા, રૈયતના પિતા, ¹સમદ્રષ્ટિ સ્વરૂપ, દયા, ક્ષમા તથા શૂરાતનના સાગર, રાજનીતિમાં મહા નિપૂણ, સર્વ પ્રજા પ્રાણી હિતેચ્છુ; તથા સાક્ષાત્ જગત નિયંતાવત્ જેની શક્તિ, એની બરોબરી સાંપ્રતકાળમાં કરી શકે એવો કોણ રાજા છે? કોઈ નથી. રામાયણના ઇતિહાસપરથી કેટલુંક રાજ નિતિ ધોરણ આપણે ગ્રહણ કર્યું છે, કેમકે તે વખતે જેવું પ્રજાને અન્ય કોઈ વખતે સુખ મળ્યું નથી. (જરા વાર પછી) કેમ, પેલો મારો પિત્રાઈ ગજસિંહ જેને આપણે મનુષ્ય ઘાતના અપરાધ માટે શૂળીની શિક્ષા કરી, તે બાબતમાં કાંઈ બુમાટ ઉઠ્યો નથી કે?

દીર્ઘદર્શી—મહારાજ, તેનાં સર્વ સંબંધીઓ મારા ઘરપર દ્વેષથી બખેડો કરવા આવ્યા હતા, તે વખતે આપના નામનો ત્રાસ દીધો; ત્યારે માત્ર પાછાં ગયાં, તે વખત પરીણામ ઘણું બુરો થવાનો હતો.

ભર્તૃહરી—એવી જુઠી પક્ષ કરવાવાળાને તમે શું શીક્ષા દીધી?

દીર્ઘદર્શી—આપને હજુ વાત ઝાહિર કરી, શિક્ષા કાંઈ કરી નથી.

ભર્તૃહરી—એમાં શા માટે વિલંબ કર્યો? એ સર્વને મનુસ્મૃતિની અનુસાર કેદની શિક્ષા આપો, અરે! મારી પ્રજાપર જુલમ કરવાવાળો કદી મારો પુત્ર હોય તોપણ શું થયું? તેને પણ હું તેવો ગુનો હોય તો દેહાંત દંડની સજા દઉં.

पिताचार्यःसुहृन्माता, ।
भार्यापुत्रःपुरोहितः ॥
नादंडयोनामराज्ञोअस्ति ।

---

૧ એક સરખી નજર.

यःस्वधर्मेनतिष्ठति. ॥

પિતા, આચાર્ય, મિત્ર, માતા, સ્ત્રી, પુત્રને પુરોહિત સ્વધર્મ પ્રમાણે ચાલતા ન હોય તો તેને રાજાએ દંડ ન દેવો એમ નથી, અર્થાત તેમને પણ દંડ દેવો જોઇએ.

અરે ! મારી રાજકાર્ય ભ્રમિત બુધિથી કદાપી મારાથી કોઈ ન્યાય ચુકાદામાં અન્યાયનો એક અંશ થાયછે તો તે, જાણતાં હું આખો દિવસ ખેદયુકત રહું છું; પશ્ચાતાપ કરૂંછું તથા અન્યાય સહન કરવાવાળાનું ફરી સમયોચિત સમાધાન થાય એવું કરૂં છું કેમકે—

तस्याहूःसंप्रणेतारं, ।
राजानं सत्यवादीनं ॥
समीक्ष्यकारिणंप्राज्ञं, ।
धर्म कामार्थकोविदं ॥

સત્યવાદી (ખરૂં ખોટું) વિચારી શકનાર; સર્વ શાસ્ત્ર જાણનાર ધર્મ, અર્થ અને કામનો ભેદ જાણનાર પંડિત, એવા રાજાજ દંડ દેવાને યોગ્ય છે; માટે એટલી બાબતથી જો હું વિરૂધ હોઉં તો હું દંડ કરવાને પાત્ર નથી. અને રૈયતના ભલામાંજ મારૂં ભલુંછે.

ગીતિ.

ભલું કરૂં રૈયતનું, ભલું ખરેખર થાશે તવ મારૂં,
નથી રાજ આ આપ્યું, માત્ર ભોગને ભોગવવા સારૂ—
જરા ન્યાય જો ચુકુ, અતિ થાઉં ઇશ્વરનો અપરાધી
તેમાંથી નવ છૂટું, અન્ય ભક્તિઓ કદી બહુ સાધી;

દીર્ઘદર્શી—(એ બાબત જરા વધારે ચરચા ચલાવવા સારૂં) માહારાજ. એ વાત ખરીછે. રાજાનું મુખ્ય લક્ષણ યુધ શુરાતનમાં હોવું જોઇએ; અને મન શક્તિનો ઉપયોગ કરવો એ કામ હમારૂં છે.

સુદર્શન—નૃપવર્ય, પ્રથમ તરવાનો ઉપયોગ જ્યાં કરવો પડે, ત્યાં આગેવાની ધરાવવી, એ કામ આપનુંછે; અને સમાધાની વખતે ન્યાય કરવાનો છે માટે મને તો બંને ગુણ રાજામાં જોઇએ એવું લાગે છે.

ભર્તૃહરી—નહિ, નહિ, તમારી બંનેની વાત કેટલેક અંશે ખરીછે. પણ રાજામાં મુખ્ય લક્ષણ, પ્રજા પાલન, ન્યાયનીતિ આચરણ, તથા વિનયનું જોઇએ; એનો આધાર મનુસ્મૃતિમાં પણ છે, આપણા પરમ પુજ્ય તથા [1]સેવ્ય વૃદ્ધ રામશાસ્ત્રી તેનું પ્રમાણ આપશે ખરા (ચારે તરફ જોઇને) આજ કેમ હજુ કચેરીમાં આવ્યા નથી!*

નેપથ્યમાં—

તોટકવૃત.

ધન્ય છે નૃપતી શુભ તારી મતી,
ચરચા નિત ન્યાય નિતીનિ થતી,
કરિ કેમ સદા સુખિ થાય પ્રજા,
મણિએ અતિ ઉત્તમ મોજ મજા.

દીર્ઘદર્શી—મહારાજ, રામશાસ્ત્રી પધારતા હોય એવું જણાય છે. એટલામાં રામશાસ્ત્રી પ્રવેશ કરે છે. ઓહો! યાદ કરતાં પધાર્યા-ને શું! (વંદન કરીને, કેમ શાસ્ત્રી બાવા આજે વિલંબ થયો!

રામશાસ્ત્રી—રાજા તારો જય થાઓ! તુ જાણેછે કે હવે મારી પુ-

---

૧ સેવવાને યોગ્ય.

*वृद्धांश्चनित्यंसेवेत। विप्रान्वेदविदःशुचीन्॥
वृद्धसेवीहिसततं। रक्षोभिरपिपूज्यते ॥

વેદ જાણનાર, પવિત્ર અને વૃદ્ધ વિપ્રો (આર્યો)ની સેવા કરવી, વૃદ્ધની સેવા કરનારને ક્રૂર લોકો પણ માને છે.

(મનુસ્મૃતિ)

री वृद्धावस्था, अहीं सुधी आवतां घणो श्रम [1]पहोंचेछे, परंतु आपण ब्राह्मण क्षत्रीनुं राज प्रकरणमां प्रसंगो प्रसंगकाम, माटे आव्या वगर पण चाले नहि, राजन, हवेतो काम प्रसंगमां गंगाधरने बोलावाय तो सारूं, अने राजकुमारी शाळा पण परब्रह्म शास्त्रीने सोंपाय, एटले हुं निवृति [2]परायण थयो, वर्षासनने माटे सचीव साथे अरज मोकली छे, ते पहोंची हशे.

भर्तृहरी—शास्त्रीबावा हुं बधुं जाणुंछुं, हवे आपे पधारेवा तस्दी न लेवी पण आज एक वातनी तकरार पडीछे तेनुं नीराकरण करो.

रामशास्त्री—आयुषमान् राजा, तारा नीतिराजमां तकरार केवी?

भर्तृहरी—ना, ना, शास्त्रीबावा, आ तकरारमां तो शास्त्र निर्णय तथा साक्षीनी जरूर छे; बीजु कांई नथी. (प्रधान तरफ हाथ करीने) आमनो मत एवोछे के राजानो मुख्य धर्म प्रसंग पडे त्यारे रणक्षेत्रमां लडी प्रजानुं रक्षण करवुं एज छे; (सेनापति तरफ द्रष्टी करीने) आ सुरसेनजीनुं कहेवुं युद्धमां बीडवुं तथा समाधानीमां न्याय करवो, ए बंनेने माटे छे, अने मारो मत एवोछे के राजानो मुख्य धर्म प्रजापालन, सत्यासत्यनो विचार करीने न्याय करवो, तथा विनय राखवो, ए छे. ते सिवाय राजाना बीजा गौण धर्म छे; केम रामशास्त्रीजी एमां आपनो शुं अभिप्राय छे?

रामशास्त्री—(प्रधान तथा सेनापति तरफ जोईने) राजानुं कहेवुं यथार्थ छे, शास्त्रानुसार छे; केमके प्रजानु रक्षण [3]तथा न्याय

---

१ महेनत. २ धंधाथी रहीत.

[3]प्रजानांरक्षणंदान। मिज्याध्ययनमेवच ॥
विषयेष्वप्रसक्तिश्च। क्षत्रियस्यसमासतः॥

प्रजानुं रक्षण करवुं, दान करवुं, यज्ञ करवो, विद्याभ्यास करवो, अने विषयोने विषे आसक्ति राखवी नहीं, ए क्षत्रीनां कर्म कह्यां छे.

કરવો એતો રાજાના મુખ્ય ધર્મ છે; તથા મહિપાળોમાં વિનય એતો અત્યુત્તમ વસ્તુ છે.

દીર્ઘદર્શી—વ્યવહારીકમાં વિનય એ પ્રસિધ ગુણ છે પણ આપના તરફથી કાંઈ શાસ્ત્રમાં એ ગુણની પ્રસંશા છે? રાજાઓને માટે અને ન્યાયતો [1]મુખ્ય ધર્મ છેજ.

રામશાસ્ત્રી—ભાઈ, તે પણ કહી સંભળાવું છું. ઉત્તમ વસ્તુજ એ છે, તથા સર્વ સિદ્ધિ પણ ઘણું કરીને તેમાંજ રહેલી છે.

बहवोविनयान्नष्टा। राजानःसपरिच्छदाः॥
वनस्थाअपिराज्यानि। विनयात्प्रतिपेदिरे॥

સર્વ રાજ સામગ્રી, (ફોજ, ધન આદિ) વાળા બહુ રાજા, અવિનયથી નાશ પામ્યા છે; અને વનમાં વસનાર રાજા પણ વિનયથી રાજ્ય પામ્યાછે.

દીર્ઘદર્શી—ત્યારે કેમ શાસ્ત્રીજી આપનું એમ કહેવું છે કે રાજાએ યુદ્ધ પ્રસંગમાં થોડું લક્ષ આપવું જોઇએ.

રામશાસ્ત્રી—ભાઈ યુદ્ધમાં પણ ન્યાય નીતિની જરૂર પડે છે. ધર્મ યુદ્ધે રાજાએ લડવાનું પણ છે દગાથી નહિ બાકી પણ રાજાએ બીજી ઘણી બાબત પર લક્ષ આપવાનું છે.

त्रैविद्येभ्यस्त्रयींविद्यां।
दंडनीतिंचशाश्वतीम् ॥

---

[1]स्वराष्ट्रेन्यायवृत्तःस्याद्भृशदंडश्चशत्रुषु ॥
सुहृत्स्वजिह्मःस्निग्धेषुब्राह्मणेषुक्षमान्वितः

પોતાના રાજમાં ન્યાયથી ચાલવું શત્રુને દંડ દેવો સ્નેહીઓ સાથે પ્રમાણિકપણે ચાલવું, અને અલ્પ અપરાધ કરનાર વિદ્વાન ઉપર ક્ષમા કરવી.

आन्वीक्षिकींचात्मविद्यां ।
वार्त्तारंभाश्चलोकतः ॥

ત્રણ વેદ જાણનારા વિદ્વાન પાસેથી ત્રણ પ્રકારની વિદ્યા, અને દંડ શાસ્ત્ર (ફોજદારી ન્યાય) તથા નીતિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્ર, અને આત્મ વિદ્યા, (જે જાણવાથી ચડતી પડતીમાં હર્ષ શોક ઓછો થાયછે) રાજાએ શીખવાં, અને કર્ષક (અર્થશાસ્ત્ર જાણનાર) આદી પાસેથી ખેતી, વ્યાપાર, પશુ પાલનાદિ કળાઓ, રાજાએ શીખવી.

ભર્તૃહરી—ખરેખર પ્રજાને અદલ ન્યાય કરવો એ વાત મુખ્ય છે.

निंदंतुनीतिनिपुणा, यदिवास्तु ॥
लक्ष्मीःसमाविशतु, गच्छतुवायथेष्टम्॥
अद्यैववामरणमस्तु,युगांतरेवा ॥
न्यायात्पथःप्रविचलंतिपंदंनधीराः ॥

નીતિમાં ડાહ્યા માણુસ ગમે તો નિંદા કરો અથવા સ્તુતિ કરો, લક્ષ્મિ પ્રાપ્ત થાઓ, અથવા જતી રહો, આજજ મરણહો, અથવા કાળાંતરે હો, એવો વિચાર લાવીને ધૈર્યવાન માણસ ન્યાય રીતીથી એક ડગલું પણ ખસતા નથી.

ભર્તૃહરી—પરમપૂજ્ય શાસ્ત્રીબાવા, ગયા ત્રણ માસમાં મારી રાજનીતિમાં કે પ્રજા તથા રાજરક્ષણ રીતિમાં જે કાંઈ દોષ આપની દ્રષ્ટિએ આવ્યો હોય, તે નિરસંદેહ મુને જણાવવા આપ કૃપા કરશો. તથા દેશકાલને અનુસરી હવે પછીને માટે જે અનુપમ સલાહ આપવી ઘટે તે આપશો.

રામશાસ્ત્રી—રાજા માનવ ધર્મશાસ્ત્ર પ્રમાણે ક્ષત્રિયધર્મનાં સઘળાં

આચરણ તેં સાચવ્યાં છે; તારા રાજના સાતે અંગ [1]સિદ્ધ તથા પ્રબળ છે, અને પાંચે ગુણથી [2]પક્વ એવા તારા રાજમાં અષ્ટ પ્રધાન છે; અને છ પ્રકારનાં કિલ્લાવાળાં[3] તારાં શહેર તૈયાર છે.

માટે તારી રાજનીતિમાં હાલ કાંઈ અપુર્ણતા મારા જોવામાં

---

[1]स्वाम्यमात्यौपुरंराष्ट्रः।
कोशदंडौसुत्द्त्तथा ॥
सप्तप्रकृतयोह्येतां।
सप्तांगंराज्यमुच्यते ॥

રાજા, મંત્રી રાજધાની, અને દેશ (આખી પ્રજા) કોશ સૈના, હાથી, ઘોડા, રથ, પાયદલ ઈત્યાદિ) અને મિત્ર, એ રાજ્યની સાત પ્રકૃતિયો (ઇન્દ્રિયો) છે, અને ત ઉપરથી ત રાજનાં સાત અંગ કહેવાય છે.

[2]मौलान्शास्त्रविदःशूरान्।
लब्धलक्षान्कूलोद्गतान् ॥
सचिवान्सप्तचाष्टौवा।
प्रकूर्वीतपरीक्षितान् ॥

મૌલાન (જેના પૂર્વજોથી રાજ કારભારમાં ચાલતો આવેલો અથવા રાજનીતિના અનુભવી એવા) શાસ્ત્ર જાણનાર, શૂરા, લબ્ધલક્ષી (ધાર્યું નિશાન મારનાર, અને કુલીન એવા સાત કે આઠ સચીવ (મુખ્ય કારભારી) પરીક્ષા કરીને રાજાએ રાખવા.

[3]धनुर्दुर्गंमहीदुर्गवार्क्षांबुदुर्गमेववा ॥

આવતી નથી. માત્ર ક્ષત્રિધર્મનું છેલું લક્ષણ* તુ બરાબર સાચવે છે. તોપણ તે પ્રબળ વિકાર છે માટે તેમાં વિશેષ સંભાળ રાખવી (જરા વિસામો ખાઇને) રાજા વર્ષાશન—વાત ભૂલમાં જાયછે!

ભર્તૃહરી—(જરા હસીને) ભૂલી ગયો નથી. શાસ્ત્રીબાવા, તમે મારી પુત્રીઓને બોધ દેવામાં આયુષ ગુજારી તેને વૃદ્ધાવસ્થામાં ને વળી શાસ્ત્રજ્ઞાતા વિદ્વાન બ્રાહ્મણને મારા રાજમાં વર્ષાસનનું પુછવું હોય! (પછી તે વિશે આગળથી બંદોબસ્ત કરેલો તે મતલબનું આજ્ઞાપત્ર વાંચી સંભળાવ્યું જેમાં યાવત જીવીત શાસ્ત્રીજીને વર્ષાસન મળે, તથા તેના પુત્ર ગંગાધરને તેમની જીવાઈ મળવા ઠરાવ હતો તેણે શાળાનું કામ ન કરતાં વિદ્યાની બીજી શાખા પકડી હતી.)

રામશાસ્ત્રી—(રાજાએ આગળથી તજવીજ કરેલી જોઇને) ભૂપાળ ચુડામણી! તારી ઉદારતાને ધન્ય છે!

शतेषुजायतेशूरा,सहस्त्रेषुचपंडिता ॥
वक्ताशतसहस्त्रेषुदाताभवतिवानवा ॥

અર્થ સોરઠો.

સોએ શુરવિર એક, પંડિત એક હજારમાં,
વકતાં લાખે છેક, દાતા વિલજ દેખશો;

ભર્તૃહરી—શાસ્ત્રીજી, તમારા ઉપકારનો બદલો અમારી તુચ્છ રાજ-

नृदुर्गगिरिदुर्गंवासमाश्रित्यवसेत्पुरं ॥

ધનુદુર્ગ—(વીશ યોજન ફરતા મેદાનવાળા કિલ્લાવાળા) મહી દુર્ગવાળા જલદુર્ગ (પાણીના કિલ્લા એટલે ખાઇવાળાં વૃક્ષદુર્ગ (મોટી ઝાડીના કિલ્લાવાળાં નૃદુર્ગ (ફોજનાં કિલ્લાવાળાં; ગિરીદુર્ગ પર્વતના કિલ્લાવાળાં,) જ્યાં શત્રુથી અવાય નહિ. અને જેમાં નદી અને પાક પુષ્કળ થાય એવા શેહેરમાં રાજધાની કરીરાજાએ રેહેવું.

*વિષયમાં થોડી આસક્તિ રાખવી તે.

લક્ષ્મીથી વળે તેમ નથી. સર્વ સદ્‍ગુણનો ભંડાર એવી તમારી ઉત્તમ વિદ્યા ક્યાં! અને સર્વ દુરાચરણનું દ્વાર ઉઘાડનારી એવી મારી રાજલક્ષ્મી ક્યાં! પૂર્વ પુન્યનો ક્ષય કરનારી, સત્તાથી અંધ કરનારી, ખરા સ્નેહને ભુલાવનારી, પંચ વિષયમાં પાડનારી, વિદ્વત્તાને વિસારનારી, બુદ્ધિને ભ્રમાવનારી, વ્યસનોને વધારનારી, આસુરી સંપત્તિને ઉત્પન્ન કરનારી, મિત્રતાને અપાત્ર કરનારી, એવી મારી રાજ્યલક્ષ્મી ક્યાં! અને હે પરમપૂજ્ય વિદ્વાન શિરોમણી! પૂન્યનો ભંડાર ભરનારી, ચિત્તને નિર્મળ કરનારી, ઉત્તરોત્તર સ્નેહ વધારનારી, પંચ વિષયના પંઝામાંથી કાઢનારી, સદ્‍બુદ્ધિને દ્રઢાવનારી, વ્યસનોને વિદારનારી, દૈવી સંપત્તિને ઉત્પન્ન કરનારી અને મિત્રતાને પાત્ર કરનારી એવી આપની સદ્‍વિદ્યા ક્યાં? અમારી રાજનીતિ તો આપ જાણોછો કે.—

सत्यानृताचपरुषाप्रियवादिनीच ॥
हिंस्त्रादयालुरपिचार्थपरावदान्या ॥
नित्यव्ययाप्रचुरनित्यधनागमाच ॥
वेश्यांगनेवनृपनीतिरनेकरूपा ॥

સાચી અને ખોટી, કઠોર અને પ્રિય બોલનાર, મારી નાંખનાર અને દયાળુ, ધન લેવામાં તત્પર અને ઉદાર, હમેશાં ખરચવાળી, અને હમેશાં પૈસા મળેછે એવી, રાજનીતિ વેશ્યા સ્ત્રીની પેઠે અનેકરૂપ વાળી છે.

રામશાસ્ત્રી—

ગીતી.

છે વિદ્યા રસ ભોગી, વળી સભામાં વિદ્વાનોખ્યાત;
તે રાજાની લક્ષ્મી, અનર્થ કંઈ પણ કરશે નહીં ભ્રાત.

હે પૂર્ણિમાના ચંદ્ર [1]રૂપ ન્યાયનીતિ નિપુણ રાજન્! તારી રાજલક્ષ્મી તેવી નથી. તે તો સર્વ શુભકાર્યોનાં સાધનરૂપ છે. તારી રાજલક્ષ્મીયે સર્વ પ્રકારની વિદ્યાની વૃધિ કરી છે; સર્વ પ્રજાનું પાલન કરી તેમનામાં જ્ઞાન ચક્ષુ ઉઘાડ્યાં છે; પૂણ્યના માર્ગ પસરાવ્યા છે; વેરીઓનો વિદ્ધંશ કર્યોછે; સન્મિત્રોનાં સંરક્ષણ કીધાં છે; અને દુરાચારીઓને દંડ દીધાછે; કવિજનોની કદર કરી છે; અને સદગ્રંથોને સહાયતા કરી છે; દયા, ક્ષમા, ધૃતિ, શાંતિ, સંતોષ, ને વિનય, એ સદગુણોને સજીવન કર્યાછે; અને અસત્ય અનિતિ; ચોરી, બ્યભિચાર, આદિ દુર્ગુણોને દેશવટો દીધો છે. હે રાજા! તારી રાજલક્ષ્મિ સંતત વૃધિ પામો; તથા ધર્મ યુદ્ધે લડનાર એવું જે તારૂં સૈન્ય તે સદા જય પામો.

ભર્તૃહરી—તથાસ્તુ. આપની કૃપાથીજ મારૂ સૈન્ય સદા જય પામતું આવ્યું છે. (સેનાપતિ તરફ નજર કરીને) કેમ શુરસેનજી શકટાદિવ્યુહમાં સૈન્ય તૈયાર થયું?

શુરસેન—હે નૃપ ચાર્દુલ શકટાદિવ્યુહ, [2]મકરવ્યુહ, વરાહ વ્યુહ, તથા સુચીવ્યુહમાં બધું સૈન્ય બરાબર તૈયાર થઈ ગયુંછે; હવે ગરૂડવ્યુહની કસરત હાલ ચાલેછે. તથા સર્વ પ્રકારના કિલ્લા પણ તૈયારછે; આપ ગિરિદુર્ગમાં પધારશો ત્યારે જોવામાં આવશે.

ભર્તૃહરી—બહુસારૂં; ખાનપાનાદિકનો ઘણી સારી રીતે તથા મિતાહારપણે બંદોબસ્ત રાખવો; કેમકે તેની તંદુરસ્તી પર રાજ્યનો ઘણો આધાર છે તે લક્ષમાં રાખવું.

---

[1]परिपूर्णयथाचंद्रं द्दष्ठवाद्दष्यंतिमानवाः ॥
तथाप्रकृतयोयस्मिन् । सचांद्रव्रातिकोनृपः॥

જેમ પરિપુર્ણ ચંદ્રમાને જોઇ મનુષ્યો પ્રસન્ન થાયછે, તેમ પ્રધાન અને પ્રજા આદિ જે રાજાને (તેના સદગુણને લીધે) જોઇ પ્રસન્ન થાય, તે રાજા ચદ્રના ગુણવાળો સમજવો.

[2] શકટ એટલે ગાડું વિગેરે શબ્દના અરથ પ્રમાણે તેવી આકૃતિમાં લશ્કરની ગોઠવણી.

પ્રતિહાર—(નેપથ્યમાં ઘુઘરાનો અવાજ સાંભળી) મહારાજ નૃત્ય ગાયનનો સમય થઈ ગયોછે; અને વારાંગના આવીછે.

ભર્તૃહરી—ભલે આવે, બોલાવો.

(તે બોલાવી લાવેછે, વારાંગના પ્રવેશ કરી રીતિ પ્રમાણે વંદન કર્યા બાદ નૃત્યની સાથ ગાયન કરેછે. તેમાં વખત વગરના સુર આવ્યાથી પ્રધાન પ્રતિ કહેછે.) કેમ દીર્ઘદર્શી આ શેનો આલાપ થાય છે!

દીર્ઘદર્શી—મહારાજ કલ્યાણ રાગમાં કાંઈ બિભાસની છાંયા આવી જાયછે.

ભર્તૃહરી—હા મારૂં પણ એજ કહેવું છે, સુચના આપો કે એમ ન થવું જોઇએ, (દીર્ઘદર્શી તે પ્રમાણે ખામી કહી બતાવે છે, અને રાજાના હુકમથી બીહાગનું એક તાન ગાવાનો હુકમ કરેછે.)

ગુણસુંદરી—(ગાયછે.)

રાગ બીહાગ.

હું બલીહારીરે, રસજ્ઞ નૃપ ગુણવાન, એ ટેક.
ગાયક ખુબીશું! ખુબી છે શ્રાતાની;
રસનું જેને છે પૂરણ જ્ઞાન. હું.
જ્ઞાતા વિના વૃથા ગાયને શું થયુ!
દે કદી લક્ષ્મિ નિધાન. હું.
શૃંગાર નીતિ ભેદનો જ્ઞાતા,
ધન્ય ભરથરી વિદ્વાન. હું.

ભર્તૃહરી—કેમ, દીર્ઘદર્શી, ગાયનની છેલ્લી કડીમાં એક તાલની ચુક થઈ કે નહિ?

દીર્ઘદર્શી—જી, હા, થઈ ખરી. આપનું આ જ્ઞાન પણ પૂર્ણ છે.

ભર્તૃહરી—

साहित्यसंगी तकलाविहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः ॥

तृणंनखादन्नपिजीवमान ।
स्तद्भागधेयंपरमंपशूनाम ॥

સુભાષિત અને ગાયન કળા વિનાનો પુરૂષ પ્રત્યક્ષ પશુ છે. અને તે ખડ ખાધા વિના જીવે છે, તેથી પશુનું મ્હોટું ભાગ્ય છે. કારણ કે જો તે ખડ ખાત, તો પશુને ખાવા ક્યાંથી મળત?

(પછી વારાંગનાને વસ્ત્રાલંકાર દ્રવ્ય આદિ આપવાને આજ્ઞા કરેછે.) નેપથ્યમાંથી શબ્દ.

ભુજંગી છંદ.

ભલે! ભૂપ બંકા! ઘણાને નમાવ્યા
શશી સૂર્યવંશી નૃપ તેં ભુલાવ્યા!
ભલો માળવી ગાદિએ ભૂપ આવો!
થયો ભર્થરી એક દુજો ન થાવો!

ભર્તૃહરી—(પ્રધાન સાથે) કોણ, કોઈ બારોટ આવતા જણાય છે.

દીર્ઘદર્શી—ખરે લલકારી તો એવી છે.

(એટલામાં ગુણવક્તા ભાટ કવિતા બોલતા પ્રવેશ કરેછે.)

કવિત.

ઉજેની નગરી ભૂપ ઈંદ્ર જેસા દેહરૂપ,
કર્ણ જેસા દયા કૂપ, ગરીબ નિવાજન હે;
રામ જેસા નીતિ રાજ, ચક્રવર્તિ ગુણ જહાજ,
પુન્યસેતુ બાંધી પાજ, શૂરવીર બાવન હે;
ભરથરી ભુપ સહી, ચૌદ ભુવન મેં નહી,
ગુણ નોબત બાજ રૈ જશકો બઢાવન હે;
તપો અવિચળ ગાદી, સકળ કળા અનાદિ,
વિગત કલેશ વિષાદિ, બંદી ગુણ ગાત હે.

ભર્તૃહરી—બારોટ ક્યાંથી આવોછો? તથા તમારૂં નામ શું છે?

ગુણવક્તા—પૃથ્વીપતિ, મારૂં નામ ગુણવક્તા ભાટ છે ને આખું હિંદુસ્તાન ફરતો ફરતો આંહી રાજા ભરથરીનું નામ સાંભળી આવ્યોછું; ભલે! પરમાર ગાદી! સવાઈ બા! સવાઈ રૂપમાંતો એક

રંભા ને ભૂપમાં તો એક ભરથરી! ભલા! બાણું લાખ માળવાના ધણી ભલા!

ભર્તૃહરી—ગુણવક્તા, તમે અમારા ગુણનું વર્ણન કરોછો, પણ મિથ્યા અતિશયોક્તિ થાય છે. જે ગુણ હમારામાં નથી તે પણ તમે આરોપણ કરો છો.

ગુણવકતા—માળવપતિ મહારાજ, આપમાં સર્વ ગુણ છે, નથી શી રીત! જેની ક્રિર્તિ ચૌદ ભુવનમાં ગાજી રહી છે!

ભર્તૃહરી—નહિ, નહિ, તમે એવાં કાવ્ય બનાવો કે જેથી લોકમાં નીતિ, વિદ્યાવૃદ્ધિ, તથા સદાચરણમાં પ્રિતિ થાય.

ગુણવકતા—(હાથ જોડીને) સારૂં માળવપતિ, હવેથી એવાં કવિત બનાવશું, પણ આપ મૃત્યુ લોકના પ્રભુ છો, આપમાં કયો ગુણ ઓછો છે!

ભર્તૃહરી—(પ્રધાનને કહેછે) આ ગુણવક્તા બારોટને એક મંદીલ, શેલું તથા કડાંની એક જોડ આપજો.

દીર્ઘદર્શી—બહુ સારૂ, જેવો નામદારનો હુકમ! (તુરત ચીઠી લખી બારોટને આપે છે).

ભર્તૃહરી—પ્રધાનજી, મહાંકાલેશ્વર જવાનો વખત થઈ ગયો છે, માટે ચાલો.

દીર્ઘદર્શી—જેવી નૃપવર્યની આજ્ઞા!

(સૌ જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—પિંગળાના રાજમેહેલમાં એક ખાનગી સ્થળ.

પાત્ર—પિંગળા ને દૂર્બોધા.

દૂર્બોધા—બાઈ સાહેબ, હવે હું રજા માગું છું.

પિંગળા—અરે તું ડરેછે શા માટે? તુને હું આંચ આવવા નહિ દઊં.

દૂર્બોધા—બાઈ, એ ખરૂંછે કે આટલા રોજ આપની કૃપાથી હું ટકીછું. નહિ તો મારૂં ખોખું ઉડીજાતાં વાર નહોતી.

પિંગળા—અલબત, મધુર વદંતી મહારાજની વિશ્વાસુ છે એ વાત ખરી, પણ તેને ધીમે ધીમે હું સપાટામાં લાવી દુર કરીશ.

દૂંબાધા— રાસડો.

નથી નથીરે એમાં સાર, આપ કને રહેવું,
આપની ખીજમત મેં તો ઉઠાવી;
સંકટ કેવાં સહીનેરે;
ખાતલ મુજને કરી જનાનેથી,
હવે ન મારે આજ આપ કને રહેવું.
મધુર વદંતીને મહારાજે માની,
તમે ન તેને કાઢી રે;
યારી તમોને અમ કરાવી,
આપી કરોછો લેર આપકને રહેવું.

પિંગળા— રાગ ઉપરનો.

નથી નથીરે કોઇનો ભાર, શીદ ડરે દાસી,
રાજાની સખ્તી છે અમ ઉપર;
તે તો થોડા દી ન જાણે રે,
વિશ્વાસ પૂરો પ્રથમ લાવીને,
કરેશું ધાર્યું કામ—શીદ ડરે દાસી. નથી૦
અશ્વપાલને હવે ન છોડું,
યારી કરી અંતરથીરે;
થતાં તો કામ એ થઇ ગયું છે,
હવે રાખવી હામ—શીદ ડરે દાસી. નથી૦

દૂંબાધા—બાઈ સાહેબ ત્રણવાર મહારાજને મારી ચાલપર વહેમ આવ્યો, ઘરની અંદર તો ગમે તેવું આપનું કામ બજાવી આપું પણ જાહેરમાં એ વાત જાય તો તેમાં મારે જીવ ખોવો પડે, માટે હાલ તો જો કૃપા કરીને રજા આપો તો મારે વતન જઈ આવું.

પિંગળા—(તેનો ઘણો દુરાગ્રહ જોવાથી) બહુ સારૂં, ત્યારે એમ હોય તો ભલે એક વરસ ત્યાં રહી આવ, એટલામાં હું બધું અહીં ઠીકઠાક કરી મુકીશ.

દૂર્બોધા—બાઈ સાહેબ, તમારા યારને સંભાળજો, કેમકે એ રસિક પુરૂષમાં બીજી કાંઈ ગતી નથી.

પિંગળા—દાસી, એ છંદમાં તેં મુને નાંખી એ થતાં શું થયું; પણ હવે તો લાગી તે લાગી, જીવીત પર્યન્ત એ યારી છુટવાની નથી.

દૂર્બોધા—છુટે ત્યારે તો બાઈ કૂળને ખોટ બેસેનાં! દીલ દીધા પછી જાતવંતે કાંઈ ફરાય છે!

પિંગળા—ખોટ તો દૂર્બોધા એની યારી કરી ત્યારથીજ બેસી ચૂકી છે, પણ હવે જે રસ્તે ચડ્યા તે ચડ્યા.

દૂર્બોધા—બાઈ ગુસ્સો કરશોમાં હજુ સ્ત્રી ચરિત્રની આપમાં ખામી છે, સ્ત્રીઓ તો પંદર પુરૂષને સાથે રમાડયે જાય, ને પોતાના સ્વામિને શૂદ્ધ પતિવ્રત દેખાડે, અંદેશો પણ ઉત્પન્ન થવા ન દે, પણ તેવી આવડત જોઇએ.

પિંગળા—એમ તો દાસી મુનેય પણ તું ઓછી ગણીશ નહીં અમારી હિમ્મત જુદીજ હોય છે, વખત આવ્યે ખબર પડે.

દૂર્બોધા—એમ છે ત્યારે તો મેં હામ નાખી ભેટો કરાવી દીધોછેનાં? પણ અશ્વપાલને ખાનપાનથી રાજી રાખજો.

પિંગળા—દૂર્બોધા, થયો તો છે જાલમ! કે એક નીચ ઠાણીયાથી યારી બંધાઈ ગઈ! પણ હવે તો દોસ્તી ભજવવી!

દૂર્બોધા—સંસારમાં મજાજ બીજી કઈ છે? ખાવું પીવું ને ઇશકબાજી કરવી તે સિવાય—

પિંગળા—હા, એતો ખરૂં, પણ તે કેવે રસ્તે? નિતી કે અનિતિને રસ્તે?

દૂર્બોધા—એતો દીઠી નીતિને અનીતિ બધી! એતો કહેવાનાં છે, કોણ જાણેછે કે મુવા પછી શું થવાનું છે!

પિંગળા—અરે એતો હું સેહેજ કહુંછું, પણ હું રાજાની પૂત્રી, એટલું યાદ આવતાં મનને એમ થાયછે કે ઠાણીયાથી યારી!

દૂર્બોધા—બાઈ એવું હોયતો દોસ્તી તોડી નાંખો. નહિતો બિચારો એ ઓલીયો માર્યો જશે! આવાં ભાષણ નાહી ધોઇને સવારમાં

સૂજે છે, પણ હુકમ કરોછો ત્યારે તો પળ પણ નથી ખમતાં.

પિંગળા—ના ના, દાસી એને જોજે કાંઈ કહેતી નહિં મધુરવદંતીને પણ લાલચને ધમકી આપી ફેરવી છે. ને આ વાતથી માહીતગાર કરી છે. કાલ તો મુખ્ય લેરીમાને એજ બોલાવી લાવી હતી.

દૂર્બોધા—હા બાઈ સાહેબ, એ વાત પહેલી રાખજો. મધુરવદંતી ફુટી તો સૌનું નિકંદન ભેળું જવુંછે. માટે એ ડાહાપણ ઘણું ડોળે છે, તેને ઠમઠોરીને કબજામાં રાખ્યે જજો. (થોડી વાર પછી) બાઈ હમણાં તો કાંઈ જુવાની ખીલી છે તમારી! જેવી જુવાની તેવોજ માથે યાર પણ મળ્યો! જેનું જેવું દિલ તેવું તેને ભગવાન મેળવી આપે! બાઈ હવે હું જાઊંછું, ગામમાં પણ નહિં ટકું.

પિંગળા—તું નઠારી ચાલનું માણસ ઠરી તેને શકપરથી મધુરવદંતીએ રજા અપાવીછે, પણ તેની કાંઈ ફિકર દિલમાં રાખીશ નહીં વખત આવ્યે એનેજ નથીયત અપાવી તુંને બોલાવી લઈશ. અને હાલ તો તું જાણેછે કે તેને આ મારી મતલબમાં ઉલટી કેળવવાનો વખત છે. માટે હમણાં કાંઈ એને ન કહેવાય.

દૂર્બોધા—હું તો બાઈ સાહેબ, આંહી રહું કે આપના માબાપને ત્યાં રહું એ બધુંય સરખું છે, ત્યાં આપના માત પિતાના રાજમાં પણ આપનાજ રોટલા ખાઈ જીવુંછું.

(જાયછે.)

પિંગળા—(તે ગયા પછી સ્વગત) દોસ્તી બાંધી તે બાંધી, હવે પાછા હઠવું નહીં, હવે તો એનાથી લેરજ કરવી, અને રાજા સાથે યુક્તિથી રમત રમવી. કે ભેદ કદી પણ કળાય નહીં. મધુરવદંતી મારી આગળની રીતી પ્રમાણે કેટલોક ડોળ કરશે પણ તેને ધીમે ધીમે સમજાવી પાંસરી કરી દેવી, કાલ જરા આરોપ મૂકવાની ધમકી આપી, ને એક હજારની ચોળી બક્ષીશ કરી તો ટપ તેડી આવીને ઉભી રહી, માટે એ પૈસાથી ને પ્રપંચથી

દબાશે. ચાલ હવે મહેલમાં જઉં, માહારાજ પધારવાનો સમય થયો છે.

(જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—અશ્વશાળા.

પાત્ર—અશ્વપાલને દૂર્બોધા.

અશ્વપાલ—(સ્વગત) દોસ્તીતો દુરબોધાને કરવાઇ મગર ઉસ્કાજ કામ નિકલ ગયા, ભલા ફિકર નહિ, અપના તો કામ હુવા.

દૂર્બોધા—(પ્રવેશ કરીને) કાં, યાર હવે રજા લઊં છું.

અશ્વપાલ—ક્યું દિલ જાન, ઇધર ગમત નહિ પડતી?

દૂર્બોધા—ગમત તો ઘણીએ પડેછે, તમે જ્યાં હો ત્યાં ગમતનું શું પુછવું! પણ પેલી મધુરવદંતીએ સાચાં ખોટાં ભરાવી મુંને બાતલ કરાવી, ને હવે મારે ગામમાં રેહેવું લાજમ છે!

અશ્વપાલ—વો તો સચ્ચ બાત, મગર ઉસ્કું યાદ રખના કે એક દિન દીખલા દઉગા. કલ મેરી પાસ વો બુલાને આઇથી, તીન પેઢીસેં ઉસ્કે ઘરમેં જનાનેકી નોકરી હે, તો અબ ઉસ્કું ક્યા કર શકે!

દૂર્બોધા—એ તો તેડવા આવી હતી તે બાઇના સમજાવ્યાથી, બાકી માંહેથી તો પુરે પુરી લુચ્ચી છે. વિશ્વાસ જોઇને કરજો.

અશ્વપાલ—અરે! ઉસ્કી કુછ ફિકર નહિ, ગરબડ કરેંગી તો છુરી કમરમેં રખતા હું, જીતી રહેગી તો બાત કરેંગીનાં!

દૂર્બોધા—એતો ઠીક, પણ હવે મારા ગુજરાતનું શું ધાર્યું? દુનીયામાં આવી દોસ્તી કોઈ કરાવી ન આપે હો!!

અશ્વપાલ—તેરેસેં ક્યા જુદાઈ હે! તેં તો ઘરકી માલીકજ હેનાં!

દૂર્બોધા—તમારા ઘરકી માલીકીમાં શું વળ્યું આ લાદનો ઢગલો, ને આ ચાબખા વાંસામાં ખાધા છે એ સિવાય બીજું તો કાંઈ જોતી નથી.

અશ્વપાલ—દુસરી કુછ મઝા નહિ હે?

દૂર્બોધા—તે તો ઠીક, પણ પેલી બોલી કરી છે તે પાળશોનાં!

અશ્વપાલ—ક્યા બોલી કી હે?

દૂર્બોધા—બાઈ પાસેથી જે માલ મળે તેમાં અરધો અરધ.

અશ્વપાલ—ઓ! ઇસ્મે ક્યા! સબ તેરાઈ હેનાં! મુજે તો કુછ બેટા બેટી થોરે હે, કે ઉસ્કે વાસ્તે રખ છોડું, મુજે તો બેટા બેટી સબ તુઈ હે.

દૂર્બોધા—હાં હાં રાખો, હું બેટાબેટીમાં ગણાઉં! કેહેવી હોય તો તમારી ઘરવાળી કહોને, અણઘટતું શું બોલો છો!

અશ્વપાલ—ઇસ્મે ક્યા બે કાયદ બોલતા હું! બેટી થી તબ તેં ઓરત હુઈ હેનાં?

દૂર્બોધા—હાય હાય! કેવી મૂર્ખાઇની વાત કરે છે! આ જરૂર કોક દી માર્યો જવાનોછે! પણ બેટી તે તમારી કે મારા બાપુની!

અશ્વપાલ—તબ તેં મુજે બાપુકર નહિ બુલાતી!

દૂર્બોધા—(હઠ આની સાથે કરવામાં સાર નથી એવું ધારીને) બરાબર, તમે સાચા છો, પણ હવે અરધું જોજો હો સાચવી રાખજો, ખાઓ સોગન!

અશ્વપાલ—મેરી જુવાનીકી સોગન, બોલ અબ હો ચૂકા!

દૂર્બોધા—બસ હવે થયું! તમારી જુવાનીથી અમારે બીજું કાંઈ વધારે નથી!

અશ્વપાલ—દૂર્બોધા, તેરી બાઇકું મેરી ભલામણ દીહેનાં?

દૂર્બોધા—હવે મળજો તો ખરા, ત્યારે ખબર પડશે કે કેવી કેવી ભોજન તજવીજ તમારે સારૂ થાયછે.

અશ્વપાલ—બસબસ, કહે તો અબ જી કુરબાન કર દઉ તેરે પર! કેસી દોસ્તી તેને કરવાઇ હે!

દૂર્બોધા—દોસ્તી તો કરાવી છે પણ માથું ગયાનીરમત છે માટે વિચારી પગ દેજો.

અશ્વપાલ—તેરી બાઈકી તીન વક્ત મુલાખાત કીહે, અબ મેરા જાન જાવેતોભી ક્યા, દિલગીરી નહિ હોગી.

દૂર્બોધા—ઠીક ત્યારે હું હવે મારે પીયર જાઊછું, પાછી ગુપ્તમાસ બે માસે તમારી પાસે આવી જઈશ.

અશ્વપાલ—અચ્છા તુરત ચલી જા, અબ દેરના નહી, અબ મધુ-બદીસે કામ લઊગા. (તે ગયા પછી) યહ દૂર્બોધા બિના હરકત બહોત આયગી, ક્યુ કે મેરા હાથ પાંઊં વોથી. મગર દૂજે ક્યા હોતાહે, પરીસેં એશ કરનાં તો જાનભી કુરબાન હે. ચાલ અબ ઘોડેકું ફીરાને જાઊં. વખ્ત હો ગયા હે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—પિંગળાનો રાજમેહેલ.

પિંગળા—મધુરવંતી. ને પછી ભર્તૃહરી પ્રવેશ કરેછે.

પિંગળા—કેમ દાસી, આજની શોભા કેવી છે? (અરીસામાં મુખ જોઈને) આજ આ માલતિ પુષ્પની માળા મારા ગળામાં કેવી શોભા લેછે!

મધુરવંતી—બાઈ સાહેબ આજની શોભાનું શું પુછવું! વળી આપના પ્રતાપથી ફુલ ગુંથવાની કળા હવે મારે હાથ સારી બેઠી છે. આ ગુલદાઊદીના તોરા, ચંપા કુસુમની ચોળી, તથા ચંમેલીની ચૂડામણી, ડોલર માલતિ, ને પારીજાતક પુષ્પના બાજુબંધ એ સઘળા શોભા આપેછે, તે કરતાં પણ માલતિના હારની છટાતો એક જુદીજ છે?

પિંગળા—દાસી, આજ રંગમોહોલમાં રોશની પણ તેં ઘણી સુંદર કરીછે; જાણે ઈંદ્રનું ભુવન!

મધુર૦—આજ્ઞા પ્રમાણે કામ કરી દીપાવવું એ મારો ધર્મ છે.

પિંગળા—ના, ખરેખર, હુકમ ઉઠાવવામાં તારા જેવી હુશીઆર તથા વિશ્વાસુ દાસી બીજી મને મળવાની નથી.

મધુર૦—બાઈસાહેબ. અમે પરંપરાથી આ રજવાડાની નોકરી કરતાં આવ્યાં છઈએ તો લુણહલાલ કેમ થઈએ.

પિંગળા—હા. એ સાચી વાત છે, અમારો આધાર જેટલો રાજા-

પર નથી, તેટલો તમારા પરછે, અને તમે નિમકહલાલ ન હોતો પછી અમારી ખરાબી થાય, અને તમારી પણ થાય, અને દાસી?

મધુર૦—આજ્ઞા, બાઈસાહેબ.

પિંગળા—હવે રાજાજીને આવવાનો સમય થયો છે, માટે હુંશિયારીથી રહેવું.

મધુર૦—તે કાંઈ મુને કહેવું નહીં પડે, આપે મારા મનમાં તે ઠસ ઉતારીજ રાખી છે.

પિંગળા—દાસી સાચું કહેજે કે ભલા, રાજા મારામાં આટલા બધા આશક થયાછે. તેવું મારૂં સ્વરૂપ નથી ?

મધુર૦—આપનું સ્વરૂપ જોઇને મહારાજ આશક થાય, તેમાં કાંઈ પણ નવાઈ નથી; કેમકે રાજાજીને બીજી ત્રણસો રાણીઓ છે; તેમાં કોઈ રૂપમાં આપની બરોબરી કરી શકે તેવી નથી. અને વળી આપની લાવણ્યતા કયાં ઓછી છે ?

પિંગળા—બસબસ. પુરૂષને આપણામાં મોહ ઉપજાવી લુબ્ધ કરવો, એ શું મુશ્કેલ કામ છે ? સાંભળઃ—

ગજલ.

(ઇંદ્ર સભામાં ગવાતી ઢબની.)

નારીના કટાક્ષ પાસે, પુરૂષ છે ગુલામ;
હાવ ભાવ ને કરીને, હરીએ પુરૂષ હામ.
આ ભ્રગુટીનો [1]વિલાસ, આરે મંદ હાસ્ય;
મધુર વચન મંદ ગતી, નાખે પુરૂષ પાસ.
રણને વિષે બાણ કોટી, નર [2]નિવારે શૂર;
આ કટાક્ષ બાણ દાસી, પાડે યોધપૂર.

મધુર૦—આપ સકળ કળા પ્રવીણ છો. એમાં શું કહેવું !

પિંગળા—દાસી, આજ મેં અંગે સોળ શણગાર સજ્યા છે. આ મારો હીરા જડીત્ર ચંદનહાર, આ સુવર્ણાલંકાર મુક્તાયુક્ત [3]વેણીગુંથન, અને વસંતની સાડી, તથા તેની સાથે પુષ્પના વસ્ત્રા-

---

૧ ભમર. ૨ ચોટમાંથી બચે. ૩ મોતી ગુંથેલ ચોટલો.

લંકાર મિશ્ર થયાથી આજ ભલા મારૂં સ્વરૂપ કેવું દેખાય છે? બોલ.

મધુર૦— ગજલ.

(ઉપરની ઢબની.)

બાઈ આપનું શરીર, તરૂણ વયનો બાગ;
યૌવનમાં વેલી સર્વ, ફુલી છે અથાગ,
અંગ છે સુવર્ણ રંગ, નેત્ર મોહ બાણ;
કમળમુખ ચંદ્ર પ્રભા, [1]શું કરૂં વખાણ.
આજ આપ રૂપમાં છો, રંભા ઉર્વશી;
આજની કૃતિ છે એવી, મારે ઉર વસી.
કામદેવની પ્રિયા જે, નામ છે રતી;
તેહથી અધીક રૂપ, ધારે મુજ મતિ.
ચાલ આપ ચાલો ત્યારે હંસની ગતી;
આપ જેવી પ્રિયા દીસે, ભાગ્ય ભૂપતી.

પિંગળા—સાબાશ, તારા આ મધુર ભાષણથી હું ઘણીજ ખુશી થઈ છું આજ આ ચંદનહાર તારો છે, મારે તો આ દુનિઆમાં એક જુદાઈ તારાથી નથી. અને બીજી નથી તેનાથી નથી.

મધુર૦—(અશ્વપાલથી યારી વિચારીને) બાઈસાહેબ. માફ કરજો, ખરૂં કહીએ તો ન જોઈએ ત્યાં થય છે! અને જોઈએ ત્યાં ઉલટી અપ્રિતી દ્દઢ થાય છે.

પિંગળા—(સકોપ) વળી વિરૂદ્ધ[2] બોલી કે? દાસી, તારાપર જેટલો મારો વિશ્વાસ છે તેને તું પાત્ર નથી, તારૂં ભુંડું કરતાં મને વાર નથી; પણ આગલી ચાકરી વિચારી જાઉંછું. દૂર્બોધાની રીત વિચારી જો.

મધુર૦—ના, ના; બાઈસાહેબ, એ તો હું હસતાં કહુંછું. મારે વિશે આપ બીલકુલ શંકા ન રાખો; એ અંતઃકરણ નઠોર છે તે એવું બોલાવી દેછે. બાકી એક અક્ષર પણ બહાર ગયોછે? હોય તો કહેજો.

પિંગળા—તો સાંભળ.

---

૧ કાંતિ. ૨ આડું.

ગીતી.

શુણ દાસી મમ પ્યારી, આવે જ્યારે નૃપતિ મો'લ મા'રે;
પ્રપંચ એવો કરવો, જાણે હું છું પતીવ્રતા ભારે.

તો આજ તો એવું સ્ત્રી ચરિત્ર બતાવવું છે કે રાજાના સમજવામાં એમ આવે કે પિંગળા મારા વિના ઘડીભર પણ રહી શકતી નથી; અને શુદ્ધ પતિવ્રતા છે.

દાસી—હા, બાઇસાહેબ. આપે તો શુદ્ધ પતિવ્રતાજ રેહેવું જોઇએ ના, બીજુ સમજતા નહિ, રાજાજી હોય ત્યારે તો એમજનાં !

પિંગળા—બરાબર, બડી ચતુર દાસી. સાબાશ ! નેપથ્યમાંથી (આસ્તે, નિગાહ રોશન, મેહેરબાન વિગરે શબ્દ સંભળાય છે).

મધુર૦—(તે સાંભળીને) બાઇસાહેબ, મહારાજ ખાનગી કચેરીમાંથી ઉઠ્યા, ને આંહી પધારેછે.

(એટલામાં ભર્તૃહરી પ્રવેશ કરેછે. પિંગળા ઉઠી વંદન કરી પછી બંને બેસેછે).

પિંગળા—પ્રાણનાથ, આજતો ખાનગી કચેરીમાં પણ ઘણી વાર લાગી.

ભર્તૃહરી—પ્રાણપ્રિયા શું કરવું ! રાજ કાજ છે, વિલંબ પણ થાય !

પિંગળા—તે ભલે હોય, પણ આપ અહીંથી જાઓ છો, ત્યારે મુને ચેન પડતું નથી. બધો વખત ઉદાસીમાં જાયછે.

ભર્તૃહરી—સાંભળ પ્રિયા:—

છપય છંદ.

કનક વલય[1] તુજ નાર, કાળજેરે કોરાયું;
ઉર મુક્તાનો હાર, અંતરને એણે સાહ્યું.
પ્યારી તુજ મુખ ચંદ, ચિત્તમાંહે ચિતરાયે,
વચન મધુરતા [2]સુધાપાન તૃપ્તિ નવ થાયે.
પણ રાજ કાજ મુકી અને, જો અત્રે બેસી રહું,
તો બગડે સ્થિતી રાજની, તસ્કર જોર વધે બહુ.

---

૧ સોનાનું કંકણ. ૨ અમૃત.

જો પ્રિયા, થોડો વખત પણ ધર્માસન પર ન જાણે તો રાજ પાયમાલ થઈ જાય, અને હરામી હલાલીનું જોર પણ વધી જાય; જેથી કરી પ્રજા બધી દુ:ખમાં આવી પડે! મલેચ્છ લોકોથીતો દુશ્મનાઈ ચાલી જાય છે. માટે પ્રથમ રાજની સંભાળ રાખવી. ને પછી તારી સાથે મોજ શોખ કરવો; વિચારી જો!

પિંગળા— સારંગ.

પીયુ કરનાં મોજ વિલાસ, બદન અલગજબ;
કરત જુદાઈ લાઈ, તનમન સબ દુખદાઈ. પીયુ. ટેક.
તુમ જબ જાત સભામેં છાંડકર, તલપ તલપ;
જ્યુ જાત બીરહસેં, પ્રેમ પીછાનો ચતુર નૃપ;
મેરે (૨) તુમ બીનનર વરમેં હું સદા ઉદાસ. પીયુ. ૧

(શીદ અકળાય બેની શીદ અકળાય એ રાહ પર).

સદા રહો પાસ, પીયુ સદા રહો પાસ;
નયનના વિલાસી મારા, સદા રહો પાસ. ટેક.
સભા વિશે જાઓ પિયુ, મુકી આ અવાસ;
ખાન પાન તજી બેસું, રહી હું ઉદાસ. સદા૦
પુરૂષનો વેશ કરી, રહું હું હજુરે;
કહો તો એ કરૂં પણ, રીતથી છે દુર. સદા૦
એક તન વિશે બેહુ, તન જો સમાય;
તુરત તે કરૂં સ્વામી, પણ એ ન થાય. સદા૦
ચંદ્રને ચકોર સંગ, દીપને પતંગ;
[1]મયુરનો [2]ઘન સંગ, પ્રિતિતણો રંગ. સદા૦
હવે જો વિશેષ પિયુ, રે'શો હુંથી દુર;
નકી પ્રાણ ત્યાગું મારો, જાણો નૃપ ઉર. સદા૦

ભર્તૃહરી—(પિંગળાનાં અતી આર્જવતા યુક્ત વચન સાંભળીને)

રાગ સીંહાનો કનરો.

તારૂણી [3]તુજથી નથીરે જુદાઈ; શશીવદની[4]
સુખ પામું હું આંહી—તારૂણી—ટેક.

---

૧ મોર. ૨ વર્સાદ. ૩ તરૂણ વયની સ્ત્રી. ૪ ચંદ્ર જેવા મુખવાળી.

વદન[1]મનોહર, તારૂં લલીતા, સૌરભ[2] અંગ, જઘન સુખ
દાઈ; શશીવદની,
ભ્રકુટી વિક્રમ,[3] સ્મિત[4] અતી વિભ્રમ, નિરખી પ્રિયા ભુલું
સરવેરે કાંઇ; શશીવદની
તીનસો ત્યાગી એક, તુજનેરે ચાહું, તુજવણ મુજ ક્ષણ કલ્પ
સમજાઇ. શશીવદની.

પ્રાણવલ્લભા[5] મારા અંતઃકરણમાં સદા તારો સમાગમ સુખ વિલાસના આ સમયનું સ્મરણ, તથા મેહેલનું ચિત્રામણ રહેછે. મારૂં દિલ રાજકાજમાં પૂર્ણ પ્રવૃત થતું નથી, તોપણ માત્ર ન્યાયનીતિપર વિચારે કરી જોતાં રાજાની પ્રજા તરફ ફરજ બજાવવા જવું પડેછે. મારા વિયોગથી તુંને જે દુઃખ થાય છે તે કરતાં તારા વિયોગથી મુને અધિક દુઃખ થાય છે. હવે રાજનો કાંઇક બંદોબસ્ત કરીને આ સુખભુવનમાં સદા તારી પાસે રહીશ.

પિંગળા—પ્રાણનાથ. એમ કરશો તો આ દેહ રેહેવાનીછે નહીં તો હું તમારી અર્ધાંગના, તમારા દેહની છાયા, તમારાથી જુદી રહી શકવાની નથી!

ભર્તૃહરી—પ્રાણપ્રિયા, હવે કચેરીનો વખત થયો, માટે જાઊંછું.

પિંગળા—(ગદગદ કંઠે) એટલામાં કચેરીનો વખત થઈ ગયો! આમ વિયોગથી મુને રીબાવવી હોયતો એકદમ મારી નાંખો એટલે થયું!

ભર્તૃહરી—સાંભળ, પ્યારી. આપણને અહીં શૃંગાર રસમાં વખતની સુજ પડતી નથી. પણ હમેશ કરતાં આજ મોડું થયું છે. પાછો હમણાં આવુંછું.

છપય છંદ.

નવ ચિંતા કર નાર, કચેરીમાં જૈ આવું,
પ્યારી તારો પ્યાર, જીભથી શુંય જણાવું;
મળીયાં આ અવતાર, પુરવની પ્રીત પ્રમાણું,

૧ મુખ. ૨ સુગંધમય. ૩ પરાક્રમ. ૪ હસવું. ૫ પ્રાણપ્યારી.

સુખ ભોગવવા સાર, વીધિયે આપ્યું ટાણું;
તું એક ઘડી અળગી થતાં, ચંચળ ચિત મારૂં રહે,
પણ ઘરેમાસનના ન્યાયપર, જાવા ચિત મારૂં ચહે.

પિંગળા—ત્યારે પ્રાણપતિ, ખાઓ સોગન, પાછા ક્યારે અત્રે આવશો, હું જળ ઘટિકા જોઇનેજ બેસુછું.

ગીતી.

સમ ખાઇને કહી દો, કયે આવશો પાછા અહીં કંથ;
વિરહ વેદના થોડી, કરશો જાણોછો પ્રિત પંથ.
સ્મરણચરણનું ચિતમાં, રાખી બેસી રહુંછુંરે પ્યારા;
રટું નામ રાજાજી, જરૂર જાણજોરે ઇશ્વર મારા.

ભર્તૃહરી—વિશ્વાસ નથી કે પ્રિયા ! જા તારા સોગન ખાઈ કહુંછું કે કલાક બે પછી આવીશ. (પોતે ઉઠતાં પિંગળા ઉભી થવા જાયછે, તેને બેસ કહી બેસાડેછે, અને આગળ ચાલતાં સ્વગત)

અહા ! **नारी जनेधुर्त्तता** સ્ત્રી સાથે ધુતારાપણું રાખવું. આ વાક્ય અત્રે ખોટું પડેછે કેમકે આવા 'નિષ્કપટ સ્નેહમાં એમ રાખ્યું કેમ પરવડે! માટે રાજનો કાંઈક બીજો બંદોબસ્ત કરવો પડશે.

શ્લોક.

संसारतवनिस्तार पदवीनदवीयसी ॥
अंतरादुस्तरानस्यु र्यदिरेमदिरेक्षणाः ॥

હે ! સંસાર, જો તારી અંદર મદિરાના જેવી ચળકતી આંખવાળી સ્ત્રીઓ ન હોત તો તુંને તરવાનો રસ્તો ઘણો લાંબો થાત! અર્થાત સુભાર્યાના સમાગમમાં વખત ઘણો જલદીથી ચાલ્યો જાય છે.

ભર્તૃહરી—(યાદ આવ્યાથી પાછો આવી ઉભો રહીને) કેમ પ્રીયા, પેલી દુબોધાને રજા આપીછે કે!

પિંગળા—હા, પ્રાણનાથ, એવા નઠારા માણસને ઘડી મારી પાસે ટકવા પણ દઉં ? ત્રણ વરસ તમે રખાવ્યો, નહિતો હું તો તુરત રજા દેવાની હતી.

ભર્તૃહરી—બહુ સારૂ, એમજ જોઇએ (એમ કહી જાયછે).

પિંગળા—(રાજા ગયા પછી દાસી સાથે) કેમ ઠીક કર્યુંના ?

મધુર—ખરેખર બાઈ, આપની મીલાવટની છટા ઘણી સરસ છે!

પિંગળા—ત્યારે પછી ત્રણસેં રાણીયું તેમાંથી માનીતી ચાર ને તેમાંથી પણ હું એક, ડગલું ખસવા દેતી નથી તે કળા વિના હશે!

દાસી—પિંગળાએ પાણી લાવવાનો હુકમ કર્યો ત્યારે તે લેવા જતાં રસ્તે સ્વગત) આમાં વિશેષ ડહાપણ કરશું તો માર્યા જશું. ચાલતા દીઓ ચાલે તેમ, લુણ હરામતો થાયું છે. પણ શું કરીએ ! પાપી પેટને કાજે, તેમાં આની યુક્તિ ! અને રાજાનો તેમના પર મોહ ! ! મારૂં માન્યામાં ન આવે, આ વખતે તો મૌન્ય રહેવું, રાંડ દૂર્બોધા ભુંડું કરતી ગઈ !(પાણી લાવી આપેછે.)

પિંગળા—(પાણી પીધા પછી) દાસી ! અંગમાં પરસેવો ઘણો થયો છે, માટે ચાલ જરા નાવણ કરી લઉં, અંઘોળ[1] સાહિત્ય લાવ.

(બંને જાય છે.)

પ્રવેશ ૫ મો.

ભર્તૃહરીનો દરબાર.

ભર્તૃહરી ને વિદુષક.

ભર્તૃહરી—(ભોજન કર્યા પછી બેસી પોતાના મિત્રની રાહ જુએ છે તે વખતે (સ્વગત.) આહા ! બ્રહ્માએ આ સૃષ્ટિ નિર્માણ કરી તેમાં તેની પ્રસંશા કરીએ, તો એવી એક ઉત્તમ વસ્તુ એણે બનાવી છે, કે જેની સુંદરતા, વક્તવ્યતા[2], તથા મનોહરતા બીજી વસ્તુમાં નથી.

નેપથ્યમાંથી.

---

૧ સ્નાન કરતી વખતના સુગંધી પદાર્થ. ૨ ભાષણ છટા.

એ હમણાં કહી દેશોમાં, ઈ વેણ મારે સાંભળવું છે, ઈ વસ્તુ તે કઈ, જોજો ગુપ્ત કરતા નહીં, કે જેમાં તમે બ્રહ્માની એટલી બધી તારીફ કરી ! (પછી બહાર આવેછે)

ભર્તૃહરી—ઓહો ! કોણ મિત્ર વિદુષક ! આજ મોડો કેમ, મળવા તો વેહેલું ઠરાવ્યું હતું ને !

વિદુષક—ઇ વાત પછી,—પણ, પેલી વસ્તુ કઇ? તે પ્રથમ કહો.

ભર્તૃહરી—તે વસ્તુ તારે જાણવાની ઇચ્છા છે ?

વિદુષક—વાત ગુપ્ત ન થાય તો ઘણીએ જાણવાની ઇચ્છા છે.

ભર્તૃહરી—દેખ વયસ્ય, એ [1]મૃગનયની, [2]વિધુમુખી, [3]કોકિલબયની, કામની ! ! !

વિદુષક—કામની તે શું કામની ? મહારાજ, હું તો એક ઝોડ અમારી નાતમાંથી પકડી લાવ્યોછું, તેમાં તો કાંઇએ લક્ષણ દીઠાં નહીં; પેહેલાં અબધુત રેહેવા વિચાર હતો, હવે વળી પરણ્યો.

ભર્તૃહરી—અહે ! આટલો વખત તે એમજ કાઢ્યો કે !

રાગ બરવાની ઠુમરી.

જનમ્યો જગમાં તે વૃથા જનમ્યો૦
જેને કામ શૃંગાર પીછાન નહીં. જનમ્યો૦ ટેક.
મૃગ નયની નિતંબન સ્પર્શ કર્યા કદી,
આયુષ્ય સર્વ અસાર ગઈ. જનમ્યો૦
જો સુખનાર વિલાસ વિશે રહ્યું,
તે સુખ અન્ય વિશેજ નહીં. જનમ્યો૦

વિદુષક—મહારાજ, જન્મનું સાર્થક એજ છે કે શું ?

ભર્તૃહરી—(જરા હસીને) હા મિત્ર, પણ તેં પેહેલી બે વીશીમાં કર્યું શું ?

વીદુષક—પેલાં તો વીસ વરસ, મારી કીશોર વયનાં, તે તો રમતમાં ગુજાર્યાં, અને બાકીના વીસ વરસમાં તો ખાધાજ કર્યું (પેંતરો ભરીને) જુઓ, કેવો પુષ્ટ બની ગયોછું !

---

૧ હરણના જેવી આંખવાળી. ૨ ચંદ્રના જેવા મુખવાળી. ૩ કોયલના જેવાં મધુર વચન બોલનારી.

ભર્તૃહરી—વાહ! તારી કીશોર વય! વીસ વર્ષ સુધી કે? ત્યારે તું પણ નીચે પ્રમાણે પસ્તાવા કરનાર પુરૂષમાં ભેળો ગણાયઃ—

नाभ्यस्ताभुविवादिवृंददमनी ।
विद्याविनीतोचिता ॥
खड्गाग्रैःकरिकुंभपीठदलनै ।
नार्कंननीतंयशः ॥
कांताकोमलपल्लवाधररसः
पीतोनचंद्रोदये ॥
तारुण्यंगतमेवानिष्फलमहो ।
शून्यालयेदीपवत् ॥

પૃથ્વીની અંદર વાદીના જથ્થાને દમન કરનારી, વિવેકીને શોભે એવી, વિદ્યાનો અભ્યાસ ન કર્યો; ખડગના અગ્રથી હાથીના કુંભસ્થળને ફાડીનાંખીને કિર્તિને સ્વર્ગમાં ન પહોંચાડી, સુંદર સ્ત્રીના કોમળ પલ્લવ જેવા અધરનો રસ તે પણ ચંદ્રોદય વખતે ન પીધો માટે અમારી જુવાની ઉજડ ઘરમાં કરેલ દીવાની પેઠે નિષ્ફળ ગઈ-

એમ કહેનારામાં તું પણ ભેળો, માટે રૂતુ રૂતુના વિલાસ તેં જાણ્યા નથી ત્યાં સુધી એમજ સમજજે.

વિદુષક– મહારાજ, ત્યારે જાગ્યા ત્યારથી સવાર, હવેજ કાંઈ શીખવો, મારે તો છએ રૂતુ સરખી જાયછે!

ભર્તૃહરી—જો, સાંભળ, એ છએ રૂતુ અદ્ભુત આનંદ આપનારી છે, જો વિવેકીને વિલાસી જ્ઞાતા પુરૂષ હોય તો!

વિદુષક—એ શી રીતે, મહારાજ કહોતો ખરા?

ભર્તૃહરિ—ત્યારે સાંભળ વસંત રૂતુનો વિલાસ કહુંછું:—

વસંતતિલકા છંદ.

શાખા તરૂ તણી નવાં કુરથી[1] ભરેલી,

---

૧ નવાં કુપળીયાં.

સૂગંધી વાયુ [1]પ્રસરાવતિ પૂષ્પ વેલી;
કોકીલા નાદ મધુરો શ્રવણે શુણાતા,
સારા કવી [2]પ્રતિસુવાક વિલાસ થાતા૦ ૧
દે મોર [3]આમ્ર તરૂના, શુભ વાસ તાજી,
[4]કાંતા સહીત નિશિ ચાંદનીમાં બીરાજી;
લે સૂખ નિશદીન જે રૂતુના વિલાસી,
કે મિત્ર કેમ તજી જાય વસંત ખાસી૦ ૨

વિદુષક—ઓહો! ત્યારે તો વસંતમાંજ વય પુરી કરીએ! ત્યારે મહારાજ ગ્રીષ્મ રૂતુની છટા કેવી હશે!

ભર્તૃહરી—જો, સાંભળ, [5]ગ્રીષ્મ રૂતુની મઝા આવીછેઃ—

વસંતતિલકા છંદ.

પંખા તણા પવન ચાંદની કિર્ણ ખારાં,
પૂષ્પો મયી સદનને છુટતા ફુઆરા;
આછાં સુવસ્ત્ર તનમાં ધરી પુષ્પ માળા,
પાસે હસીત મુખથી [6]સ્થિત મુગ્ધ બાળા;
છે હાથ ચંદન રસે કરી ખુબ ભીના,
સેવો વિલાસ કમલાક્ષિ [7]સુકામિનીના;
એવી ગ્રીષ્મ ઉતમનું સુખ જેહ જાણે,
કે મિત્ર કેમ નહિ તે રૂતુ આ વખાણે.

વિદુષક—વાહ! મહારાજ, એવું હોય તો તો પરાણે પ્રિત થાય, ત્યારે તો મહારાજ, વર્ષાને પણ વરણવો, આમાં તો લેરછે!

ભર્તૃહરી—સાંભળ, ત્યારે વર્ષાનું વર્ણન કરૂંછું:—

છે [8]વ્યોમમાં [9]સઘનતા વળી મોર નાદો,
ગાઓ મલાર મધુરા તજિને [10]વિષાદો;
તૃણાં કુરે મહિ ભરી સુકદંબ ફૂલે,
જ્યાં કેવડાની સુગંધી લઈ ચિત્ત ફુલે૦ ૧

---

૧ ફેલાવતી. ૨ વાણી. ૩ આંબો. ૪ સ્ત્રી. ૫ ઉનાળાની રૂતુ. ૬ બેઠેલ. ૭ કમળ જેવાં નેત્રવાળી. ૮ આકાશ. ૯ ઘટ વાદળાપણું. ૧૦ કલેશ.

જાઈ પુષ્પાદિજ મનોહર કામ શસ્ત્રો,
છે કામને ¹ઉદિપતા કર અંગ વસ્ત્રો;
છે વીજની ગરજના ચળકાટ ભારે,
એવી રૂતૂ સુવરષા નવ કો વિસારે. ૨

વિદુષક—વાહ વાહ! વર્ષાનો વિલાસ તો વરસો વરસ યાદ આવે, ત્યારે મહારાજ, હવે શરદની શોભા સાંભળ્યા વગર છુટકો નથી.

ભર્તૃહરી—તે પણ સાંભળ ત્યારેઃ—એક શરદની નીશામાં એક સ્ત્રીને તેનો ભર્તા બંને, અગાસીમાં બેઠાં ચંદ્ર સામું જોતાં વાત કરતાં હતાં તેવામાંઃ—

મંદાક્રાંતા છંદ.

ચંદ્રે કીર્ણો અતી ઉજવળતા યુક્ત બેસી અગાસી,
જોતાં જોતાં ગઈ શિતળતા વાત થઈ જ્યાં વિલાસી;
હે ચંદ્ર આ રૂતુ શરદમાં આગ તુંમાં પ્રકાશી,
એવું કૈને ગયાં પતિ રતી મંદિરે દ્વાર વાસી.

વિદુષક—ત્યારે એ રૂતુ પણ ઓછી નહીં, શીતળતામાંથી ઉષ્ણતા થાય! તમારો ભાવાર્થ બધો સમજ્યોછું, પણ આડી વાત હમણાં નહીં રાખું, કેમકે હેમંત રૂતુનું વર્ણન સાંભળી લેવું છે.

ભર્તૃહરી—તો સાંભળ, હેમંતમાંઃ—

શાર્દુલવિક્રીડિત છંદ.

ધાટાં સુંદર ભૂષણો પટકુળો શોભા અતી આપતાં,
કીધાં ભોજન પાન મિષ્ટ ઘૃતથી અન્નો મનો ભાવતાં;
ક્રિડાના શ્રમથી શિથીલ શરિરે શોભીતિ તારૂણિઓ,
ચાવ્યાં તાંબુલ હર્ષ હર્ષ મનમાં શોભે નરો નારીઓ.

વિદુષક—મહારાજ, મઝે તો આમાં પુરી, હુંતો બારેમાસ એવી ખાધાપીધાની લ્હેરમાંજ કાઢુંછું, હવે મહારાજ એક શિશીરનું વર્ણન કરીદ્યો, એટલે બારેમાસ બેઠો મજા કરૂં!

ભર્તૃહરી—સાંભળ ત્યારે—

શીશીરે બહુ વાય થાય પવનો અંગે અતી લાગતા,

---

૧ પ્રગટતા.

તેતો અંગતણા પટા [1]ભુષણો જોરેથિ ઉડાવતા;
સાડી ઉડતિ ઉરથી અળગી તે તારૂણિ સંકોરતી,
એવી ઉતમ રૂતુ શીશિર વિશ્વના કેમ થાયે રતી

વિદુષક—ના, ના એ રૂતુમાં તો ખરેખર પ્રિતી થાય, પણ આ બધી ખુબી તો રૂતુમાંજ રહેલી જણાયછે ! તેમાં સ્ત્રીની મહત્તા તમે એટલી બધી શું કરોછો ?

ભર્તૃહરી—ભાઈ, વિચીત્ર હાવભાવવાળી સ્ત્રીની સોબતમાંજ એ રૂતુઓ આનંદ આપેછે જો:—

क्वचित्सुभ्रुभंगैः क्वचिदपिचलज्जापरिणतैः ॥
क्वचिद्भीतित्रस्तः क्वचिदपिचलिलाविलसितैः
नवोढानामेभिर्वदन कमलैर्नेत्रचालितैः
स्फुरन्नीलाब्जानांप्रकर परिपूर्णाइवद्दशः ॥

અર્થ.

કોઇ વખત વાંકી કરેલી ભ્રકુટીવાળાં, અને કોઇવાર લાજ દર્શાવનારાં, કોઈ વખત ભયભીત, અને કોઈ વખત વિલાસથી શોભતાં. કોઈ વખત ચંચળ આંખ્યવાળાં નવોઢા સ્ત્રિઓનાં મુખરૂપી કમળથી દ્રષ્ટિઓ શોભાયમાન નીલ કમળના જથ્થાથી પરિપૂર્ણ હોયની ? એવીઓ છે, મતલબ એક નવોઢા જ્યાં જુએ છે ત્યાં નીલકમળ મયતા દેખાય છે. માટે પુરૂષો તેમાં મોહ પામેછે.

વિદુષક—તે તો મહારાજ તમને પિંગળાએ પોપટ બનાવ્યા છે, અને એવાં લક્ષણવાળાં તો એક પિંગળા રાણી ઘેર ઘેર ન હોય ! પણ અમે સ્ત્રી જાતથી ન ભોળવાઇએ તો, અમને તો [2]ઘરૂનીના ધા સાલછે (માથું દેખાડીને) જુઓ આટલામાં હજુ એક વાળ ઉગ્યો છે, જે આડું મારેલુંના તે મુંડુ ફોડી નાંખ્યા તે દીથી

1 લુગડાંને ઘરેણાં. ૨ સ્ત્રી.

સમ ખાધા કે એક રાજ ઈ એકનાજ પેટનો તમે અનાજ આપો છો એજ ઘણુંછે.

ભર્તૃહરી—તારામાં સ્ત્રીને [1]અંકુશમાં રાખવાની કળા નથી; નહીં તો એવું થાય!

વિદુષક—એ હું તો બત્રીસ લક્ષણો, તમે ક્યાં જાણતા નથી, પણ આવતાં વેંતજ મોંયે ચડાવી તેમાં વાત બગડી.

ભર્તૃહરી—મિત્ર, જો [2]સુવિચાર યુક્ત, નિતિવાન, અને સ્વામિને ઈશ્વર તુલ્ય જાણનારી પ્રાણપ્રિયા હોય તો અધિક પ્રેમ બતાવ્યો હોય તોપણ શું થયું ! એનો કાંઈ અઘટિત ઉપયોગ થાતો નથી.

વિદુષક—મહારાજ, તમે ઉજળું એટલું દુધ દેખોછો, તમને કોઈક દિવસ દેખાડી દઈશ, હું તો એનાં ચરિત્ર બધાંય જાણુંછું, પરણ્યો મોડો, પણ પાંચ વરસમાં [3]પાવરધા થઈ ગયો.

ભર્તૃહરી—અરે જંગલી, એવું તો તમ લોકોની સ્ત્રીઓમાં હોય, અમારામાં નહીં.

વિદુષક—મહારાજ, રાજદરબારે તો સોમણ તેલ, હમારે તો હુતો ને હુતી, ને આધી પાછી જાય તો લાગે જુતી.

ભર્તૃહરી—તને શૃંગાર રસની વાત માલુમ નથી કે સ્ત્રી વિલાસ કઈ તરેહથી થાયછે, અને સ્ત્રિનું દિલ તેના યોગ્ય પતિથી લાગ્યું તો પછી તેમાં કદી કપટ થતું નથી,

વિદુષક—શણગારે તો મહારાજ ઘણોય કરીએ છીએ, અંકોટાથી કાને ત્રુટી ગયોછે !

ભર્તૃહરી—જો ઊંધુ લઈ ગયો, શૃંગારરસનો ભાવાર્થ ઉપરનો શણગાર તેં કર્યો કેમ? તો સાંભળ શણગાર વિશે કહુંછું:—

मालतिशिरसिजृंभणोन्मुखी
चंदनवपुषिकुकुमान्वितम् ॥
वक्षसिप्रियतमामनोहरा

૧ વશ. ૨ સહીત. ૩ પ્રવીણ.

स्वर्गएवपरिशिष्टआगतः ॥

અર્થ.

જેના માથા ઉપર ઉચડેલાં માલતીનાં ફુલની માળા છે. ને જેના વક્ષસ્થળ (છાતી) ઉપર, ને શરીર ઉપર કેશરી ચંદન ચોપડ્યું છે, મનને હરનાર, વાહાલામાં વાહાલી સ્ત્રી છે; તે એટલું સુખ છે કે જાણે આ લોકમાં સ્વર્ગ મળ્યું હોય ને?

વિદુષક—ત્યારે શું, એના શણગારમાંજ બધું કામણ રહ્યું છે! કે વાણીની મીઠાશે ખરી; અમારે ઘેર તો જીભ કુવાડાની, વાત કરે, એટલે જાણે લીમડો ચાવવા બેઠા.

ભર્તૃહરી—વાહ! મધુર વચન સ્ત્રીનાથી બીજાં કોનાં વધારે છે! સાંભળઃ—

(તે તો ઘરમાં ઘર કીધું વાલમ વરણાગીયા રે) એ રાગ.

કહો વનિતા વાણી કોને વશ કરતી નથીરે—એ ટેક.
વિવેકથી મન ગમતાં બોલે, મંદમંદ શિર સાથે ડોલે;
હાવ ભાવની સાથે મન હરતી જતીરે. કહો વનિતા.
સ્વભાવથી સુંદર છે જેનાં, રસથી ભરપુર વચનો એનાં;
કામ જનક મૃગનેની. ચિત ચમકાવતીરે. કહો વનિતા.
લોભાવે મન પુરે પ્યારે, પાત્ર ભરૂવાનું પણ ભારે;
મદ માતીએ પ્યારી, અળગી નથી થતીરે. કહો વનિતા.

વિદુષક—એ શ્લોકના અર્થમાંથી એક વિશ્વાસ કાઢી નાંખો ને બાકી બધું રાખો તો ઘણું છે. ઘરેણાંને પોશાક જોઈ પ્રસંન થાવું ને વચનના વિલાસથી મનને મોજ મળે, એ એજના!

ભર્તૃહરી—નહીં, નહીં, સ્ત્રિનું સર્વ સુંદર છે, એ એજ નહિં.

વિદુષક—વળી શું?

ભર્તૃહરી—

द्रष्टव्येषुकिमुत्तमंमृगदशां
प्रेमप्रसन्नंमुख ॥

घ्रातव्येष्वपिकिंतदास्य
पवनःश्राव्येषुकिंतद्वचः ॥
किंस्वाद्येषुतदोष्टपल्लवरसः
स्पृश्येषुकिंतत्तनु ॥
ध्येयंकिंनवयौवनंसहृदयैः
सर्वत्रतद्विभ्रमः ॥

જોવા લાયક પદાર્થોમાં ઉત્તમ શું? મૃગ નેણીનું સ્નેહથી પ્રસન્ન મ્હોડું, સુંઘવાના પદાર્થોમાં ઉત્તમ શું? સ્ત્રિનાં મ્હોડાંનો પવન, સાંભળવામાં ઉત્તમ શું? સ્ત્રિનું વચન. સ્વાદિષ્ટ વસ્તુઓમાં વધારે સ્વાદવાળી કઈ વસ્તુ? સ્ત્રિના પલ્લવ જેવા હોઠનો રસ. સ્પર્શ કરવાના પદાર્થોમાં શું ઉત્તમ? સ્ત્રિનું અંગ. ધ્યાન કરવા લાયકમાં ઉત્તમ શું? સ્ત્રિની નવી જુવાની અને સ્ત્રિઓના વિલાસ, એ સર્વ રસિક* પુરૂષોએ હમેશાં યાદ કરવા યોગ્ય છે. (કામીને તેજ પ્રમાણે છે.)

स्मितंकिंचिद्वक्त्रेसरलतरलोदृष्टिविभवः ॥
परिस्पंदोवाचा, मभिनवविलासोक्तिसरसः॥
गतीनामारंभःकिसलयितलीलापरिकरः ॥
स्पृशंत्यास्तारुण्यंकिमिहनहिरम्यंमृगदृशः

મ્હોડામાં જરા જરા હસવું, સરસ અને ચંચળ દ્રષ્ટિ, નવી નવી સરસ [1] ઉક્તિથી વાણીની મીઠાશ, પવનથી હાલતા પલ્લવની પેઠે મંદમંદ ચાલવું, જુવાન થએલી સ્ત્રીનું આ જગતમાં શું સુંદર નથી? સર્વ સુંદર છે.

---

*કામી પુરૂષને સઘળું એજ પ્રમાણે જણાય છે. १ બોલ.

વિદુષક—મહારાજ. આવી ધુન લાગી રહેલી તો તમારી પાસે દીઠી, અમે એમ છેક સ્વાધિન ન થઇએ, તેમ ઊંડા વિચારમાં ન ઉતરીએ, અમે તો ઘણાંય જીતેંદ્રી દીઠા છે.

ભર્તૃહરી—તારી શી વિસાત [1] છે ! એ કોને સ્વાધીન કરતી નથી?

રાગ આશા ગોડી.

જીતેંદ્રિ વિરલજ દેખ્યા, જગતમાં જીતેંદ્રિ વિરલજ દેખ્યા. એ ટેક.
જ્યાંસુધી મૃગનેની કટાક્ષ ન વાગ્યું, પરમહંસ ત્યાંલગી પેખ્યા. જગત.
બહુ [2] વિરક્ત, જોગી, સન્યાસી, લલનાના દાસ તેતો લેખ્યા;
ગ્નાનનો દીપક જાય બુઝાઈ, પ્રેમદા [3] વદન આળા પેખ્યા. જ.

વિદુષક—ત્યારે શું, એ હોવાથીજ આ જગતમાં અજવાળુ કે ?

ભર્તૃહરી—હા એમજ—

सतिप्रदीपेसत्यग्नौसत्सुताराखींदुषु ॥
विनामेमृगशावाक्ष्यातमोभूतमिदंजगत् ॥

અર્થ

ગીતી.

ભલે જગતમાં અગનિ, ચંદ્ર સુર્ય તારા ગણ પરકાશે,
પણ મૃગનયનિ સ્ત્રિવિણ, અંધકાર મય જગત મને ભાસે.

વિદુષક—ત્યારે તમારી શિખામણ પ્રમાણે મારે એક આખું વરસ ચાલવું. મહારાજ !

ભર્તૃહરી—એકવાર માન્યે શું થવાનું હતું ? સાંભળ સ્ત્રીને—

ગીતી.

નથિ નિરખી નજરેથી, ઇચ્છા ત્યાં લગિ જોવાની થાતી;
જોઇને ચિત વૃત્તિ, આલિંગન કરવાને લલચાતી;
એહ થયા પછી ઇચ્છા, તોપણ નિવૃત* એની નવ પામે;
જુદાં કદિ ન પડિયે, એહ ચાહના રે છે ચિત ઠામે.

વિદુષક—ત્યારે મહારાજ, મારે બાવનમું વર્ષ ચાલે છે, તો જુદાં ક્યાં સુધી ન પડવું ?

---

૧ ગજુ. ૨ ત્યાગી. ૩ સ્ત્રીનું મુખ. * પાર.

ભર્તૃહરી—તારી તરૂણાવસ્થામાં આ બધું સમજતો નહોતો, અને તારી યુવાવસ્થા ગઈ તેની સાથે એ પણ ગયું જો એમ કહ્યું છે કે:—

મંદાક્રાંત છંદ.

જ્યાં સૂધી કામ યૌવન વપૂમાં પ્રદીપી રહેછે,
ત્યાંસૂધી કામિની સુખ વિલાસો વૃતી તો ચહેછે;
જ્યાંસૂધી કામ અંકુર નથી શાંતી પામ્યા સુરીતી,
ત્યાંસૂધી કામક્રીડ મદમાં લાગશે પૂર્ણ પ્રિતી.

માલીની છંદ.

વિકટ ઝપટ તારી, ઓ! વિકારી જુવાની,
ભરછ મદન વારી, જ્ઞાની માંહે ગુમાની;
તળ બળ તન માંહે, ત્યાં લગી પ્યારિ નારી,
તવ બળ ક્ષિણ થાતાં, ખાલિ તૃષ્ણા બિચારી.

વિદુષક—ત્યારે ત્યાગી પુરૂષોની દશા એ અવસ્થામાં શી થતી હશે હું જાણુંછું કે તેમને જુવાનીના વિકાર નડતા નહી હોય ?

ભર્તૃહરી—મિત્ર એકવાર મેં તુંને કહ્યું કે કામ જીતવાને સમર્થ વિરલ હોયછે.

तावन्महत्वंपांडित्यंकुलीनत्वंविवेकता ॥
यावज्जवलतिनांगेषुस्वतःपंचेषुपावकः ॥

મ્હોટાઈ, પંડિતપણું, કુલીનપણું, વિવેકાઈ ત્યાં સુધી છે કે જ્યાં સુધી અંગમાં કામરૂપી અગ્નિ નથી બળતો.

ગીતી.

મદોન્મત સિંહ હસ્તિ, પાડનાર નર જગત વિશે પેખ્યા;
કામ જીત નર કોઈ, વિરલ દ્રષ્ટિએ અમે નથી દેખ્યા.
વશ ઇંદ્રિ, સુભ મારગ, શરમ આંખમાં રે'છે ત્યાં સુધી;
વિવેક પણ ત્યાં સૂધી, પ્રગટ નથી થઈ હ્રદય કામ બુદ્ધિ.
મહા શાસ્ત્ર વિજ્ઞાતા, [1]વિવેક સાગર આત્મજ્ઞાની કાવે;

---

૧ અનુભવી.

રહેજ સ્થાને જ્યાં લગિ, વક્ર ભ્રકુટી ત્રિયા ઝપટ નાવે.

વિદુષક—નહિ નહિ માહારાજ, માત્ર જીભના સ્વાદનેજ એટલે ખાનપાનાદિકનેજ ઇચ્છે ને શાસ્ત્રો વાંચ્યા કરે તે શું શુધ ન રહી શકે ?

ભર્તૃહરી—વયસ્ય એ અશક્ય છે, કેમકે—

विश्वामित्रपराशरप्रभृतयो
वातांबुपर्णाशना ॥
स्तेपिस्त्रीमुखपंकजंसुललित
दृष्ट्वैवमोहंगताः ॥
शाल्यन्नंसघृतंपयोदधियुतं
भुंजंतियेमानवा ॥
स्तेषामिंद्रियनिग्रहोयदिभवे
द्विंध्यस्तरेत्सागरम् ॥

પવન, પાણી અને પાંદડાં ખાનારા વિશ્વામિત્ર પરાશર વિગેરે રૂષીઓ પણ, સ્વરૂપવાન સ્ત્રીના મુખરૂપી કમળ જોઇનેજ મોહ પામ્યા ત્યારે ઘી, દહી, દૂધ, સહીત ચોખા ખાનારા જે લોકો તેઓ જો ઇંદ્રિઓનો નિગ્રહ કરી શકે, તો વિંધ્યાચળ સમુદ્રને તરે. માટે મિત્ર ! પંચવિષયોને અનુકુળ જે જે પદાર્થો જગકર્ત્તાએ આ સૃષ્ટિમાં રચ્યા છે, તે સર્વનો નીતિરસ્તે ઉપભોગ કરવો; તથા તેના ત્યાગમાં દ્રષ્ટિ ન રાખવી ગ્રહસ્થાશ્રમનું સુખ સારી રીતે ભોગવવું, ભોગના અંકુર ભોગ ભોગવ્યા વિના શાંત થતા નથી, માટે તેથી વિરૂધ પ્રયત્ન કરવું એ વૃથા છે. અને જો આ સંસારમાં કોઈ વાતે અનુકુળતા ન હોય, નિર્ધન હોઇએ; સ્ત્રી પ્રાપ્ત થાય તેવું ન હોય; શરીરે વ્યાધિગ્રસ્ત હોઇએ; તો ઉભયભ્રષ્ટ થઈ બંને ન બગાડવાં.

अग्रेगीतंसरसकवयःपार्श्वयोर्दाक्षिणात्याः॥
पश्चाल्लीलावलयरणितंचामरग्राहिणीनाम्॥
यद्यस्त्येवंकुरुभवरसास्वादनेलंपटत्वं ॥
नोचेच्चेतःप्रविशसहसानिर्विकल्पेसमाधौ ॥

મોટા આગળ ગાયન, અને પડખે દક્ષીણી સરસ કવીઓ, પછવાડે ચામર પકડનારી સ્ત્રીઓનો ચમત્કારી કંકણનો અવાજ, જો એમ હોય તો સંસાર રસના સ્વાદ લેવામાં લંપટ થા, અને તેમ ન હોય તો એકદમ નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કર.

વિદુષક—ત્યારે માહારાજ તેવું ન હોત તો તમે હું જાણુંછું કે રાણી પિંગળાના પાસમાં ન ફસાત?

ભર્તૃહરી—હા, ખરેખર, મને મહાદેવજીએ રાજ આપ્યું છે તોપણ

ભુજંગી છંદ.

કરી નોત જો વિધિએ કામની તે,
રચી નોત જો ચાંદની જામનીને,
ભરી નોત જો રૂપથી ભામનીને,
રટી હોત માળા તદા રામની મેં.

તો, એમ સમજ્યો? સ્ત્રી એક એવી વસ્તુ વિધીએ બનાવી છે કે તેનો સમાગમ સૌથી પ્યારો છે, પણ તે મળતા સ્વભાવની ને રૂપ તથા શૃંગાર યુક્ત હોય તો ખરી પ્રીતી લાગે.

રાગ ઝીંઝોટી.

પ્રિયાકા સમાગમ સબસે હે પ્યારા—એ ટેક.
રતીકે શ્રમસે પરશ્વેત બિંદુ, માનો શોભત હે તારા, પ્રિયા.
ભારી નિતંબ પરી ઉર ઊપર, અંગે ચંદનકી ગારા. પ્રિયા.

વિદુષક—મહારાજ, ત્યારે શૃંગારનું જો કહેતા હોતો અમારે ઘેર કાંઈ ઓછો વૈભવ નથી!

ભર્તૃહરી—તારો વૈભવ કેવો છે બોલ?

વિદુષક—મહારાજ પ્રાતઃકાળનો વૈભવ પ્રથમ સાંભળો.

માથે થેપાડું સવાલાખનું, કેશ છુટા ચોફેર;
ચુડલી બે હાથમાં છે ડહકલાં, છે કુબજાથી કાળો કેર.
શણગાર શુણોરે સવારનો.
જોડ છોકરાંને લીધાં કાખમાં, મોટો સુંડલો છે માથ;
કાન ત્રુટું ત્રુટું થઈ રહ્યા, ભાર અકોટાનો સાથ.
શણગાર૦
આંખ્યું મારે રે અણીયારીયું, જોઈને પડીયે ઊંચે પાટ;
મોટા મૂનીવર જોઈ છળી મરે, ચોખો ડાકણનો ઘાટ.
શણગાર શુણોરે સવારનો.

ભર્તૃહરી—બસ બસ, જંગલી, એવી શૃંગારયુક્ત કામની જોઈને પુરૂષ કામહીન થઈ જાય.

વિદુષક—એમ કે !

ભર્તૃહરી—હા, એમજ થાય, એમાં શક નહીં.

વિદુષક—તમે ત્યારે મારી કવિતામાં બહુ સમજ્યા, જોડ છોકરાંનો ભાવાર્થ શું સમજ્યા ? એમ થાય તો એ ક્યાંથી હોય ?

ભર્તૃહરી—એ તો બધું હું સમજ્યો, પણ એ બધી પશુ પક્ષીની રીતી, સંતતિ તો એમનીએ ઘણી વધેછે.

વિદુષક—ત્યારે એમ, અમારે ભલે શણગાર ગમે તેવો હોય, પણ બેય માણસ વંશવેલ સાચાંતો, તમે ભલેને એકસોને એકવીશ પરણો પણ તેથી ઉલટું તો.

આગળ કોરૂં, પાછળ કોરૂં, કોરૂં સારા દન;
બેટો મળવો મુસ્કેલ તમને, કરો કોટી યતન.
શીવ નારાયણ નારાયણ નારાયણ.

અને હે મહારાજ, તમે જ્યારે સ્ત્રીનાં આટલાં બધાં વખાણ કરો છો, ત્યારે હાહતરમાં કેમ વગોણાં કરે છે, કે "નારી વિષની વેલી, નાખે નરક કુંડમાં ઠેલી, એ તો વાત વિચારો પેલી," અને મહારાજ, મારો છે તો ભલે ખેડુતનો ધંધો, પણ મારી હુંશીયારીથી અને વાક ચાતુરીથી તમે મને રાખ્યો છે, તેથી કથામાં કાન દોડું છું. આપે

કવિત જોઉંછું. હુંશીયારી જુઓછો કે આ બધું રણવગડામાં રોયો!

ભર્તૃહરી—જો સાંભળ.

स्वपरप्रतारकोसौनिंदातियोऽ

लीकपंडितोयुवतीम् ॥

यस्मात्तपसोपिफलंस्वर्गस्त

स्यापिफलंतथाप्सरसः ॥

જે પંડિતો સ્ત્રીયોની ફોકટ નિંદા કરે છે, તે આપણને, તથા બીજાને ઠગે છે. કેમકે તપશ્ચર્યાનું ફળ સ્વર્ગ, અને તેનું ફળ અપ્સરા છે. વળી—

શિખરિણિ વૃત.

વિના નારી પ્યારી, કમલ વદની સુંદર અતી;
સ્તનો ભારે પામી, કમર લચતી હંસનિ ગતી.
વિના એવી પ્રિયા, નૃપતિ ગૃહ કો શોભિત કરે;
[1]નૃપાળોની વૃત્તિ. શ્રમ રહિત થૈ ક્યાં જઈ ઠરે.

વિદુષક—વૃત્તિ તો મારી પણ માહારાજ ઘેર ઠરે છે. એમાં ના નહી કેહેવાય!

ભર્તૃહરી—તો વિદુષક. એમજ સમજજે, કે ઘરની શોભાજ સ્ત્રી છે. ઉગતા ચંદ્રના જેવી કાંતીવાળી કટી મેખળાનો અવાજ થઇ રહ્યો છે એવી, ને કમળના જેવી આંખવાળી સ્ત્રી ન હોત તો આખું ઘર શૂન્યવત્ ભાસત. અને તેમાંય વળી અન્ય પ્રસંગે નૃત્ય, તથા ગાયનમાં પ્રવીણ એવી સ્ત્રીઓનો વિલાસ અનુભવવા એ ખુબી જુદી છે—

ભર્તૃહરી—

રાગ કનરો (ગીરધારી)

એક નારી જગતમાં પ્યારી, કમળવદની પ્રીય ચંપકવરણી,

---

[1] રાજાની

કમર પાતળી ચરણ ઉપડતાં, સ્તનો ભારે લચકાતી;
કુમ કુમ કદમી ગૌર નવોઢા, મંદ ગમની શ્રમ ખાતી. એક.
રૂમઝુમ ફરતી હસતી રંભા, અંગ મરોડ બતાવે,
રાજમહેલને વિનાએ પ્રમદા, કહો કોણ શોભાવે. એક.

વિદુષક—

રાગ સદર.

એક નારી જગતમાં પ્યારી, મારે ઉલાળા,
ચાલે હીડંબા, મલકુસ્તીમાં ફાવે;
ઝાલે ટાંટીયો કેમે ન મૂકે, એક પગે ડેકાવે. તોયનારી.
ડેસું મારે પાટું ઉલાળે, થુંક નાંખતી ચાલે,
વગર તપાસે રેઢી મુકું, ઘડીકમાં ઘર ઘાલે. તોયનારી.
કુવાઉં ધણી પણ ગણી છોરૂં, હાલ ચાલ બીવરાવે,
મારી તમાચા રાંડ મુને તો, ડહકડહક રોવરાવે. તોયનારી.

આ એવાં દુખ વેઠુંછું, પણ એટલી ના નહિં કહેવાય કે અમારાં ઘર પણ એમજ દીપી હાલ્યાંછે; ને નાચનું સુખ પણ ઘેર બેઠાં લઉંછું અને તે વળી કેવો કે તમારી ગુણસુંદરીના નાચને પણ પાણી પાઈ દે એવો.

ભર્તૃહરી—વાહ! આતો રહી રહીને શોખીન નિકળ્યો! કોણ તારી સ્ત્રી નાચ કરે છે કે તું?

વિદુષક—હા, પેહેલાં તો ઇ કરતી, અને હવે છોકરાની વહુ કરે છે. જુઓ કહી સંભળાવું:—

મનહર છંદ.

ઝાંઝરનો ઝમઝમ, ઘુઘરીનો ઘમઘમ;
તાલતણો રમ ઝમ, શબ્દ સંભળાયછે.
ઉભી ઉભી આપ નાચે, સામી બેઠી સખી નાચે;
સાથે તેના સ્વામિને, રસીથી નચાવાયછે.
નાચી નાચી થાકી જાય, મોઢું થીયાં વીયાં થાય;
પાકા પોરસુધી કસરત, ત્યાં લેવાય છે.

પડઘા બહુ શુણાય, નાચ જ્યારે પુરો થાય;
શીરામણે છાસ, માંખણ તૈયાર થાય છે.

કેમ કેવો નાચ? એક પંથને દો કાજ.

ભર્તૃહરી—સાબાશ, જેવા સવારનો શણગાર, તેવોજ નાચ!

વિદુષક—તે મહારાજ, બધો પ્રકાર રાખવા પડે છે. કેમકે રાજ દરબારે રેહેવું, અને તમે શીખામણ દીધી માટે આજ તો ખુણા કઢાવીશ. નહિં તો માગું જોઇને મોહ ક્યાંથી થાય, બાકી તો મોહનીરૂપ ભગવાને ધર્યું હતું તે દિવસથી મને આપતા ગયાછે.

ભર્તૃહરી—જંગલી, તારામાં મોહ કોને થાશે?

વિદુષક—ન થાય, ત્યારે તમે મને કેમ તમારી પાસે રાખ્યો છે?

ભર્તૃહરી—અમે તો તારા હાસ્ય ભાષણથી રંજન થઇએછીએ માટે.

વિદુષક—અને તેથીજ અમે સાદાઈ રાખીએ છીએ અને વિચારી વરતીએ છીએ.

જુઓ અમારી રીતી બધી સાદી,
તેમાં સુવામળે સોમણ તળાઇની ગાદી;
અને તમારે ઘણો કરો શૃંગાર,
તેમાંથી કોક દી ઉઠે અંગાર.

ભર્તૃહરી—વિદુષક-હવે ઘણી થઈ, તોય આજ હદ વાળી!! હવે હું અંતઃપુરમાં જાઊ છું, કાલ વેહેલો આવજે.

વિદુષક—ત્યારે હું પણ કોડમાં જઇને નિરખી આવું. ને ઠુંગો પાણી કરતો આવું. ને પાછો આવી પડ જગાવું. તમે હવે બહુ જવા માંડ્યું, પણ આજ આશક થાજો થોડા, નીકરે રાજમાં ઉડશે ટોડાં. (એમ કહી બંને નીકળી જાય છે.)

(અંક ૧ લો સમાપ્ત.)

અંક ૨ બીજો.

પાત્રો.

શાંતિરામ.... ......ધવલપુરનો એક બ્રાહ્મણ.
ગંગાબાઈ ....તેની સ્ત્રી,
મથુરો ....
અમથો.......... } તેના પુત્રો.
વિક્રાળસિંહ.... .....એક ઠાકોર.
તૃષ્ણારામ..........એક ભીક્ષુક વિપ્ર. (શુકલ)
સમદ્રષ્ટિ ....
વર્ભ્રગુ ....
કર્મવિત્..... ....
શ્રેયસકર ....
દૂર્ગાચાર્ય............
વિરોચન ....
(નાસ્તિક)...........
} રૂષીમંડળ. (જુદા જુદા મતના)
સેવારામ ....સમદષ્ટિનો શિષ્ય.
વક્રભાષી..............કર્મવિત રૂષિનો શિષ્ય.

અંક ૨ બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ ધવલપુર.

શાંતિરામ

શાંતીરામ દરિદ્રતાની પિડાએ ઘેરથી અકળાઈ કોઈ વિદેશ જવાના ઈરાદાથી ધવળપૂરને પાદર આવી વિચાર કરેછે.

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો) એ રાગ.

કેમ નહિ ફલીભૂત થાશે, સદવિદ્યા કેમ નહિ ફલીભૂત થાશે. ટેક.
પ્રયોગ કર્યો નથી એનો મેં પુરો, ત્યાંસુધી દરિદ્ર દેખાશે;

પ્રગટ થશે જ્યારે પ્રકાશજ એનો, આવિ લક્ષ્મિ અથડાશે. સ૦
વિદ્યા દેવી એક સ્થળે બેઠાં લગી., લક્ષ્મી દાસી દૂર ભાસે;
પુરૂષારથ હય ચડી એને પકડશે, તો એ બિચારી ક્યાં જાશે. સ૦
લક્ષ્મીથી રોગી તે દુખી થશે ત્યારે, વિદ્યા ભોગીની પાસ જાશે;
સંગ કર્યા પછી એને નહિ છોડે, ગુણ પછી એના તે ગાશે. સ૦

શું સદ્‌વિદ્યા ફલીભૂત નથી થવાની? ના, ના, થવાનીજ ખરી! શું લક્ષ્મિની મહત્તા વિદ્યાથી વધવાની છે? નહિ નહિ, એતો કદી થવાનું નહિ! જો એમ હોત તો સદગ્રંથો, તથા મહાન પુરૂષો, વિદ્યાથી લક્ષ્મિની ન્યુનતા કરતજ નહિ; અને સદ્‌વિદ્યાનું દ્રવ્ય પ્રાપ્તિ, એજ કાંઈ સાર્થક નથી. તોપણ મેં આટલી બધી વિદ્યા સંપાદન કરી છતાં હું દરિદ્રી કેમ રહ્યો? તેનો મારે વિચાર કરવો જોઇએ. ખરેખાત, તેમાં મારીજ ભૂલછે. મનુસ્મૃતિ ભણિ ગયો, બીજાં શાસ્ત્રો ભણ્યો, પણ તેમાં દ્રવ્ય પ્રાપ્તિ અર્થે પુરૂષારથ દરેક લોકોનો બિલકુલ વિચાર ન કર્યો!

વસંતતીલકા વૃત.

ઉદ્યોગી સિંહ નર તે દ્રવ્ય મેળવેછે,
દેનાર દૈવજ વૃથા જન એ વદેછે;
ઉદ્યોગ ધાર પ્રથમે નિજ શક્તિ તૂલ્ય,
તેમાં ન પાર પડતાં નથી તારી ભૂલ.

વળી—

आरंभेतैवकर्माणि। श्रांतःश्रांतःपुनःपुनः॥
कर्मण्यारममाणंहि। पुरुषंश्रीनिषेवते ॥
आस्तेभगआसीनस्यो र्ध्वस्तिष्ठतितिष्ठतः॥
शेतेनिपद्यमानस्य। चरातिचरतोभगः ॥

(કોઈ કામમાં) નિરાશને નિરાશ થવાય; તોપણ તે ફરી ફરી આરંભવું. કેમકે જે પુરૂષ વારંવાર આરંભે છે; તેનું ભાગ્ય ઉદય

થાયછેજ. જે બેઠોછે તેનું નસીબ બેસી રહેછે, જે ઉભોછે તેનું નસીબ ઉભું થાયછે; જે સુતેલો છે તેનું ભાગ્ય સુઈ રહેછે ને જે હીલચાલ કરેછે તેનું ભાગ્ય (પણ) ચેતનતા પકડે છે (મતલબ ઉદય થઈ રસ્તો કાપી ધારેલ સ્થળે પહોંચેછે).

આ શ્લોકના ભાવાર્થ લક્ષમાં લીધા હોત, અને ઘરને ખુણે શાસ્ત્રો વાંચી દૈવને આધારે નિવૃતિ પકડી બેસી રહ્યો નહોત તો ખરેખર લક્ષ્મિ પ્રાપ્ત થાત! હણ હજુ ધન મેળવવાની [1]દ્વિતિયાવય (બીજી વીશી) વીતી ગઈ નથી; માટે નિરાશ થવાનું કારણ નથી, ચાલ, પણ ધનના ગર્વિષ્ટ પાસે યાચના કરવી મુને યોગ્ય લાગતી નથી; તેમ વળી પ્રિય વાક્યથી દાન આપનારાને પાસે પુષ્કળ દ્રવ્ય છતાં ત્યાગી જેવા પુરૂષ મળવા દુર્લભછે માટે મારે તો વીંધ્યાટવીમાં જઈ કોઈ મહાત્મા પાસે યાચના કરવી! ધન મળવાની તો ત્યાં થોડી આશાછે! પણ જ્ઞાનરૂપી ધન તો છેવટ પ્રાપ્ત થશે, કેમકે શાસ્ત્રો ભણ્યો પણ ધનની તૃષ્ણા રહેછે માટે ખરૂં જ્ઞાન પ્રાપ્ત થયું નથી, ઘેર પુત્ર બે છે, કદી મહાત્માની સેવામાંજ રહેવું પડ્યું તોપણ શી અડચણ છે! વળી મહાત્માના વચન આગળ વ્યવહારિક ધન તો તુચ્છ છે! તો તે અપેક્ષા પૂર્ણ કરવા પણ કોઈ ઉત્તમ રસ્તો બતાવશે. માટે ચાલ જીવ, હવે ઘણો વિચાર કરમાં (એમ કહી વિંધ્યાટવીનો રસ્તો લે છે.

---

[1]प्रथमेनार्जितावेद्या, द्वितिएनार्जितंधनं॥
तृतियेनार्जिताकिर्तिश्चतुर्थेकिंकरिष्यति॥

પહેલી વીશીમાં જેણે વિદ્યા ન મેળવી, બીજીમાં જેણે ધન ન મેળવ્યું, ત્રીજીમાં જેણે કિર્તિ ન મેળવી, તે ચોથી વીશીમાં શું કરશે? ત્યારે કાંઇ બનવાનું નથી.

પ્રવેશ ૨ જો.

સ્થળ વિંધ્યાટવીમાં તપોવન.

સમદ્રષ્ટી, વરભ્રગુ, શ્રેયસકર, કર્મવિત્ત, દુર્ગાચાર્ય, વિરોચન, વક્રભાષી, સેવારામ, શાંતિરામ.

વક્રભાષી—સેવારામ? કાલની ચરચા ઠીક ચાલી, પણ મને કાંઈ સમજાણું નહીં!

સેવારામ—ધર્મના સંવાદ છે ભાઈ! ગુરૂકૃપા વિના કાંઈ સમજાય? સાચી સેવા પણ કરી જોઇએ!

વક્રભાષી—તું શું સમજે, કાલ સવારે આવ્યોને! સેવા કરી કરીને મારા તો હાથ પગે ઘાસી ગયા, પણ ભાંગ્યો અક્ષર આવડ્યો નહીં!

સેવારામ—ઊંધા ઘડાપર ગમે તેટલું પાણી રેડે, પણ અંદર ટીપું ક્યાંથી પડે! તેમ તારી મન ઉપલી સેવા, ને મન ઉપલ્યું સાંભળવું, તે એક અક્ષરે ચિત્તમાં ક્યાંથી ચોટે!

વક્રભાષી—ત્યારે તું શું સમજ્યોછું? બોલ, પછી બીજી વાત, આ જ આસનીયાં પાથરવાં, ને સમીધાં લાવવાં બધુંય રહ્યું!

સેવારામ—એમ કરીએ તો ગુરૂ કોપાયમાન થાય, માટે નિરાંતે હું તને બધું સમજાવીશ.

નેપથ્યમાં—

શાંતિરામ (સ્વગત) આહાહા! મને આગળ બ્રહ્માચાર્ય રૂષિએ જે આશ્રમ કહ્યો હતો તે આજ હશે! કેમકે આશ્રમના ચિન્હપરથી પ્રગટ જણાય છે. કેવી રમણ્ય જગો છે! આ વિંધ્યાગિરિની છાંયામાં નાના પ્રકારનાં વૃક્ષોની ઘટા કેવી શોભી રહી છે! સઘન વૃક્ષ છાંયામાં કુંજોની શી સ્વાભાવિક રચના થઈ રહી છે! અને આ વિવિધ રંગનાં મનોહર પક્ષિયો કેવાં મધુર ગાયન કરી રહ્યાં છે! આ પર્વતનાં શિખરો (પોતાની તરફ વળેલાં જોઇને) મને આવકાર આપતાં હોય એમ જણાય છે. આ ગિરિની લંબાઈ ક્યાં સુધી હશે! એ કલ્પનામાં આવી શકતું નથી! આ યજ્ઞશાળામાં હોમાયુ જ્યો, તથા હવ્ય કવ્ય કર્યો તે

પાર કરી રાખ્યાં જણાય છે ! રૂષીશ્વરો કોઈ આશ્રમમાં જણાતા નથી. અરે ! સંધ્યાકાળ થઈ ગયો છે. માટે સ્નાન કરવા ગયા હશે. ચિંતા નહિં, આવવા દો, એક બાજુ સ્થિર થઈ બેસું. આ આશ્રમનો દેખાવ જોઇનેજ મારૂં મન એટલું હર્ષ પામેછે કે નિર્ધનપણાનું દુઃખ હવે રહેવું નથી ! આવા સ્થાનમાં નિવાસ કરનાર મહાત્માઓ ઓછા સમર્થ નહિ હોય ! !

સેવારામ—(વક્રભાષીને) રૂષિ આશ્રમમાં કોઈ અતિથીનો શબ્દ કાને પડેછે માટે ચાલ તજવીજ કરીએ !

વક્રભાષી—પોતાને આવડતું નથી એટલે આડી વાત નાંખી. ભલે, જા. તેડી લાવ.

એટલામાં શાંતિરામ પ્રવેશ કરેછે

શાંતિરામ—(સેવારામ સ્વદેશી છે માટે ઓળખીને) નમસ્કાર સેવારામ !

સેવારામ—નમસ્કાર ! વિપ્ર, નમસ્કાર ! (ક્ષણ એક ઓળખીને) ઓ હો હો ! ! શાંતિરામ ! નમસ્કાર ! મિત્ર ! નમસ્કાર ! મિત્ર છો તો કુશળ ! બાળ ગોપાળ ! મારી ભાભી સૌ ખુશીમાં !

વક્રભાષી—(વચમાં સ્વગત) હવે વળી નમસ્કાર વાળી ચાલી. સેવારામને કોઈ મળ્યું જોઇએ !

શાંતિરામ—શંકર કૃપાથી સૌ આનંદમાં છે ! આપનાં માતપિતા પણ આરોગ્ય તથા ખુશીમાં છે. છો તો ગુરૂ સેવામાં નિમગ્ન કે!

સેવારામ—સદગુરૂની કૃપાથી ! મિત્ર ! આંહી સુધી નિકળી આવ્યો ! તપશ્ચર્યા ! ગુરૂસેવા ! કે કાંઈ બીજું કામ ?

શાંતિરામ—સેવારામ. કામ તો કાંઈ બીજું નથી ! માત્ર સંસારી અપેક્ષાથી આંહી આવ્યો છું તું સર્વે વૃતાંત આપણોતો જાણુછ ! કાંઈ મારી દરિદ્રતા તારાથી અજાણી નથી. તું બ્રહ્મચર્ય રાખી ગુરૂની સેવામાં રહ્યો. ને હું ગૃહસ્થાશ્રમી થયો. માટે તું જાણેછે કે લક્ષ્મીનું તો ડગલે ડગલે કામ! હવે બે પુત્ર, એક સ્ત્રી, ને ચોથો હું, ચારનું ગુજરાન ચલાવવું—માટે મુંઝાઈ ગયોછું ! તારા ગુરૂ પાસે યાચના કરવા આવ્યોછું, જો કાંઈ અપાવ તો ?

સવારામ—મિત્ર ! તારામાં મુળથીજ અક્કલ થોડી છે ! આંહી

ફળાહારી રૂષીજનો પાસ દ્રવ્ય હોય ખરૂં કે ? ગ્નાન જોઇતું હશે તો મળશે.

શાંતીરામ—ત્યારે મિત્ર ! તને પુછુંછું શા માટે ? ભલે ગ્નાન મળે તો એ ક્યાં ઓછી વસ્તુછે !

સેવારામ—(જરા વિચારીને) મિત્ર ! તું ધનની ઇચ્છાએ અત્રે આવ્યો પણ મિત્ર ધર્મ આંહી બજાવી શકાય એવું આ સ્થાન નથી ! હું તો ગુરૂને વિનતી કરીશ કે મારી ભવપર્યંતની સેવાનો બદલો આ મારા મિત્રને કોઈ લક્ષ્મી પ્રયોગ બતાવીને આપો; પછી શું ? તું કહે તે કરૂં !

શાંતીરામ—મિત્ર એ કાંઈ થોડું નથી !

સેવારામ—તેમાં વિશેષ પણ શુંછે ! તારી આવી ઇચ્છા પાર ન પડે, ત્યારે હું મિત્ર શાનો ! છેવટ આ આશ્રમ મુકી વ્યવહારમાં પ્રવૃત થઈ યાચના કે ઉદ્યમ કરી તને એ ચિંતા નહી રાખું ! પછી તો જેવી ઇશ્વરેચ્છા !

શાંતીરામ—ઠીક મતી સુઝી કે મિત્ર તારી પાસે આવ્યો !

સેવારામ—(જરા સ્મરણ કરીને) મિત્ર ! એકવાર મારા ગુરૂ સમદૃષ્ટિ પાસે મિત્રધર્મ વિશે વાત નિકળી હતી, તેમાં ગુરૂએ એ વિશે કેટલાંક દ્રષ્ટાંતોની સાથે વ્યાખ્યાન આપ્યું તે ત્રણ દિવસે પુરૂં થયું ! તેમાં મિત્રને માટે આ અનિત્ય દેહ કદી આપવો પડે ત્યાં સુધી પણ પાછા હઠવું નહિ, આદિ ઘણાએક ઉપદેશ કર્યો તો મિત્ર, આમાં તો તારે માટે બે વચન કહેવાં, એજ કે બીજું ?

શાંતિરામ—ખરે ! મિત્રધર્મની ખુબી તારા જેવા સન્મિત્રો કોઈ સમજેછે ! ત્યારે હવે હું શું કરૂં ?

સેવારામ—જો આંહી હાલ પાંચ રોજ થયાં જુદા જુદા મતના રૂષિઓ આવ્યાછે, તેમની વચ્ચે ધર્મચરચા ચાલેછે, છેવટ સમદૃષ્ટિ ગુરૂ નિરાકરણ કરેછે, પરંતુ એ સર્વ પોતાનો હઠ છોડતા નથી, આજ છેવટનો સિદ્ધાંત થવાનો છે, એ વખતે જે નિર્ણય થાય તે સાંભળવો, સારે પ્રસંગે તું આવ્યો ! આવો વખત કદી ફરીને ન આવે ! તારાં પુર્વ પુન્યથી આ સત્સંગનો લાભ તને મળ્યો ! ! !

વક્રભાષી—(વચ્ચમાં બોલછે) એ સાબાશી તો એના દરિદ્રને દેવી ઘટેછે! કે એ એને આંહી સુધી લઈ આવ્યું!

સેવારામ—હા, મિત્ર તારૂં કહેવું પણ સત્યછે, લક્ષ્મી કરતાં દરિદ્રતા ઘણી વખત વધારે સત્કર્મનાં સાધનરૂપ થાય છે! પછી (શાંતીરામ પ્રતિ) અને પછી તારે મહાત્મા સમદૃષ્ટિ ગુરૂની પ્રારથના કરવી, તે કાંઈક ઉપાય તને બતાવશે. એની કૃપા થઈ તો આ લોક ને પરલોક બંને સુધરી જશે! પછી શું જોઇએ!

વક્રભાષી—હા, હા, ખરૂં, સેવારામ તો અમર થવા આંહી આવ્યો છે! લક્ષ્મી તો ઘેર ઘણી છે!

શાંતીરામ—બહુ સારૂ ત્યારે પ્રાપ્ત થાય તે ખરૂં!

વક્રભાષી—(હજુ શાંતિરામને ઉભેલો જોઇને) નામ છે શાંતિરામ માટે શાંતિ પકડીને બેસો. ઉભા રહેશો તો કાંતિ ઘટી જશે, આંહી તો જ્ઞાનની ગોષ્ટિ દીનાદી ચાલ્યા જાય, ખબર છેના? પણ તેમાંથી બે શબ્દ ઝડપ્યા તો બાર વરસનું દારિદ્ર દુર!

શાંતીરામ—(એના વક્ર ભાષણથી જરા તપી જઇને) ત્યારે તારી પાસે શબ્દનો વરસાદ રોજ થાયછે, તે ગ્રહણ કેમ નથી કરતો? અને આવો દરિદ્ર કેમ રહ્યોછું?

વક્રભાષી—આ મહારાજ તો આડોડીયો લાગેછે. આમજ દાલદર ભેળો થયોછેના! અમે તો જાણી કરીને જોગ લીધો છે, કાંઈ તારી પેઠે ભિખ માગવા નથી આવ્યા, અમારે પૈસા જોઇએ તો ક્યાં બાવડાંમાં બળ નથી! પરમેશ્વરે હાથ, પગ, ને જીભ બધુંય આપ્યું છે.

સેવારામ—(શાંતિરામને કહેછે) એને શા માટે બોલાવ્યો, શાંતિરામ! એ બધું કામ ધુળ મેળવશે! એ તો કર્મવિતનો ચેલો હતો, ને હવે વિરોચનનો થયોછે.

વક્રભાષી—(સેવારામ હું બધું કામ ધુળ મેળવીશ કેમ! હુંજ ખરો તો આજ તારા ગુરૂને સાચા ખોટાં ભરાવીને તારી ધુળ કઢાવી નાંખું!

શાંતીરામ—(ડરી જઇને) મહારાજ ક્ષમા કરો, આપનો ઉપદેશ સાચોછે હું તો ગરીબ બ્રાહ્મણછું.

વક્રભાષી—તું ખરો બ્રાહ્મણ હો તો આંહી દેહ દમન કર, તારે તો

લક્ષ્મિ જોઇએ છીએ, ને કરવું છે ચમન, તે ગુરૂ દેશે લોપણ હું ખુંચી લઇશ. તું પુરૂષારથ હીન થઈ ગયોછું, વાહ મરદની છાતી.

સેવારામ—(શાંતિરામના કાનમાં કહેછે) કાંઈ એને જવાબ દેમાં.

(પછી શાંતિરામ કાંઈ બોલતો નથી, તેથી વક્રભાષી તેને એક બાજુએ આસનપર બેસાડે છે.)

નેપથ્યમાંથી—

सच्चिदानंद ! सच्चिदानंद ! तत्वमसि ! ब्रह्मास्मि ! प्रज्ञानमानंदंब्रह्म ! सर्वंखल्विदंब्रह्म ! अयमात्माब्रह्म ॥ ॐनमशिवाय, ॐतत्सत्परमात्मनेनमः

(ઇત્યાદિ બોલતા રૂષિઓ પ્રવેશ કરેછે.)

વક્રભાષી—(સેવારામને) અરે સેવારામ! સત્વર આસનીયાં પાથર પાથર, ગુરૂ પધારે છે !

(તે પાથરેછે ને રૂષિઓ પ્રવેશ કરી આસનપર બેસેછે.)

સમદ્રષ્ટિ—(શાંતિરામ સર્વ રૂષિજનોને દંડવત કરેછે ત્યારે સેવારામને પુછે છે) સેવારામ? આ સાત્વિક વિપ્ર કોણ છે? ને ક્યાંથી આવ્યા છે!

સેવારામ—ઓ નમો નારાયણાય, સદગુરૂ! એ મારો પરમ મિત્ર છે! ને મારે સ્વદેશથી આવ્યો છે.

સમદ્રષ્ટિ—તારો મિત્ર!! બહુ સારૂં, ત્યારે યથાયોગ્ય સત્કાર કરજે

સેવારામ—જેવી સદગુરૂની આજ્ઞા!

પછી સમદ્રષ્ટિ રૂષિ વસ્તુ નિર્દેશરૂપ મંગળાચરણ કરે છે—

ब्रह्मानंदं,परमसुखदं,केवलंज्ञानमूर्त्तिम् ॥
द्वंद्वातीतंत्रिगुणरहितंतत्वमस्यादिलक्ष्यं ॥
एकंनित्यंविमलमचलंसर्वधीसाक्षिभूतम् ॥
भावातीतंगगनसदृशंसद्गुरुंत्वांनमामि ॥

परात्मानमेकंजगद्बीजमाद्यं ।
निरीहंनिराकारमोङ्कारवेद्यम् ॥
यतोजायतेपाल्यतेयेनविश्वं ।
तमीशंभजेलीयतेयत्रविश्वं ॥
नभूमिर्नचापोनवन्हिर्नवायुर ।
नचाकाशमास्तेनतन्द्रानिद्रा ॥
नग्रीष्मोनशीतंनदेशोनवेशो ।
नयस्यास्तिमूर्तिस्त्रिमूर्तितमीडे ॥
अजंशाश्वतंकारणंकारणानां ।
शिवंकेवलंभासकंभासकानां ॥
तुरीयंतमःपारमाद्यन्तहीनं ।
प्रपद्येपरंपावनंद्वैतहीनम् ॥
नमस्तेनमस्तेविभोविश्वमूर्त्ते ! ।
नमस्तेनमस्तेचिदानन्दमूर्त्ते ! ॥
नमस्तेनमस्तेतपोयोगगम्य ।
नमस्तेनमस्तेश्रुतिज्ञानगम्य ॥

(મંગળાચરણ થઈ રહ્યા પછી.)

સમદ્રષ્ટિ—એ રીતે હે વરપ્રભુ ! એક સર્વ વ્યાપક જગતનિયંતા

નિર્વિકાર પરમાત્માછે, તેનું ધ્યાન એકાગ્ર ચિત્તથી કરવું જોઇએ

વલ્લભગુ—એ વાત સાચીછે. પણ દેવનો દેવ શંખ ચક્ર ગદા પદ્મ ધારી વિષ્ણુ છે, જેણે ચોવીસ અવતાર ધારણ કર્યાછે, ને અપાર ચરિત્ર કરીને ભક્તોને સહાયતા કરીછે તથા દુષ્ટોને શિક્ષા કરીછે, એજ માત્ર ધ્યાન ધરવાને યોગ્ય છે, તે સિવાય બીજો કોઈ દેવ ધ્યાન ધરવા યોગ્ય નથી. અને જ્યારે ધર્મનો લોપ થાયછે તથા તેના ભક્તો સંકટ પામે છે. ત્યારે યુગે યુગે તે અવતાર ધારણ કરી પ્રગટ થઈ ધર્મ સંસ્થાપન કરેછે તથા તેના ભક્તોને દુઃખમાંથી મુક્ત કરે છે; માટે હે સમદ્રષ્ટિ મહાત્મા, ઇશ્વર તો એક વિષ્ણુછે.

શાંતિરામ—(વચમાં બોલેછે) એ વિષ્ણુ તો જેનાપર અનુગ્રહ કરેછે તેનું સર્વ હરી લઈ દરિદ્ર આપેછે,મને તો એવું જણાયછે.

સેવારામ—(શાંતિરામને) ચુપ રહે, વચમાં ન બોલ, ગુરૂ કોપશે.

વક્રભાષી—એ તો દારિદ્ર સિવાય બીજું કાંઈ દેખતો નથી.

શ્રેયસકર—અરે વિષ્ણુ વિષ્ણુ શું કરોછો, દેવતો અનાદિ શંકર ભોળાનાથ, ત્રિલોચન, ત્રિપુરારી, મહા પ્રતાપી રૂદ્રસ્વરૂપ, કૈલાસનિવાસી, ઉમાકાન્ત, માહેશ્વર છે, એ સિવાય બીજો કોઈ દેવ નથી. તમારો ઉપદેશ અસત્ય છે, અમે અંગિકાર નથી કરતા સહજ તપમાં પ્રસન્ન થઈ વરદાન આપે એવા ભોળાનાથ શંભુ છે! માટે એજ ઈશ્વર સાચાછે.

શાંતિરામ—(સેવારામ પ્રતિ) કેમ સેવારામ? મારો થોડો તપ! પણ પ્રસન્ન થયા ?

વક્રભાષી—તપનું તેજ પણ મોઢાપર ઝળકી રહ્યુંછે!

સેવારામ—(શાંતિરામને) તું આ મહા ધર્મ સંવાદમાં વચે નિજ સ્વાર્થનું ને સંબંધ વગરનું શા માટે બોલેછે ?

કર્મવિત—દેવ તો ભાઈ સૂર્ય અને અગ્ની સાચા છે, અન્ય દેવ બધા કલ્પિત છે, જે સુર્યે કરીને આ જગતનું કાર્ય બધું ચાલે છે, તે નહોય તો અંધકારમય બ્રહ્માંડ થઈ રહે! અને આપણાં નિત્ય નૈમિત્ત કર્મ પણ તે થકીજ ચાલેછે, દુનિયામાં વૃ-

ષ્ટિનું મુળ કારણ તથા અનાજનો પાક પણ તેથીજ ઉત્પન્ન થાય છે, માટે દેવજ એક સૂર્ય છે અને તેજ પુજવાને યોગ્ય છે. તે સિવાય અન્ય કોઈ દેવ નથી.

શાંતિરામ—(સેવારામને હળવેથી) મિત્ર! ઉપાન વગર આવ્યો તે એજ સુર્યે વિતાડ્યામાં બાકી નથી રાખી.

સેવારામ—(શાંતિરામને બોલતો બંધ કરવા) એ તો ગ્રિષ્મમાં જરા કોપે છે.

દુર્ગાચાર્ય—અરે! શું વિષ્ણુ, શંકરને સૂર્યને દેવ ઠરાવોછો? ઉમા માહેશ્વરી શક્તિ વિના બીજો દેવ કોણછે. જેછે નવદુર્ગા સ્વરૂપ, ચોસઠ જોગણી સ્વરૂપ, આદ્ય શક્તિ, જગતની ઉત્પન્ન કર્તા પ્રકૃતિ મહામાયા વિના પુજવા લાયકતથા સિદ્ધિદાતા અન્ય કોઈ દેવ નથી.

શાંતીરામ—(સેવારામને) નવરાત્રીમાં થોડી ઉપાસના કરી!

સેવારામ—(શાંતિરામને) એકજ ધ્યાન રાખજે! બીજું કાંઈ બોલીશમાં-મિત્ર! આ સંવાદનો તાત્પર્ય કાંઈ દ્રવ્ય પ્રાપ્તીમાં નથી.

વક્રભાષી—નથી કેમ? આ સિદ્ધાંતને અંતે ખરૂં દ્રવ્ય નીકળવાનું છે તે શાંતિરામને મળશે.

સેવારામ—હા, તે ખરી વાત જ્ઞાન એજ ખરૂં દ્રવ્ય, વિરોચન. (નાસ્તિક) અરે પ્યારે દેવ દેવ શું કરોછો, દેવ કોઈ છેજ નહિં. આ જગત શૂન્યમાંથી ઉત્પન્ન થયુંછે ને પાછું શૂન્યમાં લીન થવાનું છે. તત્વનો એવો સ્વભાવ છે કે જેના રસાયન સંયોગથી ઉત્પત્તિ, સ્થિતિ ને લય થયે જાય છે, તત્વ સ્વતઃસિદ્ધ ચૈતન્યરૂપ છે, અને તેની ક્રિયા પણ સ્વતઃ સિદ્ધ છે. કોઇએક ઇશ્વરને જગતકર્તા માનવા કરતાં જગત અનાદિ છે એમ માનવામાં શું દોષ છે? કાંઇપણ દોષ નથી. પુનર્જન્મ છેજ નહિ, અને પ્રાણીઓને સુખ દુખના ભોગમાં પૂર્વ કર્મની બીલકુલ અપેક્ષા નથી. જો સ્થુળ શરીરને એટલે તત્વના દેહની સાથે જીવાત્માને સંબંધ ન હોય તો સ્થુળમાં વિકાર થયે સુક્ષ્મ શરીર (લિંગ દેહ, જીવાત્મા મન વિગેરે) વિકારને પ્રાપ્ત થવાં ન જોઇએ. માટે પંચ-

ભુતની દેહ છે ત્યાં સુધી તેમાં ચૈતન સ્વરૂપ (પંચભુતના યોગથી થએલો) જીવાત્મા છે ને તેના (દેહના) પડ્યા પછી જુદુ કોઈ તત્વ શેષ રહી ક્યાંઈ જતું આવતુ નથી. શરીરની પ્રકૃતિ વિંખાઈ જવાથી પ્રાણાત્મા કોઈ ભીન્ન રહેતો નથી. જેમ કોઈ યંત્ર ખોટકી જવાથી ચાલતું નથી તેમ શરીર પડ્યા પછી તેમાંથી પંચેભુત સમષ્ટિ પંચભુતમાં મળી જાય છે. આપણા પુરૂષારથથી રાજા થવું હોય તો થવાય. તેમાં પુર્વ કર્મની કાંઈ પણ અપેક્ષા નથી. અને પુનર્જન્મ નથી એટલે પુર્વ કર્મ (સંચિત) હોય પણ ક્યાંથી ? ખાવું પીવું, મોજ કરવી, શરીરનું યથાયોગ્ય રક્ષણ કરવું, અંગપર અતર લગાવવું, સારી સારી સ્ત્રીઓ ભોગવવી, પંચ વિષયના સર્વે પદાર્થોનો ખુબ ઉપભોગ લઈ મનને સંતોષ પમાડવો, એજ જન્મ ધર્યાનું સાર્થકછે. પુન્ય પ્રાપ્ત મનકલ્પિત છે. વસ્તુતાએ કાંઈ છેજ નહીં. જગતમાં બળવાન પોતાના બળથી, અગર બીજો કોઈ સારો પ્રસંગ અનાયાસે મળ્યો તો ફાવી જાય એ નીતિ છે. તે સિવાય બીજી નીતિ પણ નથી.

શાંતિરામ—(વચમાં આશ્ચર્ય થઈ જઈને) ત્યારે જગતમાં દાન પુન્ય સત્કર્મ માણસો વ્યર્થ કરતાં હશે ?

વિ૦—(નાસ્તિક) હા, તે કરવાં, મરજી હોય તો, કીર્ત્તિની ઈચ્છા હોય તો, બાકી અન્ય જન્મમાં ફળ પ્રાપ્તિની આશા ન રાખવી. હજારો ગયા. કોઈના સંદેશા આવ્યા છે ? હોય તો કહે. જગત ખોટા ડોળથી ભરમાય છે. બાકી સાચુ કાંઈ છેજ નહિં, પ્રપંચમાં આવડત જોઈએ. તે હોય તો મજા !

(શાંતિરામ સાંભળી ચુપ થઈ જાય છે.)

વલ્લગુ—સાંભળો ! કર્મવિત ! કેવો વિપરીત મત ! વિરોચન અનીશ્વરવાદી (નાસ્તિક) નો કેવો અદ્ભુત મત છે ! ! !

કર્મવિત—ગજબની વાત છે ! ખાવું પીવું ને સ્ત્રીઓ ભોગવવી એ મનુષ્યનું કર્તવ્ય કેમ ? એ તો વિપરીત બોલ છે ! ! !

શાંતીરામ—(પાછો બોલે છે) આમાં મજા તો ખરી, પણ ધન વિના બધું મળે ક્યાંથી ?

સેવારામ—(જરા ગુસ્સાભર) બધું ઊંધું વળી જાય, પણ તું બીજો અક્ષર બોલીશમાં !

વક્રભાષી—(એ સેવારામ પ્રતી) એ ખરૂં કહેછે ! ટેકદાર છે; શામાટે એને ધમકી દેછે ?

સમદ્રષ્ટિ—(આટલી વખત શ્રવણ કરી રહીને પછી) ભાઈ તમે પરસ્પર સંવાદ નહિ કરો, એ સર્વ મિથ્યા ભાષણ થાયછે.

સેવારામ—ગુરૂ ! આજ પાંચ રોજ થયા આ ચરચા ચાલે છે પણ કોઈ તેમનો દુરાગ્રહ છોડતા નથી.

સમદ્રષ્ટિ—ભાઈ, વાડાનાં ને મતનાં બંધન એવાંજ છે. એ એક દમ છુટતાં નથી ! હવે હું મારો સિદ્ધાંત સભળાવુંછું અનુકૂળ આવે તો ગ્રહણ કરશો.

સેવારામ—(સૌને પરસ્પર વાત કરતા જોઈ) શ્રવણ કરો, શ્રવણ કરો. હવે સિદ્ધાંત વચન સમદ્રષ્ટિ ગુરૂ કહેછે તે શ્રવણ કરો !

શાંતીરામ—સેવારામ, ખીજડા પંથનું ભેળું વિવેચન હો !

વક્રભાષી—(સેવારામને) શુણ, શુણ, બેસી રહે, દાળદરનું સ્વરૂપ, ચતુર સુજાણ. બેસી રહે ચુપચુપ !

સેવારામ—(વળી પાછો) શ્રવણ કરો; મતવાદીઓ શ્રવણ કરો !

સમદ્રષ્ટિ—(સર્વની પ્રતિ હાથ કરીને) જેને જ્ઞાનક્રિયા બળ સ્વાભાવિક છે એવા એક સ્વતઃસિદ્ધ પરમાત્માએ આ જગત નિર્માણ કર્યું છે. એ માયોપાધિને લઈને સગુણ બ્રહ્મ એટલે ઈશ્વર કર્તાછે તોપણ અકર્તા છે;

વિરોચનજી તમે જેમ તત્વ, પરમાણું જે જડને દ્રવ્ય છે તેને સ્વતઃસિદ્ધ ચૈતનરૂપ ઠરાવોછો. એ અત્યંત વિરૂદ્ધ વાતને બદલે અમો જે પરમાત્મા ચૈતનરૂપ છે, તેને જગતનું કારણ માનીએ છીએ.

એ સૃષ્ટિકર્તાએ સૃષ્ટિમાં અમુક નિયમો બાંધ્યા છે, તે પ્રમાણેજ જગતનાં કાર્યો થયે જાય છે; તેમ મનુષ્ય પ્રાણિની પણ બુદ્ધિની અમુક હદ બાંધી છે; તે વર્તુળની અંદરજ મનુષ્યનો વિચાર પહોંચી શકે છે, વિશેષ આગળ ચાલતો નથી.

તેનું દ્રષ્ટાંત એકે આ ચારે દિશાઓ. પુર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ આકાશ ને પાતાળ, એ છ ક્યાં સુધી હશે ! ને તેને

છેડે શું હશે ! તેનો પ્રથમ જવાબ આપો, કાંઇક અમુક કલ્પીએ વો પછી શું હશે !

એમાં જેમ આપણી કલ્પના આગળ ચાલતી નથી. અને જેમ તમે તમારી ચર્મ ચક્ષુથી દ્રષ્ટિ મર્યાદા સુધીજ દેખી શકો. ને વિશેષ નહીં; તેમજ તમારી મનશક્તિથી તમે સ્વતઃ સિદ્ધ જગત કરતા ઈશ્વર છે એ હદ સુધી વિચાર કરી શકો, ને વિશેષ નહીં; તે પેલીમેર વિચાર કરતાં તમારી કલ્પનાશક્તિ પાછી વળશે માટે એક સ્વતઃસિદ્ધ ઇશ્વર જગત કરતા છે; તેટલે સુધી મનુષ્ય વિચાર પહોંચવા ઈશ્વરે બુદ્ધિની હદ બાંધી છે, તે ઉપરાંત વિચાર કરતાં અનવસ્થા દોષ આવશે, માટે એ હદ બહાર પ્રશ્ન કરવા જરૂર રહેતી નથી, અને આ જગત એણે સ્વેચ્છાથી રચ્યું છે એ આ વિશ્વના સર્વ પદાર્થોની યથાયોગ્ય રચનાપરથી સિદ્ધ થાયછે.

(પછી વરભ્રગુ પ્રતિ) હે વરભ્રગુ ! મારે એક સ્વતઃસિદ્ધ પરમાત્મા છે; તેને કોઈ વિષ્ણુરૂપ, કોઈ શીવરૂપ, કોઈ ગણેશરૂપ, કોઈ સૂર્યરૂપ, કોઈ જૈન મતવાદી કર્મરૂપ, કોઈ દેવીરૂપ, કોઈ શુન્યરૂપ, ઈત્યાદી અનેક રૂપે માને છે, તેમાં શુન્ય રૂપ કલ્પના કરવી એ સત્યાસત્ય જ્ઞાનવાળા મનુષ્ય પ્રાણીને ઘટીત નથી. તેમજ સૃષ્ટિ, દ્રવ્ય કે જડ પદાર્થોને કર્તારૂપ કલ્પના કરવી, એ પણ બુદ્ધિની જડતા તથા વિચાર શુન્યપણું છે. અને તેઓ ઇશ્વરના મહાપરાધી છે. માટે સંસારી પુરૂષોએ એક એનાપર દ્રષ્ટિ રાખીને સદાચારને નીતિને રસ્તે વરતી તેનું સદા સ્મરણ રાખવું; તેના નિયમને અનુસરતાં સુખ દુઃખ આવે તેમાં સમાનબુદ્ધિ રાખવી; અહીંસક થઈ પ્રાણી માત્રપર દયા રાખવી, કેમકે પરોપકાર તેને પરમપ્રિય છે; એ તેની જગતની રચનાપરથી પ્રત્યક્ષ જણાય છે; જે સ્થિતિ તેણે આપી હોય, ને પ્રયત્ન કરતાં પણ રહે, તેમાં સંતોષ રાખવો; તેવા નીતિથી ચાલનાર તેના ભક્તજનને ગમે તેવી આપત્તિ આવી પડે તેમાંથી તે પ્રણતપાળ તેને છોડાવે છે; સંસારના વર્તમાન નિયમથી વિલક્ષણ બાબતમાં પણ એ તેને સહાયતા કરેછે. કેમકે એ કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ, સર્વ શક્તિવાન ને સ્વતંત્ર જગતપિતા

છે. અને જેઓને સંસારમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તેમણે અરણ્યકે કોઈ એકાંત સ્થળમાં રહી, અલ્પ યથાયોગ્ય આહાર, કે ફળફળાદિક ગ્રહણ કરી એ નિરંજન પરમાત્માનું ધ્યાન લગાવવું. અને તેવા વિવેક, વૈરાગ્ય, ષટસંપતિ, ને મુમુક્ષતા એવાં ચાર સાધનયુક્ત જે આત્મજ્ઞાનના અધિકારી છે, તેને પરીપક્વ અવસ્થાએ બ્રહ્માનંદમાં મગ્ન થઇ સમાધીનું ખરૂં સુખ કેટલું પ્રાપ્ત થાયછે તે હે કર્મવિત અત્રે અવર્ણનીય છે.

સેવારામ—ગુરૂ એ સુખ આપની કૃપાથી મને ક્યારે પ્રાપ્ત થશે.

સમદ્રષ્ટિ—વત્સ, તેં એ પ્રાપ્ત થવાનોજ માર્ગ ગ્રહણ કર્યો છે, તેથી તુને અગમ્ય નથી. હમણાં તું પંચીકરણ વિચારેછે, તેમાં સ્થુળ સુક્ષ્મ, કારણ, મહાકારણ એ ચાર દેહનું વિવેચન જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ત્રણ અવસ્થાનો ભેદ, તેમાં અનુસ્યુત એક આત્મા શી રીતછે તે પંચકોશ, સપ્તભુમિકા, દ્રષ્ય, દ્દષ્ટા ને દર્શન એ રીતે ત્રિપુટીઓના ભેદ, જડ ચૈતનના ભેદ, જીવ ઇશનો ભેદ, જીવ ઇશ્વરને બ્રહ્મની એકતા, મહા વાક્યના વાચ્યાર્થ, તથા લક્ષાર્થ, બ્રહ્મ ચેતન કેમ અનાદી, અનિર્વચનીય અનંત, તથા માયા કેમ અનાદી, અનીર્વચનીય શાંતછે, ઇત્યાદી લક્ષણો તારા સમજવામાં સારી રીતે આવશે ત્યારે તુંને અદ્યાપિ નિત્ય પ્રાપ્ત એવું જે બ્રહ્માનંદ સુખ તે પ્રાપ્ત થશે, જગતનું કારણ બરાબર સમજ્યોછું કે ?

સેવારામ—સદગુરૂ આપની કૃપાથી—ઇશ્વર આ જગતનું અભિન્ન નીમિત ઉપાદન કારણ છે એ સારી રીતે સમજ્યોછું.

સમદ્રષ્ટિ—હા તે ઉર્ણનાભિના દ્રષ્ટાંતથી તુને સારી રીતે સમજાણું એમ મારા ધારવામાં છે, પણ અનિર્વચનીય માયાનું લક્ષણ તારે હજુ યથાર્થ સમજવાનું છે, તથા શાસ્ત્રોનાં રોચક, ભયાનક ને યથાર્થ વચનોનો ભેદ પણ પુરો લક્ષમાં લેવાનોછે. ત્યાં સુધી તને નિસંદેહ જ્ઞાન થશે નહિ.

અપસકર—વાત તો સાચીછે પણ મતનું બંધન મોટુંછે.

કર્મવિત—સિદ્ધાંત વચની છે.

વિ૦—(નાસ્તિક) વાત તો યથાર્થ છે. પણ એવી વર્તણુકથી શરીરને કલેશ થાય ને મોજમજા સર્વે ચાલી જાય!

સેવારામ—કાંઇએ ન ચાલી જાય-વિરોચનજી-મજાજ એમાં છે. કેમકે એ પરમાત્માની એવી આજ્ઞાછે.

(પછી બીજા સર્વ રૂષીઓ પોતાનો મત છોડી ગુરૂ સમદ્રષ્ટિનાં વચન અંગીકાર કરે છે. તથા પરમાત્માનું એક તાન સૌ સાથે ગાયછે.)

આજ્ઞા દ્યો, પ્રભુ તોરે વિજયી હોઉં એ રાગ.

પરમકૃપાળુ પ્રભુ, તું છે જગતપતિ—એ ટેક.

શ્રેયસ અમારૂં, શેમાં રહ્યુંછે, તેવી આપો અમને મતીરે. જ૦
પરમારથ તુને પરમ પ્રિયછે, તેવી પ્રેરો પ્રભુ કૃતીરે. જ૦
વિશ્વની રચના વિવિધ તમારો, મહીમા જણાવે મહામતીરે. જ૦
આત્મજ્ઞાન બોધ અંતર ઉતારો, જ્ઞાન વિશે કરો ગતીરે. જ૦

સેવારામ—ગુરૂ-ઇશ્વરના અનુગ્રહ માટે નિશદીન કેટલી વિનતીની સાથ પ્રાર્થના ઉચ્ચારવી તેની કૃપા કરો.

(સુલોચના સતીનો મહીમા ગાઇએ એ રાગ.)

સમદ્રષ્ટિ—

જગત પિતા દ્રષ્ટિ કૃપાની કરો.

આ સૃષ્ટિ જણાવે તારો મહીમા અપાર. જગત૦
ખગોળ ભુગોળની ચમત્કૃતિ જોઉં,
સૂર્ય ચંદ્ર તારા ગણથી ચકીત હોઉં. જગત૦
બીજમાંથી વૃક્ષ, અને વૃક્ષમાંથી બીજ,
વનસ્પતિની કૃતિ ખુબી ઉદ્ભીજ. જગત૦
એકેક કૃતીનું શું રે કરૂં વરણન,
પાર કોઈ પામ્યું નહીં, રૂષી મુનીજન. જગત૦
સૂક્ષ્મ કૃતિ કૃતિમાં, લક્ષ તારૂં ઇશ,
મનુષ્ય સુખનો રે હેતુ, ધારી જગદીશ. જગત૦
શુક શોભા અંકીત, જાણીને તેને શીશ,
કાંટલો કંઠે બનાવ્યો, ખુબી જગદીશ. જગત૦

પ્રસન્ન પ્રાણીના હિતથી પ્રભુ રહો,
ક્રુરને કટાક્ષ તારી, ભક્તને ચહો. જગત૦
કામ ક્રોધ લોભ મોહ, માયાના વિકાર,
અંધ કરી ભૂલાવેછે વિવેક વિચાર. જગત૦
અજ્ઞાનનો પડદો તમે મૂક્યો લોકપાળ,
આડે રસ્તે ચાલ્યા જઇએ, કરશોરે સંભાળ. જગત૦
જે ઉત્તમ માર્ગે શુભ હોય અમ કાજ,
તેવે રસ્તે ચડાવશો રે જગાધીરાજ. જગત૦
દયા ક્ષમા ધૃતિ શાંતી, શમતા સંતોષ,
સદગુણ તણા પ્રભુ માગીએછી કોષ. જગત૦
સદગ્રંથ, સતશાસ્ત્ર, અને સતસંગ,
તેમાં રંગ લાગે, તેવા આપશો પ્રસંગ. જગત૦
આત્મજ્ઞાન સમાધીનું સુખ સદાકાળ,
વિક્ષેપ રહીત ચિત્ત કરશો રે દયાળ. જગત૦
ચાર પદારથ નીતિ થકી પ્રાપ્ત થાય,
તેવી કેવી રેણી, અમ, કરો જગરાય. જગત૦
સંસારમાં વિચરૂં ને લક્ષ તુજમાંય,
સંસારથી વિરક્ત, સમાધી તારી થાય. જગત૦
કોટી કોટી વંદન તુનેછે એક ઈશ,
તન મન ધન સર્વ અરપુંછું શીશ. જગત૦
કર્ત્તવ્ય મનુષ્ય જન્મનું જે છે નાથ,
અમથી સદાતે થાઓ, મુકો શીર હાથ. જગત૦

શાંતિરામ—(તે થઈ રહ્યા પછી સેવારામ પ્રતિ) હવે મારી વિનતિ સેવારામ !

વક્રભાષી—હવે ભાઇબંધનું કરીશ કે નહિ, કે ખાલી વાતના તડાકા !

સેવારામ—(શાંતીરામને લઈ ત્યારે, સમદ્રષ્ટિ ગુરૂને સાષ્ટાંગ દંડવત્ કર, ને તારી વિનતિ નિવેદન કર.

શાંતિરામ—(સાષ્ટાંગ દંડવત કર્યા પછી) મહારાજ, હું ધવલપુરનો રહીશ એક વિપ્ર છું, તથા દરીદ્ર અવસ્થાથી બહુ દુઃખી છું.

મ રી સ્ત્રીને મારી સંતતિ ક્ષુધાથી બહુ પીડીત છે; આપ મહાનુભાવ પાસે યાચન કરવા આવ્યો છું. તો કાંઇ લક્ષ્મિ દાનની આશા રાખુ છું.

સમદ્રષ્ટિ—વિપ્ર નિશ્ચંત રહે, પણ અમ ફળાહારી રૂષિઓની પાસ ધનસંગ્રહ હોતો નથી.

સેવારામ—મહાત્મા એ તો મુને ખબર છે પણ—

વક્રભાષી—એવું જાણતો હતો ત્યારે શા માટે અહીં આવ્યો!

સમદ્રષ્ટિ—માટે હે આર્ય, તારે જ્ઞાન જોઇતુ હોય તો તે હું પાત્ર પરીક્ષા કરી આપું, ને નિજાત્મ વિચારથી અમર કરી દઊં.

શાંતિરામ—મહારાજ, અમૃત પાયાવગર અમર કેમ થાય? એ તો દેવતાઓ પાસેછે.

વરભ્રગુ—(સમદ્રષ્ટિ પ્રતિ) આ બ્રાહ્મણને હજુ પુરાણોનું સ્થુળ જ્ઞાન છે, એ આત્મજ્ઞાનને હજુ પાત્ર નથી.

શાંતીરામ—(પોતાના ગુરૂને) ગુરૂ, ગમે તેમ કરીને મારા મિત્રનું દારિદ્ર મટાડો, મારા દેહનો ખપ પડે તો તે પણ હું આપવા તૈયાર છું—

વરભ્રગુ—(સમદ્રષ્ટિ) એને કાંઇ વસ્તુ આપો, આપની વચન સિદ્ધિથી એને ફળ પ્રાપ્ત થશે.

સમદ્રષ્ટિ—બહું સારૂ વિપ્ર, તારા મિત્રની તારાપર નિ૦પ્રતિમ પ્રિતિ જોઇ (મૃગચર્મ નીચેથી કાઢીને) લે, આ, તને એક અમરફળ આપુંછું. અને તે પ્રાશન કરતાં તું અમર થઇશ અને નહિ તો તેના પ્રતાપથી તને રાજાઓ પાસેથી દ્રવ્ય પણ પ્રાપ્ત થશે.

શાંતિરામ—(ઘણાજ ઉપકારની સાથે લઇને) તથાસ્તુ હે મહાત્મા! હે દયાનિધિ! હવે હું આજ્ઞા માગુંછું.

સેવારામ—બેસ બેસ. હવે જગતનિયંતા પરમેશ્વરની આરતિ થાયછે. તે શ્રવણ કરીને પછી જજે.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો.) એ રાગ.

આરતી તારી ઉચરીએ, નિરંજન આરતી તારી ઉચરીએ. ટેક.
સરવ વ્યાપક તુજ ચેતન શક્તિ, વર્ણન શું તેનું કરીએ;
શુદ્ધ હ્રદયથી જોરે આરાધીએ, તો ભવસાગર તરીએ. નિર.

યોગ યગન સમાધી ધરી ધ્યાને, વક્ષવિશ્વ નવ ઠરીએં;
અકળ ગતી પરાપાર પિતુ તારી, વાણીથી શું રે વિસ્તરીએ. નિ.
રચના યથાયોગ્ય આરે જગતની, મહીમા તારો ઉર ધરીએ;
દીન વચન પ્રભુ અલ્પ સ્વીકારો, કાવ્યે કથન શું કરીએ, નિ.
(પછી ત્યાંથી ઉઠી સૌ સૌને સ્થાન પ્રત્યે જાય છે)

પ્રવેશ ૩ જો.

ગંગાબાઇ, મથુરો, અમથો, તૃષ્ણારામ, વિક્રાળસિંહ.
પછીથી શાંતિરામ પ્રવેશ કરેછે—

ગંગાબાઈ—(લમણે હાથ દઇને સ્વગત બોલે છે) અરે હે પરમેશ્વર! અમે બ્રાહ્મણ સહુથી ઉત્તમ વર્ણ! અને સૌથી માઠી દશા! પિતાએ ઘર કુલીન જોયું, વર વિદ્વાન જોયો, પણ દરિદ્રના દરીયામાંથી નિકળવા વખત આવતો નથી! બીજો વૈભવ તો એક બાજુપર રહ્યો, પણ અરરર! મારી સંતતિ અન્નવિના વ્યાકુળ! હે જગદીશ! ક્ષુધા વેઠયાનું અપાર દુઃખ સહન હવે નથી થાતું! (શાસ્ત્ર વાત વિચારીને) હે કૃષ્ણ! સુદામે તારા ચણા ખાધાતા, તો તેને તેં દરીદ્ર આપ્યું પણ અમે શું તારો એવડો મહાપરાધ કર્યો છે કે તેં અમને દરીદ્રનો અસહ્ય સમુદ્ર દીધો! હર હર ભગવાન! આ જીવતરથી મરવું સારૂ છે! અરે પણ આત્મહત્યાનું નિષેધ કર્મ કેમ કરાય! જેવી વિશ્વેશ્વરની મરજી! આવી આપત્તિમાં એક નિષ્ટાથી એનું સ્મરણ, તથા સદાચરણ રેણી રાખશું, તો તે શું કોઇ દિવસ સામું નહીં જુએ! એ તો તડકા છાંયા છે! આ નિરધનપણું મટી સુખનો દિવસ પણ એ આપશે.

મથુરો—(એટલામાં માતુશ્રી મને ભુખ લાગી છે, મારા ભાગના ચણા અમથો ખાઈ ગયો; હવે હું શું ખાઊં, હવે હુંથી ભુખ્યાં રહેવાતું નથી!

અમથો—મા મેં ક્યાં પરમદિવસનું મુદલે ખાધું છે! મથુરો તો ખોટું બોલેછે.

ગંગાબાઈ—(સજલ નેત્રે હાથ ઊંચો કરીને)

વસંતતિલકા છંદ.

રે ક્યાં થયાં! ઉદય એ! પ્રભુ પાપ મારાં,
ધાન્યો વિના દુખિ થતા તનુજો બિચારા;
દારીદ્ર દૂખ જગમાં શિદ તેં કર્યું છે,
સૃષ્ટિ રચી જગપિતા દિલ શું ધર્યું એ;
તારી અપાર કરૂણા સરવત્ર ભાસે,
રે શું! દુખી કરછ ભોજન પાન ત્રાસે;
જે છે ધની તુજ કૃપામય સૂખકારી;
નાવે કદી નજરમાં દિનતા અમારી;
ભંડાર જ્યાં ભરછ ત્યાં અતિ તું ભરે છે,
ખાલી પ્રભુ કરછ ત્યાં નજિવું હરેછે;
જાણો કરૂં વિનતિ શું વધુ દેવ દેવા;
તુંને ગમે પ્રભુ નકી દિન તેહ લેવા.

ગંગાબાઈ—બેટા, તારી ઉમર નાની છે; માટે ક્ષુધા તારાથી સહન નહિ થાય; (ચણાનું ઠામ બતાવીને) લાવ એમાંથી; બે મુઠી ચણા છે તે લાવીને ખા, મારી નજરે!

નેપથ્યમાં—

નારાયણ પ્રસન્ન!! આજ દી કેમનો ઉગ્યો હશે! બારણાં ઉઘાડાં છે!

ગંગાબાઈ—(પડોશીને ઘેર શુકલ આવ્યા એવું સાંભળીને) બેટા, દોડ, દોડ, દ્વાર બંધ કર, શુકલ આવેછે; વળી ના કહેવી પડશે!! હર હર ભગવાન! આમ કરવું પડેછે!!! (છોકરો જાયછે ને શુકલ પ્રવેશ કરેછે.)

મથુરો—(પાછો દોડી આવીને) મા, શુકલ આપણી ડેલીમાં આવી ગયા.

ગંગાબાઇ—ચિંતા નહીં બેટા, એમાંથી એક મુઠીભર ચણા પેલા પાત્રમાં નાંખ, (તે નાંખે છે)

તૃષ્ણારામ—(પ્રવેશ કરી દ્વાર પાસે) નારાયણ પ્રસન્ન !

ગંગાબાઇ—બેટા આજે લોટ નથી, માટે શુકલને (ઠામ બતાવીને) એમાંથી મુઠીભર ચણા દે. (છોકરો આપેછે તે શુકલ લે છે.)

તૃષ્ણારામ—ગંગાબાઈ, શાંતિરામ કેમ દેખાતા નથી, ક્યાં ગયા છે; કુલીન ખોરડાં ભાઇ ! દેશતેડે ગયા હશે. પોતે પણ લાણું કરે એવા છે ! કેમ ગંગાબાઈ ! તમે કેતાં હતાં ને કે શનીશ્વરના મંત્ર જપાવવા છે; તો ભલે આજ શનિવાર છે લાવો; પાલી અડદ ને લોઢાનો ખીલો; મંત્ર જપશું પછી તમારા મથુરીયાને ઉની આંચ પણ ન આવે; ગમે તો સુવર્ણનું દાન પછી દેજો.

ગંગાબાઇ—તૃષ્ણારામ શુકલ, એના પિતા આવ્યા પછી જપાવશું, હમણાં નહીં.

તૃષ્ણારામ—બહુ સારૂં, ત્યારે જપાવજો. (જાય છે.)

મથુરો—મા, મા, મંતર શેના, અડદ ક્યાં છે ! માતુશ્રી, મારા ભાગના ચણા શુકલને શામાટે દીધા !

ગંગાબાઈ—(સ્વગત) હર હર ભગવાન ! દેવ દેવેશ્વરનું ઘર ! કુલીન ! યાચક અતીથિ, શુકલ કોઈ આવે તેને મુઠી કણિકા દીધા વગર પણ ચાલે નહિં, હવે શું કરવું ! લાજ કેમ રહેશે !

અમથો—માતુશ્રી, મરી જાઉ છું, મારૂં પેટ જો, પેટમાં બહુજ દુખે છે !

મથુરો—મા. મા.

ગંગાબાઈ—શુ કહેછે ? બેટા.

મથુરો—મા, તેં જે વૈંતાક રાખ્યાંતાં, તેમાંથી બે અમથો ખાઈ ગયો, એ ભુખ્યો નથી, ખાલી એના પેટમાં દુખે છે.

ગંગાબાઈ—ખરૂ ! એક એથી ! ને બીજુ ભુખથી ! ! (મથુરાને) બેટા આટાનો ખડીપો આંહી લાવ. ને ખંખેર, કાંઈ તેમાંથી લોટ નિકળે તો ! તો વાટકી ઘીએ ખરડી છે તેમાં તને મેળવી આપું !

મથુરો—મા, ઘી કેવું હોય ! હું તો ભૂલી ગયોછું.

અમથો—મથુરા–આપણે તે દી સીધુ આવ્યું હતું ને કટોરીમાં નહોતુ ? એવું.

મધુરો—કયું શીખું? તું મગની દાળનો ફાકડો મારી ગયો તો ઈ?

ગંગાબાઈ—(આ રગઝગ જોઈને) હર હર શંભુ! મારા લઘુ બાળકો! મારે ઉદર એમણે જન્મ લીધો! સંસારનો ?ન્તન હજુ જાગ્યો નથી! તેટલામાં ધૃત તેલ કેવાં હશે તેના પણ પુરી ખબર નથી! અરે પ્રભુ, પતી વિદ્વાન, પણ નિરૂદ્યમી! આવું સંકટ મારા લલાટમાં ક્યાંથી લખ્યું હતું! સુરેશ્વર આચારજના ઘરની આબરૂ પણ મોટી! પીયર પણ જવાય નહિ કે આ બાળક, અન્નપાન ભેળાં થાય.

નેપથ્યમાં મોટેથી શબ્દ.

શાંતિરામકે ઘરમે કોન હે? શાંતિરામ કીધર હે! ક્યું જવાબ જવાબ નહિ મીલતા!! શાંતિરામ ક્યું દીખતા નહિ!!

ગંગાબાઈ—બેટા. જો, બહાર કોણ આવ્યું છે? વિકાળસિંહ તો નથી કે!

મધુરો—માતા, એ તો એજ! વિકાળસિંહ ઠાકોર!

ગંગાબાઈ—હાય હાય, એક વખત ટંટો મચાવી ગયોતો ને ફરી આવ્યો!!

વિકાળસિંહ—(નજીક આવીને) સાલે બમન. સારા મુલકકું બીખ માંગકે દરીદ્ર દીયા, સાલે અબ નહિ છોડુંગા. પંદરા *ગદેયા મુદલ ઓર પીસ્તાલીસ બ્યાજકે બયે હે સો સાઠ ગદેયા અબી લાઓ, બ્યાજમેંસેં એકભી કમી નહીં કરૂંગા, સાલી બ્રાહ્મની, અચ્છી હોકર બેઠી હે! હમારે ક્યા ઉસમેં? પેસા લાઓ. ન હોવે તો ઘરસેં બહાર નિકલો, સાલા શાંતિરામ એક દીનભી ઘરૂ નહીં રહેતા.

ગંગાબાઈ—વિકાળસિંહ ઠાકોર, આપનાં નાણાં બ્યાજ સુદ્ધાં દમડી પણ અમે નહિં રાખીએ! આ છોકરાનો બાપ ઘેર આવે કે આપ પધારજો, ઠાકોર આપ કેવા ઈજતદાર મોટા માણસછો; બાઈ, આપનાં શાં વખાણ કરીએ!

---

*તે વખતમાં એ નામનો સિક્કો હતો, આ માણસ રૂપાના સિક્કા માગતો હતો.

વિક્રાળસિંહ—સાલી, ભાઈ, ભાઈ કીસકું કહતી હે! હમ ક્યા કુછ તેરે ભાઈ હે? હમારે ક્યા? પેસા લાઓ; ઓર નાંહી તો ઘરસેં બહાર નિકલો. હે કુછ દુસરી મરજી! શાંતિરામ હોવે તો છોડું નહિ—પરંતુ ઇધર તુ—હે—તો—

ગંગાબાઈ—ઠાકોર-શાંતિરામ તમારે છોટાભાઈ તુલ્ય છે. અને આપની મિત્રાચારી કેવી હતી તે વિચારી જુઓ!

વિક્રાળસિંહ—તબતોં તુઝે કહતાહું, નહીંતો કપડેભી ખુંચ લઉં?

ગંગાબાઈ—આપ મોટા લોક, મારા સ્વામિનાથના મિત્ર, મારે પિતા તુલ્યછો!

વિક્રાળસિંહ—દેખો, સાલી ભાઇસેં બાપપર આઈ!!

ગંગાબાઈ—ઠાકોર આ છોકરાનો બાપ ગામ ગયાછે ખરચી નથી તે કાંઈ-બે-ચાર ભેળા ભેળી લેજો.

વિક્રાળસિંહ—દેખ સાલી, બડી નટખટ હુંશીયાર, મુદલ પૈસા દેના નહિ, બ્યાજ ભી દેના નહિ, દુસરી કુછ બાત નહિ, ઓર દો ચાર અશરફી લડકેકું દો, જાહાનમમેં જાવે તેરા લડકા!

ગંગાબાઈ—(ઠાકોરની આંખ ફરેલી જોઇ એકદમ બાર બંધ કરી દેછે. ને ઠાકોર આમાં કાંઇ સાર નિકળવો નથી એમ કહી ચાલ્યો જાયછે ને પછી શોકાતુર થઇને—

રાગ સીતાજીના મહિનાનો.

આમ કષ્ટ ઉપર પ્રભુ કષ્ટ, ક્યાંરે લગી આપશો;
ક્યારે દ્રષ્ટિ કરશો દીનાનાથ, દરિદ્રતા કાપશો.
કેવી રીતે દિવસ હું રે લઉં, અંતરજામી જાણતા;
સત્ય ટેક નીતિ વ્રત નાથ, દયા નથી આણતા.
નીતિ ધારી ભક્તો તણી રહાય, કરો પ્રભુ સર્વદા;
કઈ નીતિનો કીધોછે ભંગ, આપો પ્રભુ આપદા.
શુદ્ધ વૈદીક કર્મની ક્રિયા, ઘરમાં જેહ ચાલતી;
નડે નિરધનપણું બૌવાર, તોપણ હું સંભારતી.
રહે પ્રસન્ન પતિનું મન, ઉપાયો હું યોજતી;
ઘર સંપતિ વિચારી કામ, કરી સંતોષી યતી.

મારાં સાસુ શ્વસુરની સેવામાં, ચુક કીધી નથી!
તેતો જાણોછો જુગદાધાર, તત્પર કેવી હું હતી!
નથી નણંદ ભોજાઇનો દ્વેષ, કદી પ્રભુ મેં કર્યો;
વરતી રાખી ન્યાય વિવેક, સ્વકુળ ધર્મને ધર્યો.
શુદ્ધ સ્વામી ચરણમાં પ્રિત, રીત પ્રતિવ્રત તણી;
તેમાં લેશ ચુકી નથી નાથ, સાચવી ઘણી ઘણી.
નથી દુખવ્યા પતિ કો દિન, દરિદ્ર દુઃખ ગાઇને;
દેતી દિલાસો વારંવાર, સ્થિતિ આ ભુલાવીને.
સુખ દુખ સંસારના ચક્ર વિશે, આવ્યે જાયછે;
તેમાં દંપતી ધારે જે ટેક, અંતે સુખી થાયછે.
એવા વિચાર અંતર માંહે, અહરનીશ રાખતી;
વળી જગકર્ત્તા તારી સહાય, રોઈ ગુપ્ત માગતી.
પ્રાણનાથ દુખી મારા થાય, અહીં તહીં આથડે;
અન્ન વિના દુખી મુજ બાળ, વસ્ત્રો નવ સાંપડે!
વળી દુષ્ટ આવા લેણદાર, આવીને ઉભા રહે!
તેને મારે શું કરવા જવાબ! અબળા દેહીને દહે;
ભલે પીડવી હોય તે પીડો, ટેક તોડું નહીં પ્રભુ;
જીભમાં એક જપું તુજ નામ, બીજુ સ્વામીનું વિભુ!

આકાશવાણી—

વસંતતિલકા છંદ.

પામ્યું પામ્યું દુખ પ્રલય હે ? વિપ્રની એક નારી,
વામ્યું વામ્યું નિરધનપણું તાહરૂં દુખકારી;
રાખી રાખી બહુ દિનથી તેં સાચવી ટેક સારી,
પામીછું તું પ્રભુ પ્રસનતા વીપતી વામી તારી!

ગંગાબાઈ—(આશ્ચર્ય થઇને) અરે આ શબ્દ ક્યાંથી સંભળાણા! આ સંકટમાં આવો દિલાસો ક્યાંથી! કોઇએ હાંસી કરી!

એટલામાં શાંતિરામ પ્રવેશ કરેછે.

શાંતિરામ—(બારણા આગળ આવીને બંધ છે તેથી) પ્રિયા, બારણું ઉઘાડ.

મથુરો—(માને) માતુશ્રી આ મારા પિતાનો સાદછે !

ગંગાબાઈ—હા છે તો એજ. (બારણાં ઉઘાડે છે) શાંતિરામ પેસે છે ગંગાબાઈ વંદન કરેછે. બંને છોકરાઓ ખભેથી ખડીઓ લઇને વીંખવા મંડી જાયછે.

શાંતિરામ—(છોકરાને) બેટા એમાં કાંઇછે નહિ, ઘેર આવ્યા કે ભોગ મળ્યા ! (અમથાને લપડાક મારેછે).

ગંગાબાઈ—પ્રાણનાથ, ન હોય તો કાંઈ ચિંતા નહિ, દરિદ્રતાનું દુઃખ લલાટમાં લખ્યુંછે તે તો મટે ત્યારે ખરૂં ! પણ ઘણે મહીને ઘેર આવ્યા, ને છોકરાં કાંઈ આશાએ ઝોળા જુએ છે તેમને તાડન પ્રહાર શા માટે કરોછો ?

મથુરો—(તેટલામાં ફળ કાઢીને) બાપા ! આ શુંછે?

શાંતિરામ—બેટા આંહી લાવ (તે આપેછે તે પછી સ્ત્રીને બતાવીને) પ્રિયા આ અમરફળ !

ગંગાબાઈ—તેનું પછી-પ્રાણનાથ, એથી આપનો કહેવાનો ભાવાર્થ શું છે?

શાંતિરામ—પ્રિયા-એનો એવો ચમત્કાર છેકે એ ફળ નર કે નારી જે પ્રાશન કરે, તેને મૃત્યુ ન આવે, કોઈ મહાત્માએ પ્રસન્ન થઈ એ મને આપ્યુંછે ! તારી મરજી હોય તો, હું ને તુ પ્રાશન કરી અમર થઇએ ! !

ગંગાબાઈ—પ્રાણનાથ, ખરે, મને, આ દુખ સમુદ્રમાં દિલાસો મળ્યો, તેવીજ આ વસ્તુ ! ! એમાં સંદેહ નહિ. પણ પ્રાણનાથ આપણે નિર્ધન આ પ્રાશન કરીને શું કરશું ! મારી એક વાત સાંભળો:—

ગીતી.

દરીદ્રતાનું દુખ તો, મોત આવતાં કદીક પણ છૂટે;
પણ આ ફળને ખાતાં, ભવ લગિ લલાટ ચોંટે નવ ત્રૂટે.

માટે આ ફળ ખાધાથી ભવપર્યંત દરિદ્ર દુખનો પાયો રોપાશે ! દૈવયોગથી કદી સ્થિતિ સુધરે તો કોણ જાણે ! માટે મારો વિચાર તો કોઈ ધનવાનને આપી તે બદલ લક્ષ્મિ આપણે લઇએ એવો પહોંચે છે! પછી જેવી આપની મરજી !

શાંતિરામ—પ્રિયા તારી વાત ખોટી નથી; થાય તો એમજ; વળી મહાત્માનું એમ પણ વચન છે કે એ ફળ કોઈ રાજાને આપતાં આપણને અખુટ દ્રવ્ય પ્રાપ્ત થશે!

ગંગાબાઇ—ખરેખર; પ્રાણનાથ, એ ફળ તો રાજદેહનેજ યોગ્ય છે, અને તે વળી કોઇ પ્રજાહિતેચ્છુ ધર્મ માર્ગાનુરાગી રાજાને આપશો તો તે અમર થયાનું સાર્થક કરશે!

શાંતિરામ—(તે સાંભળી જરા વિચારીને)—

ગીતી.

એવો, એક ભરથરી; ફળ આ દેવા લાયક છે ભૂપ;
અગણિત લક્ષ્મિ આપે, ઉજ્જેની પતિરાય ધરમરૂપ;

એવો રાજા તો એક સાંપ્રતકાળમાં ભર્તૃહરી સાંભળ્યોછે માટે પ્રિયા, તેને જઇને આ ફળ દઊં.

ગંગાબાઈ—પ્રાણનાથ, ઘણોજ ઉત્તમ વિચાર, લક્ષ્મી સારી રીતે માગી લજો.

મથુરો—માતુશ્રી હું મારા પિતા ભેળો જઇશ.

ગંગાબાઈ—હા ભલે જજે.

શાંતિરામ—પ્રિયા, છોકરાનું રાજદરબારે કામ નહિ, વિવેક વિના ગ્રહસ્થાઈ કળાઈ જાય!

ગંગાબાઈ—એ તો લક્ષ્મિ આવશે, ત્યારે ભળી આવશે, ભલે ભેળો આવે, તમારૂં શું લઇ જાયછે!

શાંતિરામ—લક્ષ્મી આવશે, ત્યારે શોભશે એમ કહે! પણ પ્રયાણ ક્યારે કરવું?

ગંગાબાઇ—હવે પ્રાણનાથ, આપ ભોજનની વાત કરો, પછી પ્રયાણનો વિચાર કરજો. (એમ કહી પોતે પડોશીને ત્યાં કાંઈ લેવા જાયછે.)

શાંતિરામ—બહુ સારૂં ત્યારે, ચાલ સંધ્યાવંદન કરી જમી લઊં.

(એમ કહી ત્યાંથી ઉઠેછે.)

(દ્વીતીય અંક સમાપ્ત.)

અંક ૩ જો.

પાત્ર.

ભર્તૃહરી................માળવ દેશનો રાજા.
વિક્રમાદિત્ય..............તેનો નાનો ભાઇ.
દીર્ઘદર્શી................તેનો પ્રધાન.
શુરસેન................તેનો સેનાપતિ.
પિંગળા..................તેની માનીતી રાણી.
મધુરવદંતી...............તેની દાસી.
સુખલેર અશ્વપાળ.......અશ્વશાળાનો ઉપરી ને
પિંગળા રાણીનો યાર.
માલો...................અશ્વશાળામાં નોકર.
શાંતિરામ...............ધવલપૂરનો એક બ્રાહ્મણ.
મથુરો...................તેનો પુત્ર.
પ્રતિહાર.................એક દ્વારપાળ.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પિંગળાનો રાજમેહેલ.

પિંગળા, ને મધુરવદંતી.

પિંગળા—કેમ, મધુરવદંતિ, મેં તુને મારો ચંદનહાર આપ્યો હતો, તેનો તેં શું ઉપયોગ કર્યો?

મધુરવદંતી—બાઈ સાહેબ, મારા ભાઇનાં લગ્ન થયાં, તેના ખરચમાં એ ગયો; અને આ વખત મોજ એથી પણ વધારે લેવાની છું.

પિંગળા—બહુ સારૂં, એથી પણ વધારે—પછી કાંઇ? પણ તેં આજ રાજાજીને વાસ્તે ઉત્તમ ભોજન બનાવ્યાં છે, તેમાંથી અનુચ્છિષ્ટ એક સુવર્ણપાત્રમાં રાખવાનું કહ્યું હતું તે તેં રાખ્યા છે કે નહિ?

મધુર૦—હા, બાઈસાહેબ, બીજી વખત જે ભોજન સારાં બનાવ્યાં

હતાં તે તો તેમને માટે રાખ્યાંછે, ને પેલી વખતનાં તો રાજા આપની પાસે જમ્યા તે માલમ નથી!

પિંગળા—હા, હા, માલમ છે, દાસી વખત કેટલો થયો હશે?

મધુર૦—બાઇસાહેબ, નવ બજ્યા હશે!

પિંગળા—ત્યારે તાકીદ રાખ, પાછલે બારણેથીજ ચાલીજા, ભાંયરામાંથી જાવાની કાંઈ જરૂર નથી.

મધુર૦—(જરા વિચારીને) બાઈ, આપના યાર અશ્વપાલજીને આપ બે વખતને બદલે એક વખત મળો તો શું છે? વારંવાર મળવાથી ક્યાંક:—

પિંગળા—દાસી, તું આટલું થયાં મારી પાસે રહે છે, પણ સ્ત્રી ચરિત્ર બરાબર જાણતી નથી અરે! અશ્વપાળ કદી મારી પાસે ઉભો હોય; ને રાજા આવી ચડે તોપણ શું થયું! પુરૂષોનો શું મગદુર છે? તું વખતો વખત વગર પુછ્યે ડહાપણ શા માટે કરે છે!

મધુર૦—તે વાત ખરીછે, પણ બાઇસાહેબ, મારા પિતા નીતિવાન, રાજ્યભક્ત હતા, ને મારી માતુશ્રીએ પણ રાજની નેકીથી ચાકરી કરીછે, તો મારે પણ લુણહરામ થવું વાજબી નથી, એવું ધારી મને જે સારૂં લાગેછે તે કહી છુટૂંછું, પછી આપની મરજી!

પિંગળા—હું તારાથી અધિક શાસ્ત્ર ભણીછું, મુને પણ જે વાજબી લાગતું હશે તેજ કરતી હઇશ, તું હજી કોકશાસ્ત્ર પઢી નથી. સરવનો સાર કામ વિલાસમાં છે. જે પુરૂષમાં એ કળા તથા શકિત પૂર્ણછે તેજ આપણા કામનો છે, બીજો નહિ.

મધુર૦—ત્યારે મહારાજ ક્યાં કામ વિલાસમાં અપૂર્ણ છે? હું નથી જાણતી કે એના જેવા કોઇ અન્ય સર્વ કળા સંપન્ન હોય!

પિંગળા—તે ખરૂં, પણ અશ્વપાળ થાય! વળી મેં મોહોબત બાંધી તે તોડું કે?

મધુર૦—અક્કલને ને એને સો ગાઉનું છેટુંછે, પછી માંહે માલ ગમે તેવો હોય!

પિંગળા—એમાં તુ વિશેષ ન સમજ, આપણે તો હજારને રમાડીએ, હવે જા તાકીદથી (નેપથ્યમાં ઘંટા સાંભળી) જો આ નવ બજ્યા!

ગજલ.

(ઈંદ્ર સભામાં ગવાતી ઢબની.)

જા સખી તું વેગે વેહેલી, લાવ અશ્વપાળ;
યાર વિના કામે વ્યાકુળ, થઈ છું હું એ હાલ.
મોહ્યું એથી મન મારૂં, રાખ્યું તેથી યારી;
જીવ જહાન એછે મારો, શુણ સખી યારી.

મધુર૦—　　રાગ ઉપરનો.

અહહ બાઈ એહ તર્ક, નથી ઘટિત આપ;
અતી પવીત્ર આપ સ્વામી, શીદ ધરોછો પાપ.
નીચ સંગ યારી તેમાં, ફળ નથી રે સારૂં;
સુસ્ત થઇને શું કરો છો, કાર્ય આ નઠારૂં.

પિંગળા—

મારી સાથે શું છે તારો, ધર્મ તું વિચાર;
અશ્વશાળા સદ્ય શોધી, ઓળી લાવ યાર.
મુર્ખ મોટો એછે પણ, જાણે ભોગ વિલાસ;
એના સમ સુખ કદી, મળે ન સ્વામી પાસ.

મધુર૦—

પવિત્રતાનો ધર્મ ત્યાગ, કાં કરો છો બાઈ;
દિલ દીધેલ સ્વામી સાથે, ના રખો જુદાઇ.
જો કદાપિ નૃપતિ જાણે, આવું દુષ્ટ કાજ;
કૂળ મારૂં ઓદી કાઢે, ભૂપ પૂન્યરાજ.

પિંગળા—　　રાગ સિંહાનો કનરો.

આમ વિચાર વિના શું બોલે, પ્રિત ધરી દાસી તુજને
મેં રાખી. આમ૦ ટેક.
કપટ તજીને ગુપ્ત જણાવું, મદનની મોજ તુંને મેં ભાખી૦ પ્રિ૦
જોરે વિશેષ બોલી તો તુજને, કરીશ બેહાલ હું આરોપ નાંખી૦ પ્રિ૦

મધુર૦—　　ગજલ.

(ઈંદ્ર સભામાં ગવાતી ઢબની)

કોપ શીદ કરોછો બાઇ, આજ્ઞા શીર ચઢાવું,
પણ મુર્ખથી યારી કરી, રહેશોરે પસ્તાવું;
ભર્તૃહરી દેશ પતિ, ગુણી વિદ્યાવંત,
તેવા પ્રાણનાથ તજી, આવી રાખો ખંત.

બાઈ સાહેબ, મુને કુલીન જાણી મહારાજાએ આપની પાસ રાખી છે; તો પ્રસંગોચ્ચિત્ત હિતકારક નિતિવચન કહેવાં એ પાસવાનનો ધર્મ છે; માટે કહુંછું કે હમણાંથીજ વિચાર કરો તો સારૂ, આપ જેવાં સુંદર રાજમાતાને એક નીચ ઠાણીયાથી યારી કરવી ઘટીત નથી, પણ ખરે પ્રેમ તથા રાગનું બંધન એવુંજ છે! વિષનો વિલાસી જીવ, સાકરને સ્વિકારતો નથી; વિષ્ટાપર બેસનારો જંતુ કમળનો ત્યાગ કરે છે; તેમ આપને પણ આ નીચના પ્રેમ પાસમાંથી નિકળવું મુશ્કેલ છે; માત્ર આપને સ્વતઃશુદ્ધ વિચાર ઉગેતોજ નિકળી શકો, બીજો ઇલાજ નથી; શાસ્ત્રમાં રૂપ ગુણ શીલ યૌવન યુકત જેવા ઉત્તમ પતિ કહ્યા છે તેવાજ ભર્તૃહરી મહારાજ આપને સ્વામી મળ્યા છે, કે જેમાં બીજી કોઇ પણ વાંછનાની અપેક્ષા રહેતી નથી; તોપણ આપ આ લત છોડતાં નથી એ ભવિષ્ય પરિણામ બુરૂં થવાનું છે એમ સુચવે છે! કદી આ વાત દૈવયોગે પ્રગટ થઇ તો મારો, આપનો તથા એ અશ્વપાળનો શિરચ્છેદ નિશ્ચે થશે! એમાં બીલકુલ સંદેહ નથી. ને આ દાટ દુર્બાધા વાળતી ગઇ છે તે વિચારો.

પિંગળા—દાસી એક વખત કહ્યું તોપણ ન સમજી, જ્યાં કામાગ્ની સર્વાંગ પ્રજ્વળીત થયો છે, ત્યાં તારા ઉપદેશરૂપ પાણીનો છાંટો શું શાંતિ કરવાનો હતો? માટે સત્વર જા, ને તે હાજર ન હોય તો કોઇ બીજાને બોલાવી લાવ, મોજ આજ વધારે લેવી છે એ ભુલી ગઇ? દૂર્બાધાનો દોષ તારે કદી ન કાઢવો.

મધુર૦—(સ્વગત) હવે આને વધારે કહેવું નહીં એકમાંથી બે સંગ યારી થઇ તો ઉલટી વિશેષ ખરાબી થશે બાઇસાહેબ હમણાં જઇ બોલાવી લાવું છું:

પિંગળા—

શુંણ સખી જાયછે તું, તેડવાને કાજ;
એમ નહી આવે યાર, મૂર્ખ શિરતાજ.
ભોજનની લાલચે એ, આવશે સતાબ;
માટે એવું કહી એને, લાવ બીન દાબ.

મધુર— એમાં કહેવું નહિં પડેરે, બાઇ મુને કાંઇ;

જુક્તી સરવ જાણું સાચી, આપ નામ ગાઈ,
આટલો મેં વખત કાઢ્યો, આપ કેરી પાસ;
મારી એ પ્રતિતિ કેમ, રાખો નહિ ખાસ.

બહુ સારૂ બાઈ, ત્યારે જઊંછું.

પિંગળા—ઠીક, તાકીદથી આવજે અને મેહેલને પાછલે બારણેથી એને દાખલ કરજે; અને હું પણ અહીં ભોજન, અતર, પાન બીડી વિગેરે મારા યારને માટે તૈયાર રાખુંછું;

(એ સાંભળી દાસી તેડવા જાય છે ને પિંગળા ભોજન ગ્રહમાં જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજકચેરી.

દીર્ઘદર્શિ, શુરસેન, વિદુષક, પાછળથી ભર્તૃહરી, તથા વિક્રમાદિત્ય આવે છે;

દીર્ઘદર્શી—(સેનાપતિ પ્રતિ) કેમ શુરસેનજી, મહારાજ કચેરીમાં આજ કાલ આવતા નથી, રાજકામમાં ઘણા ચુકાદા બાકીછે, રાજન આવ્યા વગર નિકાલ પણ કેમ થાય ?

શુરસેન—હમે તો જ્યારે પુછાવીએ છીએ ત્યારે કાંઈ જવાબ મળતો નથી, અને કહેછે કે પ્રધાનજીને પુછજો, બાઈ, હમારૂં તો કાંઈ માન પણ નથી !

વિદુષક—જેને તરવારની હામ, તેને માનનું શું કામ ?

શુરસેન—નફટ તારી માફક અમારે કાંઈ આબરૂ ગુમાવવી નથી, તારે સૌની હાંસી કરવી, કોઇને બે વચન કહેવાં, અને તેનાં પોતે સાંભળવાં, અને શ્વાનની માફક અહીં તહીં ફરવું.

વિદુષક—(પ્રધાનપતિ) આ બાબત લાંબી નજર કરી વિચારી જોશો તો એલ બધો આણેજ બગાડ્યો છે, ક્યાંઈ પરાક્રમ મારવું હોય, તો ખાલી બડાઇ કરી મહારાજને કહેશે કે તમારી જરૂર નથી, હું જઇશ, પછી સૌથી પેહેલા જાય, વાગે ઘાય,

લડાઈ થાય, દેશ ખોવાય, કરી કમાઈ આવ્યા આંઈ, ને આબરૂ ગુમાઇ, આ એમ નથી અમારૂં તો, તમેજ મહારાજને સુસ્ત કર્યાછે, અમે તો મહારાજ કચેરીમાં નથી આવતા, તો૦ પણ પ્રધાનજીના સલાહથી કાન ભરીએ છીએ, પછી સાચી કે ખોટી, પણ કામ ચાલેછે દોટાદોટી.

દીર્ઘ૦—વિદુષક—આજકાલ મહારાજનું ચિત્ત રાજકાજમાં બીલકુલ નથી તેનું કારણ તુને માલુમ છે?

વિદુષક—ખાનગીની વાત કહેતાં દિલ ખણસાય, પણ કહ્યા૦ વગર નહિ ચાલે કેમકે પ્રધાનજી પગારેની કરે છે ઓઠી, ત્યારે વાતું થાયછે મીઠી.

દીર્ઘ૦—ત્યારે તો-વિદુષક સાચેસાચું કહે!

વિદુષક—કાનમાં કહું, સાનમાં કહું કે ભરી સભામાં ભણી જાઉ?

દીર્ઘ—એ વાતનો અહીં વિચાર કરવો છે, માટે આંહી બોલ.

વિદુષક—ત્યારે સાંભળો કહુંછું, એ મહારાણી પીંગળાએ જે નાંખ્યોછે-મોહનો પાસ, તે તેના થઈ બેઠા છે દાસ, ભુલ્યા વિદ્યા રાજનીતિ, ભુલ્યા ન્યાય પ્રજાની પ્રિતિ, ભુલ્યા જીવજાન આ દોસ્ત તેમાં કોને દઉ હું દોષ.

દીર્ઘ૦—જે રાજા ન્યાયનીતિ છોડીને સ્ત્રીમાં તલ્લીન થાય છે, તેનું રાજ પાયમાલ થઈ જાયછે. વિવેક શિરોમણી વિક્રમાદિત્યને કામ સોંપતા જાયછે. પણ સર્વ રાજકાજના અનુભવી મહારાજના અભિપ્રાય વિના કોઈ પણ કામનો નિકાલ છેવટ કેમ થઇ શકે? યુદ્ધ પ્રસંગ પણ ઘણા ઉભા થયાછે, તેમાં રાજનના બાહુબળનું કામ છે.

શુરસેન—પ્રધાનજી વાતો તો ઈધર તીધર કરોછો, પણ રાજેંદ્રના મુખપર તો એક શબ્દ પણ કહેતા નથી.

વિદુષક—આમ અનઘડની માફક કેમ બોલોછો, તમને ખબર નથી કે રાજા પાસે કેમ બોલાય, સ્વભાવની સ્થિતિ જોઈ વાત થાય. હાજીહા શાસ્ત્ર ભણો તો ખબર પડશે.

શુરસેન—(ગુસ્સે થઇને) અમારી જ્યારે વાત આવેછે ત્યારે કાંઇને કાંઈ યુક્તિ કાઢીને તું હરામી ઉડાવી દેછે; અને પ્રધાનજીની વાત હોય ત્યારે કહે છે કે બધી બરાબર છે, તે અમે હાજી હા કહેવાવાળા નહીં તો.

વિદુષક—બહુ સારૂં ત્યારે, સાંભળો પ્રધાનજી, આજ આ શુરસેનજી મહારાજના મુખપર ખધું કહેશે, ને તેમની હાલની રીતી જાહેર કરી દેશે, અને પોશાક સેનાપતિનો ઉતારીને મને આપવા જશે.

નેપથ્યમાં—

આસ્તે નિગા રોષન ખડી તાજીમ નજર રખો મહારાજ—

વિદુષક—સાંભળો, સાંભળો, મહારાજ પધારે છે, આજ નશીબ તમારાં ઉઘડ્યાં કે ત્રણ મહીને દર્શન થશે.

(ભર્તૃહરી મહારાજ વિક્રમાદિત્ય સહિત પ્રવેશ કરેછે.)

દીર્ઘ—(ઉભા થઇને) મહારાજ અભિવંદન કરૂંછું.

ભર્તૃહરી—પુરણ આશીષ. દીર્ઘદર્શી!

(તેમજ શુરસેન વિગેરે વંદન કરી બેસેછે.)

વિદુષક—(ઉભો થઇને) મહારાજ વંદનપર અભિવંદન, બ્યાજનું બ્યાજ તે ચક્રવૃદ્ધિ કહેવાય!

ભર્તૃહરી—સમજ્યો, બેસ વિદુષક.

દીર્ઘ૦—મહારાજ, તે દિવસ આપને રોશન કરેલાં બારે કામનો નિકાલ કરવો બાકીછે, નૃપેંદ્રની શી આજ્ઞાછે?

ભર્તૃહરી—તે કામ શા માટે આજસુધી પડતર રાખ્યાં? મેં તમને સાફ કહ્યું હતું કે મારે માટે કોઇપણ બાકી ન રાખવું, તેમાં વિક્રમાદિત્યનો અભિપ્રાય લેવા પણ કહ્યું હતું (વિક્રમાદિત્ય તરફ નજર કરીને) કેમ વિક્રમ?

વિક્રમાદિત્ય—ગુણસિંધુ વડીલ ભ્રાતા, પ્રધાનજીનું એમ કહેવું હતું કે મહારાજ એ કામથી અથ ઇતિ માહીતગાર છે. માટે તેઓ કચેરીમાં પધારશે ત્યારે નિકાલ કરશું.

ભર્તૃહરી—(પ્રધાનને) નહિ નહિ હવેથી એ રીતી ન રાખવી, હ-

રેક કામનો નિકાલ આ વિક્રમાદિત્યની સમક્ષ કરવો.

દીર્ઘ૦—નૃપવર્યનો હુકમ હોય તો હમણાંજ કામનું વંચાણ કરી અભિપ્રાય લઇ લઉં.

ભર્તૃહરી—પ્રધાનજી, હું ઘણો વખત રોકાવાનો નથી, માત્ર અરધો કલાક રોકવાનોછું, અને કાલે નવલાખની જરીયન સાડી જે સોદાગર પાસેથી લીધી છે તે હમણાંજ મંગાવી અંતઃપુરમાં મોકલી દેજો.

વિદુષક—(વચમાં) વાર તે કેમ લગાડે! રાજકાજ પછી ને પેહેલું એ!

દીર્ઘ૦—બહુ સારૂં, હમણાંજ મોકલુંછું. પણ મહારાજ સત્યાચાર્ય શાસ્ત્રીને શો પોશાક આપવાનો છે?

ભર્તૃહરી—હા, ખરે, તેનું પછી શું થયું?

દીર્ઘ૦—દુર્મનાચાર્યે રાજનીતિમાં અસત્ય ભાષણની જરૂરછે એવો પોતાનો દુરાગ્રહ સંવાદ પુરો થતાં સુધી છોડ્યો નહીં.

ભર્તૃહરી—આહાહા! અધુરા જ્ઞાનનું એજ ફળછે!

अज्ञःसूखमाराध्य,
सुखतरमाराध्यतेविशेषज्ञः ॥
ज्ञानलवदुर्विग्धं,
ब्रह्मापिचत्तंनरंनरंजयति ॥

અર્થ.

મુર્ખને સેહેલાઇથી ખુશી કરી શકાય છે, અને પંડિતને વધારે સેહેલાઇથી ખુશી કરી શકાય છે, અને જરા જ્ઞાનને લઇ બળેલા માણસને બ્રહ્મા પણ ખુશી કરી શકતા નથી.

વિદુષક—એમ તે હોય મહારાજ, થોડું જાણનારને અલ્પ અભિમાન હોયછે, એતો તુર્ત કોઈ વાતની હા કહી દે.

ભર્તૃહરી—નહિ નહિ, એથી ઉલટુંજ સમજવું—માણસને જ્યારે થોડું જ્ઞાન હોયછે ત્યારે અભિમાન વિશેષ હોયછે, ને જેમ જેમ

તે વિશેષ જ્ઞાન મેળવે છે તેમ તેને ઘણું જાણવું બાકી છે, એમ તે ત્યારે સમજતો જાયછે—મારૂં પોતાનુંજ એમ હતું.

ભુજંગી છંદ.

હતો અલ્પ જ્ઞાની અહો જેહ વારે,
નકી જાણતો આપ સર્વજ્ઞ ત્યારે;
પછી જેમ મેં કાંઈ વીશેષ જાણ્યું,
નથી જાણતો કાંઈ એ મેં પ્રમાણ્યું.

વિદુષક—ત્યારે જે વખતે તમારી સભામાં વિદ્વતાના ભાષણના ઝપાટાં ચાલતા હોય અને સામસામા શાસ્ત્રીઓ આખડતા હોય ત્યારે મારા જેવા અર્ધદગ્ધના તો ભોગ ના? એ વચન બોલવાં કે છતી જીભે મુનીવ્રત?

ભર્તૃહરી—સભામાં વિવેક અને ચતુરાઈયુક્ત સભ્ય વાકચાતુરી એ જેમ વિદ્વાનનું ભુષણ છે, તેમ તારા જેવાને માટે પણ બ્રહ્માએ એક સારૂં ઘરેણું બનાવ્યું છે. તે તારે તે વખતે પરિધાન કરી લેવું.

વિદુષક—ત્યારે તો માહારાજ એટલુંજ કામ છે; એ કહો આપનો મહાન આભારી થઈશ. વળી તંગીમાં આવ્યે, એ ઘરેણું રૂણ મુક્ત પણ કરશે. ઠીક થયું!!

ભર્તૃહરી—સાંભળ ત્યારે.

स्वायत्तमेकांतगुणंविधात्रा।
विनिर्मितंछादनमज्ञतायाः॥
विशेषतःसर्वविदांसमाजे।
विभूषणंमौनमपंडितानाम्॥

સર્વને જાણનાર વિદ્વાનોની સભામાં મુર્ખાને મુંગા રહેવું એ રૂપી ઘરેણું બ્રહ્માએ સ્વાધીન, ઘણા ગુણવાળું. અને મુર્ખપણાનું ઢાંકણું બનાવ્યું છે.

વિદુષક—વાહ! એ બહુ સારૂં ધરેણું; મારે ન એને સો જોજન છેટું, મફતે અંગીકાર ન કરૂં!

દીર્ઘ૦—(વિદુષકને હળવેથી) ઠીક વિદ્વતાનો પ્રસંગ કાઢ્યો! હવે બે કલાક સાચા. ચલાવ્યે જજે.

વિદુષક—(પ્રધાનને) સત્યાચાર્યને પોશાક આપવા વિશે પુછ્યું પણ કાલ કવિરાજ પધાર્યા હતા તેનું શું કર્યું ?

ભર્તૃહરી—હા, એ ભુલી જઇએ છીએ, એમની કાવ્યશક્તિ મેં જોઇ છે, અદ્દભુત છે, તેમને એક લક્ષ સોના મહોર આપજો, હું જાણુંછું કે કાલેજ કહેવરાવ્યું હતું!

પ્રધાન—મહારાજ, એવા મહાત્મા, તથા વિદ્વાન, અને કવિઓનો યોગ્ય સત્કાર ન કરી આપની નિર્દોષ કિર્તિપર કલંક કેમ લાવીએ! આજ્ઞા મળતાં તેજ વખતે સત્કાર કર્યો હતો!

વિદુષક—પુરેપુરી લાખ કે કાંઈ ઓછું! આમજ તમે મહારાજના ભંડાર ખુટાડ્યા, અમે તો ઘણુંય કડતલ કરીએ છીએ. કોઈ ભાવે પુછતું નથી, આ બે ઘડી હસ્યા એટલે મારાં છોકરાં ઘુઘરે રમ્યાં ?

ભર્તૃહરી—મિત્ર ખરા કવિશ્વરોની ખુબી એક જુદીજ છે!!! તેમનો સત્કાર રાજાઓથી ન થાય તેટલો ઓછો છે!

ગીતી.

કાવ્ય યુક્તિ વિજ્ઞાતા, મહા કવીશ્વર દરીદ્ર જે દેશે,
મહત્તા નૃપનિ ઓછી, થાશે વિના પરિક્ષા જો રેશે;
વિના ઝવેરી જ્ઞાતા, મણી અમૂલિક કોડીવત ભાસે,
કચાંઈ મુલ કર્તાની, મણીનિ કિમ્મત ઓછી નહિ થાશે.

जयंतितेसुकृतिनोरससिद्धाःकवीश्वराः
नास्तियेषांयशःकायेजरामरणजंभयम्

રસમાં માહિતગાર એવા કવિશ્વરો પુણ્યવાન તથા સૌથી ઉત્તમ છે, કારણ કે જેઓના યશરૂપી શરીરને ઘડપણ અને મોતથી થએલી બીક નથી.

વળી—सुकवितायद्यस्तिराज्येनकिम्

સારી કવિતાના સંતોષ આગળ રાજ પણ તુચ્છ માત્ર છે. અને મારી રાજ્યલક્ષ્મિ એવા સુપાત્રોને દાન દેવામાં ઉપયોગી ન થઇ તો પછી શું કામની ?

दानंभोगोनाशस्ति
स्त्रोगतयोभवंतिवित्तस्य
योनददातिंनभुक्ते
तस्यतृतीयागतिर्नवति.

દાન દેવું, ભોગ ભોગવવા, ને નાશ થવો, એમ દ્રવ્યની ત્રણ ગતિ છે, જે માણસ દાન દેતો નથી, તથા ભોગ ભોગવતો નથી, તો તેના દ્રવ્યની ત્રીજી ગતિ એટલે નાશ થાયછે.

વિદુષક—વિદ્વાન, તથા કવિજનોની વાત આવે, ત્યાં આપની નમ્રતાનો પાર નહિં, અને અમારી સાથે શઠપણું એવી બે વર્તણુકનું કારણ શું કે પુર્વની લેણા દેવીનો સંબંધ હશે ! !

ભર્તૃહરી—વિદુષક સંસાર વ્યવહારમાં એજ રીતી રાખવી જોઇએ, એ પણ એક નિતિ છે, તારી સાથે અંતઃકરણથી એવું હોય નહિ, પણ તારૂં જેવું દ્વી અર્થી. કે સમશ્યાયુકત ભાષણ, તેવો અમારો પ્રત્યુત્તર હોવોજ જોઇએ. સાંભળઃ—

दाक्षिण्यंस्वजने,दयापरजने,
शाठ्यंसदादुर्जने ॥
प्रीतिःसाधुजनेनयोनृपजने
विद्वज्जनेष्वार्ज्जवम् ॥

शौर्यंशत्रुजनेक्षमागुरुजने

नारीजनेधूर्तता ॥

यत्रैवंपुरुषाःकलासुकुशला

स्तेष्ववलोकास्थितिः ॥

સગાં વહાલાંની સાથે ડહાપણ અથવા ઉદારતા, બીજા લોકોપર દયા, દુર્જનની સાથે લુચ્ચાઈ, સત્પુરૂષની સાથે પ્રીતિ, અને રાજાની સાથે ન્યાય, વિદ્વાનો સાથે નમ્રતા, શત્રુઓની સાથે શૂરપણું માબાપ અને વૃદ્ધોની સાથે ક્ષમા, સ્ત્રી લોકોની સાથે ધુતારાપણું. એ રીત કળાઓમાં જેઓ કુશળ છે, તેઓ વિશેજ લોકની સ્થિતિ છે.

વિદુષક—એ બધું તો અંગમાં હોય તો ઉભું રહે. ત્યારે મુને ત્રણે તાલ વિધાત્રીએ સરખા ન આપ્યા, તેમાં દોષ કોને દેવો ?

ભર્તૃહરી—એનો તો મુખ્ય આધાર ઇશ્વર કૃપાપર છેઃ—

सूनुसच्चरितःसतीप्रियतमा

स्वामीप्रसादोन्मुखः

स्निग्धंमित्रमवंचकःपरीजनो

निक्लेशलेशमनः

आकारोरुचिरःस्थिरश्चविभवो

विद्यावदातंमुखं ॥

तुष्टेविष्टपहारिणीष्टदहरौ

संप्राप्यतेदेहिनाम् ॥

અર્થ.

સદાચરણી દીકરો. અતી વહાલી સ્ત્રી, મેહેરબાની રાખનારો ધણી, સ્નેહ (ખરો) રાખનારો દોસ્તદાર, નિષ્કપટી ચાકર, કલેશના લેશ વગરનું મન, સારો આકાર, સ્થિર સંપતિ, વિદ્યાથી શોભીતું મ્હોડું, એ સર્વ ફળ અંતરયામી વરદાન આપનાર હરિ પ્રસન્ન થયા હોય તોજ માણસને મળે!

સેનાપતિ—ત્યારે મહારાજ એ પ્રાપ્ત થવા સત્પુરૂષનો રસ્તો કેવોછે કે જેનું મનુષ્યે આચરણ કરવું જોઇએ.

વિદુષક—હા મહારાજ, એ રસ્તો મુને પેહેલો બતાવો.

ભર્તૃહરી—સાંભળ ત્યારેઃ—

ત્રોટક.

હરવા પર દ્રવ્ય ન રાખ મતી,
ચરચા પરનાર ન રાખ રતી,
નિજશક્તિ યથા, શુભ દાન દીયો,
જિવ હિંસક આપ થતાંજ બીયો,
જિવ જાય ભલે પણ ન્યાઈ થશો,
વળિ નીચનિ ચાકરી ના કરશો,
કદી નીર્ધનતા અતિ આવિ અડો,
કદિ દુઃખ સમુદ્ર વિશે લથડો,
પણ ધીરજ માન ન ત્યાગ કરો,
નિજ ટેક ધરી શિવને સમરો,
તૃષણા સરિતા પુરથી અટકો.
શિવ પૂજન રાખ સદા ખટકો.

વિદુષક—ત્યારે આપે ઉપર કહ્યું તેમ નીચની તાબેદારી ન કરવી કેમ?

ભર્તૃહરી—

कुसुमस्तबकस्येवद्वयीवृत्तिर्मनीषिणः ॥
मूर्ध्निवासर्वलोकस्यविशीर्यतवनेथवा ॥

ફુલના ગુચ્છાની પેઠે મહોટા માણસની બે જાતની સ્થિતિ

છે. કાંતો સર્વ લોકના માથા ઉપર રહે, અને કાંતો વનમાં વિખેરાઈ જાય.

દીર્ઘ૦—રાજેંદ્ર એ ખરૂં છે, શુરાતન, ટેક, ને પાણી, પરાક્રમવાળા પુરૂષોની તો એજ રીતી છે.

વિદુષક—હા, જુવાનીનું જોર પણ ભળું જોઈએ, તો પુરૂષમાં રતી, તેજ ને કળા હોય ! નહિતો અમારા જેવાનો તો આ ઉમરે તાબેદારી ને ખુશામત કરીને જીવ જાયછે મહારાજ આપ રાજા એટલે સર્વત્ર એમજ દેખતા હશો.

ભર્તૃહરી—વયસ્ય તેમાં યુવાવસ્થાનું કારણ નથી !

सिंहशिशुरपिनिपततिमदमली
नकपोलभित्तिषुगजेषु ॥
प्रकृतिरियंसत्ववतां,
नखलुवयस्तेजसोहेतुः ॥

સિંહ નાની ઉમરનો હોય છે, તોપણ મદના જળથી મેલા ગંડસ્થળવાળા હાથીઓ ઉપર તલપ મારેછે. એ ઉપરથી એવું સમજાય છે કે પરાક્રમવાળાનો આવોજ સ્વભાવ છે; માટે અવસ્થા કંઈ પરાક્રમનું કારણ નથી.

વિદુષક—મહારાજ, આપે દાન, ભોગ ને નાશ, ત્રણ રેસ્તા દ્રવ્યના કહ્યા. પણ પેલા બેમાંનું એક આ પ્રધાનજી કે સેનાપતિની પાસ હું જોતો નથી, ને છેલું તો પરમેશ્વર જીવતા હશુ તો દેખાડશે.

ભર્તૃહરી—(પ્રધાન તથા સેનાપતિ પ્રત્યે) આર્યો માત્ર ધનસંગ્રહમાં દ્રષ્ટિ ન રાખવી.

आज्ञाकीर्त्तिःपालनंब्राह्मणानां
दानंभोगोमित्रसंरक्षणंच ॥
येषामेतेषड्गुणानप्रवृत्ताः

क्वोर्थस्तेषांपार्थिवोपाश्रयेण ॥

હુકમ, કીર્તિ, બ્રાહ્મણોનું પાલન, દાન, ભોગ, મિત્રોની રક્ષા જેઓને એ છ વાનાં મળ્યાં નથી, તેઓને રાજાના આશ્રયથી શો ફાયદો છે ? કશો નથી, માટે મારા રાજનાં જે માણસો કહેવાયાં, તેની પાસે આ છ બાબતની શક્તિ અવશ્ય જોઇએ, ને ત્યારેજ મારી કિર્તિ !

દીર્ઘ૦—આપ વિદ્વાનોને, તથા યાચકોને ધન દઈ પ્રસન્ન રહોછો એ ઉત્તમ છે પણ તેની હદ જોઇએ !

ભર્તૃહરી—એ રીતે અપાયલા ધનથી ઘટેલી રાજલક્ષ્મિ મારી શોભાને ઉલટી વધારે છે ! જેમ સરાણે ઉતારેલો મણી, હથીયારથી ઘાયલ શુરવીર, મદ ઝરવાથી દુબળો હાથી, શરદઋતુમાં ઓછા પાણી વાળી નદીઓ, કળાશેષ, એટલે એક કળાનો પડવાનો ચંદ્ર, કામક્રિડામાં મર્દન કરી શીથીલ થઈ ગયેલી જુવાન સ્ત્રીઓ, એ સર્વ જેમ ક્ષીણતાથી શોભેછે, તેમ કવિ-વિદ્વાન, ને સુપાત્ર યાચકને સંપત્તિ આપીને નિર્ધન થયેલા રાજાઓ પણ શોભે છે.

વિદુષક—અને તેમ રાજાની અલ્પ સંભાળથી ક્ષીણ થયેલું રાજપણ આજ શોભેછે !

ભર્તૃહરી—મનમાં સમજી જાય છે પણ ઉત્તર દેતા નથી).

વિદુષક—(તુરત ઉપલા શ્લોકના સંબંધમાં વાત કરેછે) અને મહારાજ આપનું દાન ને હું જેવો સુપાત્ર ગ્રાહક તે લઇને મારા, પિતા જેને કરજથી રાત દી નિદ્રા નહોતી તેને મેં રૂણમુક્ત કર્યાછે.

ભર્તૃહરી—તો તુંને ધન્ય છે.

વિદુષક—ધન્ય તો આપના ધનને, મુને નહિ !

ભર્તૃહરી—સાંભળઃ—

यःप्रीणयेत्सुचरितैःपितरंसपुत्रो
यद्भर्तुरेवहितमिच्छतितत्कलत्रम्।

तन्मित्रमापदिसुखेचसमक्रियंय,
देततत्रयंजगतिपुण्यकृतोलनंते ॥

સારા આચરણથી પોતાના પિતાને જે પ્રસન્ન કરે તેજ દીકરો. અને જે પોતાના ધણીનું હિત ઇચ્છે તેજ સ્ત્રી, દુઃખ તથા સુખ વખતે એક રેણીથી વરતે તેજ મિત્ર, જગતમાં પુણ્ય કરનારાને એ ત્રણ મળે છે.

વિદુષક—મહારાજ મિત્ર તરફનો મારે સંતોષ નથી, જ્યાં જાઊં ત્યાં તેવા મળે, ઘડી ઉભા કે જામી જાય!

ભર્તૃહરી—ત્યારે હું તુંને મિત્ર ગણુંછું, મારી સાથે કેમ લડતો નથી!

વિદુષક—(ગાલે તમાચો મારીને) એક તમસિવાય, કેમકે તમે તો મારા ગુપ્ત ભાવાર્થ સમજી જઈ ખરો અર્થ ગ્રહણ કરો છો?

ભર્તૃહરી—સાંભળ મિત્રતો આવા જોઇએઃ—

पापान्निवारयतियोजयतेहिताय,
गूह्यंचगूहतिगूणान्प्रकटीकरोति ॥
आपद्गतंनचजहातिददातिकाले
सन्मित्रलक्षणमिदंप्रवदंतिसंतः ॥

પાપને નિવારણ કરે, લાભ થવાનો રસ્તો બતાવે, છાની વાતને ગુપ્ત રાખે, ગુણોને પ્રસિદ્ધ કરે, દુઃખમાં ફસાયલો હોય, તોપણ છોડીને ચાલ્યો ન જાય, જરૂર પડેતો દ્રવ્ય પણ આપે, એ સારા મિત્રનું લક્ષણ છે એમ સત્પુરૂષો કહે છે.

અનુચર—(પ્રવેશ કરીને) મહારાજ, એક બ્રાહ્મણ કોઈ આવ્યાછે, કહે છે કે રાજેંદ્રને મારે મળવું છે.

ભર્તૃહરી—ભલે આવે, વિપ્રને મના હોય? મારા રાજમાં!

શાંતિરામ—(પ્રવેશ કરી આશિર્વાદનો છંદ ભણતા ચાલ્યા આવેછે.)

તોટક છંદ.

વર માલવ દેશ તણા ભુપતી,
સુખ સંપતિ પ્રાપ્ત ટળો વિપતી;
નૃપ રાજ તમારૂ અવીચળ રે,
દ્વિજ એટલી આશિષ પંડિત દે.
શત પૂત્ર અને શત કોટિ ધની,
ચકવે નૃપ રાજ રહો અવની;
પ્રતિ પાલન ભૂપ પ્રજાનું કરો,
તમને નિતિ ન્યાય સદાય વરો.

ભર્તૃહરી—કેમ મહારાજ આપનું આગમન અત્રે શું નિમિત્તે થયુંછે. તે કૃપા કરી કહો.

શાંતિરામ—હે ઉજ્જયનિ પતિ, ભરથરી રાજન, મારૂ વૃત્તાંત મોટું છે તે શ્રવણ કરો. હું મારી સાથે આપને, એક ફળ ભેટ કરવાને લાવ્યો છું તે મને કોઈ મહાત્મા પુરૂષથી મળ્યું છે. એનો ચમત્કાર એવો છે કે, જે કોઈ નર અથવા નારી એ ફળ પ્રાશન કરે, તે અમર થઈ જાય, ફરી એને મૃત્યુ નહિ, તો મેં વિચાર કર્યો જે એ ફળ માલવપતિને યોગ્ય છે; આપ અમર થઈ પ્રજાનું નિતિ ન્યાયથી પાલન કરશો; અને મારા જેવો દરિદ્ર વિપ્ર એ ફળ જમે તો હાલ જે દરિદ્રતાના અસહ્ય દુઃખનો પરિતાપ વેઠેછે, તે એ ફળને પ્રતાપે યાવચ્ચંદ્ર દિવા કરૌ સજ્જડ લલાટમાં ચોટે; માટે એ ફળ રાજાઓને યોગ્ય જાણી આપની પાસે ભેટ દાખલ લાવ્યો છું. આપ એ અંગીકાર કરી મુને એ બદલ લક્ષ્મિ આપો, ને આપનું ઇશ્વર કલ્યાણ કરે!

ભર્તૃહરી—બહુ સારૂ, પરમ પૂજ્ય વિપ્ર એ ફળ ક્યાં છે, કે જેનો ચમત્કાર તમે એટલો બધો વર્ણવો છો?

(શાંતિરામ બગલમાંથી કાઢી વસ્ત્રથી છોડી તે આપે છે ને રાજા તે ફળ લઈ તપાસે છે)

મથુરો—(તેના બાપને ઉતાવળેથી ગાદીની પડખે માર્ગ જોઇ) કાકા, મારે ઉવાં બેસવું છે!

શાંતરામ—(સ્વગત) છોકરાંને સાથે ન લાવવાં; ભિક્ષુક બ્રાહ્મણનો છોકરો, દરિદ્ર રાજ દરબાર દીઠો ન હોય; (છોકરાને હળવેથી) ચુપ રેહે ગમાર.

દીર્ઘ૦—(એ સાંભળીને પાસેથી) શું છે મહારાજ; છોકરો શું કહેછે?

શાંતિરામ—અનદાતા, એતો લપોડશંખ છે, કાંઈ નથી !

ભર્તૃહરી—શું છે પ્રધાનજી, મહારાજ શું કહેછે, ફળ જણાયતો છે ચમત્કારી !

દીર્ઘ૦—રાજન, આતો બીજી વાત છે; આ બ્રાહ્મણનો છોકરો કહે છે કે એને આપની પાસે બેસવું છે !

વિદુષક—હા હા ઠીક છે, નામ શું મહારાજ એનું !

શાંતિરામ—નામ છે મથુરો.

વિદુષક—બરાબર, ત્યારે વિચારી જુઓ, એની સિંહરાથી થઈ તે ઉવાં ન બેસે.

શાંતિરામ—(ભરથરી પ્રતિ) અન્નદાતા, આવી સંતતિ પિતાને લજ્જા ઉત્પન કરેછે.

મથુરો—(રાજાની બત્તી જોઇ) કાકા, પેલો સોનેરી વાળો ફેટો મારે માથે !

શાંતિરામ—(એક કોરે હળવેથી) ચુપ રેહે, દીર્ઘસુત્રી રાંડને કહ્યું તુ જે છોકરાને ભેળો મોકલીશમાં, તોય મોકલ્યો તો હવે આબરૂ ગુમાવીએ છીએ !

ભર્તૃહરી—(એ બધુ સાંભળીને) પ્રધાનજી, એ બ્રાહ્મણને એક લક્ષ સોના મહોર, અને એના છોકરાને, એક ઉત્તમ મંદીલ આપો.

શાંતિરામ— રાજન તારૂ કલ્યાણ થજો; તથા તું અનંતકોટી વર્ષલગિ ધર્મ સંપતિ સંતતિ યુકત થઈ ન્યાયથી પ્રજાનું પાલન કરશ એવું મારૂં આશિર્વચન છે. (પછી પ્રધાને એક લાખ મહોરની ચીઠી તથા એક મંદીલ મંગાવી તેના હાથમાં આપ્યું તે લઈ ફરી આશીર્વાદ દઈ ઉતાવળે છોકરો વળી કાંઈ બોલશે એવા ડરથી કહે છે.) રાજન હવે રજા લઊછું.

મથુરો—(એટલામાં) સેનાપતિની ખુરશીએ હાથ લગાડી કહેછે) કાકા, આ માંચી આપણે ઘેર.

શાંતિરામ—મુર્ખ ખુરશી લઈ જાઇશ, તારે માથે ચડાવીને !

ભર્તૃહરી—મહારાજ, વળી શું જોઇએ છીએ બોલો?

શાંતિરામ—રાજેંદ્ર, એ છોકરોજ એવોછે, ને એ દરીદ્રતાનું લક્ષણ છે, કે સંતતિ એવીજ થાય; વળી કહેછે કે આ ખુરશી જોઇએછે.

ભર્તૃહરી—બહુ સારૂં, એ પણ લઈ જાઓ.

વિદુષક—(સેનાપતિને) એ, ઉઠો ને ખુરશી ખાલી કરી દીયો;

સેનાપતિ—સાલે, હેવાન, પ્રધાનજીને કેમ ન કહ્યું?

વિદુષક—તમારા કરતાં એની પદવી ઊંચી છે માટે; અને આ છોકરાની મરણ ગાંઠ પણ તમારી ખુરશીએ ભીડાઇ ગઇછે !

સેનાપતિ—(સ્વગત) આ બ્રાહ્મણનો છોકરો પણ ખુરશી છોડતો નથી !

શાંતિરામ—રાજન મારે ખુરશી નથી જોઇતી! કેમકે આપે એક લક્ષ મહોર આપી, તેમાંથી સહસ્ર ખુરશી ખરીદ કરશું. (છોકરાનો હાથ ખુરશીએથી છોડાવેછે ને કહે જે ચાલ ગમાર)

(ભર્તૃહરી—પરાણે ખુરશી તેને આપેછે તથા વિપ્ર તે લેછે ને જાયછે ને સેનાપતિ માટે બીજી મંગાવી આપેછે.)

ભર્તૃહરી—કેમ દીર્ઘદર્શિ હવે હું જાણૌછું, અને હવે સઘળાં રાજકાર્યોમાં તમારે આ મમ પ્રિયબંધુ વિક્રમની સલાહ લેવી.

વિદુષક—એતો ગામમાંથી દુખીયાનાં દુઃખ ટાળતાં પરવારશે ત્યારે ના, એતો સંત અને પરદુઃખભંજન આગળ જતાં થવા છે એમ જણાય છે,

દીર્ઘ૦—હા, મહારાજ, એમનું ચિત્ત અહરનીશ ધર્માચરણમાં, ઇશ્વરભકિતમાં, આપની માફક દુઃખીનાં દુઃખ મટાડવામાં અને મંત્રશાસ્ત્રના શોધમાં લાગ્યું રહેછે !

ભર્તૃહરી—વિક્રમ, તારી આવી લઘુ વયમાં પવિત્રબુદ્ધિ જોઇ હું બહુજ પ્રસન્ન છું, પણ મંત્ર પ્રયોગો આ કાળમાં સિદ્ધ થતા નથી. માટે એ બાબતમાં તારે થોડું લક્ષ આપવું, અને પરોપકાર

કાર્યોમાં જેમ વિશેષ બુદ્ધિ રખાય તેમ રાખજે.

વિદુષક—એક આગીયા બૈતાલની સાધના કરોછો તે ભુલી ગયા જેવી નથી, મારૂં માનો તો!

દીર્ઘ૦—મહારાજ, વિક્રમાદિત્ય તો પરમાર ગાદીએ આગળ જતાં એક મહાન રાજા થઇ મોટું નામ કાઢશે.

સેનાપતિ—રામશાસ્ત્રીએ તે દી શું કહ્યું હતું? યાદ નથી? કે આ પૂરૂષ એક શક પ્રવર્તાવશે; એવી એની અદ્ભુત શક્તિ, તથા સામુદ્રિક લક્ષણ પદમ રેષા ઈત્યાદી છે.

વિક્રમાદિત્ય—વર્તમાનમાં મારા જેષ્ટબંધુ પ્રત્યે મારી પવિત્ર ભક્તિ છે તેવી શંકર રાખે, એ મુને રાજનીતિમાં પ્રથમ સંતોષ છે.

ભર્તૃહરી—લઘુ બાંધવા તારી અડગ ધર્મવૃતિ, અને વચનામૃત પ્રવાહ, કાયમ રહેશે, એવી મારી આશીષ છે પણ હવે તારે રાજનું ઘણુંખરૂં કામ ઉપાડી લઈ, મારે માથેથી એ બોજો ઓછો કરવો; અને સર્વ રાજનીતિનો સાર પ્રજા શી રીતે સુખી થાય એ ઉપાયો યોજવામાં છે, તે વિચાર રાખવો.

राजान्दुधुक्षासियदिक्षितिधेनुमेनां
तेनाद्यवत्समिवलोकममुंपुषाण
तस्मिंश्चसम्यगनिशंपरितुष्यमाणे
नानाफलैःफलतिकल्पलतेवभूमिः ॥

અર્થ

હે! રાજા! આ પૃથ્વીરૂપી ગાયને તું દોહોવાને ઇચ્છતો હો, તો તારી પ્રજારૂપી વાછડાને ઉછેર; અને સારી રીતે સંતોષ થયો કે પૃથ્વી કલ્પ લતાની પેઠે અનેક મનોરથ પુરણ કરશે.

વિક્રમ—હે આર્ય, વડીલ બંધુ, આપની આ અનુપમ આજ્ઞાશિરે ચડાવું છું, તથા પ્રજાહિતમાં પ્રવૃત થવું એ મારી પરમોત્કંઠા છે.

વિદુષક—(હળવેથી સ્વગત) પણ આવડાં વાનાં શા સારૂ કરવાં

પડે છે; સુરજ ગ્રહણને તો કોઈ સંભારતુંય નથી, પછી મહારાજ મેહેલમાં પુરાઈ રહેશે! (પ્રકાશ) મોટા કહેતે કરવું ને કરે તે નકરવું.

ભર્તૃહરી—એ વળી શું બોલ્યો? તારો ભાવાર્થ સમજ્યોછું, પણ તારી સાથે અત્યારે હવે ફરી માથાકુટ કરવાનો નથી, બીજી વખતે એનો પ્રત્યુત્તર દઇશ. (એમ કહી ઉઠી અંતઃપુરમાં જાયછે ને કચેરીનાં માણસો ઉભાં થઈ પાછાં બેસેછે.)

વિદુષક—આ ગયાને હવે બાર દિવસકે બાર મહિનાનું સાજું, ને તમે વગાડું વાજું, રાજ થયું તમારૂં, ભેળું કામ થયું અમારૂં, ને કોઈ ન મળે કેનારૂં!

દીર્ઘ૦—રાજા બેશક પિંગળામાં લુબ્ધ થયા, ખરાબી થઈ, કચેરીમાં આવે ત્યારે વિદ્વતાના ભાપણમાં ખામી નહીં, અને ચિત્ત જોઇએ ત્યાં—

વિદુષક—કહોને ચિત્ત જોઇએ ત્યાં ચતુરાંમાં, પણ આવે ત્યારે શીવાઈ જાઓછો. ને હવે હિમ્મત આવેછે. એ શબ્દ મારા જેટલાય બોલતા હોતો બહાદુરી જાણું! થયું પણ આવે ત્યારે બોલજો, કાળજું ખોલજો ને નહિતો (સેનાપતિને ઊંઘતો જોઇને તે તરફ આંગળી કરી) આ ટેટાંની માફક ખુરશીપર ડોલજો. (સેનાપતીને ગુસ્સે થતો જોઈ નાશી જાયછે.)

વિક્રમ—કેમ દીર્ઘદર્શી, હવે જેજે કામ બાકી હોય તે હમણાંજ લાવો, તેનો નિકાલ કરીએ. તથા આ સાલ જે રાજખરચ બાબતમાં માગણી હોય તે પણ કહો.

દીર્ઘ—(બધું વંચાણ કરી કહેછે) આ એ પ્રમાણે હકીકત છે. તે મેં મહારાજાને નિવેદન કરી!

વિક્રમ—(ફરી બધું પોતે વાંચી પુછી ઠરાવ કહી જાયછે.) હવે તેમાંથી અંધપંગુજનોથી જે સદુદ્યોગ બની શકે તે કરાવી તેમના ગુજરાન વાસ્તે એક લક્ષ મોહોર અનામત રાખજો; તથા તે આજ્ઞાપત્ર અપંગાશ્રય ખાતાના અધિકારી તરફ મોકલી દેજો; તથા લક્ષાધિપતિ ઝવેરશાહના પુત્ર નઠોરશાહે તે ગરીબ બ્રાહ્મણના પુત્રને જે સખ્ત માર માર્યો તે બદલ તેને પાંચ વરસ પર્યંત

કેદની શિક્ષા કરવી; તથા તે બ્રાહ્મણના જમાઇએ તે લક્ષાધિપતિના સાળાને માર્યો તે અપરાધ બદલ તેને ત્રણસો મોહોર દંડ કરજો; મહાંકાળેશ્વરના અભિષેકને માટે આ વર્ષ દોઢા ખરચની જે માગણી છે તે મંજુર છે; હુલડખોરો વિશે જે જાહેર કર્યું તેમાંથી પંદર મુખ્યને દેહાંતદંડની શિક્ષા; તથા બાકી તેમાં સામેલ થનારાને પંદર પંદર વર્ષ કેદની શિક્ષા કરવી; શેરીઓમાં ધર્મોપદેશ કરનારા ધર્માચાર્યોની આજીવિકા માટે આ વર્ષ હું મારા ખાનગી ખરચમાંથી આપીશ. કન્યાશાળા, તથા કાવ્યશાળાને રાજકુમારી શાળામાં જોઇતો ખરચ વખતો વખત હું જાતે જઈ કરીશ. માટે તે સંબંધી જુદી તજવીજ તમારે કરવાની નથી. ઔષધશાળા પાંચસો સિવાય બીજી અઢીસો જુદા જુદા ગામોમાં સ્થાપવી. તથા અતી ઉગ્ર દરદવાળા દરદીઓને મારા ખાનગી ઔષધશાળામાં મોકલી દેવા, તેમની તજવીજ આયુર્વેદાચાર્યને પાસે રાખી હું સ્વહસ્તે કરીશ, આ છેલ્લું કામ ત્વરાથી કરવું તેમાં જરાપણ ગફલત થવી ન જોઇએ.

દીર્ઘ૦—આપની આજ્ઞા માફક બધી વ્યવસ્થા હમણાંજ કરૂંછું.

વિક્રમ—બીજું કાંઈ રાજસંબંધી કામ હોયતો બોલો.

દીર્ઘ૦—મહારાજ એક આજ્ઞાપત્ર મોકલવું છે તેમાં આપની સહી લેવી છે.

વિક્રમ—કોનાપર તથા શામાટે મોકલવું છે ?

દીર્ઘ૦—મહારાજ, આપણા માંડલીક રાજાઓ તરફથી આ સાલ ખંડણી આવી નથી, તથા વિનતિ પત્ર આવ્યાં છે કે આ વર્ષે વરસાદ સારો ન હોવાથી ઉપજ ઓછી હોવાને લીધે આવતા વર્ષમાં ભરી દેશું.

વિક્રમ—આપણી સત્તા અંગીકાર કરનારાઓ તરફથી વિનતિપત્ર આવ્યાં એ બસછે, સુખેથી આવતા વર્ષમાં તેઓ ખંડણી ભરે! તથા આપણા રાજમાં પણ ખેડુતો પાસેથી લેવાતો હીસ્સો હું ઓછો કરવાનોછું.

દીર્ઘ—કોઈ પણ જાતનો કર તથા અન્યાય છેજ નહીં એ બાબત

મા મહારાજા ભર્તૃહરીની પુર્ણ કૃપા છે, તેમાં આપ ધર્મસ્વરૂપ ન્યાયી ઉદારાત્માએ જ્યારે ઉજ્જયીની રાજ્યવસ્થા કરવા તરફ લક્ષમાં લીધું તો હવે રૈયત સુખમાં શું બાકી રહેશે ! ! !

વિક્રમ—આર્ય દીર્ધદર્શી,

દીર્ધ૦—આજ્ઞા નૃપવર્ય ! શું હુકમ છે !

વિક્રમ—સુખલર અશ્વપાળની ફરીઆદ ઘણી આવેછે, કે અશ્વ-શાળામાં બરાબર હાજર રહેતો નથી, તથા તાબાના માણસો પર અયોગ્ય સખ્તાઈ રાખેછે, તથા તેનો પગાર વધારી દેવા મ-હારાજે મુને ફર્માવ્યું છે, પરંતુ મારો અભિપ્રાય એથી વિરૂધછે તમારે તેની વર્તણુકનો તપાસ કરી મુને જાહેર કરવું. ને હવે હું અંતઃપુરમાં મહારાજ પાસે જાઉંછું. કોઈ કામકાજ હોય તો ત્યાં મોકલી દેવું.

દીર્ધ૦—બહુ સારૂં. જેવી માલવપતિની આજ્ઞા !

વિક્રમ—હવે વખત થઈ ગયો છે, માટે કચેરી બરખાસ્ત કરો. (વિક્રમાદીત્ય ઉઠેછે, ને કચેરી બરખાસ્ત થાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—અશ્વશાળા.

સુખલર, અશ્વપાળ, માલો, ને પાછળથી મધુરવદંતી આવેછે.

સુ૦-અશ્વપાળ—આજ લાગ નહિ મીલા; સાલાને દાસીકુંભી ભેજી નહિ, ફિકર નહિ, મીલું તબ બાત હે !

માલો—(પ્રવેશ કરીને) સુખલરજી, સરકાર, આજ ઘોડેકું ચંદી બરાબર પહુંચી નહીં હે !

સુ૦-અશ્વપાળ—ઈધર આ, માલા !

માલો—ક્યા કહતે હો. મેરે માલીક ?

સુ૦-અશ્વપાળ—(તેને બે ફટકા મારીને) ચંદી બરાબર નહીં મીલી તો તેને તજવીજ ક્યું નહિં કી ? બોલ ક્યા વો મેરી કસુર હે !

વિદુષક—લેતો જા લેતો જા, નીચને બોલાવ્યામાં લાભ ! (સ્વગત)

આ ઠાણીઓતો જાણેછે કે મેંજ આભને થોભી રાખ્યોછે; પણ અમેય પડએ ઉભા છીએ હો!

માલો—(ક્યા કરના ભાઈ) ઈસકી કોન દાદ ફરીયાદ સુનતા હે! માર ખાના ઔર બૈઠ રેહના. સાલેને પદરકુંતો નોકરીસે નિકાલ દીયા! કોન જાને ક્યા હે!

સુ૦-અશ્વપાળ—હરામખોર, ગડબડ છોડદે, ઔર અપના કામપર ચલાજા.

માલો—કામપર તો ચલા જાતા હું, મગર તુમારે બન ઠનકે બૈઠના ઔર મોજ કરના. ઔર હમારે સારા દીન લીંદ ઉઠાકે નોકરી કરના. યહ બાત એકબાજુ રહી, મગર બીના સબબ હમ તુમારા ફટકા સહન નહીં કરેંગે હમ બિક્રમાદિત્ય મહારાજકું યહ બાત જાહેર કરેંગે.

સુ૦-અશ્વપાળ—ચલ ચલ તેરે વિક્રમાદિત્યસે ક્યા હોગા વોભી ઘોરાદીન હે. ઉસકાભી ઐસડ હોતાહે!

માલો—(સ્વગત વિચારમાં) ઈસકું એસા બલ કહાંસે આયા ઔર મદોન્મત્ત હો ગયા હે.

સુ૦-અશ્વપાળ—હજુ ક્યું ખડાહે. મુઝે નીંદ નહિ આતી ચલાજા નહિતો દુસરા ફટકા દેઊંગા.

વિદુષક—એ માલા ઠાલો માર ખાઇશ. ચાલ્યોજા ને આ ઠાણીયાને પથારી ભેળું થાવું છે.

(એ સાંભળી અશ્વપાળ વિદુષક ઉપર ફટકો ઉગામે છે તેથી ત પણ નિકળી જાય છે)

અશ્વપાળ—(સ્વગત) અબ મઝેસેં એકીલા નીંદ લઊંગા ઔર અબ (પિંગળાવિશે વિચારીને) ઉસકા દાદા આવે તોભી નહીં ઉઠુંગા.

મધુરવદંતી—(અશ્વપાળને તેડવા આવેછે ત્યારે રસ્તે સ્વગત વિચાર કરે છે) અહાહા! બાઈને કેવી નીચ બુદ્ધિ પ્રાપ્ત થઈ છે; કે ભર્તૃહરી જેવા વિદ્યા ગુણ વિનય સંપન્ન પરાક્રમી પતીનો ત્યાગ કરીને એ એક નીચ મુર્ખ અશ્વપાળથી યારી કરી છે, ધિ-

કાર છે એને કે, ઉપરથી પ્રત્યક્ષ દ્રઢ પતીવ્રત બતાવે છે, ને અંદરથી આવું જારકર્મ કરે છે, વાસ્તવિક જોઇએ તો એમાં માહારાજાનોજ દોષ છે, કેમકે તેઓ તેને નીતી ઉપદેશના પ્રસંગ આપતા નથી. પ્રારંભમાં રામ શાસ્ત્રીનો નીતી ઉપદેશ તથા શાસ્ત્રોનું શ્રવણ ચાલતું હતું તે બંધ કર્યું! ને હમેશાં પોતે પણ શૃંગારમાં લુબ્ધ રહે છે, તથા દુષ્ટ વિકારી જે કામ તેને પ્રબલ કરે છે, મારા તાબાના માણસનો અલ્પ ઉપદેશ, એ મદોન્મત હસ્તીને અંકુશમાં શું રાખી શકે!

રાગઆશાગોડી.

કામછે દુષ્ટ વિકારી, આહા પ્રભુ કામછે દુષ્ટ વિકારી. એ ટેક.
ઇંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાળથી છે યારી; અહા૦
ત્રણસો ત્યાગી એકજને ચાહે, તેના ચિત્તમાંછે જારછીનારી; અ૦
ધીક બાઇતુજ ધીક તારી બુદ્ધિ, વિપરીત વાત વિચારી. અ૦

માહારાજ વખતે રાણી પ્રત્યે કોઈ વખત એક શ્લોક કહે છે તેનો ભાવાર્થ ખરે ખરો છે!

उन्मत्तप्रेमसंरंभा ॥ दारंभंतेयदंगनाः॥
तत्रप्रत्यूहमाधातुं ॥ ब्रह्मापिखलुकातरः॥

વિચાર વગર સ્નેહના આદરથી સ્ત્રી જે કાંઈ કરેછે; તેમાં અડચણ કરવાને બ્રહ્મા પણ ખરેખર કાયર છે. તો મહારાણીના વિચાર ફેરવવાને મારી શી વિસાત,! ખરેખર મહારાજ સ્ત્રી ચરિત્રનું બધું સમજે છે,.પણ મહારાણીપર અવિશ્વાસ કે વેહેમ કદી ઉત્પન્ન થતો નથી, એ આશ્ચર્ય છે! નહિં નહિ, જ્યાંસુધી જે વસ્તુમાં રાગ છે ત્યાંસુધી તેનો દોષ ગમે તેવો હોય તોપણ નજરે આવતો નથી, ઉલટો ગુણરૂપ થાયછે, તો બાઇને અશ્વપાળમાં રાગ કે પ્રીત બંધાણી છે તો તેની સાથે જારકર્મ કરતાં દોષ નજરે કેમ આવે! હવે આ ડાહાપણ મુકીએ, વખત જાયછે, અશ્વપાળ ઊંઘી ગયો હશે તો વળી પંચાત પડશે. [ઘોડારને પાછલે બારણેથી પ્રવેશ કરેછે.]

મધુર૦—(અશ્વપાળને ઊંઘેલો જોઈ પગના અંગુઠાથી જગાડતાં) કેમ, અશ્વપાળજી નિંદ્રાવશ થઈ ગયાછો !

સુ૦-અશ્વપાળ—(ગુસ્સે થઈ મોટેથી) કોન હે ?

મધુર૦—(હળવેથી) એતો હું પીંગળાની દાસી.

સુ૦-અશ્વપાળ—તું ઇધર કાયકે બાસ્તે આઈ હે ?

મધુર૦—અંઃજાણીને શું પુછોછો ? મારી બાઇએ આપને તેડવા વાસ્તે મને મોકલી છે,

સુ૦-અશ્વપાળ—બસ બસ, રંડીયાકા બીશ્વાસ હોવે ! વો રંડા કોઉ દીન મેરા શીશ કટાયગી, ચલીજા, મેં નહીં આઊંગા.

મધુર૦—અરે અશ્વપાળજી, એ શું કહોછો ! મારી બાઇને આપને મળ્યા વગર ચેન નથી પડતું; તેટલા માટે મને મોકલી છે કે એ. કદમ જઇ બોલાવી લાવ.

સુ૦-અશ્વપાળ—બસબસ, જબદિલ ઉસકુ દીયા, ઓર જબ બુલાતી હે તબ આતાહું. તો ઐસા હોતા હે ના ? મેરે ક્યા ? રંડીકુ બારા કટકા દઊ તબ બોલુ; મેરે બોત હે ! કુછ તેરી પિંગલાપર બેઠે હે ?

મધુર૦—આપને તો હજાર હશે, પણ મારી બાઇનેતો આપ એક છો; આપથી કોઈ અધીક એને નથી !

સુ૦-અશ્વપાળ—હમારે ઊંચસે નીચ અચ્છા, હમ ઉસકી પરવામેં રહેવે; ઓર ઉધર આવે, તબ મીલાપ હોવે, સો હમ નહિ કરેંગે; તેરી પીંગળાકું ઇધર આના હોવે તો બેલાશક આવે, હમ નહીં આંયગ.

મધુર૦—અરે, અશ્વપાળજી, આમ વિરૂદ્ધ શું બોલો છો ? જેનાથી મોહોબત કરી, પછી આ રીતે કહેવું હોય ! અને આપને માટે મારી બાઇએ નાના પ્રકારનાં ભોજન બનાવી રાખ્યાં છે !

સુ૦-અશ્વપાળ—ક્યા બનવાકે રખા હે ?

મધુર૦—બત્રીસ ભાતનાં સારાં સારાં ભોજન, આપને માટે જુદાં રાખ્યાંછે, ને કેટલાંક કનિષ્ટ પ્રકારનાં હતાં તે રાજાને જમાડી દીધાં.

સુ૦-અશ્વપાળ—(કનિષ્ટ શબ્દ સાંભળીને) કનસટ કાયકું રાજાકું

જીમા દીયા? કનસટ કેસા હોતા હે! મેને કભી ચખા નહીં, વો ક્યું નહીં રખા?

મધુર૦—કનિષ્ટ નામનું કોઇ ભોજન નથી! કનિષ્ટ ભોજન એટલે હલકા પ્રકારનું ભોજન (સ્વગત) હાય, હાય, આવો મુર્ખ!! કનિષ્ટ શબ્દનો અર્થ માલુમ નથી કહે છે જે કનસટ ભોજન કેવું છે! તેની સાથે યારી બાઈ તુંને ધિક્કાર છે!

સુ૦-અશ્વપાળ—ક્યું મધુબદી, ક્યા બડબડતી હે, કુછ કહે?

મધુર૦—કાંઇ નથી, સુખલેરજી, (જરા હિંમત ધરીને) તમારા એક રૂપપર બાઈ આશક છે; બાકી તમારામાં અકલ નથી. કનીષ્ટ શબ્દનો માયનો તમને માલમ નથી!!

સુ૦-અશ્વપાળ—મેરે માયનેકી કુછ જરૂર નહિં હે! કુછ હમારે લડકેકું થોરે પઢાનાં હે!

મધુર૦—(સ્વગત) વળી બીજાજ જશે! બોલવું નહિં, સુખલેરજી એતો હું સેહેજ હાંસી કરૂંછું!

સુ૦-અશ્વપાળ—(જરા હસીને) વાહ! હાંસીતો અપની બાઈ ભી કરતી હે!

મધુર૦—(અપની બાઇ સાંભળી મનમાં હસેછે) હવે જલદી ચાલો, નહિંતો ગરમાગરમ ભોજનની લીજત નહીં રહે.

સુ૦-અશ્વપાળ—ગરમાગરમી નહીં હોવે તો યહ ચાબુક કીધર ગયા હે! મેરા ચાબુખ, ઓર પીંગલેકી પીઠ!

મધુર૦—બહુ સારૂં, ત્યારે જલદી ચાલો.

સુ૦-અશ્વપાળ—ચલીજા, આતાહું.

(દાસી જાય છે ને પછી અશ્વપાળ પછવાડેથી જાયછે.)

પ્રવેશ ૪ થો.

વિચાર ભુવન.

ભર્તૃહરી—(ફળ હાથમાં લઈ સ્વગત વિચારે છે.) અહાહા! આ એક ચમત્કારી ફળ હોય, એવું એની આકૃતિજ કહી આપેછે,

કેમકે મ આગળ હજારો ફળ અનેક દેશોમાંથી મંગાવી ખાધાં છે; પણ તેમાંથી કોઈ આને મળતું નહોતું. ખરે! જણાયછે તો દૈવી ફળ! હવે ગમે તેમ હોય, પણ એ પ્રાશન કોણે કરવું તેનો વિચાર કરશો! જો હું એ ફળ ખાઇ અમર થાઊ તો મારા જીવનની દોરી મારી પ્રાણપ્યારી જે પિંગળા, કે જેનો ક્ષણનો વિયોગ પણ મને અતી દુખદાઇ થાયછે; તેને સર્વ જગતને ભક્ષ કરનારો કાળ જે દિવસ ભક્ષ કરી ચાલ્યો જાય, ત પછી મારી શી ગતી! ત્યારે મારૂં જીવવું નિરર્થક થાય! કેમકે સુખમાં જીવવું એજ જીવવું કહેવાય! દુઃખમાં હજાર વર્ષ જીવવું તે કરતાં સુખની એક ક્ષણ તે ઉત્તમ ગણાય છે; તો આ ફળ ખાઇ પ્રાણપ્યારી પિંગળાનું વિયોગદૂખ ગ્રહણ કરી લેવું એ વિના બીજી મુર્ખાઇ કઇ કહેવાય! માટે આ ફળતો એ પ્રેમદાનેજ આપવું, કે જે તે ખાઈ એક રાજ લક્ષ્મિરૂપ મહા સૌંદર્યવાન સતીરૂપરત્ન આ પૃથ્વીમાં કાયમ રહેશે! તથા જેનાં રૂપ યોવનની કાંતિ ન કરમાતાં સદનંતર મને ચક્ષુવિષય તથા ભોગવિષયમાં સુખદાયક થશે! (વળી વિચારેછે) પણ મારા મૃત્યુ પછી એનું શું થવાનું! (પોતાના મનને) હે મન! કાંઇ વિચાર કર્યો! ખરે! તેતો પછવાડે ઝુરી ઝુરીને દીવસ કાઢવાનીજ! પણ જે દુઃખ ટાળવા હું સમર્થ નથી તેનો વિચાર કરવો બ્યર્થ છે! માટે ચાલ. અંતઃપુરમાં જઈ પ્યારીને મળું, તથા આ અમુલ્ય નવી વસ્તુ ભેટ આપું. (એમ કહી અંતઃપુરમાં જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—પિંગળાનો રાજમેહેલ.

પિંગળા, મધુરવંદતી, અશ્વપાળ, ને પછી ભર્તૃહરી પ્રવેશ કરે છે.

પિંગળા—[સ્વગત] અહાહા! હજીસુધી મારો યાર અશ્વપાળ કેમ આવ્યો નહીં! દાસી છે નિતિ વચન બોલનારી. કાંઈ નહિ ને કાંઇ કહ્યું હશે! આજ રોજ દાસીને સ્પષ્ટ કહી દેવું છે કે તારે

એક પણ શબ્દ એની મરજી વિરૂદ્ધ ન બોલવો; જેમ એ પ્રસન્ન થાય એમજ કરવું; રાત હોય, વરસાદથી જમીનપર કાદવ હોય તો તારી પીઠપર બેસાડી એને લાવવો. (જરા વિચારી) રખેને રીસ ચડી હોય, ગઈ કાલે એનું એમ કહેવું હતું કે મારી બત્તી ફાટી ગઇ છે; માટે નહીં આવું, તો રાજાએ મુને નવ લાખની જે જરીયન સાડી આપીછે; તે આજ એને આપવી, કેમકે એનાથી જે સુખ વિલાસની મોજ મળે છે તેનો એક શતાંશ પણ બદલો આપણાથી વળે તેમ નથી.

મધુર૦—[પ્રવેશ કરીને] બાઇસાહેબ, આપના યાર અશ્વપાળજી આવે છે.

પિંગળા—દાસી જ્યારે તું ગઇ ત્યારે એ શું કરતો હતો? ને કાંઇ બોલ્યો?

મધુર૦—બાઈસાહેબ, એને મીજાજ ઘણો છે; મેં કહ્યું કે કનિષ્ટ ભોજન રાજનને જમાડી દીધાં, અને સારાં સારાં તમારે માટે રાખ્યાં છે, તો એણે ગુસ્સે થઇ કહ્યું કે કનસટ મેં ચાખ્યાં નથી, તે મારે માટે કેમ ન રાખ્યાં? એવો નિરક્ષર! ફકત રૂપ અને શરીરથી તૈયાર છે!

પિંગળા—એતો હું બધું સમજું છું; આપણે એની વિદ્યાનું શું કામછે?

(એટલામાં અશ્વપાળ પ્રવેશ કરે છે.)

સુ૦-અશ્વપાળ—(આવી પિંગળા રાણીની જોડે ચડી બેસી ગળામાં હાથ નાંખીને) કયું, પ્યારી, તબીયત તો અચ્છી હે?

પિંગળા—હા, મારી તબીયત સારી છે; તમારી તબીયત કેમ છે? કેમ આજ વાર લાગી!

સુ૦-અશ્વપાળ—મૈંને નવ બજે તલક તેરી દાસીકી રાહા દેખી, મગર મધુમદી આઈ નહીં; ફેર મેં બીછાનાપર લોટ ગયા; કુછ થોડી બોત નિંદ આને લગી, તબ તેરી દાસીને આયકે મુઝે જગાયા; ફેર મેરી તબીયત તો તેં જાનતી હે!

પિંગળા—એ તો હું ઘણી સારી રીતે જાણુંછું; તમારી તબીયત જાય, ત્યારે તમે કોઇના નહિં; પણ દાસીએ કહ્યું કે ભોજનની

વાત કરી તેમાં આપનો મીજાજ ગયો એ શું?

સુ૦-અશ્વપાળ—હાં વો તો કુછ કનસટ કનસટ કરને લગી, ક્યા જાને કે કનસટ કેસા હોતા હે, ઓર ઉસકા માયના બોલો; સો હમારે માયનાકી ક્યા જરૂરથી, હમારે કુછ લડકેકું થોરે પઢાનેહે, ! હમારે તો (વળી ગળામાં હાથ નાંખીને) બસ એક તુઝે પઢાની હે! ક્યું સચ કે જુઠ ?

પિંગળા—તમે જુઠું ક્યારે બોલો છો ? તમને તો બધી વિદ્યા આવડે છે. એ તો તમે જાણી બુજીને દાસીને એમ કહ્યું હશે ! કેમ?

સુ૦-અશ્વપાળ—(ફુલાઇને) હાં, વોતો મેને જાન બુજકે કહાથા;(પોતે હુશીયાર છે એવું દેખાડવા) તેરી મરજી હોવે તો અભી એક દુહા બોલુ ?

પિંગળા—હા, હા, બોલો જોઇએ, પણ હળવેથી બોલજો.

સુ૦-અશ્વપાળ—તબ સુન (કાને હાથ રાખીને) મેં માશુક ઓર તે આશક તેરા મેરા જી એક.

પિંગળા—(વચમાં) એતો અશ્વપાળજી ભુલી ગયા, એમ શું કહો છો! એમ કહો કે મેં આશક ઓર તુમ માશુક!

અશ્વપાળ—તબ તેં મેરેપર આશક નહિં ક્યું? મેંજ આશક હુવા કે તેરી પાસ આતાહુ; તેં મુઝે આશક કહેતી હે ?

મધુર—(વચમાં) બરાબર બાઇ સાહેબઅશ્વપાળજી માશુક ને તમે આશક, બાઇ, દુહોતો પુરો કરવા દો, પછી અર્થ બધો નિકળશે!

સુ-અશ્વપાળ—અર્થ ગર્થ સબ નિકલેગા; (ગુસ્સે થઇને) પિંગળા યહ તેરી મધુબદીકું અપની ઇશક બાજીકે વખ્ત ક્યું પાસ રખતી હે ! રજા દે દે.

પિંગળા—એની કાંઇ હરકત નહિ. એ ક્યાં આજ નવી છે ? હજુ થોડી વાર છે, તમારો દુહો પુરો કરો, પછી રજા દઊં.

સુ-અશ્વપાળ—તેં દો વચન સમઝી ? તો ફેર આગે બોલું; જીસકું દિલ દીયા, ઉસકુ અર્થ ગર્થ જો કુછ અપને જાનતે હેં સો સબ બતાના ચાઇએ.

પિંગળા—(મનમાં હસીને) મોટી મહેરબાની, સુખસેરજી બતાઓ.

સુ૦-અશ્વપાળ—સુન (કાને હાથ રાખીને)

તેં આશક ઓર મેં માશુક તેરા મેરા જી એક;
બાઈ તેરા દેદાર બિનાં, મુઝે ઘડી ન પરે ચેન;
પિંગળા બાઈ મુઝે ઘડી ન પરે ચેન.

મધુર૦—આહા હા! બાઈ સાહેબ! કેવા હાવ ભાવ કરેછે! કાનપર હાથ રાખીને દુહો કેવો લલકારે છે! તમારા આશક તો ઘણા હુશિયાર; બાઈ, કમાલ કેવી છે! અને દુહાના પ્રાસ પણ કેવા મળેછે!! ને માથે દોઢ પણ કેવી વાળી!!

સુ૦-અશ્વપાળ—(પ્રાસ શબ્દ સાંભળીને ગુસ્સે થઈ) ક્યું પિંગળા; યહ તેરી દાસી ફરાસ ફરાસ ક્યા કહતી હે? ક્યા કુછ હમ ફરાસકા કામ કરતે હે? ઝાડું નિકાલતે હે?

પિંગળા—નહિં નહિં. એતો ગરાસ કહેછે; કાંઈ યુક્તિ કરીને તમને ગરાસ અપાવશું, સમજ્યાના?

મધુર૦—બાઈસાહેબ, જુઓ અકલના કેવા બારદાનછે!

સુ૦-અશ્વપાળ—(હવે સારૂ કહેછે એમ સમજી) ક્યું બારદાન નહિં હોવે! કેસે કેસે ઘોડે ફિરાતા હું! (મધુરવદંતીને) મધુબદ્દી, તેં બીચમેં મત બોલ; બારા ફટકા દીયાં બીન છોડુંગા નહિ, દેખલે તેરી પીંગલાકી પીઠ; પરમુંકે દીન બીડીકી તલબ અચ્છી નહિથી, સો કેસા અેસ મચાયાથા!

પિંગળા—અશ્વપાળજી, આજ પાનબીડી,ભોજનબધું તૈયારછેમગાવું?

સુ૦-અશ્વપાળ—હાં મંગવાલા?

પિંગળા—(દાસી પ્રત્યે) દાસી, બધું આંહી લાવી હાજર કર.

મધુર૦—બહુ સારૂં બાઈસાહેબ (બધું લાવી હાજર કરેછે.)

પિંગળા—હવે તુ અંદર જા (એ સાંભળી એક ઓરડામાં જાયછે)

સુ૦-અશ્વપાળ—દોસ, આજ એક ઓર મરજી હે!

પિંગળા—શું છે, બોલો?

સુ૦-અશ્વપાળ. આજ તો તેં મુઝે ખીલા, ઓર મેં તુઝે ખીલાઊં! બસબસ.દુનીયામેં ક્યા લેજાના હે! ખાનાં પીનાં ઓર મોજ કરનાં?

પિંગળા—સુખલેરજી, એમ તો કદી ન થાય, કેમકે હું રજપુતની પુત્રી ને તમે જાતના કોણ! વિચારી જુઓ! એમ કેમ થાય! ત્યારે તો હું વટલું!

સુ૦-અશ્વપાળ—ઇશકબાજીકે વક્ત બીટલ નહિ જાતી; ઓર ખાનેમેં બીટલ જાતી હે કયું? પ્યારી, દીલ દીયા ફીર જાત ભાતકેસી? (વળી જે દ્રષ્ટાંત મુખમાં આવી ચડયું તે કહે છે) દેખ પ્રીત હેડી કીજીએ જેડો ટંકણખાર! એસા દિલ મેને તુઝે દીયા તો ફીર ખાનેમે ક્યા હરકત હે? તો બસ હો ચુકા મેં જાતા હું.

પિંગળા—ગુસ્સો ન કરવો યાર! તમારી સાથે જમવાનો લાગ ફરી ક્યારે મળવાનો હતો? સારૂં ત્યારે લો, (એમ કહી એક મોટો કોળીઓ તેના મોંમાં ઘાલેછે.)

સુ૦-અશ્વપાળ—બસબસ રખ, જી નિકલ જાયગા.

પિંગળા—જીવતો તમારો ને મારો સાથે નિકળશે; તે પહેલાં નહિ સારૂં ત્યારે આ પાનની બીડી લો.

સુ૦-અશ્વપાળ—અચ્છા, લા (લીયેછે ને ખાતાંખાતાં વાત કરેછે) પ્યારી, મુઝે એક બડા ભારી દુઃખ હે!

પિંગળા—તમારે શું દુઃખ છે? જે હોય તે બેધાશક કહો, એક માલવપતિના તખ્તવિના જે જોઇએ તે હાજર કરૂં!

સુ૦-અશ્વપાળ—(ગળગળો થઇને) પ્યારી વો બડા ભારી દુઃખ હે; ઉનસે લીયે મેં તેરી પાસ બરાબર આશકતા નહીં ઓર સારા દીન અશ્વશાળામેં ગુજરતા હે. કભી આતા હું તોભી સાવધાન રહતા હું; કયું કે મહારાજ ભરથરીકે છોટે ભાઈ જો બીક્રમાદિત હે સો અશ્વશાળાકે ઉપરી હે; વો સબ બાતકી તજવીજ રખતે હે; ઓર બડે પ્રપંચી ઓર બડે હુંશીયાર હે. હમારે જેસે કકડ લોગુંકા તો વો કાલ હે! ઉસકી હમેરે પર એસી સખ્તી હે કે નોકરીસે ઘડી એકકી ફુરસદ નહીં મીલતી. ઓર વો સારા દીન એસી ગુપ્ત બાતુકી શોધમેં રહતે હે. કભી આદમી ભેજતે હે, ઓર કભી આપ નિકલતે હે. ઉસકે હાથસેં કોઉ દીન મેં

મારા જાએંગા, તેરેસેં કુછ ઇલાજ હોવે તો કર, પ્યારી ! યહ બડી મુસીબત હે ! !

પિંગળા—અરે યાર ! તમારે મુસીબત એ મારેજ છે ! તમારા જીવને કાંઈ જોખમ પહોંચે તો મારૂં જીવવું વૃથા છે. વિક્રમાદિત્યને દુર કરવો એ મોટી વાત નથી ! રાજા આ હવે આવશે ત્યારે વાત કરીશ, અને વિક્રમાત્યને દેહાંત દંડની શીક્ષા ને તે નહીં તો નિદાન દેશપાર તો કરાવીશ, પછી કાંઈ છે ? અહીં આવતાં તમારે જરાપણ ડર ન રાખવો.

સુ૦-અશ્વપાળ—વાહ ! પ્યારી ! એસા હોવેતો તીનતીન વખ્ત આએંગા.

નેપથ્યમાં.

(આસ્તે નિગાહ રોષન નજર રખો મહારાજ ઇત્યાદી શબ્દ સંભળાય છે.)

પિંગળા—(એ સાંભળી ચકિત થઇને) આ શું સંભળાય છે ! આજ વેહેલા કેમ ! !

મધુર૦—(દોડતી આવીને) બાઇસાહેબ, મહારાજ પધારે છે.

પિંગળા—(અશ્વપાલ પ્રતિ) હા, અને પછી એ વાત જરૂર.

સુ૦-અશ્વપાળજી—(વચમાં) અબ યે બાત છોડદે, (ધ્રુજતો) અબ મેં કયા કરૂં ? (સ્વગત) રંડીને મોડા બુલાયા, ઔર અબ મેરા કાલ આયા; (ઉતાવળે) મુઝે છુપાદે જીધર તીધર ?

પિંગળા—(ધીરજથી) અશ્વપાળજી ગભરાઓ નહિં, મારી પાસેં બેઠાહો તોપણ શું થયું ?

સુ૦-અશ્વપાળજી—(આકુળ થઇને) તેં કુછ દીવાની બન ગઇહે ? ચતુરાઇ એક બાજુ રખ, ઔર મુઝે બચાના હોય તો કુછ રસ્તા બતાદે, કહેતો તેરા બેટા !

પિંગળા—ચુપ, ચુપ, એ શું બોલોછો ! ! (દાસી પ્રતિ) મધુરવદંતી આને અંધારા દીવાનખાનામાં લઈ જઈ છુપાડી દે.

સુ૦-અશ્વપાલ—(દાસીને) ચલ, માવડી, તાકીદસે ચલ.

મધુર૦—એ વખતે મીજાસતો બહુ કરતા હતા ને આવા ઢીલા કેમ થઈ ગયા ! અમારાથી પણ !

સુ૦-અશ્વમાળ—તેં જલદી ચલ; પીછે ઉધર બાતું કરેગે. (તે બંને જાયછે તેવાજ રાજા પિંગળાએ બારણું ઉગાડ્યું કે પ્રવેશ કરેછે.)

પિંગળા--(પાયજામો રાજાનો ગાદી નીચે રાખીને.)

ભર્તૃહરી—કેમ પ્રીયા આમ વ્યાકુળ કેમ છું ? આજ આવ્યોછું તો વેહેલો!

પિંગળા—પ્રાણનાથ, વેહેલા આવ્યા, પણ પરમદીન કરતાં આજ વધારે વાર લાગીછે !

ભર્તૃહરી—હા, તે ખરૂં પણ હવે કાજ રાજ કાંઈ કરતો નથી, બધું કામ સચીવને સોંપી દીધું છે. માત્ર કચેરીમાં દેદાર દેવા જાઉંછું એટલીવાર થાય તેમાં પણ તું વ્યાકુળ થઈ જાયછે. એ શું ? અને તેં દ્વાર ઉઘાડ્યું ત્યારે ડાબી તરફ એક ધોળું કપડું જોવામાં આવ્યું એ શું હતું ?

પિંગળા—પ્રાણનાથ, એ આપને કહુંછું, પણ આજ આ પિંગળા તમારી નહોતી ! !

ભર્તૃહરી—પ્રિયા, એવું શું કારણ બન્યું હતું ?

પિંગળા—પ્રાણપતિ, આપ વિના એક ક્ષણ પણ મને કલ્પ સમ વિતછે એ આપને માલમ છે તો આપ કચેરીમાં જ્યારે ગયા કે તુરત મારો જીવ જલ વિના મીનની માફક તરફડવા લાગ્યો, હર હમેશ આવું વિયોગ દુઃખ સહન કરવું તે કરતાં મરવું ઉત્તમ છે, એમ ધારી દ્વાર બંધ કરી મારો પ્રાણ ત્યાગ કરવા તત્પર થઇતી, પણ શોધતાં કોઈ શસ્ત્ર મળ્યું નહીં, વળી એમ વિચાર આવ્યો કે આત્મહત્યા કરવાથી શાસ્ત્ર રીતીએ પાપ લાગેછે; તથા ધર્મનો લોપ થાય છે માટે હવે શું કરવું એવો વિચાર કરતી હતી એટલામાં (કાઢીને) આ આપનો પાયજામો કમાડ પાસે સામી ખીંટીએ ટાંગેલો હતો તે બતાવીને) જે ધોળું વસ્ત્ર દાસીએ ત્યાં વાળતાં એણી તરફ ઉડવાથી આપની નજરે આવ્યું તે, મારી નજરે પડ્યો, એટલે ધાર્યું કે એ આપનું વસ્ત્ર આપનુંજ સ્વરૂપ છે.—

ભર્તૃહરી—(વચમાં) જેનું હૃદય શુદ્ધછે તેને એમજ છે ને પછી—

પિંગળા--ત્યાર પછી એ તરફ એકાગ્ર વૃત્તિ રાખી જેમ આપ

શંકરનું ધ્યાન ધરોછો, ને માળા ફેરવોછો તેમ એ તરફ દ્રષ્ટિ રાખી, આપના નામનું સ્મરણ કરવા લાગી, માટે એ વજ્રધારથી આજ બચી, નીકર ઉપરના વિચારમાં આજ હું જીવવા વાળી નહોતી.

ભર્તૃહરિ—(સ્વગત) આહાહા! આવો નિર્મળ પ્રેમ જેનો મારાપર છે તેને જે અમૃત ફળ દેવા મેં વિચાર કર્યોછે તે યોગ્ય છે! (પ્રકાશ) પ્રિયા, જા પ્રતિજ્ઞા છે કે જેમાંથી તુને દુઃખ થાય તે કામ મારે કદી કરવું નહીં. હવે બધો વખત તારી પાસે રહીશ, માત્ર ક્યારેક બે ત્રણ કલાક બહાર જઇશ.

પિંગળા—હા, પ્રાણનાથ, પુરૂષની છાંયા પુરૂષથી ભિન્ન રહે નહીં, તેમ હું આપની અર્ધાંગના આપની છાંયાછું, તો જુદી કેમ રહી શકું? પણ આપે મનમાં કાંઈ વિચાર કર્યો તેમાં ફળ જેવું કાંઈ બોલ્યા એ શું છે?

ભર્તૃહરી—પ્રિયા, એક અમુલ્ય, વસ્તુ તારે સારૂં લાવ્યોછું.

પિંગળા—પ્રાણનાથ, એવી શી વસ્તુછે?

ભર્તૃહરી—દેખ, પ્યારી.

રાગ ઝીંઝોટી જંગલો.

(પનીયાં મેં કૈસે તો ભરૂં, છોટી નણદીયાં. એ ચાલ.)

ફળ એક વિપ્રથી મળ્યું, પ્રિયા મોરીરે. ટેક.
પ્રાશન એનું કર પ્રીતિથી, દુઃખ તવ મૃત્યુનું ટળ્યું. પ્રિયા૰
નર યા નારી એ ફળ ખાતાં, અમરતા પામે એ ખરૂં. પ્રિયા૰

ભર્તૃહરી—પ્રિયા, (ફળ બતાવીને) આ અમર ફળ મને એક બ્રાહ્મણે આપ્યુંછે તેમાં એવો ચમત્કાર છે કે જે કોઈ નરે અથવા નારી એ ખાય, તે અમર થઈ જાય, એને પછી મૃત્યુ નહીં; તેટલા માટે પ્રિયા તું આ ફળ પ્રાશન કર, જેથી તું અમર થઇશ.

પિંગળા—પ્રાણનાથ ત્યારે મારી વિનતિ સાંભળો:—

રાગ નટકેદાર.

પીયુ ફળજ સુંદરરે, પ્રાશન આપ કરો પ્રિય મારા. પીયુ. ટેક.
આપ અમર થઈ તખ્તે બીરાજો, પ્રજાહીત પીયુ કરશો,

હું છું નાર અમર શું થાઉં, અરજ મારી ઉર ધરશો. પીયુ.

પ્રાણનાથ, એ ફળ આપને જમવાને યોગ્ય છે; હું સ્ત્રી જાત અમર થાઊં, તેથી શું ફાયદો થવાનો હતો અને આપ એ ફળ જમી અમર થશો તો પ્રજાનું ન્યાય નિતીથી રક્ષણ કરશો; અને આપને તરૂણાવસ્થા કાયમ રહેશે ! સ્ત્રીઓ તો મારા જેવી સહસ્ત્ર આપને પ્રાપ્ત થશે માટે એ ફળ આપજ જમો.

ભર્તૃહરી— રાગ આશાગોડી.

લગની તુજથી લાગી પ્રિયા મારી લગની તુજથી લાગી. ટેક.
તુંને ચક્ષુથી દેખું ત્યાં સૂધી, હુંરે જીવું બડભાગી. પ્રિયા.
તારો વિયોગ થયે તુર્ત પામું, ખેદ હું થઇરે અભાગી. પ્રિયા.
તે માટે તુજને અમર હું ચાહું, રહે સદા મુખ આગી. પ્રિયા.

પ્રિયા હું અમર થાઊં એ વાત ખરી, પણ તારા મૃત્યુ પછી મારો અનંતકાળ શોચમાં ગુજરે, કેમકે અન્ય પદાર્થ કે અન્ય કોઈ વસ્તુમાં મારો ખરો સ્નેહ નથી એ તું જાણે છે, માટે જ્યાં સુધી તારો દેહ આ પૃથ્વી ઉપર હયાત છે ત્યાં સુધી મારૂ પણ શરીરછે અને સારસ પક્ષીની જોડ ખંડીત થઇ તો બીજું કેમ જીવે ? એમ મારેછે, તો હવે વિચાર કર કે એ ફળ હું કેમ ખાઉં ?

પિંગળા—પ્રાણપતિ એટલો દુરાગ્રહ શા માટે કરોછો ! એમ હોય તો ભલે એ ફળ હું ખાઇશ પણ આપના વિયોગે મારે પણ ઝુરીઝુરી દીવસ કાઢવાના !

ભર્તૃહરી—ચિંતા નહીં (હર્ષથી) બહુ સારૂં, ત્યારે હમણાજ ખા.

પિંગળા—પ્રાત:કાળમાં સ્નાન કરી પવિત્ર થઇ આપના નામની માળા જપી પછી એ ફળ હું જમીશ. આપ નિશ્ચિંત રહો.

ભર્તૃહરી—બહુ સારૂં, તો ત્યારે જરૂર ખાજે; હવે હું ધર્માસનપર જાઊંછું, બોલ બીજું કાંઈ કહેવુંછે ?

પિંગળા—હા એક વિનતિ છે.

ભર્તૃહરી—શું છે બોલ ?

પિંગળા—પ્રાણનાથ શોકનું કારણ એક મોટું ઉત્પન્ન થયું છે, જીભથી ઉચ્ચારી શકતી નથી, કેમકે પરિણામપર જ્યાં દ્રષ્ટિકરૂંછું

તો ઘણુંજ વીપરીત તેમાંથી થવાનું છે, અને આપને એથી બહુ ખેદ થવાનો ! માટે એ ન કહેવું એજ ઉત્તમ છે.

ભર્તૃહરી—અરે પ્રાણવલ્લભા, એવી કઈ બાબત છે કે જે કહેતાં તું મારી પાસે સંકોચ પામે છે; મેં મારૂં તન મન ધન બધું તને અર્પણ કર્યુંછે, તો એક વાત કહેતાં શા માટે આંચકો ખાયછે? તું મારી પાસે નિશંક બોલ; તને જ્યારે શોકનું કારણ ઉત્પન્ન થયું તો તે નિવૃત થાય ત્યાં સુધી મારો બધો કાળ અથાગ દીલગીરીમાં જાય; એ તું ક્યાં સમજતી નથી ! માટે સત્વર બોલ.

પિંગળા—પ્રાણનાથ, કહેતાં શું કહેવાણું, પણ હવે ક્ષમા રાખો તો ઠીક, જગતમાં અનેક પ્રકાર બનેછે. માણસ એક પ્રકારનાં હોતાં નથી.

ભર્તૃહરી—તે ખરૂં. પણ એતો મારે અવશ્ય જાણવું જોઇએ, તારી એ વાત ન જાણું ત્યારે આ રાજમાં મેં બીજુ જાણવું કયું બાકી રાખ્યું છે તે કહે !

પિંગળા—ભલે, પ્રાણનાથ, અત્યાગ્રહ કરતા હોય તો આપની પાસે કહેવામાં કશી હરકત નથી, બાકી બીજે સ્થળે કહેવાય તેવુંનથી!!

ભર્તૃહરી—અહો એવું તે શું છે ! !

પિંગળા—શું કહું પ્રાણનાથ (ડસકાં ભરતી) અરે શું વાત ઉચારૂં! તમને દીલગીરીના દરીઆમાં ક્યાં ડુબાવું ! (વળી ખુબ રૂદન કરતી) આટલીવાર આપને આવતાં વેત શોકાતુર ન કરવા આવેશ, સમાવી રહી; પણ હાય હાય! હવે કહી કાઢ્યા વગર છુટકો નથી !

ભર્તૃહરી—અરે પ્યારી, એવો શોકજનક બનાવ શો બન્યો છે તેથી મને તું જલદી વાકેફ કર.

પિંગળા—(બહુજ ડસકાં ભરતી તથા નિશ્વાસ નાખતી) કાલ શીવરાત્રીને દિવસ બાર બજ્યાને સુમારે જ્યારે આપ મહાંકાળેશ્વર જઈ શીવ પુજનમાં આરૂઢ થયા હતા ત્યારે એ લાગ જોઈ આપના નાના ભાઈ વિક્રમાદિત્ય અહીં આવ્યા હતા, અને દાસીને એક તરફ બોલાવી હાથમાં પાંચ મોહોર આપીને કહ્યું કે તારી બાઇને કહે કે વિક્રમાદિત્ય તમારાથી એકાંતમાં વાત કરવાનો ઈરાદો રાખે છે; દાસી આશ્ચર્ય પામી કે હમેશ મા દી-

કરાની માફક આવી વાતચીત કરોછો; તેમાં વળી એકાંત શું? ને વાત કરવાનો ઇરાદો રાખેછે એ શું? કેમકે દાસીના શુધ અંતઃકરણમાં એનો કપટી વિચાર એકદમ સમજવામાં આવ્યો નહિ, ને આવે પણ કેમ? ત્યારે દાસીએ કહ્યું કે હમેશ વાત કરો છો, તેમ આવી સુખેથી વાત કરો. તેમાં એકાંતની શી જરૂર છે. ત્યારે વળી બીજી પંદર મહોર આપી કેટલુંક સમજાવી કહ્યું કે આ રીતે તારી બાઇને તું મેળવી આપ, એમ કહી પોતાનો દુષ્ટ વિચાર જાહેર કર્યો.

સુ૦-અશ્વપાળ—(પછવાડે અંધારા દિવાનખાનામાં બેઠાં આ સાંભળીને સ્વગત) શાબાશ! આશક, શાબાશ હે!

ભર્તૃહરી—(વાત સાંભળી ચકિત થઇને સ્વગત) અરે આ શું કહે છે? એનો કાંઈ ભાવાર્થ સમજાતો નથી!! (પ્રકાશ) બોલ ત્યારે પછી!

પિંગળા—અને પછી દાસીએ આવી મને પુછ્યું કે બાઈ વિક્રમાદિત્ય ઠાકોરની આમ નીતિ ફરી જણાય છે; ત્યારે મેં દાસીને કહ્યું કે એ હોય નહિ; પછી દાસીએ ખાતરીપૂરવક મને કહ્યું કે એમાં શક નથી; જુઓ આ વીશ મહોર મને એ માટે આપી ત્યારે મેં દાસી સાથે કહેવરાવ્યું કે જો તમે એવી ઇચ્છા રાખતા હો તો તમારે મારે હવે માતા પુત્રનો સંબંધ મટી તમે મારે પર પુરૂષ તુલ્ય છો; તો પરપુરૂષનું મુખ હું કદી જોતી નથી, એ મારૂં વ્રતછે; ને રાત્રીની કોઈ પુરૂષ નામે અન્યને હું મળતી નથી એમ કહે? દાસીએ જઈ કહ્યું કે મારી બાઈ કહેછે કે તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે; માટે તમે કોઈ સ્થળે જઈ વિચાર કરી પાછા અહીં આવો; વળી રાત્રીએ મળવા સાફ ના કહી છે; માટે હમણાં અહીંથી જાઓ, એવું સાંભળી એકદમ દ્વારપાસે અંદર ધુસવા આવ્યા; ત્યારે મેં દીપકના દિવસ જેવા પ્રકાશમાં તેમનાં શરીર ચિન્હ; તથા કામાંધ ચક્ષુને દૃષ્ટિ ફરેલી જોઇ એકદમ ઓરડાનાં દ્વાર બંધ કરી દીધાં. ને તે ત્યારે કમાડને બે ત્રણ ધક્કા મારી પાછા ચાલ્યા ગયા!!

સુ૦-અશ્વપાળ—(અંદર બેઠાં સ્વગત) વાહ! ફક્કડ! મોહોબત તો એસીજ કરનાં!!

ભર્તૃહરી—(સચિંત) અરે, પ્યારી, આ એક આશ્ચર્યની વાત છે. મારો લઘુબંધુ વિક્રમાદિત્ય એવોછે નહિં !! તેં પોતે એન દીઠો ?

પિંગળા—મહારાજ, મેં અસત્ય ભાષણ પ્રાણપતિની પાસે કોઈ દિવસ કર્યું છે ?

ભર્તૃહરી—તે ખરૂં છે; પણ આ વાતમાં મને સંદેહ રહેછે !

પિંગળા—આપને જેના અંતઃકરણની વધારે પ્રતિતી હોય, તેને વિશે નિર સંદેહ રહો ! અને ત્યારે હું અસત્ય કહુંછું ! એમ કહો. (એમ કહી રૂએછે.)

ભર્તૃહરી—અરે પિંગળા. તું દિલગીર ન થા. હજુ મારૂં મન સંકલ્પ વિકલ્પમાં છે, શું ખરૂં છે, તથા એ કેમ બન્યું હશે. એ મુને નિશ્ચય થતો નથીં. (સ્વગત) ખરે! એમછે કે **कामांधोनै वपश्यति** તેમ કદાચ હોય, ! પણ એ ધર્મશીળ મૂર્ત્તિ વિક્રમાદિત્ય ! ! ! ના, ના, એતો અસંભવિત છે ! સુર્યમાં અંધકાર એ માનવા તુલ્ય આ છે ! પરમેશ્વર જાણે ! (પ્રકાશ) પ્યારી, તારૂં સ્વરૂપ ઓછું નથી; પુરૂષને મોહ ઉત્પન્ન થાય તેમાં નવાઈ નથી ! પણ આ બાબતની પક્કી તજવીજ કરી ખાતરી કરીશ, તું નિશ્ચિંત રહે.

પિંગળા—બહુ સારૂં પ્રાણનાથ, પણ મારે એ પુત્રવત્ છે, માટે એને કાંઈ વધુ ઘટું કહેશોમાં ! (એ સાંભળી ભર્તૃહરી જાણેછું એમ કહી, ગમગીન, તથા રોષભર ત્વરાથી ચાલ્યા જાયછે ને તે ગયા પછી પિંગળા સ્વગત કહેછે) વાત તો ઠીક ઉતારી છે ! ફિકર નહિ. બીજું નહી થાય તો છેવટ એનાપર અકૃપા તો થઈ જશે ! તોપણ પછી માથું ઊંચું નહીં કરે. મારા યારથી મારે શું વધારે ! (રાજાએ આપેલું આ અમરફળ હજુ હાથમાંજ છે તેપર વિચારે છે) આ અમરફળ ! તે મારે ખાવું કે મારા યારને દેવું ! રાજા કહે છે કે તારાવિના હું ક્ષણ જીવી શકું નહીં, ત્યારે મારા મનને નિશ્ચય છે કે હું મારા યારવિના જીવી નહી શકું. માટે દેવું તો એનેજ,

કેમકે— રાગદેશ.

સાચો મારોછે, જે શોખી પુરો પ્યારો, તેને ફળ આતો દેશું, સાચો. ટેક.
અમર થશે છેલ યારજ મારો, આપશે સુખને વિલાસ. સાચો.
એને મળ્યા વિણુ દિન એક વીતે, ચિત્ત મારૂં થાયછે ઉદાસ. સાચો.

રાજાને જે સુખ મારાથી મળે છે; તે કાયમ રહેવા, મુને આ અમરફળ આપ્યું, તો મારા સુખનો ખરો આધાર એ સુખલેરજી અશ્વપાળ ઉપર છે. એના વીના એક દી જાયછે; તો જીવતરપર કંટાળો આવે છે. તો એના મૃત્યુ પછી મારી મોજમજા બધી થઈ રહી! માટે આ ફળતો અવશ્ય એને દેવું, તો પછી એનાથી પ્રાપ્ત થતા સુખની અવીચ્છિન ધારા કદી બંધ ન પડે. વળી આ અમરફળના યોગથી એની યુવાવસ્થા પણ કાયમ રહેશે, જેથી રોજ એક સરખી લેર! બસ મનડા. તેં ઠીક વિચાર્યું છે! આપણે ખાઇને કરવું છે શું! એનેજ દેવું !!! (મધુરવદંતિતીને સાદ દેછે).

મધુર૦—આજ્ઞા બાઇસાહેબ!

પિંગળા—ક્યાં ગયા. આપણા પ્રાણાધાર! બોલાવી લાવ, એને બહુ મુઝવ્યા—કેમ આજ કેવું કહ્યું બાકી રાખી છે?

મધુર૦—ચરીત્રના સાગરમાં નવનિધી ભરીછે! એમાં ખામી શાની હોય! (એમ કહી અંધારા દીવાનખાનામાંથી અશ્વપાળને બોલાવી લાવેછે ને કહેછે) બાઇસાહેબ, આ તમારા યાર આવ્યા.

સુ૦——અશ્વપાળ—પ્રવેશ કરીને મોઢું ચડાવીને) અંધેરેમેં ધુસા દીયા! અંધીયાચાકોટકી માફક ફીરતાથા, એસા વખ્ત આવે તબ સબ મોજ ચલી જાવે. ઓર બારા બરસકી જાને કેદ મીલી! (પિંગળાને આતુર થઇને) પ્યારી તેરેસેં કભી એસા હોવે કે નાહી?

પિંગળા—કેવું થાય! અશ્વપાળજી!

સુ૦—અશ્વપાળ—રાજાકું કુછ ખાન પાનમેં ઝેર દેદે, ઓર વો મર જાય, ફીર તેરા રાજ હોવે! પછી મેં ઓર તે સારા દીન મોજ કરે!

પિંગળા—ઝેર તો હમણાં દઇ દઉં, એમાં તો કાંઈ મોટી વાત નથી, પણ એમાં એક વિચાર છે.

સુ૦—અશ્વપાળ—કરનાં તો નહીં ડરનાં. ઇસમેં બીચાર કેસા!

પિંગળા—એમ છે કે એમને ઝેર દઉં તો પછી એના ભાયાતગાદીએ બેસે, તો હું ઉલટી પરાધીન થઈ જાઉં! તો આપણે હાલ મજા કરીએ છીએ, તેમાં પણ ખલલ પહોંચે! માટે એ જીવતા છે તે તો ઠીક છે!

સુ૦-અશ્વપાળ (સ્વગત સચ બાત! કભીકતો રંડીયાંમેંભી અક્કલ અચ્છી હોતી હે! (પછી ડોળ કરેછે) તબ મેં મેરા જાનકું જોખમમેં નહીં ડાલુંગા-હમ કૈસી તકલીફ ઉઠાવે, તેરી તાબેદારી કરે; ઔર એસા બખ્ત આવે, તબ અંધકારમેં લુડકી માફક છુપ રહેના, ઔર બતી બાંધનેકુ મીલે નહિ!

પિંગળા—તમારી બતી ફાટી ગઈ છે એ મને ખબર છે; તેની ગોઠવણ મેં આગળથી રાખીછે. મારી નવલખી જરીયતની સાડી લઈ જાઓ; લપેટીને બાંધજો.

સુ૦-અશ્વપાળ—બાતતો અચ્છી કહેતી હે, કોઉ દેખે તબ મારા ન જાઉં? ઇતના તો સમજતા હું?

પિંગળા—ગમે તેવો તેનો ઉપયોગ કરજો, લ્યો તમને બક્ષીસછે.

સુ૦-અશ્વપાળ—હમારા શીશ બદલ બક્ષિશ હે! દુસરા કુછ લા, હમારા જાન જાવે, તબ તેરી બક્ષિશ કયા કામ આવે! હમ નહિ લેંગે, ઔર આંયગેભી નહિ.

પિંગળા—તમારો જાન કેમ જાશે. જમદુતથી પણ તમને બચાવીશ!

સુ૦-અશ્વપાળ—વો તો બચાયા તેં! ક્યા તેં મેરે બદલ જાયગી?

પિંગળા—નહીં નહીં અશ્વપાળજી મારી પાસે એક એવી વસ્તુ છે, કે જે ખાધાથી મોત ન આવે!

અશ્વપાળ—એસી કોનસી બસ્તુ હે! જુઠ બાત ન માનું!

પિંગળા—(અમરફળ બતાવીને) આ એક અમરફળ રાજાએ મુંને આપ્યું છે તે મેં તમને આપવું ધાર્યું છે, જે ખાઈ તમે અમર થશો!

સુ૦-અશ્વપાળ—(તે જોઇને) યહ બસ્તુ એસી નહિ. અમર ઔર હોતા હે, કસ્તુરી ઔર હોતી હે, તેંને દેખા નહિ? રાનીહોકર!!

પિંગળા—નહિ નહિ, અશ્વપાળજી આ ફળનો એવો ચમત્કાર છે કે જે કોઈ નર અથવા નારી એ ફળ ખાય, તે સદા જુવાન રહે; એને કોઈ દીવસ મોત ન આવે!

સુ-અશ્વપાળ—(આશ્ચર્ય થઇને) એસા ફલ બી હોતા હે કયું! અચ્છા લા, તબતો તેરી દોસ્તી સચીહે.

પિંગળા—(આપે છે) લ્યો, આ ફળ, તમારા વિના મારે બીજું કોણ છે ?

સુ૦-અશ્વપાળ—કીસ તરેહસેં યહ ખાના!

પિંગળા—હમણાં ખાઓ કે કાલ સવારે ખાઓ, તમારી નજરમાં આવે ત્યારે! (જરા વિચારીને) હમણાંજ ખાઈ જાઓ!

સુ૦-અશ્વપાળ—બડી ફજરમેં ઉઠકે ઉસકાહી ઢુંગા કરૂંગા, ફેર એસીને એસી મોજ હર હમેશ કયું!!

પિંગળા—એ વાસ્તે તો દીધું છે!

સુ૦-અશ્વપાળ—(એ ફળ લઈ ખુશી થઇ) અચ્છા અબ મેં અશ્વશાળામેં જાતા હું; બિક્રમાદીત્ય ફીરનેકુ આયે હોંગે; દેર બહોત ભઇ હે.

પિંગળા—વિક્રમાદીત્યનું ઓસડ આજ વાટ્યું છે! રાજાજીને—

સુ૦-અશ્વપાળ—(વચમાં પિંગળા રાણીની પીઠ થાબડીને) બસબસ, દોસ્ત શાબાશ હે તુઝકુ, તેરી લ્યાકતતો તેરીજ પાસ!

પિંગળા—તો હુંશિયાર ન હોઇએ તો, આમ બે ધડક તમારાથી ઇશક થાય ખરો કે!

સુ૦-અશ્વપાળ—બસ બસ, એક તેરે જેસી તુંજ! ઓર મેરે જેસા એક મેહીં હું.

પિંગળા—(હસીને) પછી એનાપર એક એવું તહોમત મુક્યું છે કે એને ઉજ્જેનીમાંથી ગયે છુટકો છે!

સુ૦-અશ્વપાળ—ઉધર બેઠકે સબ સુનાહે! અબ મેં જાતા હું.

પિંગળા—સારૂં બીજી વખતે વેહેલા આવજો. (એ સાંભળી અશ્વપાળ જાયછે ને તે ગયા પછી દાસીને) દાસી, સ્નાન કરી વેણી

ગુંથન કરવું છે, ચાલ સ્નાનગૃહમાં.

મધુર૦—બહુ સારૂં બાઇસાહેબ બધાં સ્નાન સાહીત્ય લઈ આવુંછું.

(એમ કહી બંને ત્યાંથી ઉઠે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ-વિચારભુવન.

ભર્તૃહરી, વિક્રમાદત્ય, ને પ્રતિહાર.

ભર્તૃહરી—(દાસીને ખાનગી બોલાવી પુછ્યું ને તેણે રાણીના ડરથી બધી વાત હા કહી, તે પછી સચિંત બેઠાં પ્રતિહાર પ્રતિ) પ્રતિહારા, વિક્રમાદીત્યને બોલાવ, કહેવું કે ખાનગી મેહેલમાં કાંઈ વાત પુછવા બોલાવે છે.

પ્રતિહાર—બહુ સારૂં પૃથ્વી પતિ. (એમ કરી જાયછે.)

ભર્તૃહરી-(સ્વગત) અહાહા ! વિક્રમાદિત્ય મારો લઘુ બંધુ નીતિવાન અને શાસ્ત્ર સંપન્ન છે, એનાથી આવું દુષ્ટ પગલું ભરાયું હોય એ પુરૂં સંભવતું નથી; તોપણ:—

श्लोक.

सन्मार्गेतावदास्तेप्रभवति
सनरस्तावदेवेंद्रियाणां
लज्जांतावद्विधत्तेविनय
मपिसमालंबतेतावदेव
भ्रुचापाकृष्टमुक्ताःश्रवण
पथगतानीलपक्ष्माणएते
यावल्लीलावतीनांनहृदिधृति

मुषोदृष्टिबाणाःपतंति

પુરૂષ સારા માર્ગમાં ત્યાં સુધી રહેછે, તેમ ઇંદ્રિયોને પણ ત્યાંસુધી વશ રાખી શકેછે, શરમ પણ ત્યાં સુધી રાખેછે, વિવેકનો આશ્રય પણ ત્યાંસુધી રાખેછે, જ્યાં સુધી ભૃગુટીરૂપિ ધનુષથી ખેંચીને મુકેલા કાન સુધી પોહોંચેલા, કાળી પાંપણરૂપી પાંખવાળા, ધીરજતાને નાશ કરનાર, સ્ત્રીઓની દ્રષ્ટિરૂપી બાણ હૃદયમાં નથી વાગ્યાં. એમછે માટે પિંગળાનું સ્વરૂપ કાંઈ ઓછું નથી; મહાન મુનીશ્વર જોઈ મોહ પામે, તો એમ દ્રષ્ટિ કરતાં વિક્રમાદિત્યનું શું ગજુ! આખા બ્રહ્માંડમાં રૂપવંતી પિંગળામાં એક નરૂણવયી વિક્રમાદિત્ય લુબ્ધ થઈ જાય તો એ મોટું આશ્ચર્ય નથી! હવે તજવીજ કરીએ ત્યારે ખબર; એનું મુખ, એનું સંભાષણ, એનું કપટી હૃદય હશે તો તુરત પ્રગટ કરશે; તેમ પિંગળાનો મને પુર્ણ વિશ્વાસછે કે એ મારી આગળ કદી અસત્ય બોલે નહિ.

(એટલામાં વિક્રમાદિત્ય પ્રવેશ કરેછે, તથા છેટેથીજ ભરથરીને જોઈ, જ્યેષ્ટભ્રાતા વંદન કરૂંછું, એમ કહી વંદન કરેછે).

ભર્તૃહરી—(તેને આવતો જોઇને સ્વગત) જો, એની ચાલ કેવી ધીમી થઈ ગઇછે, પગ ઉપડતો નથી. (પ્રકાશ) કલ્યાણ મસ્તુ. (વિક્રમાદિત્ય બેઠા પછી જરા ઉચ્ચસ્વરે) વિક્રમ?

વિક્રમાદિત્ય—આજ્ઞા જ્યેષ્ટભ્રાતા!

ભર્તૃહરી—આ વખત મેં તુને આ રહસ્થળમાં શા માટે બોલાવ્યો છે, તેનું કારણ તારા સમજવામાં નહીં હોય?

વિક્રમા૦—ના, વડીલ બંધુ, એ કારણ મારા સમજવામાં નથી, આપની આ બાળકને શી આજ્ઞાછે!

ભર્તૃહરી—(સ્વગત) એને ક્યાંથી ખબર હોય, પાધરો છુપાવાનો ડોળ કરવા માંડ્યો. (પ્રકાશ) વિક્રમ, તેં નીતિ માર્ગથી એક મહા વિપરીત આચરણ કર્યું છે!

વિક્રમા૦—(પોતે નિર્દોષ છે તેથી આ સાંભળી મુર્છા ખાઈ સાવધ થઇને.)

તુમને મેરી લાસકી મહી ખસઅકી-એ ચાલ. અથવા ઇંદ્ર સભામાં.

એ શું બોલોછો! વિવેકી ભ્રાતા ભરથરી!
એ શું વદો છો વડીલ, જીભથી કરી!
એ શું કહો છો માતુ પિંગળાનારે પ્રભુ!
મૂજ વિશે આવી બુદ્ધિ આરાધો શંભુ!

માલિની છંદ.

નથિ નથિ નથિ સ્વપ્ને, દુષ્ટ સંકલ્પ કીધો;
નથિ નથિ નથિ નીતિ, ઉપરે પાય દીધો;
અચરજ અતિ પામું, બંધુ આ શું કહોછો;
મુજ નીતિ રીતિ જાણો, વેમ ક્યાંથી લહોછો.

ભર્તૃહરી—(એ સાંભળીને) અને વળી મારા અંતઃપુરમાં અયોગ્ય સ્થળે!!

વિક્રમા૦—(એ સાંભળી અધિક ખેદ પામીને) હર હરી શીવ! શીવ! અંતઃપુરમાં મારૂં અનીતિ આચરણ આ શું કહોછો!

* રાગ ઉપરનો.

સમુદ્રે મર્યાદા ભ્રાત, હજુ મુકી નથી,
અગનિની શિખારે ભ્રાત, અધો ગઈ નથી;
સૂર્ય માંહે અંધકાર, હજુ થયો નથી;
સિંહણ સૂત તૃણ ખાવાને હજુ ગયો નથી;
હંસની ગતિરે કાગ વત, થઈ નથી,
સંત ચિત્તમાંથી દયા, હજુ ગઈ નથી!
પશ્ચિમ હજુ સૂર્ય ઉદય, થવું નથી થયું!
કાષ્ટ ટેક તોડી જળમાં, નથી ડુબી ગયું!
માતુનો વાત્સલ્ય પ્રેમ, નથી હજુ ઘટ્યો;
આપનો વિચાર આવો, ક્યાંથીરે થયો!!

ભર્તૃહરી—(આ સાંભળતાં સ્વગત) આ હજુ માતુ માતુ કોને કહે છે. એ સમજાતુ નથી; ખરે પાપી થયા પછી દંભને પ્રપંચ વધેછે. એ ખરી વાત છે! પણ જોઈશું.

વિક્રમા૦—હે પરમપવિત્ર ગુણનિધાનજ્યેષ્ઠ ભ્રાતા હું બાલ્યાવસ્થા·

થી જ્ઞાન શક્તિયુક્ત થયો, ત્યારથીજ તે આજ તરૂણાવસ્થા પર્યંત આપની સેવા અનીત્ય ભાવથી કરતો આવ્યોછું, શ્રુતિસ્મૃતિ અનુસાર નીતિમાર્ગ, લઘુનો જ્યેષ્ટ ભ્રાતા પ્રતિ જે ધર્મછે, તેથી વિરૂદ્ધ સ્વપ્ને પણ કદી ચાલ્યો નથી; અને આજ આપ આ વાત કહોછો. તે જેમ પિપિલીકાપર[1] પર્વત, તથા કદલીપર વીજ આવી પડે એ રીતે આપનાં વચન મારાપર ઇંદ્રના વજ્રની માફક કાર્ય કરેછે. હે રાજનિતિ નિપુણ ન્યાયી જ્યેષ્ટભ્રાતા, વિચાર કરીને આ નિર્દોષ લઘુ બંધુપર વચન પ્રહાર કરશો.

ભર્તૃહરી—(સ્વગત) જેના હૃદયમાં બીકછે, તેનું ભાષણ ઘણું નિકળે છે; સાચો હોય તેને હીંમત હોય છે; તે બે શબ્દ કહે તો બસછે! (પ્રકાશ) તારી બોલવાની ઢબજ કહી આપેછે કે તેં એ દુષ્ટ કર્મનું પગલું ભર્યુંછે! તું કાલે રાણીવાસમાં ગયો તો કે નહીં?

વિક્રમા૦—કાલે હું ગયોજ નથી! કારણ કે આપનું મળવું સવારે રાજમહાલયમાં થયું હતું, જેથી ત્યાં આવી મોઢે થવા કાંઈ પ્રયોજન નહોતું; અને રાત્રીએ તો હું પણ શિવરાત્રી તેથી ઘેર શીવપુજનમાં રોકાયો હતો.

ભર્તૃહરી—(સ્વગત) કેવી યુક્તિથી વાત કરેછે? ગયાનીજ વાત પ્રથમથી ઉડાવી દેછે (પ્રકાશ) ત્યારે તું શીવરાત્રી જેવે દિવસે મહાંકાળેશ્વર શિવાભિશેકમાં કેમ ન આવ્યો?

વિક્રમા૦—હું સદા એકાંતમાં શીવપુજન કરૂંછું! એ ક્યાં આપથી અજાણ્યું છે?

ભર્તૃહરી—(એથી વિશેષ વહેમ ભરાયાથી) તારી એકાંત ને મંત્ર પ્રયોગ બધા હું જાણુંછું! ત્યારે તું અંતઃપુરમાં જવામાં કાંઈ અડચણ સમજેછે ખરો?

વિક્રમા૦—મા પાસે પુત્રને જવામાં અડચણ હોય તો મારે પણ અડચણ સમજવી!

---

૧ કીડી.

ભર્તૃહરી—(સ્વગત) આવા પ્રપંચી ઉત્તર એ શી રીતે પકડાય? (પ્રકાશ) અરે વિક્રમાદિત્ય, એ બધી ચતુરાઈ જાવા દે, ને જે સત્ય છે તે જાહેર કરીદે; તેં અવશ્ય ભુલ ખાધીછે.

વિક્રમા૦—પરમપુજ્ય વિવેક શિરોમણી ભ્રાતા, જ્યાં સુધી મારા નામમાં આદિત્ય એવો શબ્દછે, ત્યાં સુધી મોહ માયારૂપી અંધકાર કોઇપણ મારામાં પ્રવેશ કરી શકવાનો નથી; એ મુને નિરસંદેહ છે.

ભર્તૃહરી—તારા નામમાં આદિત્ય શબ્દછે. તે જ્યોતિષ વેત્તાએ જન્મઘટી પત્રિકાપરથી મોટી ભુલ કરીછે! હું તો તારા સંજોગમાં અંધકાર સમજુછું. તારૂં જ્ઞાન સઘળું નાશ પામ્યુંછે; તું કામથી અંધ થઈ ગયોછું—

વિક્રમા૦—સાહસ! સાહસ ન કરો ભરથરી!!—

ભર્તૃહરી—(તેનું ન સાંભળતાં) અરે જ્યારે માતુશ્રીએ પ્રાણ ત્યાગ કર્યો, તે વખત અવસાનમાં મુને બોલાવીને કહ્યું કે મારા પ્યારા પુત્ર ભરથરી, આ તારો નાનો ભાઈ, હું તને સોંપુછું. તારા પિતા ગુજરી ગયાછે, માટે તું એની પુર્ણ સંભાળ રાખજે, તેથી માતા આજ્ઞાનુસાર નિશ્ચળ મનથી, યદ્યપિ રાજ્ય પ્રકરણ અંધુ સ્નેહ જુદા પ્રકારનો હોય છે, તોપણ તે વાતપર દ્રષ્ટિ ન કરતાં તારાપર પૂર્ણ વિશ્વાસ રાખી રાજનું નાનું મોટું સર્વ કામ તને સોંપી દીધું; રાણીવાસ, અંતર્ગૃહ ક્યાંઈ પણ તુંને જવામાં અટકાવ નહિં, એવો ખાસ હુકમ આપી દીધો; તોપણ હે નીચ; લંપટ દુરાચરણી, આ સર્વ કૃપાનો તેં ભ્રષ્ટ ઉપયોગ કરીને મારી પ્રાણ પ્યારી જે પિંગળા તેનાજપર કુદ્રષ્ટિ તેં કરી, અને એકાંતમાં મળવાને ઇરાદે તું ગયો હતો; પિંગળાની દાસીનું કહેવું પણ આ વાતને પુરવાર કરેછે.

વિક્રમા૦—(એ સાંભળીને) શીવ! શીવ! શીવ! હર, હર, એ શું કહોછો! આ શો ગજબ! માતુ પિંગળાપર મારી કુદ્રષ્ટિ!!!

ભર્તૃહરી—(તેનું કાંઇપણ ન સાંભળતાં ચલાવ્યે જાયછે,) ને જેથી એ પવિત્ર પત્નીએ ઘણાજ પ્રયાસથી પોતાના પતિવ્રતનું દ્વાર

બંધ કરી રક્ષણ કીધું. અરે તુંને ધિક્કાર છે! તારૂં જીવવું વૃથા છે! આ વખત કોઈ બીજાું હોત તો હું તેને દેહાંત દંડ દેત! પણ માતુશ્રીનાં વચન યાદ આવેછે તેથી તુંને વિશેષ શિક્ષા નથી કરતો; પણ જા તુંને દેશનિકાલ કરૂંછું.

વિક્રમાદિત્ય— લાવણી.

(અધબીચ મોહોબત તોડી બે દરદી દીવાના. એ ચાલ.)

ભરથરી ભ્રાતા વિચારીને, તમે કરો હું ઉપર કોપ;
વણ અપરાધે (૨) તમે વદો વચન આરોપ. ભરથરી. ટેક.
છો શિરછત્ર (૨) નવ લોપુ નીતી ધર્મ;
બંધુ પત્ની મમ માતછે, ક્યમ કરૂં અવિહીતજ કર્મ. ભરથરી.
કટુ વચન બાણ (૨) શીરપર મુકો માં કાપ;
આગળ વાત વિચારતાં, ભાઈ પામશો પશ્ચાતાપ. ભરથરી.
પાંડવમાં ધર્મ (૨) લક્ષ્મણને જેમ રઘુવીર;
કનક ભક્તિ તેમ માહરી, નવ જાણો બંધુ કથીર. ભરથરી.
ગણું આપ સેવ (૨) મુક્તિ દાતા દિલમાંય;
બ્રહ્મરસ ભોગી ભ્રષ્ટ થઈ, કેમ તુચ્છ વિષયને ધાય. ભરથરી.

હે શ્રેષ્ટ ભ્રાતા, લક્ષ્મણ તથા ભરથની ભક્તિ જેવી રામચંદ્ર પ્રત્યે હતી; તથા જેવી ભીમાર્જુનની ધર્મ પ્રત્યે હતી; પાંડવજનની કૃષ્ણ પ્રતિ હતી તેવીજ શુદ્ધ ભક્તિ આપના પ્રતિ મારી છે; અને આપ આવી રીતે વિચાર શુન્ય થઈને મારાપર સાહસ કરોછો, એ યોગ્ય નથી, કેમકે હું આ વૃતાંત બીલકુલ જાણતો નથી! રાણીવાસમાં કાલે તો શું પણ ત્રણ રોજ થયાં હું ગયો નથી! પિંગળાની દાસીને મેં દીઠી નથી. આ વાત બધી પ્રપંચરૂપ છે; અને આપ મારે પિતા તુલ્ય પવિત્ર ન્યાયી આત્મા આવો જુઠો આરોપ મારે શીર છોડોછો, તો તેપરેથી દૈવની કોઈ અન્ય ઈચ્છા નજર આવેછે; કોઇ મોટી આફત આ માલવ દેશપર આવવાની હોય એમ જણાયછે! નહિ તો આ આખું રાજ પાયમાલ થવાનું છે! એ વિના આવો કુતર્ક આપના પવિત્ર અંતઃકરણમાં કદી વાસ કરે નહિ.

ભર્તૃહરી—અરે વિક્રમાદિત્ય, તું અસુરવત ભાષણ ન કર, તારૂં સત્ય લેષ માત્ર પણ મને નજર નથી આવતું; તું બધું પ્રપંચથી ઉઠાવીને બોલ છે.

વિક્રમા૦—અરે જ્યેષ્ટ ભ્રાતા, હજુ વિચાર કરો, આપ ન્યાય નિપુણ શાસ્ત્ર સંપન્ન આવો સાહસ વાક્ય ઉપયોગ કરો છો એનું પરિણામ સારૂં થવાનું નથી! વાતની ઉત્પત્તિનો વિચાર કરો! ભુમિ કેવી છે! અને તેમાંથી કેવા ફળની આશા રાખો છો. વિષ અમૃતરૂપ દેખાતું હોય, તો પણ તે મોતનું કારણ થાય છે!

શ્લોક.

अनिष्टादिष्टलाभेऽपि, नगतिर्जायतेशुभा॥
यत्रास्तेविषसंसर्गो, ऽमृतंतदपिमृत्यवे॥

બુરામાંથી સારૂં ફળ મળે તોપણ તે પરિણામે સારૂં નથી રહેતું. જેમાં વિષ મળેલું છે એવું અમૃત પણ મોતનું કારણ થાય છે. (એટલે ઉપરથી અમૃતરૂપ જણાય છે) પણ વાસ્તવિક તે વિષજ છે.

ભર્તૃહરી—અરે વિક્રમાદિત્ય, તું હવે વધારે ન બોલ; કેમકે તારા અસત્ય ભાષણથી મારા કર્ણ અપવિત્ર થાય છે; અને તારૂં કલી સ્વરૂપ જ્યાંસુધી મારા રાજમાં છે ત્યાં સુધી મારી પ્રજાને કલેશ રહે છે; તું સત્વર આ માલવદેશ છોડીને ચાલ્યો જા; નહીં તો તારી ઘાત થઈ જશે! હજુ સુધી મારા અંતઃકરણે દયાનો ત્યાગ કર્યો નથી!

વિક્રમાદિત્ય—(એ શ્રવણ કરી જરા ક્રોધાતુર થઈ કહે છે.)

રાગ ઉપરનો લાવણીનો.

હું તજું ગ્રામ (૨) નવ નિશ્ચે રહુ આ ઠામ,
લાજે જનુંની માહરી, જો ઘડી કરૂં વિશ્રામ. વણ.

હે ભરથરી! જેના અંતઃકરણમાં એક પણ દુષ્ટ સંકલ્પે આજ સુધિ પ્રવેશ કર્યો નથી; અને જેણે જેષ્ટભ્રાતા પિતા, અને તેની

સ્ત્રી માતાસમ જાણીને એક નિષ્ટાથી પુત્રવત આચરણ કર્યું છે. અને જે પોતાને આદીત્યવત શુદ્ધ સમજે છે, તથા અદ્યાપિ બ્રહ્મચર્યનું સંરક્ષણ કરેછે; એવા એક કૃપાપાત્ર નાના ભાઇને, હે પિંગળાના પતિ, તું એક નીચ! પ્રપંચી શાસ્ત્રનિંદિત કલેશ મુળ, કપટ સ્વરૂપ નર્કદ્વાર નયની સ્ત્રીના વચનપર વિશ્વાસ કરીને નિર્લજ ઠરાવી જૂઠો આરોપ છોડેછે, ને સ્વમુખથી દેશનિકાલનું કહે છે, તો હું સત્વર આ માલવદેશ છોડીને અરણ્ય ભુમી વિશે ચાલ્યો જાઊં. છું. અને તારી જીંદગાનીમાં આ ભુમીનું પુનર્દશન નહીં કરૂં. એ યાદ રાખજે.

(ક્ષત્રીકલંક કેમ લેશેરે એ રાગ.)

શુણ સ્ત્રીજીત ભરથરી ભુપ, ઉજેની તારીમાં ન રહુંરે.
રાખ ચતુરાઈ રહે હવે ચુપ. ઉજેની.
હવે માળવાનું અન્ન નહીં ખાઉં. ઉજેની.
વેગે અરણ્યમાં હું તો ચાલ્યો જાઉં. ઉજેની.
ધિક ધિક લપટાણો મતિ મંદ. ઉજેની.
ફટ ફટ સમજ્યો ન નારી ફંદ. ઉજેની.
ફસ્યો પિંગળાના પાપી પંજામાંય. ઉજેની.
વાગે ત્યારે સંભારજે તેનો ઘાય. ઉજેની.
ચાલ્યો જાઉં સાચો ક્ષત્રી ધરી હામ. ઉજેની.
તારી ઉજેનીમાં ટકવું હરામ, ઉજેની.

છપય છંદ.

શુણ સ્ત્રિજિત ભૂપાળ, અરણ્યમાં વેગે જાઊં;
ધિક વિક્રમ મુજ નામ, માળવાનું અંન ખાઊં;
શુણ યુવતી જિત ભ્રાત, બુદ્ધિ બગડી તુજ અંગે;
થયો કામવશ આપ, પિંગળા પાપી સંગે;
તેં બંધુ બેલ તોડી ભલે, ફરી ન સાંધો લાગશે;
પણ યાદ રાખજે ભરથરી, પસ્તાવો પૂરો થશે।

હે ભરથરી કદાચીત દૈવયોગથી સત્ય અસત્ય જાણવાનો પ્રસંગ તુને આવશે તો ત્યારે તુને આખાત્રિભુવનમાં કોઇને નથી

થયો એવો મોટો પશ્ચાતાપ અને ખેદ ઉત્પન્ન થાશે, એ પક્કું યાદ રાખજે. (પૃથ્વીને નમન કરતાં) અયિ માલવભુમિ! જય ધરતી મૈયા! હવે છેલા પ્રણામ તુંને! છેલા રામ રામ તુને! જય ભરતભુમીની રસ પુર્ણ પુત્રી! (ભરથરી તરફ હાથ કરીને!) આ કામાંધ ભ્રાતનું નિર્દોષપર અસત્ય ભાષણ શ્રવણ કરી કોપ કરીશમાં અને હે વીરમાતા! આ કૃતઘ્ની બંધુનું કલ્યાણ કરજે! તેનાં હૃદય ચક્ષુ ઉઘાડજે! તથા આ ત્રિયા પાસબદ્ધ ભરથરીને પ્રપંચી પિંગળાના અંધતમ મોહમાંથી મુક્ત કરજે! અયિ અવન્તિકા ઉજ્જયીની! તારી પ્રજાને શાંતિ થાઓ! શાંતિ થાઓ! (પછી પોતાના મનને) જય અવધુત નિરંજન! ચલ, અબ અરણ્યમેં!!

(એટલું કહી નિકળી જાયછે.)

ભર્તૃહરી—(એ સાંભળી સ્વગત) કામાંધ વિવેક હીનને પાછળથી અકલ બહુ સુજેછે; પરંતુ એ બધું તુચ્છ ને નિરાધાર સમજવું! મારી પ્રાણપ્યારીનું કહેવું કદી અસત્ય હોય નહીં. ચાલ. હવે મહાંકાળેશ્વર જવાનો સમય થઈ ગયો છે, માટે શિવાભિષેક વસ્ત્ર ધારણ કરી લઉં.

(એમ કહી ભરથરી પણ ત્યાંથી ઉઠે છે.)

અંક ત્રીજો સમાપ્ત.

અંક ૪ થો.

પાત્રો.

ભર્તૃહરી	માલવદેશનો રાજા.
દીર્ઘદર્શી	તેનો પ્રધાન.
સુરસેન	તેનો સેનાપતિ.
વિદુષક	તેનો મશ્કરો મિત્ર.
પિંગળા	તેની માનીતી રાણી.
મધુરવદંતી	પિંગળાની દાસી.
અશ્વપાળ	પિંગળાનો યાર.
કલાવંતી	એક ગુણીકા.
ગુણસુંદરી	તેની દાસી.
ગુલાબચંદશાહ માણેકચંદશાહ પ્રેમાણંદશાહ	ઉજ્જયિનીના ગૃહસ્થો.
પ્રતિહાર	એક દ્વારપાળ.

પ્રવેશ ૧ લો.

સ્થળ—અશ્વશાળા.

અશ્વપાળ—(ફળ હાથમાં લઈ સ્વગત વિચારે છે).

વાહ ફળ તો અમર હોજાવે, એસા હે ! મગર યહ ખાનાં ઉસમેં બિચાર હે ! કયું કે જબ રાણી પિંગળાને અપની દોસ્તીકે ખાતર યહફળ મુઝકું દીયા. તબ અપના એસા કોન દોસ્ત હે કે ઉસકું યહ ફલ દેવે, ઊસકા બિચાર કરે. (જરા વિચારીને) મેરી દીલજાન કુઓંધાકે બાસ્તે રખે તો અચ્છી બાત હે કયું કે ઉને પિંગલાકી દોસ્તી કરવાઈ તો યહ મીલા, ઓર વિક્રમાદીત્યકા ઘાટ ઘડના ભી ઉનેઈ કાગજમેં લીખકે ભેજા, મ-

ગર વો અબ ઇધર રહેનેવાલી નહિ હે, ઓર ઉસ્કા બદનભી અચ્છા નહીં હે તબ કીસ્કુ દેયગે ?

હાં રાણી પાસ તો તક મીલે તબ જાતેહેં, મગર સારા દીનકી મોજ તો મેરી પ્યારી કલાવંતી ગુણિકાસે હોતી હે; બરાબર હો! અચ્છા યાદ આયા! યહ ફલતો કલાવંતીકુ દેના. જીસકે લીયે ઉસકા જોબન, ઓર અપની મઝા સદા બની રહેગી. વો હે ગુણિકા, તોભી એક પ્યાર સચ્ચા મેરેપર રખતી હે, ઓર મુઝકું અપના ખાવીંદ ગીનતી હે ! દુસરે પુરૂષ તો ઉસકું ભાઈ બાપ હેઈ! મગર ઇસ ફલકે દીયે મેરેપર ઉસકા ઓર જાસ્તી પ્યાર હોંગા, ચલ અબ ઉસકી પાસ જાઉં.

(એમ કહી કલાવંતી પાસે જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—કલાવંતીનું વિલાસ ભુવન.

કલાવંતી, ગુણસુંદરી ને પછી અશ્વપાળ આવેછે.

કલાવંતિ—(દાસી પ્રત્યે) ક્યું ગુણસુંદરી અબીતો યહ ગાંઉમે અપની રોજી અચ્છી તરહસેં ચલતી હે, ક્યું કે અછે અછે ગૃહસ્થ ઇધર આતે હે.

ગુણસુંદરી—હાં બાઇસાહેબ, આપકા સ્વરૂપ દેખકે સારે શેહેરકે મનુષ્ય આપમેં આતુર હો રહે હે !

કલાવંતિ—રાજાભી મેરેપર બહોત પ્યાર રખતે હે.

ગુણ૦—હાં આપકી અમૃતરૂપી બાની ઓર અપ્સરા જેસા બદન ખુબસુરત ઓર જેસા નામ તેસાઈ કલાવંતી ગાયન સબ બાતકી તરતીબ હે તો રાજાજી આશક હોવે ઉસમેં ક્યા આશ્ચર્ય હે!

કલાવંતિ—(અશ્વપાળ યાદ આવ્યાથી) ગુણસુંદરી વો મુરખ આજ ક્યું નહિ આયા ?

ગુણ૦—બાઈ, ઉસકા કુછ એક ઠીકાના નહીં હે !

કલાવંતિ—દાસી, આજતો બહોત મદ્યપાન કરાકે બેભાન કર પેસે ટકે સબ ખુંચ લેનાં.

ગુણ૦—બાઈ, એસા કરનેકી જરૂર નહિ હે, કયુંકે વો આપકું દેખતેઈ દીવાના બનજાતા હે, તુમારા ગુલામકું બેભાન કરનેકી ક્યા જરૂર હે !

નેપથ્યમાં—

ખોલીયો. દેર કયું હોતી હે ! વો તો મેં સુખલેર અશ્વપાળ હું.

ગુણ૦—(એ સાંભળીને) બાઇ, અકલકા બારદાન આયા !

કલાવંતિ—હાં એસા હે તોજ અપની પાસ આતા હે, જા દ્વાર ખોલ.

(દાસી જઈ બારણું ઉઘાડેછે.)

સુ૦અશ્વપાળ—(પ્રવેશ કરી હાથ ગળામાં નાંખીને) કયું પ્યારી, તબીયત તો અચ્છી હે ?

કલાવંતિ—હાં અશ્વપાળજી આજતો બડી કૃપાકી !

સુ૦અશ્વપાળજી—પ્યારી, તેરી પાસ આનાં વો કુછ કિરપા કરનેકા હે!

કલાવંતિ—હાં જેસી હે તેસી મેહેરબાની સદા રખનાં, આપ તો મેરે ખાવીંદ હો, ઔર દુસરે સબ બાઈ બાપ હે (પછી હળવે રહીને) કયું મેને પૈસે લાયે હો કે નહિ ?

સુ૦અશ્વપાળ—(દેવાને શકિતવાનજ નથી તેથી) હાં વોતો ભુલ ગયા હું કલ લાઊંગા.

કલાવંતિ—એસે ચલે ? આપ દાનશમંદ હો. બિચાર કરો !

સુ૦અશ્વપાળ—કલ જરૂર લાઊંગા. એસી અધીર કયું રખતી હે?

કલાવંતિ—તુમ જાનતે હો કે હમારા નિભાવ ઉસપર હે. પૈસા દીયા બિન ચલેગા નહિ, ચાય તો અભી જાકર લેઆઓ. નહિ તો આજસેં—

સુ૦અશ્વપાળ—તેતો હર હમેશ મીજાજ ઔર ઠઠા બાજી બહોત કરતી હે.

કલાવંતિ—અશ્વપાળજી યહ ઠઠા બાજીકી બાત નહિ, મેં સચ કહતી હું. હમારા પૈસા રહેગા તો આગે રાજા—

સુ૦અશ્વપાળ—(સ્વગત) ઇસકા પૈસા દિયાબીન ચલેગા નહિ, (પ્રકાશ) તેરી સોગન કલ લાઊંગા, આજ બોલનાં બંધ રખ.

કલાવંતિ—(એટલામાં નવ લાખની જરીયન સાડી જે રાણી પીંગળાએ આપેલી છે તે માથે ગોપવીને ફેંટો બાંધેલો તેનો છેડો નજરે પડવાથી પોતે ગળામાં હાથ નાંખીને) મેરે ખાવીંદ બુરા લગા હોવે તો માફ કરનાં, મેતો ગમતકે બાસ્તે સહજ કહતીથી.

સુ૦ અશ્વપાળ—તો મેંભી એસાઈ સમજતા હું, તુજે દુસરા હે કોન?

કલાવંતિ—એક તુમ ઓર દુસરા સાહેબ ધણી. (એમ કહી ફેંટા પર હાથ નાંખી ઉતારી નાંખેછે) ઇસમેં યહ ક્યા હે ?

સુ૦ અશ્વપાળ—(સ્વગત) યહ અચ્છા નહિ હુવા, દીયા બીન ચલેગા નહીં (પ્રકાશ) વો તો અપને ભાઇબંધકા હે સો બાંધનેકુ દીયા હે.

કલાવંતિ—હાં તુમારે ભાઇબંકા તબ વોતો હમરા ! ઇસકી સાડી અચ્છી હોગી.

સુ૦ અશ્વપાળ—દુસરેકી બસ્તુ અપને કેસેં દેવે? બાઈ!

કલાવંતિ—બાઈ કીસકું કહતે હો. આપતો મેરે ખાવિંદ ઓર મેં તુમારી ઓરત (દાસીને) દાસી! અચ્છા એક દારૂકા પ્યાલા લા.

સુ૦ અશ્વપાળ—(મનમાં) હાય હાય, યહ સાડીતો ઇને પચાઇ, અબ ખુંચ કર ભાગુંગા તોભી અચ્છા નહિ (પ્રકાશ) મેરી તુ ઓરત હે! તબતો યહ સાડી તુઝકુ દીયા ! મગર પ્યારી યહ જાહીરમેં પહીરનાં નહીં. ક્યું કે મેરા ઇજતદાર દોસ્તકી હે તો કોઉ દેખેતો બડા ટંટા હો જાય !

કલાવંતિ—યે ડર નહીં રખો મેંતો જબ હિંદુસ્તાનકી મુસાફરીમેં જાઉંગી તબ ઉધર પહીરૂંગી.

સુ૦ અશ્વપાળ—બહોત અચ્છા, (પછી ફળ યાદ આવ્યાથી દોસ્તી ખુબ પાકી કરવી એવું ધારીને) બસબસ એક ખબર હે !— એક ફલ તેરે ખાતર લાયાહું, જો ઉસકું ખાવે વો અમર હો જાય એસા વો ફલહે !

કલાવંતિ—એસા ફલહે તુમારે પાસ ! વાહ! તુમભી બડે લોક હો! કહાંસે મીલા !

સુ૦ અશ્વપાળ—ચાય વાંસે મીલા, તેરે ખાના હોવે તો બોલ.

કલાવંતિ—(કપટથી) આપ મેરે ખાવિંદ ખાઓ ઓર અમર હો જાઓ !

સુ૦અશ્વપાળ—(સ્વગત વાહ ! મેરે પર કેસા પ્યાર હે ! ઈસકું વો યહ દેના ચાહીએ ! (પ્રકાશ) મેં યે ખાઈકે ક્યા કરૂં તુમ મરજાઓ ફીર મેરા ક્યા હવાલ !

કલાવંતિ—સો તો તુમ બિચાર કરો, તુમારેકું તો હજાર હોગી, ઓર મેરેકું તો તુમ એક હો.

સુ૦અશ્વપાળ—(આપેછે) બસ, પ્યારી, લે, અબિ મેરી નજરૂં ખા જા.

કલાવંતિ—એસી બસ્તુ, કુછ સ્નાન ધ્યાન કર ખાની ચાહીએ. કલ સુબેરમેં ખાઉગી.

સુ૦અશ્વપાળ—અચ્છા, ઉસ વખત, જરૂર ખાના. કોઉકૂં દેના કે દીખાનાં નહિં.

કલાવંતિ—ઇસ બાબત બીલકુલ ફિકર નહિં રખના.

સુ૦અશ્વપાળ—અબ મેં જાતાહું.

કલાવંતિ—કલ, દુપેરકું જરૂર આનાં, ઓર અપના પૈસા સંગ—(પછી જરા વિચારીને) ભુલ ગઈ ! હોવે તો લાના.

સુ૦અશ્વપાળ—હજુ હાંસી કરતી હે ?

ચાનુ૦—અશ્વપાળજી, પધારો, મેરી બાઇકું તો એસી આદતહે !

(અશ્વપાળ જાયછે.)

કલાવંતિ—દાસી, પેટી ઇધર લા.

(દાસી પેટી લેવા જાયછે, ને વાંસેથી પોતેજ ઓરડામાં જઈ ફલ પેટીમાં મુકવાનું ધારી ત્યાંથી ઉઠેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—દીર્ઘદર્શીનું વિચાર ભુવન.

દીર્ઘદર્શી શુરસેન, ને વિદુષક.

દીર્ઘ૦—(સેનાપતિ પ્રતિ)કેમ શુરસેનજી, શું ધાર્યું ? હવે અવ્યવસ્થામાં બાકી રહી નથી !

શુરસેન—હા. પ્રધાનજી. સૈન્યમાં પણ ગરબડ થતી જાય છે, કોઈ આજ્ઞા માનતું નથી!

વિદુષક—સાંભળ્યું કે કાલ તો રસ્તે તમારો ઓરચ્યવ થયો!

શુરસેન—તું તારે એવાંજ શોધતો રહેજે, હવે આ વખત હાંસી કરવાનો નથી!

વિદુષક—તે ખરૂં. પણ તમને અક્કલ આવી તે મોડી આવી! હવે ઝેર રગોરગ વ્યાપી ગયું તે ઉતરશે ખરૂં કે?

દીર્ઘ૦—(વિદુષકને) હવે કાંઈ થાય તો ઠીક. તું મહારાજનો પરમમિત્ર, જે ગણીએ તે છે.

વિદુષક—જે ગણીએ તે નહીં ને ચીડીનો ચાકર ખરો! ભલેઃ હું સાથે કહેવા લાગીશ, તમે કડવાં વચન કહેશો તો મીઠાં હું કરીશ. બાકી એકલો બોલીને એકમાંથી બે આબરૂ નહીં કરૂં.

દીર્ઘ૦—તેની ફિકર નહીં, એતો અમે ચોકસ નિશ્ચય કર્યો છે કે મહારાજાના મુખપર આજ કહેવું.

વિદુષક—અમે તો કહીને શમસ્યાનો સંહાર કરી નાંખ્યો. હવે તમે કહી જુઓ; પણ શું કહેશો!

દીર્ઘદર્શી—હાલની મહારાજાની વર્ત્તણુક વિશે. સ્ત્રીમાં અતી લુબ્ધ થયા, તેથી રાજ પાયમાલ થવા લાગ્યું છે ઈત્યાદિ.

વિદુષક—(સેનાપતિ તરફ જોઇને) અને તમે શૂરસેનજી.

શુરસેન—અમે પણ કહીશું કે, સર્વ સરદારો ઉન્મત્ત અને સુસ્ત થતા જાયછે, શિક્ષાની ધાસ્તી કોઇને રહી નથી. મરજી હોય તો કહીએ તે સાંભળો, નહિ તો આ તમારી નોકરી.

વિદુષક—ના, બંનેએ હામ તો ઠીક ભીડી છે. પણ જે વખતે કરડાં નેત્રવાળો ને છટાદાર ભાષણવાળો, બંકો ભરથરી આવી ઉભો રહેશે તે વખતે અજા સિંહનો ન્યાય જણાઈ રહેશે.

દીર્ઘદર્શી—તેની શેહેથી હવે અમે દબાવાના નથી. સ્પષ્ટ તેમના મુખપર કહેશું.

વિદુષક—પ્રધાનનો ધર્મ તો એજ છે કે રાજા અવળે રસ્તે ચાલતો

હોય તો તેની ભુલ તેના મુખપર કહેવી, પણ એવા નિમકહલાલ પ્રધાન વિરલા—આપ વિરલા.

શુરસેન—(વિદુષકને) તારૂં કહેવું બરાબર છે.

વિદુષક—બરાબર કેમ ન હોય! એ મારા સંભાષણથી સૌને સીધી સડકપર ચઢાવ્યે જાઊછું. પણ તે મહારાજા કબુલ રાખે છે તો.

દીર્ઘદર્શી—તેવો તું રાજભક્ત છે ત્યારે મહારાજને કેમ કાંઈ કહેતો નથી!

વિદુષક—મારી કાયા જુઓ સુકાઇને રહી છે સવામણની, ને તમારી શુણીને થઇ છે સાત મણની, તેમ વચનનું વજને ઓછું! (શુરસેન પ્રતિ) કેમ! નાને મોઢે મોટી વાતો થાય! ને પડખા વિના પગલું ભરાય?

શુરસેન—સાચું કહેછે, એમાં કિમ્મત ઘણી છે. પણ કર્મ ન મળે

વિદુષક—કર્મ નથી, ને શરમે નથી, હું તો હાથેકરીને હળવો થાઊછું.

દીર્ઘદર્શી—ભલે, ત્યારે આજ અમારી વાત ઉપાડી લેજે; અમે તારે પડખે રેહેશું. મહારાજ કદી કોપી જાય તો, તારૂં ગુજરાન અમારા ઘર માથે સમજજે.

વિદુષક—ને તમારૂં તેમ થાય તો મારા ઘર માથે નથી, એ પણ ભેળું સમજી રાખજો,

શુરસેન—ના. ના. એ નહીં પાછો ટોળે ન ચડ.

વિદુષક—બહુ સારૂં ત્યારે. ચાલો, કચેરીમાં, પણ બીજી ખબરછે કે?

દીર્ઘદર્શી—બીજી કઈ ખબર?

વિદુષક—એ ધર્મ રાજાના અવતાર, વનમાં વિચર્યા!

દીર્ઘદર્શી—હા, એ માલુમ છે. વિરસિંહ પ્રતિહાર તરફથી ખબર મળ્યા છે, ત્યારનું મારે તો અન્ન પાણી હરામ છે. અફસોસ એટલો કે ખબર મોડા મળ્યા!!

શુરસેન—મારે પણ એજ રીતેછે; મહારાજને એપર કહેવાનો કાંટો પણ એથી આવ્યો છે. વિદુષક એ શેમાંથી હશે?

વિદુષક—એ ઝાળ પણ ત્યાંથીજ ઉઠી છે. જીવતા વનમાં ગયા એટલું સારૂં છે!

દીર્ઘદર્શી—હાય હાય! એ અનાથના બેલીને દેશવટો દીધો!

વિદુષક—હવે પાપનો ઘડો ભરાઈ રહ્યો છે, ફિકર ન રાખો. આજ કાં કાલ! કાંતો આ માલવ માતામાં મહારાજ નહિં કાં મહારાણી નહિં, ને કાંતો મારો દેહ રહેવો નથી.

દીર્ઘદર્શી—તેમાં તને શું છે.?

વિદુષક—કાંઇ નવા જુની થઈ તો મારાથી આંખે નહિ જોવાય. વિક્રમાદિત્ય વિંધ્યાચલમાં તો આ વિદુષક વિકટાચલમાં એ ચોકસ જાણજો.

દીર્ઘ૦—(આંખમાં આંસુ લાવીને) ભાઈ, એ હવે બધું રહેવા દે. ને કચેરીમાં ચાલો.

વિદુષક—બહુ સારૂ ચાલો, તમે જાઓ ને હું પણ વાંસેથી આવુંછું

(એમ કહી ત્યાંથી સૌ નિકળે છે.)

પ્રવેશ ૪ થો.

કલાવંતિનું પુજનગૃહ.

કલાવંતિ—(સવારે ફળ હાથમાં લઇ સ્વગત વિચાર કરેછે.)

રાગ ખભાત.

(ડોલેરે જોબન મદમાતી ગુજરીયાં. એ ચાલ.)

અમર ફળ આવ્યું આ, શું તેનું તો કરવું રે;
આપણે ખાવું કે એતો, રાજાને જઈ ધરવું રે. અમર.
આરે અવતારે હું તો, ગુણિકા કહાવું રે;
મુરખે તો આપ્યું મુને, અમર શું થાવું રે. અમર.
નીચ કર્મ આવું સદા, અમર થઈ કરવું રે;
ભર્તૃહરી ભુપને એ જઇને મારે ધરવું રે. અમર.

યહ અમરફલ જેસી અનુપમ બસ્તુ વો મુરખને તો મુઝકું લાકર દી; મગર યહ ફલ ખાયા અવલ બહોત બિચાર કરનેકા હે, ક્યું કે ઇસ વકત મુઝે એસા માહાનિંદ્ય નીચ બેસ્યાકા અવતાર મીલા હે; જીસમેં નિરંતર બ્યભિચારરૂપ પાતકી કર્મ કરનાં પડતા હે; હર હમેશ છલ, કપટ, પ્રપંચ ઓર કૃત્રિમ ભાષણરૂપી શસ્ત્ર

સજકે નિષ્કપટી અંતઃકરનવાલે, કામી જનોકું ફસાકર ઉસકે સર્વસ્વ હરન કરતી હું; જીસ પાપકે બડે ઢેર કે ઢેર હો ગયે હે, ઇસમેં એસી દુષ્ટ અવસ્થા સતત ભોગનેકે બાસ્તે યહ અમરફળ પ્રાશન કર તૈયાર હોનાં, વો જેસી મુર્ખાઈ દુસરી નહીં હે. ઇસ અવસ્થાસેં તો જેસેં સદ્ય બન શકે તેસેં મુક્ત હોનેકા ઉપાય કરનાં વો અચ્છા હે. દુષ્ટ માબાપને પૈસાકા લોભસે યહ કામવંતિકે ગૃહમેં મુઝે બેચકર ઇસ મૃત્યુ લોકમેં નરક નિવાસ સદંતર દીયા વો માતા પિતા તો સદા નરકમેં બાસ કરેંગા, મગર મેરે યહ અવસ્થા કાયમ રખની, વો કીસ ભવકે બાસ્તે? તસ્માત્ યહ ફલ કોઉ રાજાકું દેકર ઉસ બદલ દ્રબ્ય લેનાં વો અચ્છા હે! ઓર એસે રાજા (જરા વિચાર કરીને) તો અપના મહારાજ ભરથરીજ હે!! જો અમર હોકર મેરા જીવિત પર્યંત પ્રતિપાલન, ઓર સદા પ્રજાકા ન્યાય નિતિસેં રક્ષન કરેંગા; ઓર ઉસકી ધર્મ દેહી જુગોજુગ કાયમ રહેગી; (દાસી પ્રત્યે) કયું ગુણસુંદરી, યહ બિચાર કૈસા હે?

ગુણસુંદરી—

(સુલોચના સ્થિર થા મારા પ્રાણ એ રાગ.)

સુબુદ્ધિ એ ધારી મોરી બાઈ (૨) ધારી શુભ મતી રે.
આ અવતારે નીચ, કોઈ દીન થાય શૂભ ગતીરે. સુબુધિ.
પાપનાં કર્મ (૨) છે કર્મ આપનાં રે.
એ ફળ ખાઈ આપ પડશો, ભવતણા તાપમાંરે. સુબુધિ.
ભરથરી ભૂપ (૨) ભૂપ ભરથરી રે.
એ ફળ લેઈ દ્રબ્ય થકી આપણને, દેશે ન્યાલ કરી રે. સુ.
બાઈ, યહ બહોત ઉત્તમ બિચાર હે! યહ ફળતો મહારાજ ભરથરી કુંઇ દેનાં,

કલાવંતિ—અચ્છા તબ, ચલ, આજ નૃતગાનકા દીનભી હે; સજ હોકર રાજ સભામેં જાવે! (દાસીને) જા, તું વસ્ત્રાલંકાર પેટીમેંસે નિકાલ, ઓર મેં યષ્ટીમધ્વર્કં પી લેતી હું.

ગુણસુંદરી—બહોત અચ્છા, બાઇસાહેબ, (એમ કહી બંને ત્યાંથી ઉઠેછે.)

પ્રવેશ ૫ મો.

ભર્તૃહરી, દીર્ઘદર્શી, શુરસેન, વિદુષક, કલાવંતી, અશ્વપાળ ને પ્રતિહાર.

ભર્તૃહરી—કેમ દીર્ઘદર્શી આજકાલ રાજવ્યવસ્થાતો ઠીક ચાલેછેનાં? કોઈ બંડ બખેડો સાંભળવામાં આવ્યો નથી!

દીર્ઘ૦—મહારાજ, આપને ત્યાં બેઠાં સાંભળવામાં ક્યાંથી આવે! અમારૂં ચિત્તનો આજકાલ એક ઘડી પણ સ્થિર નથી!

શુરસેન—મહારાજ, અમારે અરજ કરવી હશે તે આપને કરશું. અમે બીલકુલ પ્રધાનજી પાસે નહીં જઇએ.

દીર્ઘ૦—(જરા તપીને સેનાપતિને) અમે કઈ બાબતમાં તમારાપર ગેરવાજબી હુકમ લખ્યો છે?

શુરસેન—ગેરવાજબી હું નથી કહેતો, પણ આપના સગાની બાબતમાં આપને બહુ આગ્રહ રહે છે.

ભર્તૃહરી—બરાબર (દીર્ઘદર્શી) એવી ખોટી પક્ષ ન કરવી!

દીર્ઘ૦—મહારાજ આપ તજવીજ કર્યા વગર સહેજ વાત સાંભળી મુને કહોછો, તો ઠીક છે, પણ એક આખો દિવસ પણ કામપર બેસો તો આપના ધ્યાનમાં હાલ શુંશું ચાલેછે તે બધું આવે.

ભર્તૃહરી—રાજનું સઘળું કામ મેં તમને બેઉને સ્વાધીન કર્યું છે, ને હવે તમારે વખતો વખત મારી થી જરૂર છે? અને આમ એક બીજા લડોછો શા માટે?

દીર્ઘ૦—મહારાજ શુરસેનજીને વાતવાતમાં વૃથા તકરાર ઉડાવવી એજ એમનો હેતુ છે.

શુરસેન—રાજનો ઉત્તર ભાગ અરધ પૈસે વેચી માર્યો એ કરતાં અમારો હેતુ સારો છે.

દીર્ઘ૦—તે, ભલે, તમે સાબીત કરી દેજો, નીકર તમે જે લાંચ ખાધી છે તે સાબીત કરી દેવા હું તૈયારછું. (રાજા પ્રતિ) મહારાજ, આ બધું કારણ આપની ગેરહાજરીમાંથી ઉત્પન્ન થાયછે, અને તેથી રાજને નુકસાન છે, વખતનો એક તૃતીયાંશ પણ શાસ્ત્રાનુ-

સાર રાજકામમાં ગુજરાય તો સારૂં છે પછી આપની મરજી.
નેપથ્યમાંથી—

વિદુષક—એ જામી ગઈ છે કે ? એ વાંકુંતો શુરસેનજીને હશે (પછી પ્રવેશ કરેછે.)

શુરસેન—(એ સાંભળીને) મહારાજ જે કાંઈ લગાડે છે તે બધું આ જંગલી લગાડે છે, એ વચમાં બોલીને આંટી પડાવી દેછે.

વિદુષક—મહારાજ, આ શુરશેનજી બોલે ત્યાં બમણું જાન કરે ને પછાત ખાય તો પણ પોતાની વાત ઉપર !

શુરસેન—(સ્વગત) ચુગલખોર, ખુશામતખોર, ને મસ્કરા માણસથી હારવું એ ઉત્તમ છે. (એમ ધારી મૌન્ય રહે છે.)

દીર્ઘ૦—રાજેંદ્ર, અવ્યવસ્થામાં બાકી રહી નથી, તકરારો નવી ઉત્પન્ન થતી જાય છે, માટે આપ વિચારો કે ઘણો વખત—

વિદુષક—એક દુહો સાંભળો-પછી બોલો.

દીર્ઘ૦—શું છે બોલ ?

વિદુષક—

જલકા ડુબ્યા નિકસતે, જો કુછ તારા હોય;
જો કોઉ ડુબ્યા ઈશકમે, નિકસ્યા સુના ન કોય.

માટે આપનું કહેવું વ્યર્થ છે, ઈશકમાં જે ડુબે એ કેમ બહાર નિકળે ? અરે ભાઈ ડુબે તો સૌએ પણ ડુબ્યે ડુબ્યે ફેર છે. આવડ્યું જોઇએ, અમે આજ કાલ ઘેર શણગાર સજાવીએ છીએ. અને થોડે થોડે ડુબતા જઇએ છીએ, છાતી સુધી પાણી આવ્યું છે, ને માથા ઉપર થઈ ગયું તો આ બંદા નિકળવાના નહિ, પછી ભલે. ઘર ધુળધાણી ને રિધસિધ રાખ થઈ જાય, માટે જે કરવું હોય તે હમણાં કરો, પછી કહેશો કે કહ્યું નહિ, તેટલા માટે આગળથી ચેતાવીએ છીએ.

ભર્તૃહરી—(પોતે પોતાનાપર કહે છે એવું સમજ્યા, છતાં જાણીને ગમત સારૂ) એમ તુ પણ ઈશકમાં ડુબેછે ખરો કે ?

વિદુષક—ડુબે કેમ નહિ ? તમારો રોજનો ઉપદેશ તે કહેવું ખાલી જાય !

દીર્ઘ૦—કહેવું તે—

વિદુષક—(પ્રધાનને) અચકાઓછો શામાટે? કહોતે કહેવું ને વળી તેમ વર્તવું.

(રાજાપ્રતિ) સવારનું સુખ તો તમારી આગળ વર્ણવ્યું છે અને બપોરે પણ તેવીને તેવીજ મોજ માણીએ છીએ. અને રાતે તો જાણે કામદેવની અસતરી, કોનો ભાર કે પાસે ઉભો રહી શકે!

ભર્તૃહરી—બપોરનો વૈભવ કેવો છે, બોલ જોઇએ?

વિદુષક—સાંભળો ત્યારેકહુંછું:-બપોરે બાર છોકરાંની પંગત કરીને જમવા બેસી જાઉંછું; ને છોકરાંની માતો બેઠી બેઠી માંખીયું ઉડાડે. ને એનું મોઢું જોઉં ત્યારે ગળે કોળીઆ લપઠ દઇને ઉતરે; અને કાંતો ભેળીએ બેસાડીએ.

ભર્તૃહરી—તે વખત તારી સ્ત્રીનો શણગાર કેવો હોયછે!

વિદુષક—શણગાર ? સાંભળો મહારાજ.

(નાચતાં કુદતાં ગાયછે.)

આંખે આંજણ એક શેરછે, પરસેવો પાંચ શેર.
લપઠ લપઠ ખાઇએ લાફશી, કોળીઆ દીધાની લેર;
શણગાર શુણોરે બપોરનો.
દુધનાં બે ઝરણાં ચાલ્યાં જાયછે, પીયે છોકરાં ધરાઇ,
વધે તો હું એ લઉં ભાતમાં, જાણે ભેંસરે વીયાઇ;
શણગાર શુણોરે બપોરનો.

(એ સાંભળી સૌ ઘણા હસેછે.)

ભર્તૃહરી—તુંએ એ ભાતમાં લે ખરો કે?

વિદુષક-(ગાલે લપડાક મારીને) એતો ભુલથી કહેવાઇ ગયું! વધે તો પડી જાય ભાતમાં એમ છે. પણ સાંજનો વૈભવ સાંભળ્યો-છે? એતો એક—

ભરથરી—ભેળા ભેળો એ પણ બોલ.

વિદુષક—સાંભળો ત્યારેઃ—

પાટા પાડીને સેંથા પુરીયા, ઘોડા છુટા રાખ્યા કેશ,
કાજલ લપરડા કાનસુધી ગયા, જાણે કાલીનો વેશ.
શણગાર શું વર્ણવું રે સાંજનો.

બીછાત બીછાવે સવા લાખની, માકડ મછરનો નહિ પાર,
વાટડી જોતાં ને આઈ આલોટતાં, કલોલ કરતાં અમારી.
નાર, શણગાર શું વર્ણવુંરે સાંજનો

(ભુલ્યો કહીને માંઇ આલોટતાં એમ કહેછે.)

ત્યાં અમે મોજડેરે પધારીએ, મોજું માણીએ સારી રાત;
ભીંત; શણગાર શું વર્ણવુંરે સાંજનો.

મોડા જઇએતો પાટુ ખાવી પડે, આવી જઇએ બથો બથ;
હરાવીને પાડી દીયે કોડમાં વાગે ઢાંઢાના પગ;
શણગાર શું વર્ણવુંરે સાંજનો.

ભર્તૃહરી—હેવાન, તું મારી પાસે રહેછે, પણ તારામાં કાંઈ વિવેક કેમ નથી આવતો ?

વિદુષક—મહારાજ, એમાં જેમ વધારે મોહ પેસારીએ તેમ પેસે; ને પાછળથી થાય પસ્તાવો. માટે પેહેલથીજ રાખીએ દોષદ્રષ્ટિ, તો પામીએ ન કષ્ટી, ને વખાણે આખી સૃષ્ટી.

ભર્તૃહરી—મિત્ર વિદુષક તારાં અન્યોક્તિ ભાષણથી તથા આજના પ્રધાન, તથા સેનાપતિના કહેવાનો ભાવાર્થ હું બધો સમજ્યોછું, પણ તમારી બધાની એમાં ભુલ છે.

વિદુષક—એતો અમને ખાતરી છે, જ્યારથી પરગજુ ભાઈને દેશવટો દીધો ત્યારથીજઃ—

દીર્ઘ—(ગદ ગદ કંઠે) મહારાજ, એ શું ? શીળના સ્વરૂપને પુન્યની પ્રતિમા ? વિક્રમાદિત્યને દેશવટો!! હશે, આપેતો વિચારીનેજ કર્યું હશે!

ભર્તૃહરી—એ વાત એક જુદી છે. એવિશે હાલ ચરચા ન કરવી.

વિદુષક—(આંગળી નાકપર રાખીને) મૌન્ય ગ્રહો ભાઈ, મૌન્ય ગ્રહો.

ભર્તૃહરી—જે જેને વિશે નિરસંદેહ હોય તેને તેમ કરવામાં કશી અડચણ નથી ! એતો દીલ સુજ્યાનું કારણ છે.

વિદુષક—ભલે ત્યારે કનક કલશનું ઝેર ધરાઓ ત્યાંસુધી પીયો; ને થાકો ત્યારે મને કહો.

પ્રતિહરી—(પ્રવેશ કરીને) મહારાજ, કલાવંતિ વારાંગના આવીછે.

ભર્તૃહરી—ભલે આંહીજ આવે.

વિદુષક—(પ્રધાન તથા સેનાપતિને) હવે આ ખાનગી વાત બંધ રહી ને જાહેર કચેરીમાં એનો નાચ નિરખી લઇએ. ઉમરા ભેળા ઉમરો!

કલાવંતિ પ્રવેશ કરી મહારાજા ભરથરીને વંદન કરી બેસે છે.

વિદુષક—(એને જોઇને) લ્યો, આ વળી બીજું ઝોડ આવ્યું, એ તો વળી રાંદલનો ઘોડો ખુદાવશે! આનીએ એક પુરી મઝા છો!

(પછી નૃત્ય ગાન કરી બેસે છે.)

ભર્તૃહરી—(કલાવંતિ પ્રતિ) કેમ કલાવંતિ? આટલા રોજ કયાં હતી!

કલાવંતિ—મહારાજ મેં દેશાટન કરને ગઇથી.

ભર્તૃહરી—તારા નૃત્ય ગાયનથી હું બહુ પ્રસન્નછું. તારે હવે દેશાવરમાં ફરવા ન જવું. તારા જાથુ પગારનો બંદોબસ્ત કરી દેશું.

કલાવંતિ—નામદારકી કૃપાસેં મેરા નિભાવ હોતા હે, પરંતુ પૃથ્વીપતિ મેં એક—

ભર્તૃહરી—શું છે એક?

કલાવંતિ—મહારાજ મેં મેરી સંગ હિંદુસ્તાનસેં એક ફુલ લાઇ હું, જો નર યા નારી ઉસકું ખાવે સો અમર હો જાય. એસા ઉતમ ગુન હે; યે ફળ મુઝકું મીલા તબ મેને બીચાર કયા કે યહ ફળ મહારાજા ભરથરીકે દેહીકે યોગ્ય હે, આપ અમર હોકર પ્રજાકા પાલન કરેંગે; ઓર જઇફી આપકું કદી નહીં હોયગી, (એમ કહી રાજાના પગ પાસે મુકેછે.)

ભર્તૃહરી—(તે હાથમાં લઇને પોતે પિંગળા રાણીને પણ એવુંજ ફળ આપેલું તેથી આશ્ચર્ય પામીને) કલાવંતિ આ ફળ તુંને કયાંથી મળ્યું?

કલાવંતિ—નામદાર, મુઝકું યહ ફુલ એક જોગીને દિયા, બડા ઉત્તમ ફુલ હે!

ભર્તૃહરી—હાં ફુલ ઉત્તમ છે. પણ કઇ જગોએ, ને કયા જોગીએ કયા ગામમાં ને કયે વખતે તુંને આપ્યું? એ બધું બોલ!

કલાવંતિ—(જરા શંકા ખાઇને થોથરાતી) મહારાજ એક-ગામ—હે.

દખણમેં, ઉધર-એક જોગી-થા ઉને દીયા.

ભર્તૃહરી—(જરા વધારે સંયુક્ત થઇને) હિંદુસ્તાનમાં કે દખણમાં ફર્યું કેમ બોલેછે સ્પષ્ટ બોલ; જોગી હાલ કયાંછે ?

કલાવંતિ—હજુ મહારાજ હે વો ગામમેં.

ભર્તૃહરી—કયા ગામમાં ? ત્યાં હું માણસ મોકલુંછું.

કલાવંતિ—સો તો મહારાજ વહાંસે ચલાભી ગયા હોવે !

ભર્તૃહરી—બેશક ! સાચું જે હોય તે કહે. તુંને આપ્યું કોણે ? એમાં તારે શી અડચણ છે ?

(સ્વગત) ગીતી.

ફળ પ્રિયને દીધેલું થયું અજાયબ, અહીં ગયું કયાંથી;
આ ગુણિકાને હસ્તક આવ્યું, એ છે ગુપ્ત ભેદ ત્યાંથી.

કલાવંતિ—મહારાજ. આપકું ઇસ બાતકી કયા જરૂર હે ! નામદારકું ફલ ખાનેકી ખાહેશ ન હોવે તો મેં પીછા લે જાઉં.

ભર્તૃહરી—(ક્રોધયુક્ત થઇ તરવાર કાઢીને) એ વાત હું નથી પુછતો ! તુંને ફલ કોણે આપ્યું એ સાચેસાચું કહી દે, નહિંતો આ તરવારથી તારૂં માથું ઉડાવી દઇશ.

કલાવંતિ—(ગભરાઇને સ્વગત વિચારેછે) મેરા કયા જાતા હે, નહી કહું તો જાન જાયગા, એ મુરખ કહાંસેભી લાયા હોગા, કોન જાને કે યહ ફુલ કેસા હે ? ઇસમે ગુપ્તભી કાયકું રખના ચઇએ ? વળી વિચારેછે કે અશ્વપાળે ચોરી કરી હશે તો મારી જઇશ તેથી (પ્રકાશ) મહારાજ એક અભય વચન મીલના ચઇએ તો યહફુલકી સચ્ચી હકીકત આપકું નિવેદન કરૂં.

ભર્તૃહરી—જા અભયવચન છે તુંને, બોલ કોણે આપ્યું છે તુંને ?

કલાવંતિ—મહારાજ યહ ફુલ મુઝકું આપકી અશ્વશાલાકા ઉપરી સુખલેર અશ્વપાલને દીયા હે.

ભહર્તૃરી—(વધારે આશ્ચર્ય થઇને એકદમ) પ્રતિહાર ! સુખલેર અશ્વપાળને બોલાવ !

વિદુષક—મહારાજ હમણાં અમરફળનું ઝાડ ખુબ ફાલ્યું લાગેછે, બાલા એક અમરફલથી એકજ અમર થાય !

ભર્તૃહરી—(ગુસ્સો છુપાવીને) જેટલા ખાય તેટલા અમર થાય?

વિદુષક—પણ વેંચીને ત્રણ ચાર જણા એક એક ચીર ખાઇએ તો અમર થઇએ કે નહિ!

ભર્તૃહરી—આપણે જે મહારાજે આપ્યું હતું તેતો એક ખાવું એમ કહ્યું હતું.

વિદુષક—એની વાત હું નથી કરતો. એતો આપ જમી ગયા તેની આશાએ શી હોય? પણ હું તો આ નવા ફળની વાત કરૂંછું. નેપથ્યમાં ચલ, સાલે. તાકીદસેં ચલ

પ્રતિહાર—(પ્રવેશ કરીને) મહારાજ અશ્વપાળ આવ્યોછે.

ભર્તૃહરી—કચેરીમાં બોલાવો.

(પ્રતિહાર તેને કચેરીમાં તેડી લાવે છે.)

સુ૦અશ્વપાળ—(પ્રવેશ કરીને) નામદાર વંદન કરતા હું.

ભર્તૃહરી—(ત્વરાથી) સુખલરીયા? આ ફળ તેં કોને આપ્યું હતું!

સુ૦અશ્વપાળ—(આશ્ચર્ય થવા જેવો ડોળ કરીને) મહારાજ ફળ કયા? કુછ સમજા નહિ!

વિદુષક—(મહારાજના હાથમાંથી લઇ તેની પાસે ધરીને) જો આ અમરફળ, તેં એ કોને આપ્યું હતુ? એમ મહારાજ પુછેછે.

સુ૦અશ્વપાળ—(હજુ વધારે અજાણ્યાનો ડોળ કરીને) મહારાજ યે ફલ ક્યા! ઓર મેં કચા! કુછ મેરેકું માલમ નહિહે!!

ભર્તૃહરી—(જરા તપીને) તેં આ ફળ કોય દિવસ દીઠુંછે કે નહીં!

સુ૦અશ્વપાળ—(સ્વગત) રંડીકા બિશ્વાસ હોવે! મેરા નખોદ નિકાલા! સાલીકું કહાથા કે કોઉકું દીખાનાં નહિં તો યહ બાતતો એક બાજુ રહી મગર લાકર રાજાકે હાથમેં દીયા. (પ્રવેશ) મહારાજ મેં એસા ફલ દેખા નહિં હે!

ભર્તૃહરી—ત્યારે તેં કેવું ફળ દીઠું છે?

સુ૦અશ્વપાળ—(રંક જેવો થઇને) નામદાર, મેં ઘોડાકી લીંદ ઉઠાનેવાલા. ફલ કહાંસે દેખા હોવે!!

ભર્તૃહરી—(ખુબ ગુસ્સાભર) તેં દુનીયામાં કોઇ ફળજ દીઠું નથી? કમજાત જુઠું કહેછે?

સુ૦અશ્વપાળ—(ગભરાઇને સાચું કહી જાયછે) મહારાજ એક બમ્મ દેખાથા. યહફલ. યાદ નહીં આતા ?

ભર્તૃહરી—ક્યારે અને કોની પાસે દીઠું હતું ? તે જલદી સાચું કહીદે.

સુ૦અશ્વપાળ—(બ્રાહ્મણે રાજાને આપેલું એ ખબર હોવાથી) મહારાજ એક બમન લેજાતાથા ઉસકે હાથમે દેખાથા !

વિદુષક—મહારાજ એ બ્રાહ્મણે તો વસ્ત્રમાં વીંટાળી બગલમાં મારેલું હતું. દાણીઓ કહે છે તે ખોટું છે.

ભર્તૃહરી—(પોતાને પણ તે ખબર હતી તેથી) બહુ સારૂ, પણ તુંને દીધું કોણે એ સાચું કહે ?

સુ૦અશ્વપાળ—(પાછો ગભરાઇને) માહારાજ, મેરેકું કોઇને દીયાહે ! મુઝકું. યાદ નહિ.

ભર્તૃહરી—(તે વાત ત્રુટતી જોઇ તરવાર કાઢીને) હરામખોર સાચું બોલ, તુને કોણે આપ્યું એ તુંને ખબર છે ! !

સુ૦અશ્વપાળ—(ડોકું ધ્રુણાવતો મૌન્ય ઉભો રહે છે.)

ભર્તૃહરી—(ઉઠી તેનાપર તરવાર ઉગામીને) કેમ નથી બોલતો ! કહી દે જેવું હોય તેવું.

સુ૦અશ્વપાળ—મહારાજ, કોઉ જોગીને મુઝકું દીયાહે !

વિદુષક—સુખલેરીયા, જંગલમાં કે ઘોડારમાં !

ભર્તૃહરી—જુઠું શા માટે કહે છે. હવે આ તરવારથી તારૂં માથું ઉડાવુંછું; (એમ કહી તરવાર કાઢી ફરી કહે છે) માટે કહી દે, જેવું હોય તેવું; સાચું કહીશ તો તુંને મારીશ નહિ; જા તુંને અભયવચન આપુંછું.

સુ૦અશ્વપાળ—(અભયવચન સાંભળી જરા ધીરજ આવ્યાથી મનમાં વિચારે છે) જીતા હોઉંગા તો પરદેસમેં સબ મીલેગા; ઓર નહીં માનુંગા, તો મારા જાઉંગા. બહેતર હેકે સચ કહેનાં. યહ ભરથરી છોડેગા નહિ ! (પ્રકાશ) મહારાજ, યહ ફળ સંબંધી બાત પુછને જેસી નહિ હે ! ઓર પુછનેસેં આપકું બહોત બુરા લગેગા.

ભર્તૃહરી—(આના કહેવાપરથી સભાજનોએ સ્પષ્ટ જાણ્યું હોયજ એવું ધારીને) તેની કંઈ ફિકર નહિ; તુ જેવું હોય તેવું આંહી બોલ, ખાનગીની મારે દરકાર નથી.

સુ૦અશ્વપાળ—(હળવેથી કંપતાં) મહારાજ–યહ–ફુલ–તુમ– (એટલું કહી બંધ રહે છે.)

ભર્તૃહરી—(ઘણાજ ક્રોધથી) પાછો શા માટે અટકે છે ?

વિદુષક—(અશ્વપાળ પ્રતિ) તુમ તે શું, હમ ઓર તુમ?

સુ૦અશ્વપાળ—(જરા ઉગ્ર ક્રોધથી પાછો બોલે છે) તુમારી–અસ–તરી–રા–ણી (પાછો બંધ રહેછે.)

ભર્તૃહરી—(ઘણા કોપથી) અધુરૂં અધુરૂં શા માટે કહે છે ? પુરે પુરૂં કહે !

સુ૦અશ્વપાળ—(ટાઢ આવી હોય તેમ કંપતાં) યહ ફુળ પિં–ગ–ળા–રા–ણી–બા–ઈ–ને–મુજ–કું–દી–યા–હે હે હે ! !

ભર્તૃહરી—એણે શા માટે આપ્યું તને !

અશ્વપાળ—દોસ્તી કે–ખા–ત–ર.

ભર્તૃહરિ—(એ સાંભળી અત્યુગ્ર ક્રોધથી) હે નિમક હરામ ! ! તુને ધિક્કાર છે ! ! મારૂં રજક ખાઈ તેં મારા ઘરમાંજ પ્રવેશ કર્યો ! ! ! હે દૃષ્ટ ! તારે ને એને શી રીતે યારી થઈ ?

(વિદુષક તથા પ્રધાન બંને બેઉ તરફથી રાજાના કાનમાં કહે છે કે મહારાજ હવે એ બધું ખાનગીમાં પુછો તો ઠીક, ને ભરથરી કહે છે કે મારે બીલકુલ હવે એ વાતની કે જગતની પ્રતિષ્ટાની દરકાર નથી.)

સુ૦અશ્વપાળ—(પાછો ફરી જઈને) મહારાજ મૈં મહલકી પાસ એક દીન ખડાથા, સો યહ ફુલ ઉધરસેં ગબડતા નીચે ગીર પડા; ઓર મેને લે લીયા.

વિદુષક—હું સમજ્યો ખરો ! પણ મોડો ! !

ભર્તૃહરી—(ત્યાંથી ઉઠી તેની પાસે હાથમાં તરવાર સહીત જઈને) કમજાત, તને મેં અભય વચન દીધું છે માટે મારતો નથી. પણ પાછો ફરી જાયછે ! સાચું બોલ તારે ને એને કેમ યારી થઈ !

સુ૦અશ્વપાળ—(પાછો ગભરાઈને સ્વગત) હવે સાચુંજ કહેવું (પ્રકાશ) મહારાજ, આપકે જનાનેકી ગોલી, જો કુબોધા કરકેથી ઉસ્કી સાથ બહોત દિનસે મુજે યારીથી, ઉને યહ દોસ્તી મીલાદી, મ-

હારાજ, ઇસ્મે મેરી તકસીર નહીંહે, ગરીબ ! !

ભર્તૃહરી—(એ સાંભળી તેને વિશેષ કાંઈ ન કહેતાં) જા, નિમક-હરામ મ તુંને અભયવચન આપ્યું છે માટે દેહાંત દંડની શીક્ષા કરતો નથી, પણ મારૂં નામ સાંભળે ત્યાં સુધી મારા મુલકમાં રહીશ નહીં. (સેનાપતિ) શૂરસેન આ નિમકહરામને માલવ દે-શની હદપાર કરો.

(શૂરસેન તેજ વખત ઉઠી તેને પકડી બહાર લઈ જઈ માણસો સાથે હદપાર મુકી આવવાનો હુકમ કરેછે.) (પ્રધાન પ્રતિ) દી-ર્ઘદર્શી, હું અંતઃપુરમાં જઉંછું. કચેરી બરખાસ્ત કરો.

(રાજા ગયા પછી)

વિદુષક—(સૌ સાંભળતાં) હજુ એ કેડો મુકશેમાં ! (પ્રધાન પ્રતિ) કેમ ! શીખામણે આજ આપી ને સાને આજ વળી !

દીર્ઘ—હા, વિદુષક; થયું તો એવુંજ પણ એમાંથી તો બહુ માઠું થશે ! !

વિદુષક—ચોદ લોકનો નાથ કરે તે ખરી; ચાલો હવે સવાર સુધી તો શાંતિ ધરીએ. (એમ કહી બંને એ તથા કચેરીનાં બીજાં માણસો પણ જાયછે.)

—❦—

પ્રવેશ ૬ ઠો.

સ્થળ– પિંગળાનો રાજમેહેલ.

પિંગળા, મધુરવદંતિ, ને પાછળથી ભર્તૃહરી. તથા પ્રતિહાર પ્રવેશ કરે છે.

પિંગળા—(દાસી પ્રતિ) મધુરવદંતી રાજા મારામાં અંધ થઈ ગ-યાછે; ને રાજકાજ બધું પ્રધાનને સોંપી બધો વખત રંગમોહોલમાં મારી સાથે ગુજારેછે; તે ખબર છેનાં ? બોલ શાથી ? આંહી આવ્યા કે મોજ શોખમાં એવા લીન કરી દઉછું કે રાત દીવશની ખબર પડવા દેતી નથી તેથી !

મધુર૦—હાં. બાઇસાહેબ, પતિને વશ કરવાની મોહની તો એક ત-

મારી પાસેજ દીઠી ! તે વિના ત્રણ મહીના લાગોલાગ મહારાજ આમ અંતઃપુરમાં કેમ રહે !! એ કાંઈ ઓછી વાત નથી કે માત્ર બે કલાકજ બહાર જાય !

પિંગળા—હા, ને બીજી ત્રણસેં છે. પણ કોઈ સામી નજર પણ કરવા દઉંછું ? માત્ર પેલી ચારને વરસમાં એક એક દિવસનો વારો છે; તે પણ હવે કઢાવી નાંખીશ !

મધુર૦—બાઈ, એટલુંતો ભલે હોય ! કેમકે નહીંતો આપનાપર એમનો દ્વેશ બહુ વધી જાશે !

પિંગળા—વધી જાય તોપણ શું થયું ! એ દ્વેશ રાખેછે. એમને માલુમ છે, પણ રાજાનું તન ને મન મારી પાસે રાખ્યું છે, તો ભલે તેઓ ધુળ ખાધ્યા કરે ને ધનને ને ધામને જોયા કરે !

મધુર૦—બાઈ તેમનાથી આપણે બહુ ચેતવાનું છે, કેમકે તમે સૌથી મોટું વેર બાંધી બેઠાંછો !

પિંગળા—રાજા હાથ છે ત્યાંસુધી તેમનો શું મગદુર છો ? પણ દાસી! અશ્વપાળને હમણાં માત્ર ઘડી એક મળાય છે પણ તે ઘડી મને આખો દિવસ ખટકે છે હો !

મધુર૦—બઈ. યારીની રીતતો એવીજ છેનાં !

નેપથ્યમાં—

આસ્તે નિગાહ રોષન ખડી તાજીમ, નજર રખો મહારાજ—

પિંગળા—(એ સાંભળી ચકીત થઈને) આ શું દાસી ! આજ આટલા બધા વહેલા !!!

(એટલામાં મહારાજ પ્રવેશ કરી પિંગળાની પડખે બેસે છે ત્યારે તે પ્રતિ પિંગળા કહેછે.)

પ્રાણનાથ, ખરૂં હેત આપ હવેજ જણાવોછો, નહીં તો વાટ જોઈ જોઈને અરધી થઈ જતી તોય ન આવતા !

ભર્તૃહરી—જો પ્રાણપ્યારી, તારા વિના મુને બીજે કાંઈ ચેન પડતું નથી, માટે ગયો કે પાછો તુરત આંહી આવ્યો જાણવો.

પિંગળા—હા, પ્રાણનાથ, આજતો એ રીતે કૃપા કરી પણ હવે તેવીજ કૃપા નિભાવશો એ મારી વિનતી છે.

ભર્તૃહરી—હવે તો એક નિશ્ચય કરીનેજ આવ્યોછું!

પિંગળા—એવો નિશ્ચય થશે ત્યારે તો દીલ પ્રફુલીત રહેશે!

ભર્તૃહરી—નહિંતો શું થાય!

પિંગળા—નહિ તો જીવતાંય શેનાં રહીયે!

ભર્તૃહરી—(પ્રસંગ આવ્યો જાણીને એમ કેમ કહેછે! હવે તારે મરવાની શી ધાસ્તી છે?)

પિંગળા—મરવાની ધાસ્તી કેમ ન હોય?

ભર્તૃહરી—ભુલી ગઈ, અમરફળ ખાધું છે ને ?

પિંગળા—હા, હા, પ્રાણનાથ, એતો ભુલી ગઈ હતી; હવે મોતની તો મારે બીલકુલ ધાસ્તી નથી; તો પણ આપ આંહી ન હો, ત્યારે મારૂં શરીર જીવતે મુવા તુલ્ય છે, ખરા પ્રાણ તેમાં આપ આવો ત્યારેજ આવેછે!

ભર્તૃહરી—હા પુરૂષ તારી પાસે આવે, ત્યારે ખરા પ્રાણ આવે ખરા!!

પિંગળા—(શંકાયુક્ત થઇને) એમ કેમ કહોછો!

ભર્તૃહરી—એમાં ખોટું શું કહું છું? સ્ત્રીના પ્રાણ પુરૂષ! પણ તેં અમરફળ ક્યારે ખાધું તે કહે?

પિંગળા—(વધારે શંકાયુક્ત થઇને) એતો તમે આપ્યું હતુંનાં, તેને વળતે દિવસ સવારેજ હું ખાઈ ગઈ હતી.

ભર્તૃહરી—શાથી કાપીને ખાધું હતું ?

પિંગળા—આમ કેમ પુછોછો? કદાચ બીજા શાથી, છરીથી, (દાસી પ્રતિ) દાસી, પેલી રત્ન છરી પાછી પેટીમાં મુકી છે કે ?

મધુર૦—(મહારાજ આમ પુછેછે માટે તેમાં કાંઈ ભેદ છે એમ સમજીને) છરીથી કાપીને તમે ક્યારે ખાધું હતું ?

પિંગળા—દાસી ક્યાંક દાટ વાળશે એવું ધારીને) હા, હા, યાદ આવ્યું, એતો દાંતથીજ ભાંગીને ખાધું હતું.

ભર્તૃહરી—(વાત ત્રુટતી જોઇને) પીંગળા, એ ફળ તેં ખાધું નથી!

પિંગળા—એ તે બોલોછો શું!

સ્વામીનાથ સ્વામીનાથ સ્વામીનાથ રે,
એ ફળ મેં ખાધું પ્યારા સ્વામીનાથ રે;

વિશ્વાસ નવ આવે શાને પ્યારી સાથરે. એ ફળ
આપથી કંઈ વાત ગુપ્ત, રાખી નાથરે, એ ફળ.
દિલ તંત્ર દોરી સરવ, આપ હાથરે; એ ફળ.

પ્રાણનાથ, આપની પાસે મેં અસત્ય ભાષણ કોઈ દિવસ કર્યું છે ! અને તે કરૂં પણ કેમ ! મારો પતિવ્રત ધર્મ હું કેમ ત્રોડીશ. એતો આપ વિચાર કરો !

ભર્તૃહરી—તારૂં પતિવ્રત તેં પુરૂં સાચવ્યું છે એ ખરૂં, પણ મને અમરફળ આપ પછી બીજું કહે ?

પિંગળા—હજુ વિશ્વાસ આવતો નથી ? (તેના ગળામાં હાથ નાંખીને) આ ના ખાધું હોય તો તમારી સોગન. બોલો હવે છે કાંઈ ?

ભર્તૃહરી—તારા સોગન હું સાચા માનતો નથી !

પિંગળા—આતે શું ? તમને કોઇએ ભરમાવ્યા જણાયછે ! મેં નહિ ખાધું હોય તો કોણે ખાધું હશે, એ વિચારો. આંહીં બીજુંછે કોણ ? કાંતો તમે ને કાંતો દાસીએ ખાવું જોઇએ; (દાસી પ્રતિ) બોલ મધુરવદંતી તેં ખાધુંછે ?

મધુર૦—ના બાઈ, મેં તો હાથમાંય ઝાલ્યું નથી !

પિંગળા—ત્યારે રખેને મને ખાધા ન ખાધાની સરતચુક થઇ ગઈ હોય, ને તમેજ મારી પેટીમાંથી કાઢી છાના માના ખાઈ ગયા હોની ?

ભર્તૃહરી—હા, ખાવું તો મારેજ જોઇતુ હતુ ! પણ ભુલથી તુંને અપાયું ! પિંગળા એ ફળ તેં કોઈ પુરૂષને આપ્યું છે ! !

પિંગળા—(આશ્ચર્ય થયાનો ડોળ કરીને) પુરૂષને ! બીજો કોઈ પૃથ્વી પર વસેછે ખરો ! ! મેં તો તમારા વિના કોઈ જોયો નથી કે જાણતી નથી ! !

ભર્તૃહરી—પણ અમરફળે એમ જણાવ્યું છે કે તેં જોયો છે.

પિંગળા—(હવે વાત ફેરવી એમ જાણીને) એથી વહેમ લેવાનું કારણ નથી! અમરફળ તો દુનિયામાં એવાં હજારો હશે !

ભર્તૃહરી—હા, અને અમર થએલા પણ હજારો જોઇએ છીએ!

પિંગળા—(રાજાનું ઉલટું કહેવું સાચુ ગણીને) ત્યારે, વહેમ શાને માટે લો છો ?

ભર્તૃહરી—(જરા ક્રોધ યુક્ત) પિંગળા, એ બધો પ્રપંચ જાવા દે, તારૂં પતિવ્રત બધું મારી નજરે આવ્યુંછે; ફળ તેં કોને આપ્યુંછે તે બોલ, પછી બીજી વાત કર !

પિંગળા—(ગળગળી થઇને) પ્રાણનાથ મેં તો ખાધું છે આપના સોગન ખાધા છતાં ન માનતા હો તો આપની મરજી !

ભર્તૃહરી—તેં ખાધુંછે કેમ ? (ફળ કાઢીને) લે, જો. નીચ વ્યભિચારીણી, આ અમરફળ કયાંથી આવ્યું ?

પિંગળા—એજ ફળ જોઈ, મુરખની યારીમાં દવ સળગી ગયો છે એવું જાણી નીચુ મોં ઘાલી બોલતી નથી ને કંપેછે.)

મધુર૦—(એ ફળ જોઇને) બાઈ ફળ તો એનુંએજ લાગે છે. (તેના સામી પિંગળા ડોળા કાઢી બોલતી નથી).

ભર્તૃહરી—હે નીચ, લંપટ, દુરાચરણી, બોલ, એ અશ્વપાળથી તારે કેટલું થયાં યારી થયેલી ?

(પિંગળા બધી વાત ફુટી ગઈ છે એવું જણાયાથી કાંઈ ન બોલતાં વિશેષ કંપે છે) ત્યારે દાસી પ્રતી—

બોલ, મધુરવદંતી કયારથી એને યારી થયેલી ?

મધુર૦—(હવે છાનું રાખીશ તો મારો જીવ જાશે એવું ધારી અચકાતી બોલે છે.) મહારાજ—એ ઘણું થયાં—દુર્બાધાએ લગાડી—

ભર્તૃહરી—અરે, કમજાત, નિમકહરામ તેં પણ મને કોઇદીન જાહેર ન કર્યું ? (પછીજરાવિચારીને) અરે પણ તારી શું વિસાત ! આ લંપટ અધર્મી રાક્ષસીના છળ તથા ત્રાસરૂપી દુર્ગની અંદર સપડાએલી તે—અરે નીચ દૂર્બાધાપર રેહેમ રાખી અલ્પકાળ ટકવા દીધી તો તેટલામાં પણ તે તેનું નીચકૃત્ય કરી ડાટવાળવા ચૂકી નહીં ! !

મધુર—હા, મહારાજ, મારૂં તો એમજ હતું કે બાઇની ધાકથી એક શબ્દ પણ—

પિંગળા—(થરથરતાં હળવેથી) પ્રાણ-નાથ ! એવું ફળ-બીજું-પૃથ્વીમાં—

ભર્તૃહરી—અરે કપટનું સ્વરૂપ ! હજુ તારો છળરૂપી પડદો દુર કરતી નથી ! (એમ કહી અશ્વપાળના સ્થાનનો ઝાડો લેવા તથા તે સંબંધમાં બધી તજવીજ કરવા માણસો મોકલેલા, તેણે આ-

ણેલી વસ્તુઓ સઘળી પ્રતિહાર લઇ આપવા આવ્યો છે તેને ભર્તૃહરીએ અંદર બોલાવ્યો, ત્યારે હકીકતની સાથે વસ્તુઓ આપે છે.)

પ્રતિહાર—(હાથ જોડીને) નામદાર, આ રૂમાલ, તથા આ સુવર્ણપાત્ર, અને રત્નછરી અને આ પત્ર અશ્વપાળના સ્થાનમાંથી મળ્યાં છે તથા આ નવલખી જરીયન સાડી બાતમી મળતાં કલાવંતિ વારાંગનાને ત્યાંથી નિકળી છે. (એટલું કહી દાસીના હાથમાં તે વસ્તુઓ આપી, ને તેણે લઇ મહારાજને આપી.)

પિંગળા—(પ્રતિહારનું સાંભળી સ્વગત) હાય ! હાય ! અમરફળે તો સત્યાનાશ વાળ્યું !! (પ્રકાશ) પ્રાણનાથ દુર્બોધાએ મુને અવળે માર્ગે—

ભર્તૃહરી—(વસ્તુઓ હાથમાં લીધા પછી તથા વિક્રમનો ઘાટ ઘડવા દૂર્બોધાએ મોકલેલો પત્ર વાંચી રોમ રોમ કાળ ક્રોધ વ્યાપેલ તેવી હાલતમાં એકદમ પિંગળાને પડખેથી ઉભા થઇને તિરસ્કાર મુદ્રાથી તેની તરફ હાથ કરીને—

હે ! જારકર્મ કરનારી ! વ્યભિચારીણી તુને ધિક્કાર છે ! હે પાતકી ! શીયળના રસ્તાને ભંગ કરનારી ! તુંને ધિકાર છે ! અરે મેં તારા ખોટા પ્યારમાં ફસાઈ મારૂં રાજ પાયમાલ કરી દીધું ! મારૂં તન મન ધન તુને અર્પણ કર્યું ! તારે સુખે સુખી ને તારે દુખે દુખી ! એવી પરાધીન અવસ્થા મેં તુમાં લુબ્ધ થઈ પકડી હતી ! તારા આનંદને માટે મારો બધો વખત તારા રંગમોહોલમાં ગુજારતો હતો ! બીજી ત્રણસો રાણીઓનો ત્યાગ કરીને એક તારે વિશેજ પ્રિતિ રાખતો હતો ! એટલું છતાં પણ તું મારાથી બેદિલ રહી છળકપટથી વર્તી ! અરે તુને તારી જાતને, ને તારા કુળને ધિક્કાર છે ! કે આ ભરથરીથી તુને એક નીચ જાતિનો ઠાણીયો પસંદ આવ્યો !!!! અરે કદી દૂર્બોધાએ તને અવળે માર્ગે ચડાવી ! તો પણ જ્યારે તારૂં અંતઃકરણ મલીન, કાચું અને વિશયાશક્ત હતું, તો તેં મારાથી બેદીલી કરી ? માટે હે દુષ્ટ ભાર્યા એમાં તારોજ દોષ છે, સાચું વજ્રમય અંતઃકરણ કદી ડગતુંજ નથી, અરે હું સ્રી પરીક્ષકજ કાચો ! એને બીજી મારી એ ભુલ કે તે માણસને માટે મેં ત્રણવાર દરગુજર

કરી !! ત્યાંથી ઉઠી બે ડગલાં ખસીને) જા, તારૂં, કાળુ મુખ મને બતાવીશ નહિ. (તરવારની મુઠ ઝાલી તે જરા કાઢીને) હમણાં આ સમશેરથી તારા બે ટુકડા કરી નાંખ્યા હોત, પણ લાચારછું કે, સ્ત્રી હત્યાનો ડર લાગેછે. પણ તેં રેજપુતાણીની જાતને એબ લગાડી છે! તુંને સતકોટી ધિક્કાર છે! બસ! હવે હું આંહીથી ચાલ્યો જાઊંછું! હવે તારી ને મારી આ છેલ્લી ભેટછે એમ ખચીત સમજજે! અને આ ઇશ્વરી ફળ ખાઇ હુંજ અમર થઇશ! એવી મહાદેવજીની ઇચ્છાછે! (રંગમોહોલના ઓરડાના દ્વાર પાસે જરા ઉભો રહીને) અયિ મમ પવિત્ર માલવભુમિ! (પીંગળા તરફ હાથ કરી) આ અપવિત્ર ભારરૂપ કામિનીને તું તારામાં જલ્દી સમાવીદે! (રંગમોહોલને) અરે રંગમોહોલ! હવે તું બળી ભસ્મ થઇજા! હવે હું તારામાં ફરી પગ મુકવાનો નથી, કેમકે આ ભરથરી હવે તારો રાજા મટી જંગલનો જોગી થવા જાયછે. (ઘરેણાં લુગડાંની પેટીઓ તરફ દ્રષ્ટી કરીને) હે વસ્ત્રાલંકારો? તમને મેં ઘણી વખત પરીધાન કર્યાં છે. તે તમારો હવે હું ત્યાગ કરૂંછું; માટે તમારામાં જે અગ્ની રહેલી છે તે પ્રગટ કરી તમારી દેહીને બાળી નાખો!! (એટલું કહી ચાલ્યો જાયછે.)

પિંગળા—(મુર્છા ખાઈ ઘણો વખત થયાં પૃથ્વીપર પડેલી છે તે છેવટનું સાંભળી) હર હર! શંકરા!!! હાય રે ભગવાન! (રાજા જાયછે ત્યારે રૂદન કરતી ઉતાવળેથી રાડ નાંખી) પ્રાણનાથ! જરા ઉભા રહો? ગજબ થયો! રે દૈવ ગજબ થયો! અરે દુષ્ટ દુર્બોધા, તેં મને ભૂલવી! ડાટ વાળી દીધો!!

(પછી દાસી તેને સાવધ કરી બેસાડે છે ને પિંગળા રાણી પાછો રૂદનાલાપ શરૂ કરેછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—વિચારભુવન.

ભર્તૃહરી, દીર્ઘદર્શી, શુરસેન, વિદુષક, પ્રતિહાર, ને પાછળથી શહેરના ગૃહસ્થો આવેછે.

ભર્તૃહરી—(સ્વગત) આહાહા! શું આશ્ચર્યની વાતછે!!!

यांचिंतयामिसततं मयिसाविरक्ता ।
साप्यन्यमिच्छतिजनं, सजनोन्यसक्तः॥
अस्मत्कृतेचपरितुष्यति काचिदन्या ।
धिक्तांचतंचमदनं चइमांचमांच ॥

(ઉપરના શ્લોકનો ભાવાર્થ નીચેના ગાયનમાં આવી જાયછે)

(નારાયણ નરસિંહ નરોતમ, પુરૂષોત્તમકો ધ્યાન ધરોરે) એ ચાલમાં

જે ચપળાને ચિતવું નિશદિન, તે મુજથી બેદિલ રહેરે.
જે ચપળાને૦
તે કોઈ અન્ય પુરૂષને ઇચ્છે, તે નર નાર બીજીને ચહે;
વળી તે બીજી મુજપર આશક, કહો એ ભેદજ કોણ લહેરે. જે ચ૦
ધીક જે પ્રથમ કરીછે પ્યારી, ધીકછે એના યાર તુંને;
ધિક તે નારી અવર જે તારી, ધિકછે કામ તથાજ મુંનેરે. જે ચ૦
બલે ભામની જાણો સાચી, નથી થઈ એ સાચીરે;
કરોડ ઉપાયે કરો યતન પણ, કામ પ્રગટતાં કાચીરે. જે ચ૦
ધિક નર નારીના વિશ્વાસી, રહુ શૃંગારે રાચીરે;
તે નર ગોથાં નકીજ ખાશે, ફસાઈ પડશે ફાંસીરે. જે ચ૦
એકજ કામની ઇચ્છા એને, એકજ સુખની પ્યાસીરે;
ઝેર હૃદયમાં મુખમાં અમૃત, જણાશે જુઓ તપાશીરે. જે ચ૦
છે અબળા પણ નરની ઘાતક, કે નર કરતી ઉદાસીરે;
ભોળપણે ભૂલો ખવરાવે, નીચ નરક નીવાસીરે. જે ચ૦

(વળી આવેશ આવ્યાથી)

આહા ! જેનું સ્મરણ હું ક્ષણ એક વિસરતો નહિ, જેની આગળ રાજની સર્વ સ્મૃદ્ધિ હાજર કરતો હતો ! જેનું વચન ઉલંઘવું એ એક પરવત ઓળંગવા તુલ્ય ગણતો હતો ! જેણે મારૂં પાણીગ્રહણ કરેલું એવી ત્રણસો નવ યૌવન બાળા સ્ત્રીઓ; કે જે સર્વેનો મારાપર એક સરખોજ હક, તેનો અવતાર ખરાબ કરીને અહર્નિશ જેને વિશે હું તતપર રહેતો હતો ! ટુંકામાં જેની જીન્હારૂપી

દોરીપર એક કાષ્ટના પુતળાની માફક નૃત્ય કરતો હતો, તેણેજ મારાથી બેદિલ થઈ આવું જાર કર્મ કર્યું!! માટે સ્ત્રી જાતને ધિક્કાર છે!! અરે કદી નીચના સંગનો દોષ કાઢું; તોપણ મારા આવા સ્નેહમાં એનું દિલ પલટ્યુંજ કેમ! માટે સ્ત્રીના અંતઃકરણનેજ ધિક્કારછે!!

રાગ કાલીંગડો.

સ્ત્રીયકું મનવા ધિક ધિક હે,
મેરે બડી ઉર્સીકિ મન ઠીક હે. સ્ત્રીયકું૦
જીને સંગે મેં રાત દીનોકું,
લપટ રહા સો અલીક હે. સ્ત્રીયકું૦
પ્રીયા કીની મેં પીંગલા તુજકું,
દગા દીયા તુજે ધીક હે. સ્ત્રીયકું૦
રાજ તજી અબ શીવકું રટનાં,
એહી તરન ભવ શીખ હે. સ્ત્રીયકું૦

(પોતાના મન સાથે) સ્ત્રીને આ જગતમાં સાચું પ્યારૂં કોણ છે? કોઈ નથીઃ—

जल्पंतिसार्द्धमन्येन।पश्यंत्यन्यंसविभ्रमम्॥
हृदयेचिंतयंत्यन्यं,॥प्रियःकोनामयोषिताम्॥

સ્ત્રી એક પુરૂષની સાથે વાત કરે છે, બીજાને હાવભાવથી જુએછે, અને પોતાના મનમાં ત્રીજાનું ચિંતવન કરેછે! માટે સ્ત્રીઓને ખરેખર કોણ વાહાલું છે? કોઈ નથી!

ભર્તૃહરી—(પિંગળાના સંબંધમાં સર્વ બાબતની તજવીજ થતાં, વિક્રમાદિત્યપર તેણે ખોટો આરોપ મુકેલો, તથા અશ્વપાળના કહેવાથી તેમ કરેલું એ બાબત પુરતાં કારણો મળવાથી, તથા પિંગળાના આ પ્રત્યક્ષ દુષ્ટાચરણથી, તેમજ દાસીના સ્પષ્ટ કહેવાથી જેને પક્કી ખાતરી થઇ છે એવો ભર્તૃહરી રાજા આ વખતે પોતાના ભાઈ વિશે યાદ આવ્યાથી શોક સમુદ્રમાં ડુબી જઈ પશ્ચાત્તાપ કરતાં સ્વગત કહે છે.)

પિંગળા પ્રત્યે —

ગઝલ.

અયે કમ જાત પિંગળા, તેને બહોત દગા દીયા;
ભાઈ જેસા ભાઈ મેને, દેશ નિકાલ કીયા—અયે.
તેરે પર ઇતબાર રખા, તે બુરા કીયા;
જન્મ મેરા આજ તે ખરાબ કર દીયા. અયે.
કપટ વચન બોલ કહતી, આઓ મેરે પીયા;
જાર કર્મ ગુપ્ત કરતી, ધીક ધીક ત્રીયા. અયે.
નિર્દોષ મેરા બંધુ, માલવ દેશસેં ગયા;
નઠોર કઠોર નારી જાત, દિલમેં નહીં દયા. અયે.

માલિની છંદ.

વચન સરવ સાચાં, વિક્રમા બંધુ તારાં,
શ્રવણ યુગલ કાચાં, કામથી ભ્રાત મારાં;
વગર સમજ કાઢ્યો, વીર તુંને વિદેશે;
ભરથરી નૃપ ભૂલ્યો, ભામનીને ભરોંશે.

અરે દુષ્ટ પિંગળા ! તારામાં વિષયાસક્ત થઇ, તારા કપટી વચનમાં ભુલાવો ખાઈ મેં શું શું વિપરીત કાર્ય નથી કરચાં ? મારા નિર્દોષ બંધુ વિક્રમાદિત્યપર મેં કેવો ખોટો આરોપ મુક્યો ! એટલુંજ નહીં પણ એ ધર્મમૂર્ત્તિ બાળકને માલવ ભુમિની હદપાર કાઢ્યો ! અરે વિક્રમાદિત્ય ! હવે શોક સાગરમાં ડુબ્યોછું ને તારાં કહેલાં વચન યાદ કરૂંછું ! !

(ગહી એક બે એક) ગઝલ—રાગ સોરઠ.

ડુબ્યો આજ તાપ વિલાપમાં, બંધુ તારો વિક્રમાદિત્યરે; ટેક.
સુવિચાર ઘાટ નહીં સજ્યો, ત્રિયા કાજ ભ્રાતા તુંને તજ્યો;
પાપી પિંગલાના પ્રબોધથી, ડુબ્યો ન્યાયી ભાઇ વિનિતરે—ડુ૦
બ્યભિચારિણી આપ્યું વનરે, આવે યાદ તારાં વચનરે;
ભેખ ધારણ હવે હું કરૂં, ખેદ બ્રુઝસેન ખચીતરે. ડુબ્યો.

અરે ! હું કઈ કઈ વાત યાદ કરૂં ! જ્વાળા પ્રગટ થાય છે ! અરે ! ભાઇ જેવો ભાઈ મારો પ્યારો વિક્રમાદિત્ય ! સુર્યવત્ શુદ્ધ, ને કીશોર વયીવત્ કીલ્બિષ રહીત બંધુ ! તું નિર્દોષ, તું નિરપરાધી

તારાપર કટુ વચન બાણોના પ્રહાર મેં કર્યા ! તારૂં હૃદય મેં ભેદી દીધું ! તારાપર આ નીચ, મતીમંદ ગમાર ભરથરીએ સાહસ કર્યું, અને વ્યભિચારિણી પિંગળામાં મોહલુબ્ધ મનથી વિશ્વાસ રાખી તુંને દેશનિકાલ કર્યો ! તે મેં ઘણુંજ ભુંડું કર્યું ! અરે ! મેં અત્યુગ્ર સાહસ કર્યું ! ! હે ! શંકરા ! મારી મતી ફરી ગઈ ! હે વિધાત્રી ! તું વિપરીત થઈ ગઈ ! હે બંધુ ! તું કહેતો હતો કે ભર્તૃહરી ! વિષભુમિમાં તે અમૃત જાણ્યું છે પણ એમાં રોપેલા બીજનું કટુફલ જ્યારે તુંને આગળ મળશે ત્યારે તુંને મૃત્યુસમ પરિતાપ થશે ! ! અરે ! એમજ થયું ? અરે હવે હું ખેદસમુદ્રમાં સર્વાંગ ડુબી ગયો ! તે હવે કેમ નિકળી શકું ! અરે પાપી પિંગળા ! તેં મુને તો બે હાલ કર્યા, પણ મારો લઘુભ્રાત તરૂણાવસ્થિત, જેને સંસારસુખ ઉપભોગનું જ્ઞાન પણ પુરૂં નહોતું, તેનું જીવતર તે ખરાબ કરી અરણ્યવાસ અપાવ્યો ! તે તુંને વારંવાર હું કેટલા ધિક્કાર આપું ! અરે ! તુંને હું શું શિક્ષા કરૂં તેની મને પુરી સમજ પડતી નથી ! અરે હે (વિક્રમાદિત્ય) તું એક વખત આવી આ ભરથરીનું શીશ કાપી જમીનપર ઉડાવી દે ત્યારે શિક્ષાનો એક સતાંશ થાશે ! ! અરે ! આ જલ્પના મિથ્યા છે ! વિક્રમાદિત્ય માલવદેશમાં ફરી આવવા વાળો નથી ! એતો પ્રતિજ્ઞા કરીને ગયોછે ! અરે ! સ્ત્રીનો સ્નેહ ખોટો હતો તે ખોટો નજરે આવ્યો ! ને ભ્રાતા સ્નેહ સાચો હતો તે સાચો જણાઈ આવ્યો ! અરે બાળક ! ! તારાં વચન હવે મેં સાચાં જાણ્યાં કે રામચંદ્ર પ્રત્યે લક્ષ્મણની ભક્તિ હતી તે કરતાં તારી પ્રિતી મારા પ્રત્યે ન્યુન નહોતી ! ! અને લક્ષ્મણ મુર્છીત થયા, ત્યારે રામચંદ્રે શોક કર્યો હતો ! તેથી મુને આ વખતે અધિક શોક થયો છે ! ખરે રઘુવીરનાં વચન યથાયોગ્ય છે કે પિંગળા જેવી લુડી તો મુને હજાર મળવાની હતી પણ માનો જણ્યો ભાઈ અવર ક્યાં મળવાનો હતો ! ધર્મસિંધું રઘુવીર, આપનાં વચન યથાર્થ કેઃ—

देशोदेशेकलत्राणि, देशोदेशेचबांधवा;
तंदेशंनप्रपश्यामि, यत्रभ्रातासहोदरः

ઠામ ઠામ સ્ત્રીઓ મળેછે; ઠેકાણે ઠેકાણે બાંધવો (સગા સંબંધી મિત્ર ઇત્યાદી) પ્રાપ્ત થાયછે; પણ એવો દેશ હું કોઈ જોતો નથી કે જ્યાં સહોદર એટલે માનો જણ્યો ભાઈ મળતો હોય!!

વળી રામચંદ્રે તે વખતે વિલાપ કર્યો હતો કેઃ—

सुतबितनारिभवनपरिवारा,
होहिजाहिंजगबारहिंबारा;
असबिचारिजियजागहुताता,
मिलहिनजगतसहोदरभ्राता.
यथापंखबिनुखगअतिदीना,
मणिबिनुफणिकरिवरकरहिना;
असममजीवनबंधुबिनुतोही,
जोजडदैवजिआवैमोहि.
जैहोअवधकवनमुखलाई,
नारिहेतुप्रियबंधुगंवाइ. ॥

એ પ્રમાણે મેં પણ સ્ત્રીને ખાતર ભાઈને ખોયો! વિક્રમાદિત્ય તુંને મેં બહુજ સતાવ્યો છે! તે સર્વે તારે વિસરી જવું! કેમકે તારો ભાઈ ભરથરી હવે માળવ દેશનો રાજા નથી! એતો જંગલમાં ભસ્મ લગાવી જોગી બનવા ચાલ્યો જાયછે. એ ભિક્ષાના માગવાવાળા ભિખપર રોષ ન રાખવો! (મનને ઉપદેશ) હે મનવા! તુંને વિષયની તૃષ્ણા ઘણીજ હતી!!! તેની શિક્ષા તુંને ઠીક મળી! હવે શોધ કરી શંકરની ભક્તિમાં આરૂઢ થા! હે મન હવે મારૂં કહ્યું મા-

ન, ને મોહ તૃષ્ણા છોડી દે!! અરે હવે કેમ વિલંબ કરૂંછું!! અફની તૈયાર કરાવું! (એમ કહી ત્યાંથી ઉઠેછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રાજમહાલય.

ભર્તૃહરી ને પ્રતિહાર ને પાછળથી દીર્ઘદર્શી, શુરસેન ને નગરના ગૃહસ્થો પ્રવેશ કરે છે.

ભર્તૃહરી—(પ્રધાનને રાજસુપરદ કરી એકદમ નિકળી જવું એવો નિશ્ચય કરી તે તથા સેનાપતિને બોલાવવા પ્રતિહારને મોકલી સ્વગત.)

રાગ ઝીંઝોટી.

છોડદે અભિમાન માન, અબતો મનવા મેરા છોડદે. ટેક.
રાજ પાટ સબ જુઠે જાનો, ક્યું તુમ હોત હેરાન;
નારી પ્યારી નહીં હે તેરી, મત કરનાં હો ગુમાન માન. અ૦
સાચી પ્રીત જગતકી જાની, મત ભૂલે નાદાન;
બાહીર રંગ રૂપકું દેખી, મત હોનાં ગુલતાન તાન. અ૦
ચલ જંગલમેં ભેખ ધરેંગે, તજી જગત તોફાન;
જગત સ્વપનસેં જાગૃત હોજા, ગુરૂસેં લેનાં જ્ઞાન. અ૦

પ્રતિહાર—(રસ્તેથી પાછો વળી પ્રવેશ કરીને) મહારાજ, બહાર મંત્રીવર્ગ, તથા સર્વ પ્રકૃતિમંડલ આવ્યું છે. ને આપની આજ્ઞા હોય તો અંદર પ્રવેશ કરે.

ભર્તૃહરી—હા ઠીક આવ્યા, અંદર બોલાવી લાવ.

(પછી સચીવ સેનાપતિ ઇત્યાદી રાજદ્વારી માણસો, જેને સર્વ ખબર મળ્યાછે કે મહારાજાએ પિંગળા રાણીને તિરસ્કાર દીધો, તથા પોતાના ભાઈ વિક્રમાદિત્ય વિશે, પશ્ચાતાપ કરી વન જવા તૈયાર થયાછે, તેઓ તેવું દ્રઢ જણાય તો રાજાનું દિલ શાંત કરી રાજ છોડી નહીં જવા કાંઈ બે બોલ કહેવાની ઉમેદથી આવ્યા છે, તેને પ્રતિહાર અંદર દાખલ થવાનું કહેછે તેથી પ્રવેશ કરે છે. તથા વંદન કરી યથાયોગ્ય સ્થળે સૌ બેશી જાયછે.)

ભર્તૃહરી—(સચિંત, વૈરાગયુક્ત મુદ્રાથી) અરે દીર્ઘદર્શી! મારૂં

દિલ હવે રાજ કાર્યોમાંથી ઉઠી ગયું છે; આ રાજપાટ સ્મૃદ્ધિ મેહેલ, મંદીર, આ અટારી અગાસી, સ્ત્રીને સ્ત્રીના વિલાસ એ બધું મુને વિષવત્ લાગે છે.

દીર્ઘ૦—(હાથ જોડીને) મહારાજ, આમ એકાએક રાજકાજ, તથા સ્ત્રી પરિવારમાંથી દિલ ઉઠાવવું એ આપને યોગ્ય નથી! કારણ કે રાજદ્ર આ સંસારરૂપી સમુદ્રમાં મોટાં મોટાં તોફાન થાય છે; અને આપ દેશનિયંતા પ્રજાપાલક શૂરવીર માલવપતિ નૃપવર્યને તે પાર કરવાં જોઇએ; તથા નિતિ તરફ પુર્ણ લક્ષ આપી ધર્મ સ્થાપન કરવો, એ આપનો ધર્મ છે, અને આપત્તિકાળમાં તથા સંસારની અરૂચી ઉત્પન્ન કર્તા પ્રસંગોમાં પર્વત જેવા દ્રઢ મનને, તથા સર્વ પ્રજાને નાવરૂપ ક્ષત્રી વર્યને સંસાર સમુદ્રથી કો ઇરીતે ડરવાનું નથી, કે તેનો ત્યાગ કરવાનો નથી; ઉલટું એવે પ્રસંગે અમ જેવાને આપે શિખામણ આપવાની છે!

ભર્તૃહરી—અરે દીર્ઘદર્શી પ્રધાન! આ સંસારના માયાઈ પસારામાં કોઈપણ વસ્તુ સાચી નજર નથી આવતી! રાજ જુઠું, રાજનું કાજ જુઠું, સ્ત્રી જુઠી સ્ત્રીનો સ્નેહ જુઠો; રંગ ને રૂપ, વાળા જે જે દ્રવ્ય પદાર્થ છે તે સર્વ જુઠા છે! ત્યારે એવી કઈ વસ્તુ નિર્ભય છે કે જેનો હું આશ્રય કરૂં; આ જગતમાં સરવ વસ્તુ ભયવાળી છે!

શ્લોક.

भोगेरोगभयंकुलेच्युतिभयंवि-
त्तेन्नृपालाद्भयं।
मानेदैन्यभयंबलेरिपुन्नयंरूपेत
रुण्याभयम् ॥
शास्त्रेवादभयंगुणेखलभयंकाये
कृतांताद्भयं।

સર્વંવસ્તુભયાન્વિતંભુવિનૃણાંવૈરાગ્યમેવાભયમ્ ॥

ભોગમાં રોગનો ભય, કુળને પડવાનો ભય, દ્રવ્યને રાજાથી ભય, આબરૂને દીનતાનો ભય, બળને શત્રુથી ભય, રૂપથી સ્ત્રીને ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણને ખળનો ભય, દેહને કાળથી ભય એમ સરવ વસ્તુ ભયવાળી છે, પણ પૃથ્વી ઉપર એક વૈરાગજ અભય છે.

તે વાસ્તે હે પ્રધાના ! મેં વૈરાગનો આશ્રય કરવાનો જે સંકલ્પ કર્યોછે તે સાચોછે, અને આંહીથી જઈ ગંગા તીરે કોઈ અરણ્યમાં મહાત્મા પુરૂષને શોધી ગુરૂ કરી તેની પાસેથી ભેખ ધારણ કરીશ જેથી કરી આ ચોરાશી લક્ષ યોનિમાં વારંવાર જન્મ મરણ લઈ ફરવું પડેછે તે ગુરૂ કૃપાથી મટી જાય ! અને આત્મજ્ઞાનના ઉપદેશથી મને સચ્ચીદાનંદ સ્વરૂપ મોક્ષ પ્રાપ્ત થઈ જાય ! અને અનાદિ સિદ્ધ નિરંજન સર્વવ્યાપક પરમાત્માના જ્યોતિ સ્વરૂપમાં લીન થઈ જાઊં તથા આ રાજ તુંને સુંપરદ કરૂંછું તે સંભાળીને ચલાવવું.

શુરસેન—(પ્રધાન વિચારમાં પડી જાતાં સેનાપતિ કહે છે) મહારાજ, આપ ભેખ ધારણ કરવાનો વિચાર કરોછો; એ વાજબી નથી. (પછી રાજાના કાનમાં) સ્ત્રીઓ તો સર્વ જગે ખરાબજ હોયછે, હમે મહારાજ, એવી દરકાર કરતા નથી; અને હજુર પિંગળા રાણીયે એવું દુષ્ટ કર્મ કર્યું તો હજુરને બીજી ક્યાં થોડી રાણીયો છે ? બીજીથી પ્રેમ લગાવવો; પણ (પ્રકાશ) આમ રાજ છોડીને ચાલ્યા જવું ન જોઈએ.

ભર્તૃહરી—શુરસેનજી, તમારૂં કહેવું છે તે ખરૂંછે; પણ હવે રાજમાં મારૂં મન પ્રવૃત થવું નથી ! તેથી રહીને શું કરૂં !!

શુરસેન—મહારાજ સર્વ અનર્થના કારણભૂત દુર્બોધાને બોલાવી દેહાંતદંડ દેવો જોઈયે !

ભર્તૃહરી—સેનાપતિ, સંસારના કોઈપણ કાર્યની વ્યવસ્થા કરવા મારી ઈચ્છા નથી ! એમ ઈચ્છું તો પેહેલી દેહાંત શિક્ષા પિં-

ગળાનેજ કરૂં ! પણ સંસારની હરેક પરીણામી અને વિકારી વસ્તુથી મારે શું પ્રયોજન છે ! જડ અસત અને દૂખરૂપનો સંકલ્પે હવે શા માટે કરવો !

દીર્ઘ—(રાજા નીચું જોઈ બેઠા છે, ત્યારે દીર્ઘદર્શી, શુરસેન તથા વિદુષક પોતે ધાર્યા પ્રમાણે કાંઈ યુક્તિઓવાળાં ભાષણ કાઢી રાજાનું મન ફેરવવા પ્રયત્ન કરેછે.)

દીર્ઘ—રાજેંદ્ર, ઈશ્વરકૃપાથી આવું રાજસ્મૃદ્ધિનું સુખ પ્રાપ્ત થયું છે, મહારાજાને ત્રણસો રાણીયો છે, પોતાના મનને અનુકુળ વસ્તુમાં પ્રતિને પ્રતિકુળમાં અપ્રિતિ કરવાને મહારાજ સમર્થ છો છતાં આમ ત્યાગનો વિચાર કરોછો તે ડહાપણને અનુસરતો નથી.

ભર્તૃહરી—

रम्यंहर्म्यतलंनकिंवसतये
श्राव्यंनगेयादिकं
किंवाप्राणसमासमागमसुखं,
नैवाधिकांप्रीतये
किंतुभ्रांतपतंगपक्षपवन
व्यालोलदीपांकुर
च्छायाचंचलमाकलय्यसततं
संतोवनांतंगताः

સુંદર મેડી શું રહેવાને નહોતી ? તેમ ગાયન વિગેરે શું સાંભળવાનું નહતું ? તેમ પ્રાણ જેવી પ્યારી સ્રીના સમાગમનું સુખ પ્રિતિને વાસ્તે શું બસ નહોતું ? પણ ઉડતા પતંગીયાની

પાંખના પવનથી ચપળ દીવાની ઝાળની છાંયા જેવું ચંચળ બધું છે, એવું જાણીને સત્પુરૂષો વનમાં ગયા,

શુરસેન—તે મહારાજ વૃધાવસ્થામાં વન વિશે પધારો તો શું હરકત છે !

ભર્તૃહરી—નાથ કૈસેં ગજકો બંધ છુડાયો, એ ચાલ.

પ્રભુ પદ પ્રીતમાં ધાવું, આ અવસર પ્રભુ૦
આખરે કાંઈ નથી થાવું, આ અવસર૦

શરીર શક્તિ આબાદછે ત્યાં લગી, આત્મ સાધન હિત ચહાવું;
જ્યારે જરા અંગ જર્જરી કરશે, ત્યારે શું તારાથી થાવું. આ૦
આખર કરશું એ મોટી ભુલછે, પછી રહેશે પસ્તાવું;
એવું ધારી શુરસેન હમારે, ગુરૂ શરણુ નકી જાવું. આ૦

દીર્ઘદર્શી—(હાથ જોડીને હળવેથી) મહારાજ આ સંસારમાં પાંચ દિવશ દુખના તો પાંચ સુખના પણ આવેછે; એક વાતનો અસંતોષ તો બીજી વાતમાં સંતોષ થાય છે; તો આપ રાજનો ત્યાગ કરવાને બદલે તખ્તપર બીરાજી પુન્યદાન સત્કર્મ કરશો તો એ ધર્મસંગ્રહ ગૃહસ્થાશ્રમમાં સુખ ઉત્પન્ન કર્યા વગર રહેશે નહી !

ભર્તૃહરી— **ભુજંગી છંદ.**

નથી રાચતો રાજ લક્ષ્મિથી કાંઈ,
નથી દેખતો સૂખ સંસાર માંહી;
ભલે વીષયો ભોગવો દીર્ઘ કાળ,
થશે તે પરીણામમાં દુખ જ્વાળ.

દીર્ઘદર્શી—ત્યારે રાજેંદ્ર આખી જીંદગાનીમાં સુખનો વખત નહીંજ આવતો હોય !

ભર્તૃહરી— **ભુજંગી છંદ.**

અહો કેટલું આપ આયુષ્ય ધારો,
ગયું અર્ધ તો રાતથી તે વિચારો;
ગયું ભાગ પા બાલ્યમાં ખેલ ખેલી,
ગયું શેષ તો વૃદ્ધ કાયા ખડેલી;

વળી ઉપજે રોગ ચીંતા અનેકો,
ઉમેરો કરી સુખનો વક્ષ લેખો;
ઘણી માનસી આધિઓને ઉપાધી,
કહો તેહમાં સૂખ ક્યાંથી સમાધી ?

શુરસેન—માલવપતિ! વનમાં જઈ તપશ્ચર્યા કરવાની આપની આ અવસ્થા નથી! અને સંસાર સુખ ઉપભોગ ત્યાગ કરવાનો આ વખત હજુ નથી!! અહીં બંને કાર્યની સિદ્ધિ થશે!!

ભર્તૃહરી—ભાઈ આ સંસારમાં તો-

भोगानभुक्ता, वयमेवभूक्ता,
स्तपोनतप्तंवयमेवतप्ताः ।
कालोनयातो, वयमेवयाता,
स्तृष्णानजीर्णावयमेवजीर्णाः ॥

અમે ભોગતો ભોગવ્યા નહીં, ને ઉલટા અમારા ભોગ મળ્યા, અમે તપ તો કર્યું નહીં પણ પોતે તપ્યા, એટલે સંસારમાં દુખી થયા; વખત ગયો નહીં પણ અમે પોતેજ ગયા; એટલે અમારૂં બધું આયુષ્ય પુરૂં થયું; તૃષ્ણા જુની ન થઈ, પણ અમે પોતેજ જુના થયા; એટલે વૃદ્ધ થયા.

વિદુષક—માલવપતિ ચતુરસુજાણ ભરથરી રાજન! રાજપાટ, સમૃધિ, રાણીઓ, કુટુંબ પરીવાર છોડી વનમાં જશો તો તેનો વિયોગ આપને દુખદાયક નહીં થાય ?

ભર્તૃહરી—ભાઇ—

વસંતતિલકા છંદ.

છે ભોગ વિષય બધો નકિરે જવાનો,
તેનો વિયોગ દિન એક નિશ્ચે થવાનો;
સ્વત: જતા મન અતી પરિતાપ વ્યાપે,
હાથે કરી તજિ જતાં સુખ શાંતિ આપે.

વિદુષક—ત્યારે મહારાજ ક્રોધ ન કરો તો એક વાત કહું ?

ભર્તૃહરી—સુખેથી કહે ?

વિદુષક—શૃંગારના વિલાસમાં જે હું મુદલ જાણતો નહોતો તે પાવરધો તમે મને કર્યો ! કે મન મોહની ચંદ્રમુખી કમળનયની સ્ત્રીઓનાં સકોમળ અંગોનો ત્યાગ કેમ થાય !! અને અત્યારે આમ કેમ ફરી બેઠા !

ભર્તૃહરી—(પૂર્ણ વૈરાગ્યમાં)

स्तनौमांसग्रंथीकनककलशावि
त्युपमितौ
मुखंश्लेष्मागारंतदपिच
शशांकेनतुलितम्
स्त्रवनमूत्रक्लिनंकरिवराशिरः
स्पर्द्धिजघनं
मुहुर्निंद्यंरूपंकविजन
विशेषैर्गुरुकृतम्

સ્તન માંસની ગાંઠો છે. તેને સોનાના કળશની ઉપમા આપી છે; મ્હોડું કફનું ઘર છે, તેને ચંદ્રની ઉપમા આપી છે; સ્ત્રવતા મૂત્રથી ભીંજાએલું સાથળ હાથીના કુંભસ્થળની બરાબર ગણ્યુંછે; આવી નિંદવા લાયક આકૃતિ કવી લોકોએ વખાણી વખાણીને મોટી કરી છે.

તેમ હે મિત્ર ! જેમ પતંગીયો તિવ્ર અગ્નિમાં તેની મ્હોટાઈ જાણ્યાવિના પડે છે, ને બળી ભસ્મ થાય છે, જેમ માછલું લોઢાની આંકડીએ વળગેલું ભક્ષ લેવાની લાલચે પ્રાણ ખુએછે; અને હરણુ મધુર ગાયનમાં લીન થઇ સ્થિર રહી પારધીના બાણથી તેના

પ્રાણની હાની કરે છે; ભ્રમર ઘ્રાણેંદ્રિના મોહમાં કમળમાં સપડાઇ જઈ મરણ પામે છે; તેમ આપણે સમજીએછીએ તો પણ આપત્તિની જાળવાળા એવા સંસારના વિષયોને છોડતા નથી !! ઓહોહો! મોહનો મહીમા કેવો ગહન છે ! ! !

વિદુષક—(આંખમાં અશ્રુત સહીત) મહારાજ આ રાજપ્રકરણ બધું આપને યાદ આવ્યા વગર નહિ રહે !

ભર્તૃહરી—ભાઈ, કાળ રાજાએ બધું સ્મૃતિ માત્રજ રાખ્યું છે ! હે કાળ ! તે—

માલિની છંદ.

નગરી નૃપતિ સંખ્યા, પંડિતોની સભાને,
કમળ વદનિ કામા, ચંદ્ર દેહી પ્રભાને;
મદ મત નૃપ લીધા, કાળ કોને ન પુછ્યું,
નમિ નમિ નમિ દેવા, કાળ તુંને નમુંછું !!

દીર્ઘદર્શી—માહારાજ, હજુ ઘણા શત્રુઓ પાસે આપણી રાજની ખંડણી લેણી છે! તેનું પછી—

સેનાપતિ—નામદાર, આપને હજુ ઘણા શત્રુઓને જીતવાના છે ! તે કિર્તિને પછી—

ભર્તૃહરી—ભાઇ, એ બધું તમારે સંસારીઓને અવશ્ય જોઇએ, અને મારે તો હવે:—

प्राप्ताश्रियःसकलकामदुघास्ततःकिम्
न्यस्तंपदंशिरसिविद्दिषतांततःकिम्
संपादिताःप्रणयिनोविभवैस्ततःकिम्
कल्पंस्थितास्तनुभृतातंनवस्ततःकिम्.

સર્વ કામને પુર્ણ કરનારી લક્ષ્મિ પ્રાપ્ત થઈ તેથી શું ? શત્રુઓના માથા ઉપર પગ મુક્યો તેથી શું ? સ્નેહીઓને સંપત્તિવાળા કર્યા તેથી શું ? અને પ્રાણીઓનાં શરીર એક કલ્પ લગી રહ્યાં તેથી શું ? અર્થાંત તેથી જેનો કદી નાશ ન થાય એવી ત્રણ કાળ અબાધિત

સાચી કઈ વસ્તુ મુને પ્રાપ્ત થવાની હતી? કોઈ નહીં.

દીર્ઘ—મહારાજ, એવાં દારૂણ વન આપને વિકટ તથા દૂખદાયક થાશે, તથા દિશાઓ ખાવા ધાશે!

ભર્તૃહરી—ભાઈ હવે ડર કોને!

अकिंचनस्यदांतस्य शांतस्यसमचेतसः
सदासंतुष्ठमनसः सर्वाःसुखमयादिशः

જેની પાસે કાંઇપણ નથી, મન તથા ઇંદ્રિઓ વશ રાખેલી છે. એક સરખું ચિત્ત છે, હમેશાં સંતોષવાળું મન છે, એવા માણસોને સર્વે દિશાએ સુખરૂપ છે.

દીર્ઘ૦—(રાજાનું મન કોઈ રીતે ડગે તેમ નથી એવું જોઇને) મહારાજ આપ વનમાં પધારો છો. તો હમે આપની પાછળ કારભાર કરવાના નથી, એ ચોકસ સમજજો. જેનું અમે નિમક ખાધું તે મહીપાળ જ્યારે ભભુત લગાવે છે; ત્યારે હમે તે જોગીના ચેલા બની પાસે રહીશું. તથા ટુકડા માગી લાવી ખાશું. અને આપને લાવી હાજર કરશું અને શેષ આયુષ્ય માહારાજા જોગીની સેવામાં પુરૂં કરશું.

શુરસેન—હજુર, અમે પણ એમજ કરશું. આ લશ્કરની અને રાજની ગમે તે અવસ્થા થાય તેનું અમારે કાંઈ પ્રયોજન નથી.

દીર્ઘ૦—મહારાજ આપ ભેખ ધારણ કરવા ઈરાદો કરોછો. એ વાત સેહેજસાજ પ્રજામાં પણ પ્રસરી છે. અને રૈયત લોકમાં મહા કલ્પાંત ને શોક થઈ રહ્યોછે તે મને ખબર મળ્યા છે કે જેવી રીતે રામચંદ્ર વનમાં ગયા. ને તે વખત પ્રજા પાછળ ચાલી હતી તેવી રીતે આપની પ્રજાનો પણ ઘણો ભાગ સંગે ચાલવા તૈયાર થયો છે.

ભર્તૃહરી—પ્રધાનવર્યા, એવો ઉતપાત મારી પરમ પ્રિતિપાત્ર પ્રજામાં થવા ન દેવો; અને તેને સારી રીતે સમજાવવી.

પ્રતિહર—(પ્રવેશ કરીને) મહારાજ, ખબર આવ્યાછે કે મહારાણીના પિતાએ દુર્બોધાને નાક કાન છેદન કરી દેશ નિકાલ કરી છે.

અને આ વૃતાંત સાંભળી ખેદના સમુદ્રમાં ડુબ્યા છે. દુર્બોધાને દેહાંત દંડ મહાજને બંધ રખાવ્યો.

વિદુષક—દુર્બોધાને દેશનિકાલ કે! (ગજવામાંથી કાઢીને) લે, તુંતો સો અશરફી, કરોડોમાંથી આટલી હક થઈ.

નેપથ્યમાં—

ગુલાબચંદશાહ—(માણેકચંદશાને કહેછે) એ વચન ઘટે તે જરૂર કહેવાં.

માણેકચંદશાહ—હા ખરૂં છે! આજ નહિ કહીએ તો પછી ક્યારે કહીશું!

ગુલાબચંદશાહ—માણેકશાહ, આતો મોટો ઉલ્કાપાત વરતાયો!

માણેકચંદશાહ—ભાઈ આથી બીજો કયો ઉલ્કાપાત! બાણુંલાખ માળવાનો ધણી જોગી બને છે!! વાહ! દૈવ તારી ગતી!!

પ્રમાણંદશાહ—રાજા ને જોગીના હઠ ભાઈ. જ્યાં જોઇએ ત્યાં તેવા પણ ઉજેનીને રંડાપો આવતા કેમ દેશું?

ગુલાબચંદશાહ—(ઘણી વાર રોકાયાથી પ્રતિહાર પ્રતિ) ભાઈ તારો પાડ, હવે તો જઈ મહારાજને કહે તો ઠીક!

પ્રતિહાર—(પ્રવેશ કરીને) પૃથ્વીપતિ પ્રજામંડળ બધું આવ્યું છે ને બહાર ઉભું છે, હુકમ હોય તો અંદર પ્રવેશ કરે.

ભર્તૃહરી—(હળવેથી) કોણ કોણ છે?

પ્રતિહાર—મહારાજ, ગુલાબચંદશાહ પંડે આવ્યા છે! ને માણેકશાહ તથા પ્રેમાણંદશાહ પણ સાથે છે.

ભર્તૃહરી—અહોહો! ત્રણે શેઠીયા, મારા ધર્મધુરંધર ગૃહસ્થો આવ્યા છે! એકદમ ઉઠી બહાર જઈ તેડી લાવે છે અને પ્રવેશ કર્યા પછી પ્રતિહાર સૌને યોગ્ય સ્થળે બેસાડે છે.

ગુલાબચંદશાહ—(સૌ બેઠા પછી ઉભા થઈ હાથ જોડીને રાજાપ્રતિ ત્રિલોકના પતિ! આ શો ગજબ કરવા તૈયાર થયા છો! ને અમારૂં જીવતર ધુળ કરવું હોય તો ભલે વનમાં પધારો; તો અમારી કાંઈ ના નથી!)

માણેકચંદશાહ—આજસુધી પ્રજાને ઘરનાં છોકરાંની માફક પાળી છે; ને હવે આમ કરવું હોય તો ભલે! ભભુત લગાવીને તમે જોગી બનશો તો અમારે પણ શરીરે ચોળવા ભસ્મ મળી રહેશે!

પ્રેમાણંદશાહ—અન્નદાતા! રાજાના ને જોગીના હાથી આડોઆંક છે! અમે દુધ સાકર ચોખા ખાશું ને તમને સુકા ટુકડા માગતા નજરે જોશું? ચૌદ ભુવનના પતિ વિચારો, એતે કદી બનવાનુંછે.

ભરથરી—એ બધું સાંભળીને બોધ દર્શક હસ્ત મુદ્રાથી)

લાવણી.

શુણો દીર્ઘદર્શી હે સચીવો! ગૃહસ્થો ઉજ્જયની વાસી!
શુણો સકળ હે રાજદ્વારી! કહે ભરથરી ઉદાસી! એ ટેક.
આ સંસારે રહો તમે સૌ ગૃહસ્થો અમ છે સુખરાશી,
નિતિ સુખ મમ પ્રજા ભોગવો, હુંતો થયો છું ઉદાસી. શુણો.
કપટ રહિત શુદ્ધ દિલથી પ્રિતિ, નર નારી જોડો સાચી;
કદી ન કરશો બુદ્ધિ કાચી, રહો સુખ સંસારે રાચી. શુણો.
પુરૂષ સરવને પ્રથમ કહું કદી, પડો નાર પ્રિતિ ફાંસી;
શીયળ પતિવ્રત નીતિ વૃષ્ટિ, હમેશ વરસાવો ખાસી. શુણો.
મન દૃઢાવી કરો વજ્રમય, ડગે ન અવિચળ થઈ જ્યારે;
ખરી પ્રિત અંતરથી લાગે, શૂદ્ધ નારીઓ રહે ત્યારે. શુણો.
કદી ન અળગી એને કરશો, થઈ નારના વિશ્વાસી,
પ્રસંગ એને તમે આપશો, નીતિથી જાશે નાશી. શુણો.
ઉપર ડોળ એનો નવ માનો, કરો પરિક્ષા તો સાચી;
ભોળા થઇને ભરમાશો નહિ, નમીને રેહેશો નહિ નાચી. શુણો.
એને સંગ કદી નવ કોઇનો, તુરત તમે કરવા દેશો;
બહુ પરીક્ષા કરી વિચારી, પરીપક્વ ભાસે લેશો. શુણો.
નીચ દુષ્ટ દુર્બુદ્ધિ જનની, એક દિવસ સંગે રેહેશે;
જીવીત એતો ખરાબ કરશે, નકી દીલ પલટી દેશે. શુણો.
આ સંસારતણું એક સાર્થક, વિષય ભોગ ગણશો નાહિ,
તલ્લીન તેમાં બહુ થાશોમાં, ચપળ ચિત્તથી એ ચાહી. શુણો.
માત્ર પ્રજા ઉત્પત્તિ હેતુ, વિષય ભોગ વિશે રાખો;
પણ દિવસને રાત્રી એમાં ખુઓ ન જન્મારો આખો. શુણો.
તમે લુબ્ધ બહુ રહેશો તેમાં, સદા વિષય કેરે રંગે;
તો તે પણ તે ચાલ પકડશે, ઉપજશે દુખ એ અંગે. શુણો.

ચાલ આપણી હોય નઠારી, મિત્ર શુચવે તે માનો;
એપર પુરૂં લક્ષ આપજો, હિતાહિત મનમાં જાણો. શુણો.
સંપી રહેજો ન્યાયે વર્ત્તજો, દીર્ઘદર્શી શૂરસેન તમે;
બાળાઓને બોધ આપજો, નીતિ ભોજન નિત્ય જમે. શુણો.
અરે દીર્ઘદર્શી આ રૈયત, પૂત્ર સમાન ગણી પાળો;
કદી વિક્રમ આવ્યો સંભળાયે, વળી ક્યાંઈ નજરે ભાળો. શુણો.
તો તેને જઈ કરી વિનતી, ઉજ્જયની માંહે લાવો;
પ્રતિજ્ઞા એની મુકાવજો સૌ, કહી બનાવ બન્યો આવો. શુણો.
માફી મારી વતી માગજો, કૃતઘ્ની હું એનો ભ્રાતા;
પૂજ્ય રૂપ પરમાર્થી એ છે, સકળ પ્રાણીનો સુખદાતા. શુણો.
પ્રજા દૂખ એ શ્રવણ કરીને, આવી અહીં ઉભો રહેશે;
પરદૂખભંજન વિક્રમ મારો, અરે! હશે ક્યાં! શા વેશે! શુણો.
હવે જંગલમાં જાઊંછું હું, કફની હોય તે લાવોરે;
આ અંગરખા ઉપર પહેરૂં, જોગ મુંને દરશાવોરે. શુણો.

(રાજા ઉઠે છે ને વળી વિદુષકનું બોલવું સાંભળી બેસેછે.)

વિદુષક—(કફની શબ્દ સાંભળી ઉભો થઈ જરા રોષમાં)
અરે મહારાજ કોણ કફની આપે, મગદુર કોનો જોતો નથી;
કતલ એને હું કરીરે નાંખું, હવે મોતથી બીતો નથી.

ભર્તૃહરી—
અરે મિત્ર વિદુષક મારા, દિલ મારૂં અહીંથી ઉઠ્યું;
હવે આગ્રહ તું વૃથા કરેછે, જગત મ જાણ્યું છે જુઠું. શુણો.
તારાં વચન મ નવરે માન્યાં, ફળ તેનું મેં તો ચાખ્યું;
હવે સરવને સમજાવીને, રાખ શાંત નગર આખું. શુણો.

વિદુષક—
તેતો રાજા ભલે કહોછો, હું જુદો નહિ રેહેવાનો;
હું સંગે તૈયાર થયોછું, નથી મિત્ર હું કહેવાનો.
બાયડીને મ પ્રાતઃકાળે, પિયર વળાવી પરમાણો;
કર્યું ઠેકાણે ઘર મ સઘળું, ચેલો થઈ આવ્યો જાણો.

ભર્તૃહરી—
અરે મિત્ર શામાટે દુખીયો, થાવા આવે જંગલમાં;
અહીં રહી તું સુખ ભોગવજે, માનની કેરા મંગળમાં. શુણો.

વિદુષક—

રાજમિત્ર! એ તે શું કહોછો! અરૂચી જગતની મુને હતી;

તમને અરૂચી થૈછે હમણાં, ઝપટ જગતની લાગી હતી!

ગુલાબચંદશાહ—(ઉભા થઇને)

અરે રાજા જો જાઓ જંગલમાં, અમો તૈયાર કુટુંબ એથી;

તમ સાથે ચાલીશું ભેળા, રહેશું નહીં ઘરમાં બેશી.

માણેકચંદ—

રાજા જોગી પ્રજારે ભોગી, એ તે ન્યાય ક્યાંનો કહેવો;

અમે તૈયાર થઇને આવ્યા, પાછળથી પગ દ્યો જેવો.

પ્રેમાણંદશાહ—

શોછે ધર્મજ રાજા કેરો, વિચારો નૃપતિ ગુણવંતા;

પ્રજા સુખી જો ન્યાએ કરશો, મુક્તિ પામશો યશવંતા.

ભર્તૃહરી—

પ્રેમાણંદશાહ વચન આપનું, સંસારીને સાચું છે;

યોગ સાધનાં નિવૃતિ વણ, મોક્ષ પ્રયત્નજ કાચુંછે. શુણો.

પ્રધાન પ્રતિ)

અરે પ્રધાના સમજાવે તું, પ્રિતિવંત પ્રજા મારી;

અવળી હઠ એ પકડી બેસે, વચન કહે કાંઈ વિચારી. શુણો.

નથી હવે હું અહિં રે'વાનો, લાખ પ્રકારે હે ભાઈ;

મારૂં મન હવે અહીં નહીં લાગે, સ્થિર થાવું જંગલ જાઈ. શુણો.

(એટલું કહ્યા પછી રાજાએ કફની તૈયાર કરાવી રાખી હતી તે પ્રતિહારને ઇશારો કરેલ તે પ્રમાણે તેણે આ વાતની રગ ઝગમાં સિંહાસનની એક બાજુએ મુકેલી, તે એકદમ કાઢીને)

જય અલેક જય અબધૂત નિરંજન! એમ કહી પહેરી લીધી તથા સિંહાસનપરથી રાજા ઉતર્યા ને અતી દિલગીરીનો દેખાવ આ વખતે થઈ રહ્યો છે.

દીર્ઘ૦—(એકદમ ઉઠી રાજાની આગળ રસ્તામાં આડા ઉભા રહીને)

ગજલ.

તુંમ ચલે કફની પહેરકે, હમકું કીયા કીસકે હવાલે;

તુમ અલોગે ઇસ બાજુ પેં, હમ પીયે બીખકે પ્યાલે.

રાજા મત કરના એૈસા, તેરા પ્યાર દિલુ શાલે. તુમ.

તુજ બિના યેહ પ્રજા, સબ હોતહી બેહાલ.
રૂદન કરતી તુજ પ્રિયા, મત ગલે કફની ડાલે. તુમ.
બેહાલ કરકે સબકું, પ્યારા અબ ભેખ ના લે;
એસે ચલકે ઇહાંસે, કયું ગલેમેં તોક ડાલે. તુમ.

ભર્તૃહરી— રાગ ઉપરનો.

હમ જાતે જંગલકે બીચ, જુઠીહે રાજકી જંજાલ;
સાધન અપના છોડકે, ઇધર મત હોના બેહાલ.
હે લખ લાનત ઓરતકું, મત ગુમાના ઉસસે કાલ. હમ.
બહેતરહે સ્ત્રી દિલસે, કભી હોવે ઝેરી ખ્યાલ;
અબ રાજ હમ નાંહી કરે, તુમ રાજ અબ સંભાલ. હમ.

(રાજાને વિદૂષક બહાર નિકળ્યા કે પ્રજામંડળ બધું તેની પાછળ જાય છે; ને વિદુષક ઘણું સમજાવે છે પણ કોઈ સમજતું નથી.)

દીર્ઘ૦—(આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે ને સેનાપતિ પ્રતિ) શુરશેન, રાજા રાજનો ત્યાગ કરી ચાલ્યા ગયા, મહારાણી પિંગળાએ ઘણું વિપરીત કામ કર્યું, રાજાને વૈરાગ્ય દીધો! એ દ્રષ્ટાંત આપણે પણ લેવાનું છે; કે સ્ત્રીનો વિશ્વાસ કરી તેમાં છેક ગરકાબ ન થવું; યથાયોગ્ય ગ્રહસ્થાશ્રમ સુખ ભોગવવું, તથા મહારાજનાં વચન પ્રમાણે એને સદા નીતિમાં બોધની વૃષ્ટિ કરવી. કોઇ વગર પરીક્ષાએ નીચ માણુસ પાસે ન રાખવું. પણ હવે એ વાત હાલ બંધ રાખીએ; તમારે લશ્કરનો બરાબર બંદોબસ્ત કરવો અને હું નગર શેઠને ત્યાં જઈ પ્રજાના મનનું કાંઈ સમાધાન કરી આવું.

શુરસેન—બહુ સારૂં તમે જાઓ, ને હું બીજો બધો બંદોબસ્ત કરૂંછું. ને વિક્રમાદિત્યની શોધમાં માણસો મોકલુંછું.

દીર્ઘ૦—હા, એ કામ પેહેલું કરજો. એમ કહી પ્રધાન સત્વર નીકળીજાયછે.

શુરસેન—આહાહા? શું બનાવ બન્યો!! દુરદૈવ તેં આ શું કર્યું!!

(એમ કહી તે પણ નિકળી જાયછે.)

(અંક ચોથો સમાપ્ત.)

અંક ૫ મો.

પાત્ર.

ભર્તૃહરી............... માલવ દેશનો રાજા.
પિંગળા............... તેની માનીતી રાણી.
યશોમાલતિ............ } તેની પિંગળાથી ઉતરતે દરજ્જે
કમળાક્ષી............ } માનીતિ રાણીઓ.
ચંદ્રકળા............ }
કૃષ્ણા કુમારી........ ભર્તૃહરીની પુત્રી.
મચ્છેંદ્રનાથ............ એક અવધુત યોગેશ્વર ભરથરીના ગુરૂ.
ગોરખનાથ............ તેનો પૂર્ણ યોગને પહોંચેલો ચેલો.
ઓઘડનાથ............ } મચ્છેંદ્રનાથના બીજા ચેલા.
કંથડનાથ............ }
લક્કડભારથી............ }

પ્રવેશ ૧ લો.

સ્થળ પિંગળાનો રાજમેહેલ.

પિંગળા તથા મધુરવદંતી.

પિંગળા—(રાજા તિરસ્કાર દઈ ગયા પછી જેનો બધો વખત રૂદનાલાપમાંજ જાયછે, તે દાસી નગરમાં શી સ્થિતિ વરતેછે. મહારાજા ભરથરી શેહેરમાં છે કે ચાલ્યા ગયાછે, ઇત્યાદી તજવીજ કરવા ગએલી; તેને આવતી જોઇને પુછે છે.) કેમ દાસી નગરીમાં શી વ્યવસ્થા છે; મહારાજને ક્યાંઇ દીઠા ?

મધુ૦—(નિસ્તેજ થઈ જઈ થોડીવાર સ્તબ્ધ રહી પછી ગદગદ કંઠે) બાઈ, ઉજ્જયનીનો સૂર્ય અસ્ત થઇ ગયોછે; સર્વ પ્રજાના જીવનના જીવન મહારાજા ભરથરીતો રાજપાટ છોડી તેજ વખતે અરણ્યમાં ચાલ્યા ગયાછે!! પ્રજા બધી રૂદન કરેછે! રાજમંડળનું

ચિત્ત વ્યગ્ર થઈ ગયુંછે! રાણીવાસમાં પણ બધે શોક છવાઇ રહ્યોછે! આખી ઉજ્જેનીમાં હાહાકાર થઇ રહ્યો છે!

પિંગળા—(એ સાંભળી મૂર્છા ખાઈ પડેછે, ને દાસી તેને સાવધ કરી બેસાડે છે ત્યારે.)

લલિતછંદ.

અરરર સ્વામિરે શું હવે કરૂં, અતિ નિષિદ્ધ મેં કર્મ આચર્યું;
શિયળ ભંગમાં, પાપ ના ગણ્યું, સુખ અપૂર્ મેં આપનું હર્યું.
દિયર માહરા, શૂદ્ધ જે અતિ, મુજ પ્રતિ હતી, માતુની મતી;
અરરર તેમની, શી કરી ગતી, સ્મરણ કૃત્યનાં, શાં કરૂં પતી.
દિયર વિક્રમા, નીર્મળા મતી, તુજ વિષે થઇ, દૂષ્ટ હું અતી;
મન ગમ્યાં સદા, ભોગવ્યાં સુખો, કયમ સહ્યાં હશે, રાનનાં દુખો.
વિશય વાસના, થી હું આંધળી, ભવિષ્ય ના નીહાળી શકી જરી;
સકળ સૂખ ભંડાર માહરો, અરરર દૈવ તું લુંટી સંચર્યો.
પુરણ સત્યરે, સ્નેહ રાખતા, પતિ ગુમાવીને, લીધી આપદા;
નગર છોડિને, છોડિ રાજરે, વિભુત ચોળી છાંડી સમાજરે.
સુરજ આથમ્યો, માળવા તણો, ઉચરતા બધે, ત્યાહરે જનો;
થઇ ઉજ્જેનિરે, તું અનાથરે, કકળતો રહ્યો, સર્વ સાથરે.
જગત શોકની, લાહ્યમાં બળે, નહિજ કેમ તું, જીવ નિકળે;
કરમ કોપિયું, શું સુઝી મતી, મુરખ પાપી મેં, આણી આ ગતી.
અરરર રે કર્યું, દીલ માહરૂં, નીચ સંગથી, ખૂરૂં રે ઠર્યું;
અરરર નીચને, પાસ રાખીઓ! અરરર દાસી તેં, ડાટ વાળિયો.
અસત્ય દોષ મેં, સ્વામિ ભ્રાતને, દઈ તજાવીયો, દેશ સાથને;
અરરર નારિ હું, પાપી જારણી, દિયર માફી દ્યો આવીઓ ધણી.
કમળ મૂખને, શ્યામ મેં કરી, કુળ લજાવીયું, ના ગઈ મરી;
રૂપ બળો અરે, શું કરૂં હવે, કુરૂપ તો થયું, કામને દવે.
દવ ઉઠી મને, બાળિ નાંખતું; જનુનિ, પૃથ્વીરે, વા સમાવ તું;
અરરર શું કરૂં, કયાં જઈ પડું, મરણ સહાય થા આવી ઢૂકડું.

હર હર! શંકરા! હાયરે ભગવાન! હવે હું શું કરૂં હવે તું મૃત્યુ જલદી આપ!!

મધુર૦— લલિતછંદ.

ધિરજ ધારિને, બાઈ સાવધ, સબળ થૈ કરો, કલેશનો વધ;
નિર વહ્યા પછી, વ્યર્થ સોચના, નહિ થયું થયું, તે થશેજ ના.
અતિ પ્રચંડ છે, જ્વાળ કામની, શિવગી વૃતિ ત્યાં, જેવિ દામની;
ચપળ ચિત્ત આ, સ્થિર ના રહે, વિષય પંચમાં, દોડવા ચહે.
સુર મુનીશ્વરો, જોગિને જતી, ભ્રમિત સર્વની, થાય જ્યાં મતી;
અબળ જાતની, શી વિસાત ત્યાં, રડિ રડિ કરો, આંખ લાલકાં.
નહિ લલાટના, લેખરે ચુકે, સમય મૃત્યુનો, નીજ ના ચુકે;
ચતુર છો વિચારી જુઓ તમે, ફળ કશું હવે, દેહને દમે.

બાઈ સાહેબ, આમ દેહ દમન, અને રાત્રિ દીન રૂદનોલાપ કરવાથી આપના શરીરને દુઃખ ઉત્પન્ન થશે.

માટે **भवितव्यंभवत्येवंकर्मणामीदृशीगतिः**

એ વાક્ય પર દ્રષ્ટિ કરીને શોકાર્ણવથી મુક્ત થાઓ, તથા ઇશ્વરના સ્મરણમાં ચિત્ત ચોડો.

પિંગળા—અરે દાસી, મને મારૂં કૃત્ય સંભારી કંપારો છુટે છે; અરે હું પાતકી, વ્યભિચારણી, ગમે તેટલો પશ્ચાતાપ કરૂં પણ હવે પવિત્ર થવાની નથી; અરે જે દુષ્કૃત્ય જાણી બુઝીને કર્યું તેને માટે પ્રાયશ્ચિતજ શેનું! અરે પ્રાણપતી! જેવા પ્રાણપતી! માલવપતિ ભર્તૃહરી મહારાજ; કેવા નિર્મળ પ્રેમી, તેને મેં નઠોર નારી જાતે દગો દીધો! અરે જે અંતઃકરણનો એને પુર્ણ વિશ્વાસ, તેજ અંતકરણે તેને છેતરી અસહ્ય સંતાપ ઉત્પન્ન કર્યો! હે અપવિત્ર અંતઃકરણ! હવે તુંને બાળી ચિતા ભસ્મ ભેળું કરૂંછું!

મધુર—(એ સાંભળી બાઇનો આપઘાત કરવાનો વિચાર જાણીને) બાઇસાહેબ, એ શું બોલો છો! આત્મહત્યા કરવાથી ઉલટો પાપમાં વધારો થાયછે! માટે એ વિચાર સ્વપ્ને પણ ન રાખવો! તથા હરીસ્મરણથી દેહશુદ્ધિ કરવી!

પિંગળા—દાસી, હવે મારૂં જીવતર વ્યર્થ છે, હવે જે જે સંકલ્પ અંતઃકરણમાં ઉઠેછે, તે પ્રાણની હાની કર્યા થાયછે; હવે આ

કાળા મુખને ક્યાં સુધી કાયમ રાખવું! અરે મેં પ્રાણપતિને દગો દીધો, એટલુંજ નહીં, પણ મારા દીયર વિક્રમાદીત્ય, જે મને માતુ સમાન જાણવાવાળા, અતી પવિત્ર શાસ્ત્ર સંપન્ન, શીયળ નીતિના સ્વરૂપ, અરે જેણે પરસ્ત્રીનું સ્વપ્ને પણ ચિંતન કર્યું નથી એવા; તથા નિરંતર પોતાના જ્યેષ્ટ ભાઇની છાંયા નિચે રહી પ્રજાને પુત્રની માફક પાલન કરતા હતા; અરે જેને તરૂણાવસ્થા તો પ્રાપ્ત થઇ નહોતી, ને જેણે ઉજ્જયની બહાર કદી પગ દીધો નથી તેવા ધર્મસિંધુ રાજપુત્ર માહારાજના લઘુભ્રાતને મેં કૃતઘ્નીએ અરણ્યવાસ અપાવ્યો; હર હર શંકરા! મારાં પાપની સીમા રહી નથી!! અનંત કાળ સુધી રૌરવ નર્કમાં વાસ કરૂં તોપણ મારો છુટકારો થવો નથી!

મધુર૦—બાઇસાહેબ, કુમારે વિક્રમાદિત્યને જે વખતે મહારાજે દેશવટો દીધો! તે વખત બધી પ્રજામાં હાહાકાર થઈ રહ્યો હતો! અને મને પણ અત્યંત ખેદ થયો હતો! પણ દૈવે જે નિર્માણ કર્યું હતું તે—

પિંગળા—(એ સાંભળી હૃદય ભરાઇ આવ્યાથી ઘણાં આક્રંદ તથા અશ્રૂપાતની સાથે શિરના કેશ ખેંચતી) હાય! દૈવ! શું કરૂં! અરે! દુષ્ટદૂર્બોધા શિયળ ભંગ કરવાની કુબુદ્ધિ મુને કયાંથી આપી! કે જે ઝેરના બીજે વૃક્ષરૂપ થઇ આવાં કટુ વિપરિત પાપજનક ફળ ઉત્પન્ન કર્યાં! અરે મેં નિતિના ગ્રંથો ન વાંચ્યા! અરે મેં શત શાસ્ત્રો શ્રવણ ન કર્યાં! મેં પ્રાણપતિના ચરણ કમળમાં સાચી પ્રિતિ ન રાખી! હું કામાંધ થઇ છળ કપટથી રમી કોટી કુકર્મો કર્યાં! અરે દાસી તારાં સદ વચનોનો મેં તિરસ્કાર કર્યો! અને નીચનો જારબોધ અંગીકાર કર્યો, અરે મુંને બીજું કશું દુઃખદાયક થતું નથી! પણ મારા નિર્દોષ દીયરજીને દેશવટો દીધો એ બધા કરતાં બહુ સાલેછે! ત્યારે સાચી પ્રિતવાળા સ્વામીનાથને દગો દઈ જોગ લેવરાવ્યો. એ શું ઓછી વાત થઇછે! અરે એતો એથી પણ અધિક છે. અરે પંચ વિષયો તમે પૃથ્વીમાં પથરાઇ, અમને અબળાઓને આડે રસ્તે શામાટે ચડાવો છો!

અરે એમાં એનો શો દોષ! એતો મનની વૃત્તિને આધીનછે!
(એટલામાં ઘરેણાં તરફ નજર પડતાંએનો તિરસ્કાર કરતિ ફેંકીદેછે)

સૌ મિત્રી શોચનો ત્યાગ કરો હવેરે. એ રાગ.

શૃંગારમાં ડુબાવીતી તમેજ મુને.
પીયુને તજાવનાર વેરી અલંકાર શૃંગારમાં—એ ટેક.
હીરા મોતી જડિત્ર કંકણ દૂર જાઓ!
પોખરાજ રત્નહાર, અદ્રશ્યજ થાઓ; પિયુને.
જરીયન સાડી ચુડામણી બળી જાઓ,
રૂપ દેહીનું બળીને, ખાખવત થાઓ; પિયુને.
અરે કામ મૂકયો મુજ હૃદયમાં કાપ,
અરે બાજુબંધ, ઉપજાવ્યો તમે તાપ; પિયુને.
શ્વેત વસ્ત્ર સાડી દાસી લાવે તું આ વાર,
પ્રભુને શરણ થવું, ઉતારી શૃંગાર; પિયુને.
શિયળ ભંગના પાપ થકી મુને ઇશ,
મુકત કરશે દીનાનાથ, અરપું એને શીશ; પિયુને.

મધુર૦— રાગ સદર.

ધારીએ વિમળમતી, મોક્ષનીરે બાઈ,
પ્રભુ પ્રેમ પામવાને થાઓરે તૈયાર ધારી.
શૂદ્ધ હૃદયથી જોડો પ્રભુ સંગે પ્રીત,
જેથી ભવ પાર ઉતરશો ખચીત; પ્રભુપદ.
જુઓ પાર ઉતરવા, ભેખ ધર્યો ભૂપ,
મિથ્યા પંચ ભૂત સૃષ્ટિ, નામ રંગ રૂપ; પ્રભુપદ.

પિંગળા—(દાસી પ્રત્યે) મધુરવદંતી એક શ્વેત શાડી તું મને લાવી આપ તે મારે ધારણ કરવીછે. અને હવે રહેલું શેષ આયુષ શંકરના ભજનમાં ગુજારવું છે, તું મને આંહીથી સ્તુતિ ગૃહમાંલઇ જા.

મધુર—ચાલો, બાઇસાહેબ, ત્યાં આપના ચિત્તને કાંઇ શાંતિ થશે.

(એમ કહી બંને ત્યાંથી જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—પર્વતની તલેટીમાં મચ્છંદ્રનાથનો આશ્રમ.

મચ્છંદ્રનાથ, ગોરખનાથ, ઓગડનાથ, લક્કડભારથી, કંથડનાથ ને પાછળથી ભરથરી પ્રવેશ કરેછે.

ભર્તૃહરી—(પોતાના મિત્ર વિદુષકને અતિ દુરાગ્રહથી વિક્રમાદિત્યની શોધને બહાને જુદો પાડ્યા પછી સ્વગત કહે છે) અહાહા ! શું નિર્સ્વાર્થ પ્રેમની નિષ્પ્રતિમ મૂર્ત્તિ, ધન્ય છે ! મિત્રતો એવાજ જોઇએ ! ઘરબાર તજી કેવટ મારી સાથે ભેખ લેવા તત્પર થયો ! ખરો સ્નેહ હતો એ મિત્રનોજ કે જેનો મારી સાથે આવવાનો હઠ હું આખર સુધી ડગાવી ન શક્યો! ને જેણે શિરને સાટે વિયોગ જન્ય દુખની સહનતા દરશાવી આપી. હવે પાછો આવી મળશે એમાં સંદેહ નથી ! ગમે તે ગુપ્ત સ્થળેથી શોધી કાઢવાની એનામાં શક્તિછે, ત્યારે (મનને) એ સાથે હોતતો શી હરકત હતી! નહીં નહીં, વળી એટલો સંબંધ સ્નેહરૂપી દુઃખના મૂળની છાંયા પણ હવે શાને જોઇએ ! હવે તો ભલા આપણેને ભલું જંગલ, રાજ સુખની સ્મૃતિ આવે એવો સોબતી હવે ન જોઇએ ! ચાલ હવે આ પર્વતની ગલીમાં પેસી જાઉં ! નહીંકર આડો અવળો થઇ ભેળો થઈ જશે ! (એમ કહી પર્વતની તલેટીમાં પ્રવેશ કરીને તે જોઈ) આહાહા ! આ પરવત કોઈ ચમત્કારી જણાય છે. કેવાં કેવાં વૃક્ષો, તથા સરિતાનાં નિર્મળ નીર ચાલ્યાં જાય છે, આ સ્થાન અતી પવિત્ર જણાય છે; આ સ્થળમાં મહાત્મા જ્ઞાની પુરૂષ અવસ્ય પ્રાપ્ત થશે; એવો મનને નિશ્ચય થાય છે; (વળી વૈરાગ્યના વિચારમાં પડી) આ અસાર દુઃખરૂપ સંસારથી ન્યારૂં આ સ્થાન છે, એમાં મહાત્માનો સત્સંગ, ને શંકરનું ભજન સાચું છે ! બીજી સર્વ વાત જુઠી છે. કોઈ પણ ભેખધારી જંગલ જોગી શેવડા કાનકટા કે નાથ મળે તો શરણ પકડીને તેનો દાસ થઈ જાઉં! (વળી જરા આગળ ચાલતાં એક યોગાશ્રમ જોઇને) આહા હા ! જેવી જીજ્ઞાસા છે તેવુંજ સ્થાન

શંકરે દ્રષ્ટિએ પાડ્યું, (મચ્છેંદ્રનાથ એક ઓટલા પર સમાધીમાં બેઠાછે ને તેના શિષ્યો નીચે બેઠાછે. તેને જોઇને) અહો! અબધૂતો તો અત્રેજ નિવાસ કરતા હોય એમ જણાયછે! પણ પેલા ઊંચ્ચ સ્થાને બીરાજમાન છે, એતો કોઈ મહાન યોગીશ્વર સમાધિસ્થ લાગેછે; અને આ તેના શિષ્યો હશે! ખરેખર! આ સર્વ સંસાર ત્યાગી લોક ભેખધારી છે; તેને શરણ જાઉં. (એમ કહી મચ્છેંદ્રનાથના શિષ્યો જે સેહેજ ધ્યાનમાં નિચી દ્રષ્ટિ કરી બેઠાછે, તેમની પાસે જઇને ગોરખનાથ જે સૌથી આગળ બેઠેલા છે તેના પગ આગળ પડીને) ગુરૂ મહારાજ વંદન કરૂંછું.

ગોરખ—(ધ્યાનથી જાગૃત થઇને) તે કોન હે?

ભર્તૃહરી—મહારાજ, બાણુંલક્ષ, જો માલવદેશ કહેવાય છે ત્યાંનો હું રાજા ભરથરી છું.

ગોરખનાથ—અચ્છા, તું કીસબાસ્તે યહ અરણ્યમેં ચલા આયાહે?

ભર્તૃહરી—મહારાજ, હું સંસારરૂપી સમુદ્રમાં ડુબુંછું; તે આપ ગુરૂરૂપી નાવને શરણ આવ્યોછું; આપ સદગુરૂ મુંને સસાર પારે ઉતારો; તથા જ્ઞાનનો ઉપદેશ કરો?

ગોરખનાથ—દેખ, બચ્ચા ભરથરી હમારા નાથ લોગુંકા અકળ પંથ હે; હમારી ક્રિયા તુંમ રાજા લોગસે હોની મુશ્કિલ હે; કયું કે, યહ, નિયમ, આસન પ્રાણાયામ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સમાધી; એસે બડે બડે કઠીન યોગ કે અંગ હે સો ધારન કરનાં વો બડા તિવ્ર વૈરાગવાન પુરૂષકા કામ હે. તુમ રાજા લોગ રાજ કરો; રાનીયાં ભોગો; તુમસે યહ નહિ હોયગા; મેં સચ કહતા હું.

ભર્તૃહરી—મહારાજ, મુને સંસારમાં તેના સુખમાં, સ્ત્રીમાં, લક્ષ્મિમાં, કે કોઈ પણ જગતવ્યવહારમાં લેશ માત્ર પણ આશક્તિ રહી નથી. એ સર્વ મુને અગ્નિ અને વિષવત લાગેછે. તે છોડીને આપને શરણ આવ્યોછું, આપ દયાળુ મને કૃતારથ કરો.

લક્કડભારથી—(ગોરખનાથ પ્રતિ) ગોરખનાથજી, યહ રાજા, બડા દુઃખકા, મારા સંસાર સુખસે નિરાશ હોકર ઓર સંસારી પવનકા

ઝપાટાસે ઈધર ચલા આયા હે; બૈરાગ્યબાન તો અચ્છા દીખતા હે!

ઓઘડનાથ—અરે લક્કડભારથી, તુમ કહેતે હો; મગર યહ કંદમૂલકા આહાર પર્વતકી કંદરામે રહના; ઔર સારા દીન આસન યુક્ત હોકર અલખ નિરંજનકા ધ્યાન લગાનાં વો યહ રાજ દેહીસે હોયગા ? ગુરૂ જાને! મેંતો જાનતા હું કે યોગભ્રષ્ટ હોકર ચલા જાયગા !

કંથડનાથ—ઓઘડનાથ; કયું નહીં હોયગા ? સબ કુછ હોગા ! જો સંસારમેં દોષદ્રષ્ટિ દેખકે રાજપાટ લક્ષ્મિ સંપત્તિ, રાની કુટુંબ પરીવાર છોડકે ચલા આયા હે; ઉસકા મન યોગસેં કયું કર ચલીત હોગા ? વોતો દ્રઢ રહેગા એસા મેં સમજતા હું, ફેર ગુરૂ ગોરખનાથકી મરજી !

ગોરખનાથ—(ત્રણે શિષ્યો જે ગોરખ સમર્થ હોવાથી તેને ગુરૂ રૂપ માને છે તે તેમનો આગ્રહ જોઇને ભરથરી પ્રતિ) અચ્છાએસા હે તો ડેર બચ્ચા ડેર; ઈધર બૈઠજા; હમારે ગુરૂ મચ્છેંદ્રનાથ સમાધિમેં હે સો ઉત્થાન હોવે તબલગ ડેર; ફેર હમ ઉસકું પુછેંગે.

ભર્તૃહરી—બહુ સારૂં ગુરૂરાજ, અહીંયાં બેસુંછું (પછી રાજા એક તરફ બેસી જાયછે.)

ગોરખનાથ—(ત્રણે શિષ્યો પ્રતિ અબ ગુરૂકા સમાધિસે ઉત્થાન કાળ હુવાહે; અબ હરકત નહિ ધુની લગાઓ !

(એટલું કહેતાંજ સર્વે અલખ નિરંજનની ધુન મચાવી દેછે.)

અલેક જાગે, ગુરૂજી અલેક જાગે એ રાગ.
ધરો નિરંજન ધ્યાન ! નાથ તુમ ધરો નિરંજન ધ્યાન ! ટેક.
સદા તુમ ભણો ભિખકે ગ્નાન, રટો તુંમ ગુરૂ મચ્છંદર નામ.
ફકડ તુમ કરો બુટીયાં પાન; સમાધિ સુખકી લે નીસાન. નાથ.
કયું લક્કડભારથી ! કીતના બખત હુવા હોગા !

લક્કડભારથી—ગોરખનાથજી, ગુરૂ ઉત્થાન અભી હોનાં ચૈયે.

કંથડનાથ—થોરી દર હે! ડેરો ડેરો, ભાઈ આગે ગુરૂ મચ્છેંદ્રનાથ હે! માલુમ હે ! સમાધિકા પુર્ણ બખ્ત અવસ ઉસકું નહીં જગાનાં.

ગોરખનાથ—નહિ નહિ કંથડનાથ; બજ્ઞ હો ગયા હે! કુછ ફિકર નહિ (એમ કહી ગુરૂ મચ્છેંદ્રનાથ પાસે જઈ ઘાણેદ્રી, તથા તાળવે કાંઇ યોગાભ્યાસની બુટીનો પ્રયોગ કરીને) ગુરૂ આ દેશ!

મચ્છેંદ્રનાથ—કોન હે! કીસ બાસ્તે મુજે સમાધિસેં ઉત્થાન કીયા?

ગોરખનાથ—ગુરૂ, સમાધી સંકલ્પકી અવધ પુરન હો ગઈ હે.

મચ્છેંદ્રનાથ—બચ્ચા ગોરખા, તુઝે મેરા ક્યા કામ હે!

ગોરખનાથ—મહારાજ, બાણુંલક્ષ જો માલવ દેશ કહલાતા હે, વહાંકા રાજા ભરથરી ભેખ ધારન કરનેકું અરણ્યમેં આયા હે; આપકા ગુરૂ મંત્રકી ઉમેદ રખતા હે!

મચ્છેંદ્રનાથ—બચ્ચા ગોરખા રાજાસે ભેખ ધારન હોયગા?

ગોરખ—મહારાજ, ઉસકી બહોત કસોટી હમને કી, મગર બડા તિવ્ર બૈરાગવાન સંસારમેં દોષ દ્રષ્ટિ દેખને વાલા હે ઉસ્કે ભેખ ધારન અવશ્ય હોયગા. (એમ કહી ભરથરીને ઇશારો કરેછે.)

ભર્તૃહરી—ગુરૂ મહારાજ, આ ભરેથરી ચરણ કમલમાં શીશ રાખેછે.

મચ્છેંદ્રનાથ—સુન રાજા ભરથરી, તેં ભેખ ધારન કરનેકું આયા હે; મગર વો કામ બડા મુશ્કીલ હે; તુઝે ગોરખને સબ કહા હોગા, વો મુજબ તુઝસેં હોયગા? દેખ યહ જંગલમેં ફુલ ફુલ; કંદમુલ સદા પ્રાશન કરનાં; ઔર ભગવે કપડે પહીરનાં, શીર પર જટા રખનાં શામ સવેર ભિક્ષાકુ જાનાં; અલ્પ અહાર કરના; ઔર સારા દીન અલખ નિરંજનકા ધ્યાન લગાના, વો તુઝસેં નહીં હોયગા. બિચાર દેખ.

ભરથરી—ગુરૂરાજ એ બધું સંસાર દુખથી સારૂં છે.

મચ્છેંદ્રનાથ—રાજા, ફેર મોહાસકત હોયગા તો, યોગ, ભ્રષ્ટ હો જાયગા, ઔર તુઝે પશ્ચાતાપ હોગા તસ્માત બેહેતર યહ હે કે તુ પીછા અપની નગરીમેં ચલા જા ઔર રાજ કર.

ભરથરી—ગુરૂ મહારાજ હું મારૂં મન દ્રઢ કરી આવ્યો છું, તે કદી ચલાયમાન થવાનો નથી.

મચ્છેંદ્રનાથ—(જરા વાર ધ્યાન ધરીને) સત્ય નિરંજન દેખ બચ્ચા,

તેરા રાજમેં તેરે બિના રાની બાસમેં બડા કલેશ હો રહાહે, પ્રજા બી બહોત આક્રંદ કરતી હે, ઓર પ્રધાન લોગુંકા ચિત્ત બ્યગ્ર હો ગયાહે ! તેં પીછા જા સચ્ચ કહતા હું.

ભર્તૃહરી—નહિ નહિ ગુરૂ મહારાજ; સંસાર દાવાનળમાંથી હું બહુ બહુ પ્રયાસ કરી નિકળી આવ્યોછું તેમાં પાછો મોકલશો તો હું માર્ગમાંજ મૃત્યુ પામીશ; પણ ત્યાં ફરી જવાનો નથી.

મચ્છંદ્રનાથ—(તિવ્ર વૈરાગવાન મુમુક્ષુ છે એવું જોઇને ચેલાઓ પ્રતિ) બોત અચ્છા, તબ ચેલે ઉસકુ કફની ઝોલી, પાવડી, કમંડલુ, મગચર્મ ઓર રાવન હથ્થા દેદો; ઓર ઉસકે પાસે જો અચ્છે અચ્છે કપડાં ઓર ગહીનાહે સો નિકાલકે ફેક દો.

લક્કડભારથી—(ગોરખનાથ પ્રતિ) ખફનીતો એક અવલસે પહીરકે આયા હે !

ગોરખનાથ—(તેને જરીયન છેડાની એક લોંટી જોઇને વો ખફનીમેં સંસાર રહા હે, વો નહીં ચલે (એમ કહી રાજા પ્રતી) રાજા ભરથરી યહ તેરા ગહીનાં; ઓર પોશાક સબ ઉતારકે ફેંક દે, ઓર યહ નયે સબ ધારન કર.

ભર્તૃહરી—બહુ સારૂં, સુખદાતા, (એમ કહી પોતાના લુગડાં વિગેરે ઉતારી ભગવાં વસ્ત્ર ધારણ કરેછે.

લક્કડભારથી—(રાજા ઉતાવળમાં માથેથી બત્તી ઉતરાવી ભુલી જાયછે તેથી) રાજા પે કયા શિરપર ઉપાધી રખતા હે ફેંક દે ! ફેંક દે ! ઉસમેં કુછ આશક્તિ રહી હે ?

ગોરખનાથ—રહને દો રહનેદો જી, એક પગડીકી ચિંતા નહિ ફેર ફેંક દેનાં.

ભરથરી—(ઘણોજ દીન થઇ આર્જવતા યુક્ત મુમુક્ષુતાથી) ગુરૂ મહારાજ હવે મને મંત્ર આપવાની કૃપા કરો.

મચ્છંદ્રનાથ—બચ્ચા એસેં ગુરૂ મંત્ર તુઝે નહી મીલેગા અબ તેં તેરી રાની કે પાસ ભિક્ષા માંગને જા, ઓર રાગ દ્વેષસેં રહિત નિર્દ્વંદ્વ હોકર પીછા આ ફેર તુઝે મેં ગુરૂ મંત્ર દેઉંગા.

ભર્તૃહરી—સારૂં ગુરૂ મહારાજ હું ભિક્ષા માગવાને જાઊંછું.

મચ્છેંદ્રનાથ—(તે જવા માંડેછે ત્યારે ચેલા પ્રતિ) ચેલે તુમ એક ઉસકે સંગ જાઓ, ઓર સાવધાન હોકર પીછા આઓ.

કંથડનાથ—(ગુરૂ આજ્ઞા સાંભળીને) બહોત અચ્છા ગુરૂરાજ મેં સંગ જાતાહું. (પછી તે બંને જાયછે.)

મચ્છેંદ્રનાથ—(તે ગયા પછી બચ્ચા, ગોરખા અબ સહેજ સમાધિસ્થ હો જાઓ.

ગોરખનાથ—અચ્છા ગુરૂ, હોતે હેં.

(એટલું કહ્યા પછી તે સૌ ધ્યાનાવસ્થિત થાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ ઉજેની રાજ દરબારનો ચોક.

રાજની દાસીજનો, માણસો વિગેરે.

પેહેલી દાસી—અરે સખી આપણા મહારાજા ભર્તૃહરીએ ભેખ ધારણ કરી ઉજેનીને રંડાપો આપ્યો!

બીજી દાસી—સખી, મહારાજા જોગીરાજ આજ ગામમાં ભિક્ષા માગવા આવ્યા છે, એમ સાંભળ્યું છે.

ત્રીજી સ્ત્રી—અરે પ્રિય બેનો, એતો દરબાર ગઢમાંય આવ્યાછે ને હમણાં આ ચોકમાં આવી પહોંચશે.

પેહેલી સખી—ત્યારે બેનો, આપણે મહારાજાને કાંઈ વિનતી કરી કહેશું કે અમે રાજનાં જુનાં માણસ છીએ, તેની મહોબતપર કૃપાનાથ નજર કરો!

બીજી સખી—આપણી પ્રાર્થના ઉરમાં લે, એવાં ભાગ્ય ક્યાંથી! તો પણ આપણે આપણી ફરજ બજાવીશું.

ત્રીજી સખી—હવે પાછું તેમની રાણીઓ પાસેથી ભિક્ષા લઇને જવું મુશ્કીલ છે. શું ચંદ્રકળા જવા દેશે કે?

બીજી સખી—એ તો વળી બને તે ખરૂં! (એટલામાં અનેક શબ્દ સાંભળી સ્તબ્ધ થઈ ઉભી રહેછે. ત્યાં રાજા ભરથરી જોગીઓ આવી પહોંચતાં રાજનાં બીજાં માણસો પણ આવી પહોંચેછે, ને સહુ મળી હાથ જોડીને પ્રાર્થના કરેછે તે.)

રાગ મરશીયાનો.

દાસીઓ—હાય કેમ આ સેહેશે ઉજેની રંડાપો; (૨)
ધણી થઇછે રાજાજી માફ રાખોરે. હાય કેમ આ.
બાણું લક્ષ માળવાના છો સ્વામી,
કામ કોડીલા રૂપે ન ખામી;
ગોર અંગે ભભુત શી જામીરે. હાય કેમ આ.
એક બાજુ કૃશ્ના તમારી રૂએ,
ચંદ્રકળા ચોધારાં નીર ચુએ;
બાપુ સુએ ન આજ કોઈ સુએરે. હાય કેમ આ.
મહેલ મહેલ વિલાપ છાયો છે,
પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતાં બાઇઓ ને ભાઇઓ છેરે. હાય કેમ આ.
બાઈ પિંગળાનું પિંજર નીહાળો,
પાપ સંભારી ઉઠે એને ઝાળો;
દયા લાવીને દોષ એનો ટાળોરે. હાય કેમ આ.
રાજા વખત વિચારો અણીનો,
ક્રોધ જુવે ઘડી બે ઘડીનો;
એવો ભરોંસો અમને ધણીનોરે. હાય કેમ આ.
હાલ નીરખોની નાથ હમારા,
અમો માણસ જુના છી તમારાં;
મહેર દાસી જનોની લાવો પ્યારારે. હાય કેમ આ.
ગયા ચાલ્યા ઉજેની કરી સુની,
શુદ્ધ બુદ્ધ ફરી છે સહુની;
રાજા રાજધાની છોડો ન જુનીરે. હાય કેમ આ.

રાજા તન છે આ આપનું અમીરી,
તેને ફાવશે કેમ રે ફકીરી;
દેખી જાતી નથી દિલગીરી રે. હાય કેમ આ.
માથે ફરતી શી બહાર તોરા કલગી,
તેને કીધી જોગીડા ક્યાં અલગી;
સુનું દેખી અંતર આગ સળગીરે. હાય કેમ આ.
હાથી ઘોડા માને ન હુકમ કેનો,
જોગી થઇને ચાલ્યો છે રાય જેનો;
કરતા જાઓ તપાસજ તેનો રે. હાય કેમ આ.
રાજા ત્રણસો તમારી છે નારી,
એક એકથી અધિક રૂપાળી;
જોગી થઇને જાઓમાં ભવ બાળીરે. હાય કેમ આ.
જોગીરાજ પરાણે રાખીશું,
જુનાં માણસ માથાં નાંખીશું;
ઝાળ દિલની પછી ક્યાં દાખીશું રે. હાય કેમ આ.
આખી ઉજેનીને દુઃખ આવ્યું,
માલવ દુનીયાંનું સુખ ડુબાવ્યું;
રાજા તમને શું આ દીલ ભાવ્યુંરે. હાય કેમ આ.
રાજા રોકાઈ કષ્ટ અરે કાપો,
જુની જુનવટ આમ શું ઉથાપો;
કરો શાન્ત અમારાં દિલ તાપોરે. હાય કેમ આ.
રાજા છેકજ આમ નવ જુવે,
બાજુ જોગી ઉઘાડી આંખ જુવે;
યશોમાલતિ આંસુએ પગ ધુવેરે. હાય કેમ આ.
ખાંધે લટકી શી ભગવી આ ઝોળી,
આવા વસ્ત્ર ક્યાં ગેરૂ ઝબોળી;
હાય હૈડામાં પ્રગટાવી હોળીરે, હાય કેમ આ.
કેવું કમલાક્ષી મુખડું પડ્યું છે,
જેનું સુખ લલાટથી ખડ્યું છે;

જાણે માનવીનું ઉભું મડું છેરે. હાય કેમ આ.
જોગીડા મ કર કેર આવો,
તારા ઉપર સહુનો રેછે દાવો;
ધણી લેવો છે તુજ હાથ લાવોરે. હાય કેમ આ.
નથી વિક્રમ ભાની કાંઈ આશા,
કીધા કરમેં એવારે તમાસા;
એણે બીજાં જંગલ ક્યાંઈ વાસ્યાં રે. હાય કેમ આ.
ધણી નોંધારાં અમને કરોમાં,
આવું અણધાર્યું પગલું ભરોમાં,
જોગી જીવતાં ચિતામાં ધરોમાં રે. હાય કેમ આ.
જોગી ઝટપટ શું જાઓ આમ નાશી,
જરા રોકાઓ જંગલ નિવાસી;
લીઓ ભિક્ષા લાવીછું અમો દાસી રે. હાય કેમ આ.

(દાસીજનો ભિક્ષા લાવી આપેછે તે લઈ રાણી પિંગળાના મેહેલ તરફ જાયછે ને માણસો રૂદન કરતાં પોતાને સ્થળે જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—પિંગળાનો રાજમહેલ.

પિંગળા, મધુરવદંતી, ને પાછળથી ભર્તૃહરી, તથા કંથડનાથ પ્રવેશ કરેછે.

પિંગળા—(અત્યંત રૂદન કરતી-તથા ઝુરતી) હાયરે ભગવાન ! હર હર શંકરા ! આ પાપણીનું આયુષ્ય હવે જલદી પુરૂં કર ? હે પૃથ્વી ! હું હવે તારાપર ભાર રૂપછું તેને તું જલદી માર્ગ આપી સમાવી દે.

મધુર—બાઈ ભાવી પદાર્થ આગળ મનુષ્ય કાંઈ પણ જોર નથી ! માટે આમ આપ સદા શોચ કરોછો, એથી ફળ શું થ-

વાનું છે! એથી આપના દેહની વેલી હાની થશે ! બીજુ કાંઈ નહીં થાય ! !

પિંગળા—દાસી એ તો હું ઇછુંજ છું ! હાથે કરી પ્રાણ કાઢી શકતી નથી ! અરે જે પ્રાણનાથ, મને પ્રાણથી પણ અધિક પ્યારી ગણતા હતા ! તણસોનો ત્યાગ કરી મારામાંજ આતુર રહેતા હતા, અરે જે આ રંગ મોહોલ, બાગ બગીચામાં મારી સંગે હાસ્ય વિનોદમાં વખત ગુજારતા હતા. તેનેજ મેં છેતર્યા !! અરે જેને સ્વપ્ને પણ ક્રોધ ઉત્પન્ન થયો નહોતો, તેને મારા દુષ્ટ કર્મથી સર્વાંગ શોકને બળતરા ઉત્પન્ન કરાવી ભેખ લેવરાવ્યો! અરે જે પ્રાણપતી રેશમને મખમલની શુંદર બીછાતપર શયન કરવાવાળા, તે અરણ્યમાં કંકર કંટક યુકત ભુમિપર શયન કેમ કરશે ! અરે ધિક્કાર છે મને પ્રાણનાથ, આપ કેવળ દયાના સમુદ્રને ગુણના જહાજ, આજ આ પાપણીનો ત્યાગ કરી ચાલ્યા ગયા, તે તો ઠીક, પણ આ ઉજેના સુની કરી ગયા, તેથી આ રાજ પાયમાલ થઈ જવાનું છે; અને બધી પ્રજા દુખી થશે; તેનો દોષ બધો મારે શીર લાગશે ! અરે ભગવાન, હવે તાકીદથી મૃત્યુ આપ! દાસી હવે હું શું કરૂં !!

મધુર—બાઈ સાહેબ, મારી શિક્ષાનો વખત દૈવે વ્યર્થ કાઢ્યો ! તે હવે શું યાદ કરવું !! હવે તો શંકરનું ભજન સાચું.

પિંગળા—ખરૂં દાસી, તારૂં એક પણ વચન તે દીવસ માન્યું હોત તો આ દશા થાત નહિ, પણ ભાવી પદાર્થ ચુકે નહીં ! નહી તો દૂર્બોધાને સાથેજ શાને લાવત !

મધુર—બાઈ એને તો આપના પિતાએ નાક કાન કાપી દેશનિકાલ કરી.

પિંગળા—હા દાસી, પણ આ પ્રલય થઈ ગયો, તે ન થયું થાશે !! એને ગમે તેવી શિક્ષા થઈ હોય તોય શું થયું !!

(એટલામાં નેપથ્યમાં અલેક એવો શબ્દ, સંભળાય છે ! તે સાંભળી રૂદન કરતી દાસી પ્રત્યે.)

રાગ કલ્યાણ.

અલેક જગાકે દ્વારે ખડો જોગી. એ ટેક.
એ સ્વામીન બીન અન્ય ન કોહુ,
આયો માગન મમ ભોગી. અલેક જગાકે.

દાસી—દ્વારપાસે અલેક કોણ પુકારે છે! કેમકે એ શબ્દ પ્રાણનાથના જેવા લાગે છે, હર હર! શંકરા! એટલી વારમાં ભિખ્ખ ધારન કરીને આવ્યા કે શું?

મધુર—બાઈ સાહેબ, સ્વસ્થ રહો! એ શબ્દ ઘણું કરીને માહારાજનો નથી।

(બંને કાન દઈ સાંભળે છે ને રાજા ભરથરી નીચે પ્રમાણે ગાયછે.)

લાવણી.

(સુકરીત કરનાં હોય સો કરલે કો જાણે કલકી. એ ચાલ.)
દેખા નહીં કછુ સાર, જગતમેં દેખા નહીં કછુ સાર,
મોહ બિશે મત લપટો યારો, દેખા નહીં કછુ સાર. ટેક.
ચૌદ ચોકડી રાજ મીલે, પન ત્રશ્નાકા નહીં પાર;
ભોગ ભોગતેં ઈંદ્ર અપસરા, ત્રપ્તી નહીં લગાર.
ત્રપ્તી નહીં લગાર; જગતમેં.

જુઠા રંગ રૂપમેં ભુલી, ક્રિડા કરત ગમાર,
રૂપ વિર્ય બલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર;
નહીં હે અપની નાર; જગતમેં.

પ્યારી મેરી જાની પીંગલા, હુબ રહા એકતાર;
તોભી કીયા કતધ્રી રાની, અશ્વપાલકું યાર.
અશ્વપાલકું યાર; જગતમેં.

અલ્પ બખતકા એહી તમાશા, દુખ હે અપરંપાર;
બેશક ઇસકા ત્યાગ કરો, નહિ તો પસતાના યાર.
નહિતો પસ્તાના યાર; જગતમેં.

એહી ભરથરી નાર ભરૂંસે, ભુલી હુવા ખુવાર;
એહી ભેખસેં જગત શીખ દઊં, નવ ડુબો સંસાર.
નવ ડુબો સંસારે; જગતમેં.

પિંગળા—દાસી, પ્રાણનાથ પધાર્યા છે, હાયહાય ! હવે કેમ કરૂં! કાળું મુખ જઈ એને શું દેખાડું? હવે પગ કેમ ઉપડે !

કંથડનાથ—(ભરથરી) રાજા, ભરથરી ગાનાં બંધ કર, ઔર જલદી બોલ, કે માઈ ભિક્ષા દે દે!

ભર્તૃહરી—(એ સાંભળી એકદમ) અલેક! માઈ ભિક્ષા દે દે !

પિંગળા—હાય! હાય! હર! હર ભગવાન ! આ માઇ કોને કહીને ઉભા છે! ચાલ હવે મુંઝાઇને બેસી રહીશ, તો આ વખત ફરી નહીં આવે, હિંમત ધરી એની પાસે જાઊં, અરે ! કેમ કરી એનો ભેખ ઉતારવું ! હે શંકર ભગવાન! મને સહાય કરજો! (એમ કહી રાજાનું ચિત્તાકર્ષણ કરવા શ્વેત સાડીપર બીજી એક સારી ઓઢણી ઓઢી થોડાં અલંકાર પહેરી દાસીને ભોજન બનાવવાનું કહી નિચે ઉતરે છે ને નીચું જોઈ ઉભી રહી છે.)

ભર્તૃહરી—(તેને જોઇને દ્વેષ રહીત દેખાવ તથા વચનથી) માઇ, ભિક્ષા દે દે.

પિંગળા—(લજ્જા મુકી અત્યુગ્ર શોકમાં) અહો પ્રાણનાથ ! આ તમે શું કર્યું ! અરે માઇ મુખથી—

ગજલ.

પીયા દીનનાર પડે બડા, ઐસા જુલ્મ કયું પલમે કરદીયા; ટેક.
જો બદનકે રક્ષન લાખથે, વો બદન પરી અબ ખાખહે,
ઇસ ચશ્મસેંમે કેસેં દેખું, ચસ્મ આપને તો ફુટા દીયા. પી.
એ કફની ધારન દેખકે, મુઝે જલ્ત આતસ દીલમે;
બેહાલ હોત હું દેખકે, તુમને ભેખ ધારન કયું કીયા. પી.

(અતી દિનતાથી પશ્ચાતાપ દર્શક મુદ્રાથી) પ્રાણપતિ! મેં આપના કોટી અપરાધ કર્યા ! મેં વિશ્વાસઘાત કરી ! મેં શિયળવ્રતનો ભંગ કર્યો ! મેં શ્યામ મુખ કરી ઉભય કુળ લજાવ્યાં ! મેં તમારા

કાળજામાં કારી જખ્મ માર્યો ! હું માહા પાતકી હું મહા વ્યભિચારીણી દૂષ્ટ દૂર્બુદ્ધિ, પણ એક અબળા જાત અંધતમ મોહમાં પડેલી, અજ્ઞાન ચરણની દાસીના અપરાધ એક વાર ક્ષમા કરો ! અને આ ભેખ છે તે ઉતારો ! પ્રાણપતિ, ખરી રીતે જોશો તો, આ મારા અંતઃકરણમાંથી ઉભો થએલો અપરાધ નથી ! મને દૈવે ભૂલ ખવરાવી છે! મને નીચ દૂર્બાધાએ આ જાળમાં ફસાવી મારૂં સર્વસ્વ હણી નાંખ્યું; પ્રાણનાથ અંતઃકરણના ધર્મરૂપ વિચાર કરી એકવાર ક્ષમા કરો! દૈવને બુરૂં કરવું, જેથી એના સંગે મારી બુદ્ધિ બગડી, પ્રાણનાથ લક્ષમાં લીયો!!

(પરમેશ્વર પ્રત્યે) રે જગદીશ્વરા, મને આટલું આયુષ્ય કેમ આપ્યું કે ને લઘુવયમાં મૃત્યુ કેમ ન પમાડી કે હું મારા ધર્મ સ્વરૂપ પ્રાણનાથને મહા દુખનું કારણ થઈ પડી ! અરે માતા તેં મને સ્તન પયપાન વખતે વિષપાન કેમ ન કરાવ્યું કે મેં કુળ લજ્જાને હણી નાંખી ! અરે પ્રાણનાથ ! આ દાસીના ગુનાની એકવાર માફી બક્ષીસ કરો ! આ વૈધવ્યને પ્રાપ્ત થએલી ઉજેનીને સનાથ સોહાગણ કરો ! અરે આ સુની ઉજયનીની સંભાળ લીયો ! આ અતી આક્રંદ કરતી પ્રજાનું શાંતવન કરી પ્રતિપાલન કરો ! આ કપટ સ્વરૂપ પીંગળાએ જેનું સર્વ સુખ હણેલ તેવી આપની ત્રણસો રાણીઓના નિશ્વાસ પાપમાંથી મને મુક્ત કરો ! તથા અત્રે રહી તેમનેજ ખાતર ભેખ ઉતારો. તથા કોઈથી નવી પ્રીત જોડો! પ્રાણનાથ આ સ્ત્રીઓનાં હૃદયને વિદારક એવો વિકટ વૈરાગ્ય વેગળો કરો ! હે માલવ પતિ મનમાં કાંઈ પણ કરૂણા લાવો! અરે હું ભૂલી! મને યુવાવસ્થાએ ભૂલવી! એમ કહી અતી કરૂણામાં ગાયછે.)

રાગ ભરથરીનો.

(જનુંની જીવો રે ગોપીચંદની એ રાગ.)

ધીક યુવા ધીક મુજને, ધીક કામ વિકારજી;
જેણેરે ભુલાવી મુને સત્યથી, કર્યાં નીચ વીચારજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી૦

ક્ષમા કરોરે રાજા રંકછું, નારી અજ્ઞાન જાતજી;
અન્ય વખત આવું નહીં કરૂં, લાજ્યાં માતને તાતજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

કપટ રૂપી રાણી પીંગળા, એ શું બોલ વચનજી;
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦
તુંરે ખોટી ખોટું રાજછે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વને એકલો, જેથી પામું ઉદ્ધારજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦

પિંગળા—

રહોતો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામિનાથજી;
ક્ષીરરે નીપજાવું ક્ષણું એકમાં, જમીએ આપણ સાથજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦
મઢીરે કરાવું રંગમહોલમાં, રાખું ગુપ્ત અવાસજી;
જેમરે જાણે નહીં જગતમાં, કરશું ભોગ વિલાસજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

મેહેલરે તારાને રાણી શું કરૂં, કેવો ગુપ્ત અવાસજી;
ક્ષીરરે ભોજન તારૂં મૈયા શું કરૂં, નથી ભોગની આશજી;
ભિક્ષા દેને મૈયા પિંગળા૦
વાસી જંગલના જોગી અમે, નહી ગ્રામમાં વાસજી;
વિષની વેલીથી અળગો રહું, નહી નારીનો પાસજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦

પિંગળા—

એ શું બોલોછો રાજા સુલક્ષણા, મારા પ્રાણ આધારજી;
જોગણ રૂપે સાથે ફરૂં, નવ તરછોડો નારજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦

ભગવાં જોઈ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી;
માઇ કહો ન મારા કંથજી, લાગે દેહમાં લાયજી.
ભીખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

વધુરે શું વદું રાણી પિંગળા, કરૂં અરે કેટલો ઉચ્ચારજી;
બંધુરે જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી.
હવેરે રાજને રાણી હું શું કરૂં૦
બંધુરે મારો લઘુ વિક્રમ, આદીતવલ શુધ આપજી;
કુડુંરે કલંક પાપી પિંગળા, તેં મુકાવ્યું અમાપજી.
હવેરે રાજને રાણી હું શું કરૂં૦

પિંગળા—

અરધ દેહીરે રાજા અમતણી, અરે હવે થઇછે અંગારજી;
કામીરે અંધ પિંગળા પાપીણી, મૃતકને મારોમાં મારજી.
ભીખરે ઉતારો રાજા ભરથરી૦
વાંકીરે વિધાતા મુને ભુલવી, લખીયા લેખ તેં લલાટજી;
આનુંરે પ્રાયશ્ચિત હવે હું શું કરૂં, મારગ આપો પૃથ્વી માતજી.
ભીખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

ભુલરે ભ્રાતા મેં મોટી કરી, નવ કર્યો કાંઇ વિચારજી;
આરે દુષ્ટ ત્રિયા તંત્રથી, તારો કર્યો તિરસ્કારજી.
આરે જખમ જોગે નહીં જશે૦
ભ્રાતારે સરવ તું ભુલી જજે, ઘણો દીધો તુને દોષજી;
ભીખરે જોગીભાઈ તારો ભરથરી, રાખીશમાં રતીએ તું રોષજી.
આરે જખમ જોગે નહીં જશે૦

પિંગળા—

ત્રણસો નારીરે અન્ય આપની, માલવપતિ મહારાજજી;
એકને કારણ એને નવ તજો, પાપી પિંગળાને કાજજી;
ભીખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

મોહ છોડી દે મૈયા પિંગળા, પ્રિતે કર સતસંગજી;
સગું રે નથી કોઈ કોઇનું, આ સંસાર પતંગજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦
દેતી હુંતો ભિક્ષા દે મુંને, નહીંકર કરૂં ગૃહ ત્યાગજી;
ગુરૂજી મારારે રોષે થશે, ચાલી જાય જમાતજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦
ગંગા ત્રટે રાણી ઘર કરો, નાઓ નિરમળ નીરજી;
ખાઓરે પીઓરે ધન વાવરો, જેથી થાય ઉધારજી.
ભિક્ષા દેને મૈયા પિંગળા૦

(પિંગળા ઘણું રૂદન કરે છે ત્યારે.)

લાવણી.

અબ તુ મત રોયરે ઘેલી અબ તું મત રોય,
કામ જવાલમેં ફસી પ્રેમદા, સચ્ચા સ્નેહ નિવાર;
પલટ ગઈ પૃથ્વી અબતો તેં, મત ઉહી દીન સંભાર. ઘેલી૦
ભોગ વિલાસ તજી દે પ્યાસા, નહીં હે ઉનમે સાર;
અબ તું ભિક્ષા દે દે મૈયા, અવર બાત બિસાર. ઘેલી૦
શંકર ભજન કરો મૈયા તુમ, નહીં સ્થિર હે સંસાર;
ભોગ રોગમેં દોષ દ્રષ્ટિ કરે, કર તું નિજ ઉદ્ધાર. ઘેલી૦

અરે પિંગળા, હવે મને ભિક્ષા દઇદે; નહીં તો હું ચાલ્યો જાઊંછું! કેમકે વખત ઘણો થઈ ગયો છે, તેથી મારા ગુરૂ રોષે ભરાશે? તું મોહ છોડી ભિક્ષા આપી દે! અને શંકરનું ભજન કર કે જેણે કરીને તારો પણ ઉદ્ધાર થઈ જાય! (પછી રાડ નાખી દાસી પ્રત્યે) દાસી ભિક્ષા ભોજન તૈયાર કર્યાં હોય, તે જલદી નીચે લાવ! (એ સાંભળી દાસી નિચે લાવે છે. ને તે રાજાની ઝોળીમાં નાંખી એકદમ પૃથ્વીપર પછાટ ખાઈ! હાયરે ભગવાન, હરહર શંકરા એમ કહી પડેછે પછી દાસી તેને સાવધ કરી ધીમે ધીમે મહેલપર લઈ જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ત્રણે રાણીના મેહેલનો ચોક.

યશોમાલતી, કમળાક્ષિ, ચંદ્રકળા, ને પછી ભરથરી, અવધુત વેશ તથા કંથડનાથ પ્રવેશ કરેછે.

યશોમાલતિ—એ ત્રણે પોતાના જોડાજોડ મેહેલ હોવાથી નિચે ચોકમાં ભેલી થઈને કમલાક્ષી પ્રત્યે) અરે કમલાક્ષી, આપણા પ્રાણનાથે, કહેછે કે ભેખ ધારન કર્યો! એ તુંને ખબર છે!

કમળાક્ષિ—હા, બેન. ત્યારનું મેં તો અન્નોદક મુક્યું છે!

ચંદ્રકળા—ભલા, આપણી શોક પિંગળાએ એવું કર્મ કર્યું. તેમાં આપણો શો દોષ! આપણે શું કોઈ વાતમાં છીએ?

યશોમાલતિ—તેતો એના પાપના છાંટા આપણને ઉડયા પણ હવે શું થાય!

ચંદ્રકળા—જો જે હુંતો ગમે તેમ કરી રાજનને રોકી રાખીશ; જાવા નહીં દઊં.

કમળાક્ષી—આજના દીનનો તો મારે ત્યાં આવવા વારો હતોને વચમાં આમ થયું!

યશોમાલતી—રાજાની છબીની પુજા પછી મારે અનપાણી ખપેછે એ ક્યાં તમથી અજાણ્યું છે? તો મારા પતિવ્રત ધર્મને ન્યાય નહીં મળે? મારૂં ચાલશે ત્યાં સુધી તો હુંએ નહીં જાવા દઊં!

કમળાક્ષી—સખી ચંદ્રકળા જંગલમાં જોગટાએ સ્વામીનાથનું ચિત્ત ફેરવી દીધું હશે!

ચંદ્રકળા—પણ હું તેમનું ચિત્તફેરવી દીધા વગર કેમ રહીશ? જોજે.

યશોમાલતિ—હા છે તો ખરૂં. એ એકના સારૂં આપણો શો અપરાધ સખી ચંદ્રકળા, આપણાં પુર્વનાં પાપથી આ બનાવ બન્યો!

ચંદ્રકળા—એમાં આપણાં પાપ શેનાં. અંતઃકરણની પરિક્ષા કર્યાં

વગર પ્રાણનાથે પિંગળાપર વિશ્વાસ રાખ્યો તેનું પરિણામ આ થયું !

યશોમાલતિ—ત્યારે આપણાં અંતઃકરણની પરિક્ષા ક્યારે કરી હતી.

કમળાક્ષી—પરીક્ષા તો ધણીએ કરી હતી, ત્યારે તો વરસદીમાં આપણને ત્રણેને એક એકવાર દર્શન થતાં પણ આતો રૂપે નખોદ વાળ્યું.

ચંદ્રકળા—એનું તો પેલી પાતરના જેવું રૂપ ને આચાર હતાં એમાં શું મારાથી ક્યાં વધારે રૂપાળી છે ?

કમળાક્ષી—પણ રાજાજીનું મનડું એણે હર્યુંના ! એમાં આપણી એટલી કચાશ.

યશોમાલતિ—એમાં આપણી કચાશ શાની ! પાણી ગ્રહણ કરીને પાંચ દિવસે ભેગા રહ્યા હોય તો પરીક્ષા થાય ! આતો આપણી ચાતુરી કે એકદી આવ્યા ન આવ્યા એ થતા હતા !

ચંદ્રકળા—ભલા રાખત્રી તો જોઇએ સૌને સરખે !

કમળાક્ષી—જોઇએ તો ઘણું એમ ! પણ માતપિતા મોટા કુળે મોહ્યાં કે ત્રણસેમાં ગણાવા ત્રણેને

યશોમાલતિ—એવું બોલમાં, હવે એથી પતિવ્રતને બાધ-

ચંદ્રકળા—પતિવ્રતને એમાં બાધ શેનો હજુ ચાર દી થયાં ને આમ વૈરાગ લઈ ચાલ્યા ગયા, તો અમારો ભવ બાળ્યાનું પાપ એને નહીં લાગે શું !

કમળાક્ષી—લાગવું તો જોઇએ, પણ હવે શું ! લાગવું હતું તે તો લાગી ચુક્યું !

નેપથ્યમાં—

કંથડનાથ—(ભર્તૃહરી પ્રતિ) માંગલે, દો તીન ઓર રાની પાસસેં ભિક્ષા, ક્યા હરકત હે ! ગુરૂ જાને ! ઓર રાનીયાંપર તેરા દિલ રહા હોવે તો કીસકું ખબર ! પિંગળા માઇને તો તુઝે સતાયાહે ! મગર ઇધર દેખેં તેરી નજર ભરથરી !

ભર્તૃહરી—કંથડનાથજી, ગુરૂ મચ્છેન્દ્રનાથની કૃપાથી હવે ન લપટું.

કમળાક્ષી—(એ સાંભળી ચંદ્રકળા પ્રતિ) અરે ચંદ્રકળા ! પ્રાણનાથનું નામ લઇ કોઇએ બોલાવ્યા !

ચંદ્રકળા—એતો દૂષ્ટ કોઇ જોગટો હોય એવું જણાય છે ! એનું નખોદ જાજો !

યશોમાલતિ—હા હા બેન એતો ભિખ લઇને આવતા જણાય છે ! એ સાથેના જોગટાને તો મારીને અહીંથી કાઢવો !

ચંદ્રકળા—એમાં કાંઇ નહીં વળે ! વચને વળશે તો વળશે બાકી કાંઇ નહીં બને !

(એટલામાં રાજા ભરથરી તથા કંથડનાથ પ્રવેશ કરેછે.)

ભર્તૃહરી—(યશોમાલતિના મહેલના દ્વારપાસે આવી) મૈયા યશોમાલતિ, ભિક્ષા દે દે.

યશોમાલતી— રાગ ઉપરનો.

રંક રાણી આ યશોમાલતી, એનો શુંછે અપરાધજી;
પૂરણ પતિવ્રત પાળતી, ઉર નાથ ભક્તિ અગાધજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

શુણરે રાણી યશોમાલતી, તારો નથી અપરાધજી;
વાંકરે મારી કામવૃતિનો, પ્રેમ પિંગળાશું કીધજી.
ભિક્ષા દેને મૈયા મુજને૦

યશોમાલતી—

પાણીરે ગ્રહણ રાજા કર્યા પછી, દગો નવ દીયો નાથજી;
આરે શૃંગાર બાળેવેશમાં, આરે કંકણ છે હાથજી.
ભિખરે ઉતારો રાજા ભરથરી૦

ભર્તૃહરી—

હુંરે જોગી જંગલનો હવે, છોડ્યો આ સંસારજી;

પાણીરે ગ્રહણ મેં પ્રભુથી કર્યું, મોહ તું છોડીદે હે નારજી.
ભિક્ષા દેને મૈયા મુજને૰

અરે મૈયા યશોમાલતિ, તું મને ભિક્ષા જલદી લાવી આપ; હવે હું ક્ષણવાર પણ વધારે તારા દ્વાર પાસે ઉભો રહેવાનો નથી! ચાલો કંથડનાથ બીજે—

યશોમાલતી—(એ સાંભળી ભિક્ષા પણ મારી લાવી નહીં આપું તો પસ્તાવો રહી જશે માટે એકદમ લાવુંછું એમ કહી લઈ આવી આપેછે ને પછી પછાટ ખાઈ પૃથ્વીપર રૂદન કરતી પડેછે.)

ભર્તૃહરી—(તેની જોડેના કમળાક્ષીના મેહેલના દ્વાર પાસે ઉભા રહીને) મૈયા કમળાક્ષિ, ભિક્ષા દે દે!

કમળાક્ષિ— રાગ ભરથરીનો.

વચન આપ્યું હતું આજે આવવા, આ કમળાક્ષિને મોલજી;
ભેખરે ધરીને રાજા આવીયા, કુડો કીધો તમે કોલજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી૰

ભર્તૃહરી—

માયારે સાચી રાણી નવ માન તું, સુણ કમળાક્ષિ સુજાણજી;
પ્રિતીરે જગતની પીતલ ગણો, હરી પ્રેમ ખરૂં હેમ જાણજી.
ભિક્ષા દેને મૈયા મુજને૰

કમળાક્ષિ—

ધણીરે હોંસે મુજ માતા પીતા, તમને વરાવી ધરી વહાલજી;
આગ ન ઉઠાડો સૌના અંતરમાં, આમ ન કરોરે મેહારાજજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી૰

ભર્તૃહરી—

વરાવી નથી તુજ માતા પીતા, પૂરવ સંચિતનો સંબંધજી;
તેહરે તોડાવ્યો રાણી પિંગળા, નથી હવે જગતનો બંધજી.
ભિક્ષા દેને મૈયા મુજને૰
આરાધું નિરંજન નાથને, થાઉં સમાધિસ્થ નારજી;

ગુરૂને ચરણ તનમન અરપીયું, વિઘ્ન કરે ન વિકારજી.
ભિક્ષા દેને મૈયા મુજને૦

(પછી કમળાક્ષિ ભિક્ષા લાવી આપે છે તે લઇ જોડે ચંદ્રકળાના મેહેલના આંગણા આગળ ઉભો રહેછે.)

ભર્તૃહરી—મૈયા ચંદ્રકળા ભિક્ષા દે દે !

ચંદ્રકળા—રાજાજી એ શું કહો છો !

રાગ ભરથરીનો.

નજર માલવ ભૂપ ભરથરી, કરો હુંછું નાનકડી નારજી;
ચુકી નથી કદી આ ચંદ્રકળા, સુખ નવ જાણ્યું સંસારજી;
ભિખ્યરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

સાચું રે ચતુર રાણી ચંદ્રકળા, તું છું નાનકડી નારજી;
સંબંધ તારો રાણી મેં તોડીઓ, સુખ નવ દીઠું તે સંસારજી;
ભિક્ષા દેને મૈયા મુજને.

ચંદ્રકળા—(એ સાંભળી મસ્તક આગળ નીચું કરીને)

જફા વો સીતંમકું સજાવાર હું. એ રાગ.
રાજાજી જંગલમાં, ભલે તમે જાઓ;
પ્રથમ મુજને મારીને, સુખીયારે થાઓ.
લીધો જોગી વેશ, સકોમળ દેહ;
એકા એક અમને, શાને દીયો છેહ.
શું છે અપરાધ અમારો કહો;
વિના રે સબબ પ્યારા દિલને દહો.
ગલે નાંખું હાથ, જોગી પ્રાણનાથ;
અમો છું પતિવ્રતા, તુમારી સંગાથ.
નહીં બેસી રહીશું, ચાલીશું સંગ;
જીવતર હમારાં, કરો શાને ભંગ.

ભર્તૃહરી—(એ સાંભળી દિલમાં અસર પૂરી થઇ ગઇ છે તોપણ દ્ર-

ઢતાથી ઉતાવળે) મૈયા જલદી ભિક્ષા આપ, હવે હું આંહી ઉભો રહી શકતો નથી !

જફાવો સીતમકું સજા વારહું.
અરે મૈયા નાહીં કરોરે વિલાપ,
આ સંસાર છે દૂખ રૂપી અમાપ,
કીધો ત્યાગ મેં આ સંસારનો,
નહીં મોહ હવે તમો નારનો.

નહીં સંગ કાંઈ તમારૂંરે કામ,
ગ્રહે બેઠાં રટો હવે શીવ નામ,
જેથી ઉદ્ધાર તમારો થશે,
ક્ષણિક સંસાર સુખ ચાલ્યાં જશે.

કંથડનાથ—કયું રાજા એસી નરમ બાની બોલતા હે ! મોહમ લુબ્ધ હો જાતાહે ! એસા હોવે તો બોલ દ.

ભર્તૃહરી—સદગુરૂ કૃપા ! કંથડનાથજી મોહ હવે કદી ન હોય !

ચંદ્રકળા—(વળી રાજાના મનપર અસર કરવા)

રાગ ઉપનો.

પ્યારી, તમારી રાણી પિંગળા, કીધું કુડું એણે કામજી;
સંબંધ છેકરે એનો તજી હવે, રહો એક મહારડે ઠામજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

લુબ્ધ ન થાઉં લલના જાતમાં, વચનો શુણી નવ કરૂં વાસજી;
ઝેર રે સારૂં રાણી ક્યાંથી સાંપડે, અંતે કરે એ વિનાસજી.
ભિક્ષા દેને મૈયા સુજને.

(પછી ચંદ્રકળા ભિક્ષા લાવી રાજાને આપી પૃથ્વીપર પડેછે.)

કૃષ્ણાકુમારી—(રાજા ભિક્ષા લઈ જવા માંડે છે, એટલામાં એક દમ મહેલમાંથી નિકળી ભરથરીની પૂત્રી કહે.) પિતાજી !

સોને ત્યાંથી ભિક્ષા લીધી, અને મારી ભિક્ષા લીધા વગર-ચાલ્યા જશો ।

કંથડનાથ—(એ સાંભળીને) ભરથરી, ઈસ્કી ભીક્ષા કાયકું નહીં લેતા, યહ બચ્ચેકું નહી સતાનાં.

કૃશ્નાકુમારી—જફાવો સીતમકું સજાવાર હું. એ રાહ.

પિતાજી આ કોપ, તમે શો કર્યો,
જોગી વેશ બાપુ શીદને ધર્યો;
મરી ગઈ છે માત, વળી જાઓ તાત,
પીતા ઓથ કોની છે, ઓર માનું માત.
દયા કાંઈ લાવો આ, છોરૂ પરે,
કૃપાપાત્ર હું છું, તમારૂં ખરે;
લડાવશે લાડ, પછી મુને કોણ,
પ્યારી પૂત્રી આવો બા કે'શેજ કોણ.
કુંવારી છું હું તો તમારી સુતા,
વરાવી નથી કીધાં, ભગવાં પીતા;
અરે મારે સંસારમાં નથી સાર,
પિતા જીવું તમારો, સંભારી પ્યાર.
ન બાપી કરી, બાપુ જાશો નહીં,
પીતા પાછળ નહીં, જીવું હું તો સહી.

ભર્તૃહરિ— અરે કૃશ્ના મારી ન દિલગીર થા,
પ્યારી પુત્રી મેહેલે, તું જા મારી બા;
કાલા ઘેલા બોલ, શુણાવો ન બેન,
બેટા તુજને જોઈ નથી, રે'તુ ચેન. અરે.

હવે કૃશ્ના મુજને ન, જાણ તારો બાપ,
જોગી જાણી મુજને, તજી દે વિલાપ;
દીધી છે ભલામણ, મેં રૂડી રીતી,
પિતા રૂપ જાણે, પ્રધાન પ્રતીતી.
ઘણે લાડકોડે અને રૂડી રીત,

પરણાવશે તુજને, અહી એહ ચીત;
જુઠી પ્રીત સંસાર સંબંધની,
તજી તે હમે, જાણી જોગી બની.
સુતા તું એ રટજે નિરંજન નામ,
અવર કાંઈ નહીં આવે, તુજનેરે કામ.
અશાશ્વત દેહ, અમંગળ અતી,
તજી મોહ ભજજે, તું ઉમયાપતિ.
એ છે મારી શીખ, સુતા સાચી જાણ,
બીજી વાતો જગતની મિથ્યા પ્રમાણ.

બચ્ચા કૃષ્ણાકુમારી, અબ તેં સત્વર ભિક્ષા દે દે.

કૃષ્ણાકુમારી— રાગ ભૈરવી.

શુણો મારા પ્યારા પિતા, હું છું દીન, પુત્રી તમારી;
પ્યાર તજીને ભગવાંરે કીધાં, કોણ લાડકોડ, હો વરાવે
હું છું કુંવારી-શુણો.
માતુ મરી ગઈ મુજનેરે મુકી, હવે હું જીવુંછું,
પિતા તમારૂં હેત સંભારી-શુણો.

કુંથડનાથ—ભરથરી, તેરી લડકીકા બિલાપ તો હમસેંભી સુના નહીં જાતા, ગુરૂ લજ્જા રખે, ચલ અબ.

ભર્તૃહરી—બચ્ચા અબ ભિક્ષા દે દે, તેરામેં અપવાદ નહીં કરસકતા (કૃષ્ણાકુમારી ભિક્ષા આપી પૃથ્વીપર પડી રૂદન કરે છે. ને રાજા મેહેલથી થોડે છેટે જઈ નિચે પ્રમાણે ગાયછે.)

રાગ ઉપરનો.

નારી રે ભરૂંસે નવ ભુલશો, વેગે થશેરે વિનાશજી;
ખોળેરે મુકીને શીશ કાટશે, પુરી એને વિષયની પ્યાસજી.
નારીરે ભરૂંસે નર નવ ભુલશો.
ન ગણે પુત્ર ન ગણે નાથને, ન ગણે માત ને તાતજી;
નગણી નારીરે સગું કોઈ નવ ગણે, ખરી એક ભોગની ખાંતજી.
નારીરે ભરૂંશે નર નવ ભુલશો.

દિલરે જોડો જ્યારે દંપતી, પવિત્ર રહી રાખો પ્યારજી;
નિતિએ સંસાર સુખ ભોગવો, ઈશ્વર કરશે ઉદ્ધારજી.
શુદ્ધ રે દિલ રાખો દંપતિ.

સોબત સારીમાં સ્ત્રીને રાખજો, નીતિ બોધ નીત્ય થાયજી;
તોરે સંસાર સારો સુધરશે, જન્મ સુખમાં તો જાયજી.
નારીરે ભરૂસે નર નવ ભુલશો.

(એટલું કહી રાજા ભરેથરી, તથા કંથડનાથ એકદમ નિકળી જાયછે ને તે ગયા પછી પ્રધાન તથા સેનાપતિને ગામના માણસોને ખબર પડતાં ભારે કોલાહલ થાયછે, તથા રાજાનાં જોગીવેશ દરશન ન કર્યા તેને માટે પસ્તાવો કરેછે ને છેવટ દાસીઓ, રાજા સ્ત્રીનાં સંબંધમાં જે ત્રણ કડીઓ ગાઇને નિકળી ગયા, તે આવ્યા ત્યારથી તે ગયા ત્યાં સુધીના બધા વૃતાંતની સાથે કહી સંભળાવે છે ને તે પરથી બોધ લેવા સૌ તે વચનો યાદ રાખી લે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મચ્છંદ્રનાથનો આશ્રમ.

મચ્છેંદ્રનાથ, ગોરખનાથ, ઓઘડનાથ, લક્કડભારથી. અને પાછળથી ભર્તૃહરી તથા કંથડનાથ પ્રવેશ કરેછે.

ઓઘડનાથ—ક્યું લક્કડભારથી, રાજા હજુ આયા નહીં, મેં જાનતાહું કે ફેર સંસારમેં લપટ ગયા !

ગોરખનાથ—ઓઘડનાથ, જ્ઞાનકા બડા અધિકારીહે, નહીં લપટેગા.

ઓઘડનાથ—ગુરૂકૃપાસે બચ જાવો મગર પીછા આના કઠીન હે.

(એટલામાંભર્તૃહરી નીચેનું તાન ગાતો ચાલ્યો આવેછે અને સાથે કંથડનાથ છે.)

(મન તું સમરન કર હર નામ. એ ચાલ.)

ફના હે જગત સકલ હે ફના, ઉપરસેં ખેલ અજબ યહ બના.

નહિ હે નારી નેહ સચ્ચા; કામ યહ દેહીકા કચ્ચા;
મન મત લુભનાં ઇસમેં, સાર બસ્તુ નહિ હે જીસમેં;
દેખને ગયા બીશ બેલી, લગાડત લાઈ રાની છેલી;
મચ્છંદર નામ મૂખસે રટું, મોહિમેં અબ કેસે લપટું. ફના.
બિક્ષા ગુરૂ માંગકે લાયા, શરન યહ ભરથરી આયા;
સમાધી બીશે ગુરૂ મેરા, ચેલા યહ આયા તુમેરા;
કૃપાકી દ્રષ્ટિ અબ કીજે, મંત્ર ભવ તારનકા દીજે;
જગતકી જ્વાલ બુઝાવોગે, કૃપા કર મુજ સાહોગે. ફના.

ભર્તૃહરી—(આવીને ગોરખનાથને વંદન કરી કહેછે) ગુરૂ ગોરખ-નાથજી, સદગુરૂ મચ્છંદ્રનાથની આજ્ઞા માફીક રાની પાસેથી બિક્ષા માંગીને લાવ્યો.

લક્કડનાથ—અરે ગોરખનાથજી, વો તો જીધર તીધરેસે ભીક્ષા માંગકે લાયા હોગા, રાની પાસ ગયાભી નહીં હોગા, વહાંસે આના કઠીન હે!

કંથડનાથ—અરે! ક્યું નહિ ગયા હોગા ! હમ સંગ જાનેવાલે ક્યા કુછ અંધે થે? તુમકું ક્યા માલુમ હે ! વહાં માઈ લોગને કેસા કેસા કલ્પાંત કીયા કે અપને ભેખ ધારીયોંકાભી હ્રદય ઠીકાને નહિ રહેવે બસ બસ એક ગુરૂ મચ્છંદ્રનાથકી કૃપા હે સો બ-ચતે હે; નાહીં તો માઇ લોકુંકા બિલાપ, ઉસકા દરશન, ઉસકા સુકંઠ શબ્દોચ્ચાર મોહજાલસે બચના મુશ્કિલ હે! ધન્ય હે રાજા ભરથરીકું ! કે કેસા રાની પીંગળાકા બિલાપ ! સુનકે પથ્થરભી ફાટ જાવે, ઉસપર બીલકુલ રાજાને લક્ષ નહિ દીયા; ઓર કાક બીષ્ટાવત ત્યાગ કર ચલા આયા ! ધન્ય હે ઉસકી માત પીતાકુ !

લક્કડનાથ—અરે કંથડનાથજી, ક્યા ઉસકી બડાઈ કરતે હો ! તુમકું કલેજાકા કારી જખમ નહિ લગા હે ! સંસારી ઝેરી પવનકા તુ-મકું અનુભવ નહિ હે ! વો જખમ જીંદગાની પર્યંત મેટને હારા નાંહીં, વો બાત ન્યારી હે જી ! બિનાં એસેઇ ખાલી સંસારપર બૈરાગ નહીં હોતા !

કંથડનાથ—ક્યા તુમ મિથ્યા બકવાદ કરતે હો, તમારી સ્ત્રી મર ગઈ ઘર થા વો જલ ગયા, લડકેભી મર ગયે, તબ તુમ મેરે ગુરૂ મચ્છેંદ્રનાથકે શરન આયે હો એસા યહ રાજા ભરથરી નહિ હે! ઉસકુ તો તીનસો રાનીયાં હે, ઉસકી ઉપેક્ષા કરકે ઇધર આયા હે!!! તુમારા જેસા મંદ બૈરાગ ઉસકા નહિ હે, એક છોટી રાની પંદરા બરસકી, ગુરૂ જાને ક્યા કલ્પાંત કર રહીથી, વો ચંદ્રકલા રંભા ઓર ઉર્બશી જેશી, કોન માઇકા પુત હે કે ઇસકી કટાક્ષસે બચ જાવે!!

લક્કડનાથ—ગોરખનાથજી, યહ કંથડનાથ કભી ગુરૂકા નામ ડુબાયગા; ઉસકું અસત્ય પદાર્થમેં સત્ય બુદ્ધિકી ભ્રાંતી રહજાતી હય.

કંથડનાથ—ગોરખનાથજી, ક્યા કરૂં કે યહ ગુરૂભાઈ હે, નહીંતો જુતી દીયા બીન છોડું નહિં, “ન મીલી નારી, ઓર સહજે બ્રહ્મચારી!” ઘરબાર ઓર છોકરે લડકે સબ મર ગયે, જલ ગયે તબ ગુરૂપાસ મંત્ર લેનેકું આયા, તેરે જેસે હમ નહિં હે.

લક્કડભારથી—ભાઈ હમને તો તિવ્ર બૈરાગસેં ભેખ લીયા હે.

ગોરખનાથ—સુનો લકડનાથ, ઓર કંથડનાથ; તુમ આપસ આપસમેં તકરાર મત કરો! ઉસ બાતકા ભેદ એસા હે કે જીને અચ્છી તરહસે ભોગ ભોગા હે, ઓર જબ ઉસમેં દોષદ્રષ્ટિ પ્રાપ્ત ભઇકે બૈરાગ લીયા. તો ઉસકા અચ્છી તરહસેં બૈરાગ ચલા જાતા હે, ક્યું કે ફેર ઉસકું ઉસ પદાર્થમેં મોહ નહિં રહતા હે!

કંથડનાથ—યહબાત બરાબર નહીં હે! બાલપનમે જીસકુ તીવ્ર બૈરાગ હુવા હે; ઉસકાઇ ભેખ સચ્ચા હે, ક્યું કે જો પદાર્થ ઉને ભોગા નહીં, ઓર અનુભવ કીયા નહિ, ઉસકી ઇચ્છા કભી ઉસકું હોતી નહીં ઓર ઉસમેં મોહભી નહીં હોતા.

ગોરખનાથ—નાંહિ, નાંહિ, બડી ભુલ હે! દેખો તુમને બાલ્યાવસ્થામે બૈરાગ લીયા હે તો જબ તુમકું ભોગકા પદાર્થ પ્રાપ્ત હોયગા, તબ તુમ લપટ જાઓગે; ક્યું કે મનકા એસાઈ સ્વભાવહે; ભોગ ભોગે બીન ઉસકી તૃષ્ણા તૃપ્ત નહીં હોતી, ઓર યહ રાજા

ભરથરી રાજપાટ, રાનીયાં, એસા બડા ભોગકે સાધનમેં દોષદ્રષ્ટિ દેખકર આયા હે તો ઉસકા બૈરાગ દ્દઢ હુવા હે, સો કભી લપટેગા તોભી દોષદ્રષ્ટિ નજર આયગી, તબ ફેર સાવધાન હો જાયગા. તસ્માત તુમારેસેં યહ રાજા જ્ઞાનકા અધિકારી બડાહે એસા સમજના.

લક્કડભારથી—શાસ્ત્રકી રીતીસેં સનાતન ધર્મ એસા નહિહે, ગોરખનાથજી ?

ગોરખનાથ—સુનો લકડભારથી, શાસ્ત્ર સંપ્રદાય એસીહે કે, જો યોગભ્રષ્ટ પુરૂષ હે ઉસકું બાલપનમેંભી બૈરાગ ઉત્પન હોતા હે, કયું કે ઉસકે પુર્વ જન્મમે નિષ્કામ કર્મ પરીપક્વ હો ગયે હે, ઉસકા અંતઃકરન શુદ્ધ ભયા હે, ઔર કોઉ ભોગ દેનેવાલા બલીષ્ટ કર્મસેં ઉસકા જન્મ હુવા હે, ફેર સદ્ય જ્ઞાન હો જાતા હે ! મગર એસે પુરૂષ લક્ષમેં એક હોતા હે.

લક્કડભારથી—કભી ફેર લપટ જાયગા તો કેસા હોયગા ?

કુંથડનાથ—તોભી કયા ? આગે ગુરૂ સમર્થ હે !

ગોરખનાથ—હાં, સચ્ બાત હે, ફેર નિકાલનેકું ગુરૂ સમર્થ હે !

(એટલામાં મચ્છેંદ્રનાથ સમાધિમાંથી જાગૃત થાય છે.)

ભર્તૃહરી—(તુરત ઉઠીને) ગુરૂ મહારાજ, આ ભરથરી ચરનકમલમાં શીશ રાખે છે.

મચ્છેંદ્રનાથ—સત્ય નિરંજન ! કયું બચ્ચા ભરથરી ! તેં તેરી રાની પાસસે ભિક્ષા માંગકે લાયા ?

ભર્તૃહરી—હાં, સદ્ગુરૂ આજ્ઞાથી ભિક્ષા માગીને આવ્યો, હવે ગુરૂ મંત્રની કૃપા કરો. ઔર યહ દુઃખરૂપ સંસાર સમુદ્રથી તારન મંત્ર નૌકા દેઈ પાર કરો, જગત પ્રપંચ રૂપ ચિરાક મારા હૃદયમાં બળે છે તે જ્ઞાનામૃતથી બુઝાવાની કૃપા કરો !

મચ્છેંદ્રનાથ—(ગોરખનાથને) ગોરખા ?

ગોરખનાથ—આજ્ઞા ગુરૂ !

મચ્છેંદ્રનાથ—યહ ભરથરીકા બૈરાગ કેસા હે?

ગોરખનાથ—ગુરૂ મહારાજ, ઉસકા દ્રઢ બૈરાગ હે; ચાર સાધન સંયુકત હે, જ્ઞાનકા અધિકારી હે, કુછ થોરા બોત સંસારી પવન હોગા, મગર આગેં ગુરૂ સમર્થહે!

મચ્છેંદ્રનાથ—સચ કહતા હે; ગોરખા, (પછી ભરથરીને) આજા, ભરથરી, કર્ણ મુદ્રામેં મંત્ર દે દઉં.

(પછી કાનમાં મંત્ર ભણી આપેછે, ને ભરથરી સમજ્યોછું. એમ દરશાવવા વાકયે વાક્યે ડોકું ધુણાવતો જાય છે.)

ભજન કરો તુમ અલખ નિરંજન! યહ દ્રગ અંજન! હે ભવભંજન! પંચવિષયસ મન સંકોચન! બ્રહ્માકારવૃતિ ભવમોચન!! દેખ બચ્ચા ભરથરી, યહ મંત્રસેં અહર્નિશ અલખ નિરંજનકા ધ્યાન લગાનાં, ઔર ચિતકું બિષયમેં કભી જાને નહીં દેનાં, ઔર યોગાભ્યાસ કર સદા બૈરાગમેં દ્રષ્ટિ ઔર બ્રહ્માકાર વૃતિ રખનાં.

ભર્તૃહરી—ગુરૂ મહારાજ વૈરાગ્યમાં વિચાર કેવી રીતે રાખવો.

મચ્છેંદ્રનાથ—દેખ બચ્ચા ભરથરી, યહ જગતકા માયાઈ પસારા અનાદિ કાલસે ચલા આતાહે; સો સબ બાજીગરકે તંત્ર માફીક હે; યહ દ્રષ્ય પદાર્થ જો કુછ તેરી નજરૂં પડતા હે સો સબ જુઠે હે, ચૌદ બ્રહ્માંડ તલક માયાકા જો કાર્ય હે, સો સબ નાશવાન હે, ઔર યહ પંચભુતનકા દેહ ક્ષણભંગુર હે બડા વિકારવાન હે! **अस्तिजायते वर्धते, विपरिणमते, अपक्षीयते, विनश्यति,** યહ સ્થુલકે બિકાર હે, ઉસકા એક રંગ નહિ રેહતા, ક્ષણ ક્ષણમે પલટ જાતા હે! ઔર મલ, મુત્ર રક્ત માંસ, મેદ અસ્થિ, મજ્જા, ઔર શુક્ર, ઉસકા યહ બના હે, ઉસમેં સાર બસ્તુ કોનસી હે ઉસકા બિચાર કરનાં, અપના મનકું બહોત સમઝાનાં કે હે મન! યહ નાશવંત પદાર્થમેં ક્યા આસક્તિ કરતા હે? યહ શરીર શતસહસ્ત્ર વર્ષ રહા તોભી ક્યા? ચૌદ ચોકડીકા રાજ મીલા તો ભી ક્યા? આખીર સબ અનિત્ય હે, ઔર યહ

પંચ બિષયકે જો જો કાર્ય હે, સો સબ બડે દુખદાઈ હે, તરૂણી, તન, માતા, પિતા, સગાં સહોદર, ભ્રાતા ભગની સબ સ્વારથકી બાજી હે; અપને અપને સુખકે બાસ્તે સબકોઉ પ્રયત્ન કરતા હે, ઔર પ્રિય લગતા હે. સચા હોવે તો સંગ ક્યું નહીં ચલતા. બાસ્તે કોઉભી નિરસ્વાર્થ સચ્ચા સ્નેહી ઈસ જગતમેં નહીં હે, તસ્માત્ યહ અસત્ય, જડ, દુખરૂપ ક્ષણભંગુર દેહસે, એક તીન કાલ અબાધિત, સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ય બસ્તુ જબ પ્રાપ્ત હોતી હે, તબ વો સા સાધન કરનેમેં બિલંબ કિસ બાસ્તે કરનાં?

ભર્તૃહરી—ગુરૂરાજ એવી કઈ વસ્તુમાં મનની સ્થિતિ કરવી.

મચ્છેંદ્રનાથ—દેખ બચ્ચા અલખ નિરંજનકા જો તુઝે મંત્ર દીયા હે, ઉસમેં ઈસ્થિતિ કરનાં.

ભર્તૃહરી—ગુરૂ અલખ નિરંજનનું સ્વરૂપ કેવું સમજવું કે જેમાં હું સ્થિતિ કરૂં!

મચ્છેંદ્રનાથ—બચ્ચા અલખ નિરંજન, સર્વ બ્યાપક, સર્વ જગે સ્થિત હે, જગતકી ઉત્પતિ સ્થિતિ ઓર લયકા કર્તા હે, તબ ઉસકું સબલ બ્રહ્મ બોલતા હે, વો કર્તાભી અકર્તા હે, ઓર વો સર્વકા સાક્ષી નિયંતા, દેશકાલ બસ્તુ પરિચ્છેદસે રહિત નિરાકાર હે, ઉસકે સાથ જીવકા પરમાત્મ સ્વરૂપ અભેદ હે.

ભર્તૃહરી—એવી નિરાલંબ વસ્તુ પરમાત્માથી જીવની પરમાત્મ સ્વરૂપની એકતા કેમ સંભવે?

મચ્છેંદ્રનાથ—બચ્ચા ભરથરી, મેં પંચીકરન બિચાર તુઝે સદા કહુંગા તબ માલુમ હોગા, યહ આત્મા, જો સ્થુલ સૂક્ષ્મ કારન, મહાકારન, યહ ચાર દેહસે ન્યારા ઓર જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ યહ તીન અવસ્થામેં એકહી અનુસ્યુત ઓર ઉસસે ન્યારા ઓર અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય. ઓર આનંદમય, યહ પંચકોશનેંમી ન્યારા પરાપાર, તુર્યાતીત અનાદિ અનીર્વચની

અનંતસાક્ષી કુટસ્થ આત્મા હે, ઉસકા તત્વમસિ વાક્યસેં ઓર જહદા જહદ લક્ષનસે પરમાત્માકિ સાથ અભેદ બનતા હે ઉસ બાસ્તે નિષ્કામ બુદ્ધિસેં તુઝકુ જો મંત્ર દીયા હે ઉસકા સદા જપ કરનાં. ઓર અનર્થકી નિવૃતિ ઓર પરમાનંદકી પ્રાપ્ત, યહ હેતુ દીલમેં રખનાં, ઓર ભરથરી અબ તેં ભજનકા અધિકારી હે ઉસ બાસ્તે પરમાત્માકા જીસ સ્વરૂપમેં તેરી પ્રિતિ હોવે ઉસ ભજનમેં આરૂઢ હોના.

ભર્તૃહરી—મારા અંતઃકરણની નિર્મળ ઉત્સાહ પુર્વક પ્રિતિ ભોળા નાથ શંકરમાં છે! તેની સમાધી લગાવું તો કેમ?

મચ્છેંદ્રનાથ—તબ ક્યા, શંકર ઓર બિસ્નુમે ભેદ સમજતા હે!

ભર્તૃહરી—

महेश्वरेवाजगतामधीश्वरे
जनार्दनेवाजगदांतरात्मनि
नवस्तुभेदप्रतिपतिरास्तिमे
तथापिभक्तिस्तरुणेंदुशेखर.

જગતના ઇશ્વર શંકર વિશે અથવા જગતના અંતરાત્મા નારાયણ વિશે હું ભેદ ભાવ જાણતો નથી તોપણ મને બાલચંદ્ર જેને કપાળમાં છે એવા શંકર વિશે ભક્તિ છે.

મચ્છેંદ્રનાથ—બચ્ચા ભરથરી, ક્યા ભોલાનાથ શંકર ઓર ક્યા ચક્રધારી બિસ્નુ, અલખ નિરંજનસે ન્યારા નહિ હે. જીસમેં અપના દિલસેં રાગ હોવે ઉસકા ધ્યાન લગાનાં, મગર એસા દિલસેં સમજનાં કે સબહી પદાર્થમેં નામ ઓર રૂપ જુઠા હે, ઓર અસ્તિભાતિ ઓર પ્રિય, યહ આત્માકા સ્વરૂપ સચ્ચા હે, બાચ્યાર્થ ત્યાગકે લક્ષાર્થ ગ્રહણ કરનાં મગર અબ તેં શંકર ભજનકા અધિકારી હે, તો ઉસકાઇ એકાગ્ર ધ્યાન લગાનાં, ઓર

આગે જબ તેરા અંત:કરન શુદ્ધ હોયગા, તબ તેં નિર્વાણ પદકું પ્રાપ્ત હો જાયગા, જો પદ બાનીકા બિશય નહિ હે, ઔર જહાં મનકી ગમ નહીં હે. અછા અબ તેં નિરંજન ભજનમેં આરૂઢ હોજા, ઔર હમભિ ઇધર સમાધિસ્થ હો જાતે હે.

(પછી પોતે ગુરૂની આજ્ઞાથી શંકરની સવિકલ્પ સમાધીમાં આરૂઢ થાય છે.)

ભર્તૃહરી—(થોડીવાર પછી ચિત્ત વિષયમાં પડી ગયું ત્યારે)

भिक्षाशनंतदपिनीरसमेकवारं
शय्याचभूःपरिजनोनिजदेहमात्रम्
वस्त्रंसुजीर्णशतखंडमयीचकंथा
हाहातथापिविषययान्नजहातिचेतः

ભીખી માગેલું, અને તે પણ વળી રસ વિનાનું અને તે વળી એકજવાર મળેછે, સેજને ઠેકાણે ધરતી અને ચાકરને ઠેકાણે ફક્ત પોતાનો દેહજ છે, અને ઘણા દિવસની જુની સો કડકા વાળી કંથા (ફાટેલી ગોદડી) એજ વસ્ત્ર, હાય હાય!! આટલું કષ્ટ છતાં ચિત્ત વિષયોને છોડતું નથી!!! ખરે પુર્વ અભ્યાસનું એવુંજ પ્રબળ છે!

(પછી શંકર પ્રતિ વિનતિ કરેછે.)

एकाकीनिस्पृहःशांतःपाणिपात्रोदिगंबर
कदाशंभोभविष्यामि कर्मनिर्मूलनक्षमः

હે શંકર! એકલો તૃષ્ણા વગરનો શાંત હાથ તેજ પાત્ર છે. દિશારૂપી વસ્ત્ર પેહેરેલાં છે એવો હું કર્મને નિર્મુળ કરવામાં સમર્થ ક્યારે થઇશ?

(વળી ચિત્તને શિખામણ દેછે.)

पातालमाविशसियासिनभोविलंध्य
दिग्मंडलंभ्रमसिमानस ! चापलेन
भ्रांत्यापिजातुविमलंकथमात्मलीन
नब्रह्मसंस्मरसिनिर्वृतिमेषिकेन ?

હે ! મન ! ચપળતાથી તું પાતાળમાં પેસે છે, આકાશને ઉ-લંઘીને આગળ ચાલ્યું જાયછે, દિશાઓના મંડળમાં ભટકે છે, પોતામાં રહેલા નિર્મળ બ્રહ્મને ભ્રાંતિથી પણ કેમ સંભારતું નથી, અને તે સિવાય શાથી તું નિવૃતિ પામીશ ?

થોડીવાર (ધ્યાનાવસ્થિત થતાં ચિત્ત પાછું લક્ષ્મિમાં ગયું ત્યારે)

હે ! માતા લક્ષ્મિ, તું કોઈ બીજાને ભજ, મ્હારી ઈચ્છા કર માં, હવે અમે ભોગની દરકાર રાખતા નથી, અને દરકાર વિનાના લોકોને તારૂં શું કામછે? કેમકે પવિત્ર ખાખરાના પાનના પડીયામાં ભિક્ષાથી મળેલા સાથવાવડે અમે અમારૂં ગુજરાન ચ-લાવવા ઇચ્છીએ છીએ.

(પછી ઘણા પ્રયાસે મનોનિગૃહ થયા પછી વૃત્તિની સ્થિરતા જોઈને.)

कौपीनंशतखंडजर्ज्जरतरंकंथा
पुनस्ताहृषी
नैश्चिंतंनिरपेक्षभैक्ष्यमशनं
निद्रास्मशानेवने
स्वातंत्र्येणनिरंकुशंविहरणं

शांतप्रशांतंमनः
स्थैर्ययोगमहोत्सवेपिचयदित्रै
लोक्यराज्येनाकिम्.

સો કટકાવાળી જુની લંગોટી, તેવીજ કંથા, (ગોદડી) વગર ચીંતાએ કોઇની અપેક્ષા નહી એવું ખાવાને ભિક્ષાન્ન, મશાણની અંદર અથવા વનમાં નિદ્રા, સ્વતંત્રતાથી ઇચ્છા પ્રમાણે હરવું ફરવું, અત્યંત શાંત મન, અષ્ટાંગ યોગના મહોટા ઉત્સવમાં સ્થિરતા, જો આવી સ્થિતિ હોય તો ત્રિલોકીના રાજ્યથી શું વધારે ? ખરેખર ! રાજાઓથી અવધુત મુનીજનોને ઓછું સુખ નથી ! ! !

महीशय्याशय्याविपुलमुपधानंभुजलता,
वितानंचाकाशंव्यजनमनकूलोयमानिलः
स्फुरद्दीपश्चंद्रोविरतिवनितासंगमुदितः
सुखंशांतःशेतेमुनिरतनूभूतिर्नृपइव.

પૃથ્વીરૂપી સેજ, પોતાની ભુજારૂપી મોટું ઓશીકું, આકાશરૂપી ચંદરવો, વૈરાગરૂપી સ્ત્રીના સમાગમથી ખુશી રહેલો મુની ઘણી સંપત્તિવાળા રાજાની પેઠે સુખે સુવેછે.

(ક્ષણ માત્ર પણ યોગનું અદ્દભુત સુખ જોઈ પોતાના મન સાથે વિદ્વાનો પ્રતિઉક્તિ.)

भोगामेघवितानमध्यविलसौ
दामिनीचंचला

आयुर्वायुविघट्टिताभ्रपटलीला
नाबुवद्भंगुरम्
लीलायौवनलालनातनुभृता
मित्याकलय्यद्रुतं
योगेधैर्यसमाधिसिद्धिसुलभेबु
द्धिंविदध्वंबुधाः

હે વિદ્વાનો ! સંસારના ભોગો વાદળાંના જથ્થાની અંદર પ્રકાશતી વીજળીના જેવા ચપળ છે, અને આયુષ, વાયુ એ જુદા પાડેલા વાદળાંના જથ્થામાં રહેલાં પાણીની પેઠે વિનાશવાળુ છે. પ્રાણીઓની જુવાનીની સ્થિતિ ચંચળ છે, એવું ધારીને ધીરજ, સમાધિ, અને સિધિ જેથી સુલભ છે, એવા યોગમાં જલદી બુદ્ધિ કરો !

(મચ્છેંદ્રનાથ, તથા તેના શિષ્યો સમાધિમાંથી જાગૃત થાય છે, તથા ગુરની આજ્ઞાથી એક શિષ્ય ભર્તૃહરી જે થોડે છેટે ધ્યાનમાં બેઠો હતો તેને ધ્યાન મુક્ત કરી પાસે બોલાવી લાવેછે, ને મચ્છેંદ્રનાથ તેને પુછેછે.)

મચ્છેંદ્રનાથ—ક્યું બચ્ચા ભરથરી અબ ધ્યાન સાધના કેસી ચલતીહે?

ભર્તૃહરી—(સમાધિમાંથી જાગૃત થઈ જેણે સમાધિમાં બ્રહ્માનંદ વૃતિનું અલૌકીક અને અનિર્વચનીય સુખ થોડીવાર અનુભવ્યું છે, તેથી આનંદમાં નિમગ્ન થઈને) સદગુરૂ મચ્છેંદ્રનાથ, આપે મારાપર અનુગ્રહ કરી કોઈ અલૌકીક સુખનો દેશ દેખાડ્યો છે જેનો મેં ક્ષણવાર અનુભવ કર્યો પણ હું જાણુંછું કે ચૌદ લોકના સુખની તુલ્યતા એની બરાબર નહીં થાય! ગુરૂ પ્રથમ તો પંચવિષયમાં ચિત્ત દોડવા લાગ્યું પણ ઘણા પ્રયાસથી મનોનિગ્રહ

કરવા લાગ્યો તો પણ ચપળ ચિતે સ્થિરતા પકડી નહીં! અને—

મચ્છંદ્રનાથ—દેખ બચ્ચા, તેરા યોગમેં નયા અભ્યાશ હે તો ચિત્ત અવશ્ય કરકે ચપલ રહેગા, ક્યું કે યોગમેં લય (આળસ અથવા નિંદ્રા) બિક્ષેપ (અંતઃકરણની બહીર્મુખવૃત્તિ) કષાય (રાગ દ્વેષાદિક દોષ) ઓર રસાસ્વાદ એસે બડે બડે બિઘન હે. ઓર જબલગ વિક્ષિપ્ત અંતઃકરન હે, તબલગ ચિતકી સ્થિરતા નહિ હોતી, ઓર ચિત્ત જબ એકાગ્ર હો જાયગા, પુર્વ કર્મકે સંસ્કાર ઓર સ્મૃતિ જબ ઉદભુત નહિ હોયગી તબ નિરાવર્ન બ્રહ્માનંદ સુખ તુઝે પ્રાપ્ત હોયગા, ઓર તેરી અબ શંકર ભજનકે સાથ જો સમાધિ હે, સો સવિકલ્પ સમાધિ હે, ક્યું કે ઇસમેં તુઝે ત્રિપુટી પ્રતિત હોતી હે, ઈસકા ફલ તુઝે બહોત અભ્યાસસે આગે નિર્વિકલ્પ સમાધિરૂપ મીલેગા. ઓર તબ તેરે અંતઃકરનમે કોઉભી સ્ફુરન ઉદભુત નહીં હોગા, ઓર તબ તેં એક રસ પરીપુર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વયં જ્યોતિ બ્રહ્મમેં નિમગ્ન હો જાયગા, ઓર તેં જીવનમુક્ત પદકું પ્રાપ્ત હોયગા, એસી મેરી આશિષ હે! (તેના શિર પર હાથ મુકીને) બચ્ચા ભરથરી અબ તેં તેરી ઈચ્છામેં હોવે ઉસ સ્થાન પ્રત્યે જાકર યોગાભ્યાસ કર ઓર તેરે જપતપમેં જબ બિઘ્ન હોવે તબ મુઝકું યાદ કરનાં.

ભર્તૃહરી—સત્ય નિરંજન, સદગુરૂ આપની કૃપાથી તે અદભુત સુખ મુને પ્રાપ્ત થશે, એવો મારા મનને નિશ્ચય છે.

મચ્છંદ્રનાથ—અચ્છા બચ્ચા ભરથરી! અબ તેરા ઓર બિશેષ ક્યા પ્રિય કરૂં બોલ?

ભર્તૃહરી—સદગુરૂ, આપની કૃપા તથા વચન સિદ્ધિથી—

રાગ કલ્યાણ.

ભરતભૂમિમાં, સદ્ય થાઓ એ મતિ, શૂદ્ધ હૃદય રાખી જોડે પ્રિતિ દંપતિ.

પતિ પ્રભુ બે સમાન એવી, સતી નારીઓ થાઓ;
તેવી તદરૂપ નિર્મળ પ્રિતિ, સ્વામિની જોડાઓ. ભરત.

પતીવ્રત રાખી પવિત્ર રહેતી, સતી શીરોમણ આપ;
યોગ્યવયી ગુણ રૂપ શીલ, જોડાં જામો નિષ્પાપ. ભરત.
ગ્રહસ્થાશ્રમ સુખ નિતિએ ભોગે, આનંદમાં દિન જાઓ;
સંપી, ઉદ્યોગી, સંતોષે, જગદીશ્વર ગુણ ગાઓ. ભરત.
કુસંપ દ્વેષ ઉર આરત સઘળી, જલદી નાશી જાઓ;
ધર્મ અર્થની પ્રાપ્તિ થઈ, ઉદ્ધાર સકલનો થાઓ. ભરત.
પ્રજા પુત્રવત્ પાળે એવા, ન્યાયી નૃપતિ થાઓ;
સ્વદેશ હિતમાં શરીર અરપે, એ શૂરવીર દેખાઓ. ભરત.
અનૂકુળ વૃષ્ટિ વરશો, ધન ધાન્ય પૂત્ર પરિવાર;
સંપત્તિમાં સમદ્રષ્ટિ ને, વિપત્તિમાં હુંશીયાર. ભરત.
સંસારીને ચાર પદારથ, પૂરણ પ્રાપ્તજ થાઓ;
ત્યાગીને શિવ સમાધી લાગો, શાંતિમાં દિન જાઓ. ભરત.

મચ્છેંદ્રનાથ—તથાસ્તુ ! ! !

(એટલું કહ્યા પછી મચ્છેંદ્રનાથ, તથા તેના શિષ્યો જઈ ધ્યાનારૂઢ થાયછે, ને ભર્તૃહરીએ તેના ગુરૂની આજ્ઞા લઈ ઉજ્જયીનીથી થોડે અંતરે એક ગુફામાં ગુપ્ત જઈ સમાધી લગાવી યોગાભ્યાસ પરીપકવ કરવા માંડ્યો.)

(અંક ૫ મો સમાપ્ત.)

સમાપ્ત.

